નિવેદન

આ ઉગતું મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર થોડાજ વખતમાં આટલું પ્રગતિમાન થશે એવી પહેલાં કલ્પના પણ ન હતી. આજે દિન પ્રતિદિન સંખ્યાબંધ જિજ્ઞાસુઓના ઉત્સાહ પ્રેરિત પત્રો અને પુસ્તકોની પુષ્કળ માગ સતત ચાલુ રહેવા ઉપરાંત સંસ્થાને આથ પણ બહોળા પ્રમાણમાં મળ્યો છે.

ભગવાન મહાવીરના સાહિત્યની જનતાને ખૂબજ ભૂખ હોય, પ્રથમ આવૃત્તિની ૩૨૦૦ નકલ કઢાવેલી પરંતુ તે પુસ્તક બહાર પડે તે પહેલાંજ ગ્રાહકની સંખ્યા છપાયેલાં પુસ્તકો કરતાં વધી જવાથી બીજી આવૃત્તિના ૩૩૦૦ પુસ્તકો તુરતજ છપાવવાની જરૂર પડી છે.

આ આવૃત્તિ વખતે કાર્યાલયની યોજના નિશ્ચિત કરવામાં આવી છે. અને તે પુસ્તકના અંતિમ ભાગમાં આપેલી છે. આથી સ્થાયી ગ્રાહકો થનારને અને સંસ્થાને ઉભયને લાભ થવાનો સંભવ છે. તેમ કરવાથી ગ્રાહકને વી. પી. ઇત્યાદિ ખર્ચનો બોજો પડશે નહિ અને સંસ્થાનું કામ પણ વધારે સરળ રીતે થશે.

આ કાર્યાલયની યોજનામાં બે ઉત્સાહી જિજ્ઞાસુઓની વૃદ્ધિ થઈ છે અને આર્થિક પ્રકરણની જવાબદારી સ્વતંત્ર રીતે તેઓએ ઉપાડી લીધી છે.

સૌ સભ્યોની અનુમતિ અને શ્રી. જુધાભાઈ તથા શ્રી. જુઠાભાઈના અતિ આગ્રહથી આ વર્ષના મંત્રીપદની જવાબદારી શ્રી. લક્ષ્મીચંદ ભાઈએ કબુલ રાખી છે.

વિદ્વાન મુનિ મહારાજશ્રીની ભાવનામય અનુગ્રહ બુદ્ધિ તથા તેમના ગુરુશ્રીની ઉદારતા આ સંસ્થાની ઉત્પાદકતા અને જીવનશક્તિ છે.

શ્રી. પુંજાભાઈ અને શ્રી. જુઠાભાઈની મૂક સેવા આ સંસ્થાની પ્રેરણા છે. અને અન્ય કાર્યવાહકોની કાર્યદક્ષતા આ સંસ્થાની ચાલક શક્તિ છે.

સહાયક, પોષક અને ગ્રાહકોની અમીદૃષ્ટિનું સિંચન સદા આમ રહે એવી અભ્યર્થના સાથે વિરમું છું.

વ્યવસ્થાપક

પ્રથમ આવૃત્તિ

નું

વક્તવ્ય

卐

જ્યારથી ઉત્તરાધ્યયન સૂત્રનું વાચન કરેલું ત્યારથી તે સૂત્ર પ્રત્યે આકર્ષણ થયેલું અને જેમ જેમ બીજાં સૂત્રો અને ગ્રંથોનો અભ્યાસ થતો ગયો તેમ તેમ તે આકર્ષણ ભિન્ન ભિન્ન રીતે પરિણમવા લાગ્યું. ત્યાર બાદ ઇતર દર્શનોના એટલે ખાસ કરીને વૈશેષિક, નૈયાયિક, સાંખ્ય, વેદાંત ઇત્યાદિ દર્શનોના સાહિત્યનો અભ્યાસ અને નિરીક્ષણ કરવાનો સમય મળતો ગયો; તેમજ દર્શન, વાદો અને મતો એ બધાનું અવલોકન થોડું ઘણું જે કંઇ થતું ગયું તેમ તેમ જૈનદર્શન પ્રત્યેની અભિરુચિ કંઇક વિશેષ અને વિશેષતરજ થવા લાગી અને તેમ થવું સ્વાભાવિકજ હતું.

છેલ્લે છેલ્લે બૌદ્ધદર્શનના ગ્રંથો વાંચવા મળ્યા. જૈનસાહિત્ય સાથે તેનો તુલનાત્મક અભ્યાસ કરતાં ખૂબજ રસ પડ્યો. બૌદ્ધ-સાહિત્ય વાચ્યા પછી જૈન સાહિત્ય પ્રત્યેનો આદર તો વિશેષતમ થયોજ, પરંતુ તેની પરિણતિ પ્રથમ કરતાં કંઇક જુદી રીતેજ થવા પામી. પરંપરાગત સંસ્કારથી જૈનદર્શન એ વિશ્વવ્યાપી દર્શન છે એમ માની લીધેલું તેને બદલે જૈનદર્શનની વિશ્વવ્યાપકતા શી રીતે અને શા માટે? આ બધું ચિંતન કરવાનો વિશેષ અવકાશ મળ્યો હોય તો તે બૌદ્ધ ધર્મના વિશિષ્ટ વાચન પછીજ. અને તે ચિંતનના પરિણામે જૈનદર્શન પ્રત્યેનો આદર પ્રથમ કરતાં વિશેષ થયો ખરો. પરંતુ

તેની દિશા પલટી ગઈ, અને ત્યારથી એવો નિશ્ચય થતો ગયો કે એ બધું તુલનાત્મક દૃષ્ટિએ વિચારીને તે વિશેષતાઓ આગળ કરવી.

વૈજ્ઞાનિક, ઐતિહાસિક અને લોકોપયોગિતાની દૃષ્ટિએ જૈનદર્શન કઇ કઇ વિશેષતાઓ ધરાવે છે? લોકમાનસનું નિદાન કરનારૂં તેની પાસે કયું રસાયણ છે? આ બધું માનસમંથન થયા પછી તે તે દૃષ્ટિએ વાંચના જે જે બુદ્ધિગ્રાહ્ય થયું તેના ગાઢ સંસ્કારોનું ચિત્ર માનસપટમાં આલેખાતું ગયુ.

ભગવાન મહાવીરના અન્ય સૂત્રોમા જે અમૃત વચનો છે તે પૈકી પ્રથમ ઉત્તરાધ્યયનને તદ્દન નવી ઢબે સંસ્કારવાની ભાવના પ્રથમ ઉદ્‌ભવવાનાં બે કારણો હતાં—(૧) સરળતા અને (૨) સર્વવ્યાપકતા, અને તેથીજ સૌ પહેલા તેને નવીનતા આપવાની જિજ્ઞાસા સ્વાભાવ કરતી હતી. તે સાથે ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુથી જૈનવાઙ્મયને ગુર્જરગિરામાં વિકસાવવાના કોડ પણ રહ્યા કરતા હતા.

માનસશાસ્ત્રના નિયમ મુજબ એ આંદોલનેજ જાણે અમર ન કરી હોય તેમ થોડાજ વખતમા એક તત્ત્વજિજ્ઞાસુ ભાઇ મળી આવ્યા. "મહાવીરનાં અમૂલાં સર્વતોગ્રાહી અમૃત વચનો ઘર ઘર કા ન પહોંચે?" એવી તેમને પણ સ્વતઃ પ્રેરણા જાગી હતી. તે ભાઇનું નામ શ્રી. બુધાભાઇ મહાસુખભાઇ. તેમની પ્રેરણાથી બીજા ભાઇ મળી આવ્યા, જેમનું નામ શ્રી. જુઠાભાઇ અમરશી. તે અને બીજા સહૃદયીઓએ મળી વાટાઘાટ કર્યાં પછી ભિન્નભિન્ન યોજનાઓ પૈકી એક ખાસ વિશિષ્ટ યોજના નક્કી કરી લીધી.

અને તેના ફળસ્વરૂપે "મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર" નામની સંસ્થા ખોલાઇ. તેના જે જે વિદ્વાન સભ્યો થયા તેમણે સેવાભક્તિને મોખરે કરી લોક સેવાર્થે સાવ સસ્તું સાહિત્ય બહાર પાડવાનો નિશ્ચય કર્યો.

-

આવી રીતે મારી તીવ્ર ઇચ્છાને તાત્કાલિક ન્યાય મળતાં મને સંતોષ તો થયોજ. પરંતુ તેની સાથે મારા સંકલ્પબળમાં સર્વોત્તમ ટેકો મળ્યો અને આ દિશામાં વધુ વધુ પ્રયત્ન કરવાની આ સંસ્થાદ્વારા એક ઉત્તમ તક સાંપડી તે આહ્લાદનું વર્ણન શબ્દોમાં શી રીતે આવે ?

આજે આપણી પાસે ઉત્તરાધ્યયન સૂત્રની દીપિકા, ટીકા, અવચૂરી, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ગુજરાતી ટબાઓ અને હિન્દી ટીકાઓ ભિન્ન ભિન્ન સંસ્થાઓ તરફથી ખૂબ ખૂબ બહાર પડી ગયાં છે તો આ ઉત્તરાધ્યયનના અનુવાદમાં કઇ વિશેષતાઓ છે ? આ પ્રશ્નનો એક સીધો અને સરળ ઉત્તર એ છે કે એ બધું હોવા છતાં જૈનવાઙ્મયથી જૈનેતર વર્ગ સાવ જ અજાણ રહ્યો છે એટલુંજ નહિ પણ જૈનો સુદ્ધાં તે વસ્તુથી લગભગ અપરિચિતજ છે. તેનું અનુરૂપ દૃષ્ટાંત આજની પ્રવર્તી રહેલી આપણી ધાર્મિક અવ્યવસ્થા જ તે નિર્દેશ માટે પર્યાપ્ત થશે.

આમ થવાનાં ત્રણ કારણો છે

[૧] સૂત્રોની મૂળ ભાષાનું અજ્ઞાતપણું.
[૨] અનુવાદન શૈલીની દુર્બોધિકતા.
[૩] મૂલ્યની અધિકતા.

શિષ્ટ સાહિત્યની પ્રચારદૃષ્ટિથી થયેલી આ યોજના એ બધી અગવડોને દૂર કરવામાં ઉપયોગી નીવડશે તેમ માનવું અસ્થાને નથી.

લેખન પદ્ધતિ

તુલનાત્મક દૃષ્ટિના સંસ્કારોની છાપ કેવી અને કેવા આકારની છે ? તેમાં હું કેટલે અંશે સફળ થયો છું ? તેનો નિર્ણય તો વાચકદ્વારાજ થઈ શકે, પરંતુ આ ઉત્તરાધ્યયનનું સાંગોપાંગ અનુવાદન કરતી વખતે જે જે દૃષ્ટિઓ રાખવામાં આવી છે તેનું ટૂંક દૃષ્ટિબિંદુ રજુ કરી લઉં.

સમાજદૃષ્ટિ: જૈનદર્શન પોતાને વિશ્વવ્યાપી મનાવે છે, અને પોકારી પોકારીને કહે છે કે મુક્તિ પ્રાપ્ત કરવાનો અધિકાર જીવમાત્રને છે, માત્ર યોગ્યતા જોઈએ. આથીજ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે અંગોને સંઘ તરીકે માને છે અને તે બધાને મોક્ષના સમાન અધિકારો પણ આપે છે, તો આવા ઉદાર શાસનના સિદ્ધાંતોમાં કેવળ એકાંત એક પક્ષને લાગુ પડતું કથન હોઈજ શી રીતે શકે? તેથી ગૃહસ્થજીવનમાં પણ ત્યાગ સંભવે છે, અને તે દૃષ્ટિબિંદુને અનુસરી ભગવાન મહાવીરે અણગારી અને અગારી એમ બે પ્રકારના માર્ગો સ્પષ્ટ બતાવ્યા છે. ઉત્તરાધ્યયનમાં ગૃહસ્થના ત્યાગની એક સ્થળે સ્પષ્ટ રેખા તરી આવે છે કે:—

"सन्ति एगेहिं भिक्खुहिं गारत्था संजमुत्तरा"

અર્થ:—"ઘણા કુસાધુઓ કરતા સંયમી ગૃહસ્થો પણ ઉત્તમ હોય છે." સારાંશ કે ગૃહસ્થ જીવનમાં પણ મોક્ષની અભિલાષા સેવી શકાય છે અને અલ્પાંશે ત્યાગ પણ કરી શકાય છે. સૂત્રકારોના આ ઉદાર આશયને લક્ષમાં લઈ અહીં બન્નેને લાગુ પડતી શૈલી સ્વીકારવામાં આવી છે.

ભાષાદૃષ્ટિ: ભાષાદૃષ્ટિએ તથા આજુબાજુના સંયોગોનું નિરીક્ષણ કરી વાસ્તવિક મૌલિકતા જાળવવા ખાતર કેટલાક અર્થો નક્કી કરેલા છે. તેમાં પરંપરા કરતાં કંઈક ભિન્નતા અવશ્ય દેખાશે, પરંતુ તે ભિન્નતા ઉચિત અને સૂત્રકારના આશયને અનુસરીને થયેલી હોઈ તે બદલ વાંચકવર્ગ સહિષ્ણુ થશે એમ માની લઈનેજ તેટલી ભિન્નતાને સ્થાન આપેલું છે. તેનાં બે ચાર દૃષ્ટાંતો અહીં આપવાથી તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે. 'नीयवत्ती' આ પ્રાકૃત શબ્દનું સંસ્કૃત 'નીચવર્તી' થાય છે. પરંપરા પ્રમાણે તેનો અર્થ 'ગુરુથી નીચા આસન પર બેસનાર' એ પ્રમાણે થાય છે. આ અર્થ બહુજ સંકુચિત છે એટલુંજ નહિ પણ ચાલુ પ્રકરણમાં અસંગત છે. તે શબ્દનું રહસ્ય એકાંત નમ્રતા

સૂચક છે. 'હું કાંઇ નથી તેવી જાતની નમ્રતાપૂર્ણ ભાવના' એમ આખું પ્રકરણસંગત અને અર્થસંગત લાગે છે. તેજ પ્રકારે 'गुरूणामुववायकारए' આ પણ ગુરુની સમીપ રહેવાનો ભાવ વ્યંજના માત્રથી તેજ ઘટી શકે છે કે ગુરુના હૃદયમાં રહેનાર શ્રી ભગવાન મહાવીરના પ્રધાન શિષ્યો પાસે રહેતા હતા ! માટે તેમ માનવું સુઘટિત ન લાગતા ઉપરનો અર્થ નોંધમાં સ્પષ્ટ કર્યો છે. આ અને એવાં બીજાં પણ સ્થાનો નોંધમાં યથોચિત રીતે સ્પષ્ટ કર્યાં છે.

અર્થદૃષ્ટિ: આજ પ્રમાણે કેટલીક ગાથાઓના અર્થો પણ પરંપરાથી ભિન્ન ભિન્ન ચાલ્યા આવે છે. જેમકે:—

" सपुव्वमेव न लभेज्ज पच्छा एसोवमा सासयवाइयाणं ।
विसीयई सिढिले आउयम्मि कालोवणीए सरीरस्स भेए ॥

સંસ્કૃત છાયા

" सपूर्वमेवं न लभेत पश्चाद् एषोपमा *शाश्वतवादिकानाम ।
विषीदति शिथिले आयुषि कालोपनीते शरीरस्य भेदे ॥"

આનો અર્થ ટબાની પરંપરા પ્રમાણે એ થાય છે કે "પહેલાં ન થયું તો પછી થશે' આમ કહેવું જ્ઞાની પુરુષોને માટે યોગ્ય છે, કારણ કે તે પોતાના ભવિષ્યકાળને પણ જાણે છે, પરંતુ સામાન્ય મનુષ્ય જો તેમ કરે અને પોતાની ઉન્નતિનો માર્ગ ચિંતવ્યા સિવાય મૃત્યુ પામે તો તે વખતે તેને ખેદ કરવો પડે છે." અહીં ત્રણ પ્રકારના પ્રશ્નો ઉદ્ભવે છે (૧) ચાલુ પ્રસંગમાં જ્ઞાની પરત્વેનું કથન શું ઘટિત છે? (૨) કદાચ તેમ હોય તો પણ શાશ્વતવાદી વિશેષણ જ્ઞાનીવાચી કેમ હોઇ શકે? કારણ કે શાશ્વતવાદી અને શાશ્વતદર્શી એ બન્નેમાં ઘણી ભિન્નતા છે. શાશ્વત બોલવું તો સૌ કોઈ માટે સુલભ છે, પણ નિત્યદર્શન તો કેવળ જ્ઞાની પુરુષોજ કરી શકે. (૩) જ્ઞાની અર્થ લેતા છતાં પણ એ બન્ને પદોનો

---

* શાશ્વતવાદ માટે જુઓ— બૌદ્ધસૂત્રો મજ્ઝિમનિકાય પાનું ૪૩૫

આખો અર્થ શું બરાબર ઘટી શકે છે? આ બધા પ્રશ્નોની વિચારણા કર્યા પછી જે કંઇ અર્થ ઘટે છે તે નીચે પ્રમાણે છેઃ—

"જે પહેલાં નથી પામતો તે પછી નથી પામતો" અર્થાત્ કે આખા જગતની રચના નિશ્ચિત છે. પહેલાં જે હતું તેજ આજ છે અને રહેવાનું. લોક પણ શાશ્વત અને આત્મા પણ શાશ્વત છે. આપણે કશું ફેરવી શકવાના નથી. તો પછી આત્મવિકાસનો પ્રયત્ન કરવાની આવશ્યકતા શી? આવી શાશ્વત (નિયતિ) વાદીઓની માન્યતા હોય છે, પરંતુ જ્યારે આયુષ્ય શિથિલ થાય છે ત્યારે તેની તે માન્યતા ફરી જાય છે અને તેને ખૂબજ પશ્ચાત્તાપ થાય છે વગેરે...

અનુવાદન શૈલીઃ અનુવાદન બે પ્રકારનાં હોય છે. (૧) શબ્દાર્થ પ્રધાન અનુવાદન અને (૨) વાક્યાર્થ પ્રધાન અનુવાદન. શબ્દાર્થ પ્રધાન અનુવાદનમાં શબ્દ પર જેટલું લક્ષ્ય અપાય છે તેટલું અર્થ સંકલના ઉપર અપાતું નથી. આથી શબ્દાર્થ તો સ્પષ્ટ રીતે જણાય છે. પરંતુ તેની સંકલના સમજવામાં ખૂબ વિલંબ થાય છે. અને તેથી ઘણીવાર ક્લિષ્ટ પણ થઇ પડે છે. જ્યારે વાક્યાર્થ-પ્રધાન અનુવાદનમાં શબ્દાર્થ પર બહુ ગૌણતા રખાય છે, પરંતુ તેની શૈલી એવી સુંદર અને રોચક હોય છે કે વાચન કરતાંજ તેનું રહસ્ય બરાબર સમજી શકાય છે. આ સ્થળે એ બન્નેનું સમન્વયીકરણ કર્યું છે. અર્થાત્ કે મૂળ શબ્દોને યથાર્થ અનુસરવા છતાં શૈલી તૂટવા દીધી નથી. તેમજ સામાન્ય ગુજરાતી જાણનારને પણ વાચનમાં કઠણ ન પડે તેવી સરળ અને સુંદર ભાષા રાખવા માટે યથાશક્ય પ્રયત્ન પણ કર્યો છે.

નોંધઃ જૈન અને જૈનેતર એમ દરેક વર્ગને રહસ્ય સમજવામાં સુગમ થાય તે માટે ટૂંકી અને ઉપયોગી નોંધ શ્લોકોની નીચે ઉચિત પ્રસંગોએ આપેલી છે તેમજ આખા અધ્યયનનું રહસ્ય અનુક્રમ તથા અધ્યયનનો સંબંધ જાળવવા ખાતર ઉપર 'ભેદ દર્શન'ના મથાળે નોંધ અને દરેક અધ્યયનની નીચે ટૂંકી [illegible] પરિશ્રમ નોંધ્યો છે.

સંક્ષિપ્તતાઃ [illegible]
[illegible]
[illegible]
[illegible] 'નિક્ષેપાદિ' [illegible] 'નિક્ષેપાદિ' [illegible],
[illegible] જૈન પરિભાષામાં [illegible] પ્રસિદ્ધ છે, [illegible]
[illegible]
[illegible] 'જીવ, [illegible]'
[illegible] પારિભાષિક શબ્દોનો ઉચિત [illegible]
[illegible] તથા આખા [illegible] વર્તમાન [illegible]
[illegible] છે. આમ કરવામાં [illegible]
[illegible] હેતુ તો પ્રધાનપણે [illegible]

સૂત્રની જીવનવ્યાપકતાઃ અહિંસાના સિદ્ધાંતનું સંપૂર્ણ પ્રતિપાદન, સ્યાદ્વાદની યોજના, વિશ્વવ્યાપી પ્રેમ, બંધુત્વ આદિ સૌને સમાન અધિકાર, ભક્તિની મહત્તા, કર્મવાદની સર્વવ્યાપકતા, જાતિવાદનાં ખંડન, ગૃહસ્થ આશ્રમના કર્તવ્યો એવા એવા ઉત્તમ પદાર્થ પાઠો ભગવાન મહાવીરના પ્રતિપાદિત પ્રવચનોમાં સ્પષ્ટ મળે છે કે જે આજના વર્તમાન યુગને ધાર્મિક દિશા તરફ દોરવા માટે ખૂબજ પ્રેરણાજનક નીવડે તેમ છે. સૂત્રની આ જીવનવ્યાપી દૃષ્ટિ સ્પષ્ટ કરવાનું લક્ષ્ય પણ આખા અનુવાદમાં નાખી મેં રાખ્યું છે.

અસાંપ્રદાયિકતાઃ ખાસ કરીને એકજ જાતની સાંપ્રદાયિકતા કે માન્યતાને ન પોષતાં કેવળ નાસ્તિક બુદ્ધિએજ કાર્ય કરવાનો ઉદ્દેશ કાયમ જાળવી રાખ્યો છે.

આ બધા દૃષ્ટિબિંદુઓ રાખવાનું એકજ કારણ છે કે આ ગ્રંથમાં રહેલી વિશ્વવંદ્ય ભગવાન મહાવીરની પ્રેરણાત્મક વાણીનો લાભ જૈન કે જૈનેતર સૌ કોઈ લઈ શકે.

સહાયકો

આ અનુવાદનમાં જે કાંઈ અસાંપ્રદાયિકતા આવી હોય તે મારા પૂજ્ય ગુરુદેવ શ્રી નાનચંદજી મહારાજની સંસ્કૃતિનો વારસોજ

છે, એટલુંજ નહિ પરંતુ આ આખા અનુવાદને સાંગોપાંગ તપાસી જઇ સંશોધન કરવામાં તેમના વિશાળ અવલોકનનોજ ફાળો છે: એટલે તેમનો આભાર તો અકથ્ય છે.

ઉપરાંત 'દિનકર'ના ઉત્સાહી તંત્રી ભાઈ જમનાદાસ સ્વામી તેમજ તેમના લઘુ બંધુ તારકચંદ્રે પાકા લખાણથી માંડીને બધાં 'પ્રુફો' તપાસવામાં જે કંઇ જહેમત ઉઠાવી છે તે પ્રશંસનીય છે. પરંતુ આ બધા સંયોગો હોવા છતાં વિશેષ સફળતાનો આધાર તો શ્રી ચુનીભાઇ તથા શ્રી. જુઠાભાઈ ઉપરજ છે. આખા "મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર"ની યોજના તેઓની મૂક સેવા અર્પવાની ભાવનાને અંગેજ થવા પામી છે. કાગળ ખરીદવાના કાર્યથી માંડીને પ્રેસના અંતિમ કાર્ય સુધી તે બન્નેએ ઝીણવટભરી કાળજી રાખી છે અને રાખતા રહેવાના છે તે આ ઉત્તરાધ્યયનના વાંચકોએ નોંધવા યોગ્ય છે. સંતબાલ

બીજી આવૃત્તિ વિષે થોડુંએક

પ્રથમ આવૃત્તિનાં પુસ્તકો બહાર પડે કે તુરતજ ૩૭૦૦ ગ્રાહક થઈ ચૂકેલા અને ઉપરા ઉપરી માગ ચાલુ રહેવાથી બીજી આવૃત્તિની શીઘ્રાતિશીઘ્ર આવશ્યકતા ઉભી થઈ છે તે પૂરી પાડવા માટે આ બીજી આવૃત્તિ બહાર પડે છે.

આ આવૃત્તિથી સંસ્થાનું સંચાલન વ્યવસ્થિત કરવામાં આવ્યું છે. તેની સવિસ્તર યોજના આ પુસ્તક સાથેજ આપેલી છે. પ્રેમી સજ્જનો તેનો યથેચ્છ લાભ લઇ શકશે.

હવેથી આ સંસ્થાના કાયમ આર્થિક સહાયદાતા તરીકે શ્રી ડુંગરશી ગુલાબચંદ સંઘવી નિયત થયા છે અને આ વર્ષના મંત્રી તરીકે શ્રી. લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવીને ચૂંટવામાં આવ્યા છે. શ્રી. ચુનીભાઇ, શ્રી. જુઠાભાઈ, શ્રી. મણિભાઇ અને ઇતર સજ્જનો પણ સંસ્થાના સભ્યો રૂપે રહી કાર્ય કરવાના છે.

સંતબાલ

નિર્ગ્રંથો એક અગત્યના પંથ તરીકે ક્યારનાએ વિચરી રહ્યા હતા. એમ હવે સર્વમાન્ય થઈ ચૂક્યું છે."

આ પરથી એમ સિદ્ધ થાય છે કે પાશ્ચાત્ય વિદ્વાનો કે જે પ્રથમ બૌદ્ધ ધર્મ કરતાં જૈન ધર્મને અર્વાચીન ગણતા, તેઓ હવે પુષ્ટ પ્રમાણ મળતાં તેની પ્રાચીનતા બરાબર સ્વીકારી શક્યા છે. પ્રથમ ડૉ. બેબર, ડૉ. લેસન વગેરે કેટલાક વિદ્વાનોએ તેમ શા રીતે માની લીધું હશે? તેમ કોઈને શંકા થાય તેનું સમાધાન ડૉ. હર્મન જેકોબી જૈનસૂત્રોની પ્રસ્તાવનામાં કહે છે કેઃ—

પ્રો. લેસન બન્ને ધર્મની એકતા માને છે. તેના ચાર કારણો નીચે દર્શાવ્યાં છે.

(૧) ભાષાદૃષ્ટિઃ—બુદ્ધનું બધું મૌલિક સાહિત્ય પાલિભાષામાં છે, જ્યારે ભગવાન મહાવીરનું સાહિત્ય અર્ધ માગધી ભાષામાં છે. આ બન્ને સાહિત્યમાં અમુક અંશે ભાષાની સમાનતા તેમને લાગી.

(૨) કેટલાક પારિભાષિક શબ્દોની સમાનતાઃ—જેમકેઃ—જિન, અર્હંત, સર્વજ્ઞ, સિદ્ધ, બુદ્ધ, સંબુદ્ધ, પરિનિર્વૃત્ત, મુક્ત વગેરે સમાન હોવાથી.

(૩) ગત તીર્થંકરોની સમવર્તી ગુણપૂજા.

(૪) અહિંસા વગેરે કેટલાક સિદ્ધાંતોની સ્થૂળ સમાનતા.

પરંતુ આ ચારેની પૃથકતા જૈન સૂત્રની પ્રસ્તાવનામાં ડૉ. હર્મન જેકોબીએ કરી વેદ તથા બૌદ્ધધર્મના સિદ્ધાંતો કરતાં જૈનધર્મના ઘણા સિદ્ધાંતો સાવ ભિન્ન અને તે બન્ને કરતાં ઘણી વિશેષતાઓ દર્શાવતા તેણે સચોટ પ્રમાણપૂર્વક પુરવાર કર્યો છે.

જૈનધર્મનો પ્રચાર

આ સ્થળે એક સંદેહ થશે કે જૈનધર્મના વિશ્વવ્યાપી સિદ્ધાંતો હોવા છતાં તેનો પ્રચાર હિંદ સિવાય ઇતર દેશોમાં બૌદ્ધધર્મના પ્રચારની જેમ કેમ થવા ન પામ્યો? તેના ઘણા કારણો છે.

અને વીરનિર્વાણ પછી તેમની વીશમે વર્ષે મુક્તિ થઈ. ત્યારબાદ તેમની પાટે શ્રીજમ્બુસ્વામી બિરાજમાન થયા. "(વીર વંશાવલી–જૈન સાહિત્ય સંશોધક)."

આ વિગત પરથી ઉત્તરાધ્યયનની પ્રાચીનતા અને અદ્ભુતતા સહજ સ્પષ્ટ થઈ જાય છે.

પૂર્વકાલીન ભારત–ધાર્મિક યુગ

ભગવાન મહાવીરનો યુગ એ ધાર્મિક યુગ તરીકે ગણાય. તે યુગમાં ત્રણ ધર્મો મુખ્ય હતા.* જેને અનુક્રમે વેદ, જૈન અને બૌદ્ધ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે.

તે સમયે વેદ અને જૈન એ બન્ને પ્રાચીન હતા, અને બૌદ્ધદર્શન અર્વાચીન હતું. એક સ્થળે ડૉ. હર્મન જેકોબી આચારાંગ સૂત્રની પ્રસ્તાવનામાં લખે છે:—

"It is now admitted by all that Nataputta (Gnatriputra), *who is commonly called* Mahavira or Vardhamana, was a contemporary of Buddha: and that the Niganthas (Nirgranths) now better known under the name of Jains or Arhatas, already existed as an important sect at the time when the Buddhist Church was being founded."

"શ્રમણ ભગવંત મહાવીર પ્રભુને નામે ઓળખાતા જ્ઞાતપુત્ર વર્ધમાન સ્વામી, જે વખતે બુદ્ધ વિચરતા હતા તે વખતેજ તેમના સમકાલીન તરીકે વિદ્યમાન હતા. અને જે વખતે બૌદ્ધ ધર્મ હજી સ્થપાતો હતો તે વખતે જૈનો અથવા આર્હતના નામે ઓળખાતા

---

*આ વખતે પ્રબુદ્ધ કાત્યાયન, સંજય બેલઠ્ઠીપુત્ત, અજિત કેશકંબલી વગેરે વગેરે હતાજ પરંતુ તેની ગણના મતસ્થાપકોમાં થતી

નિર્ગ્રંથો એક અગત્યના પંથ તરીકે ક્યારનાએ વિચરી રહ્યા હતા. એમ હવે સર્વમાન્ય થઇ ચુક્યું છે."

આ પરથી એમ સિદ્ધ થાય છે કે પાશ્ચાત્ય વિદ્વાનો કે જે પ્રથમ બૌદ્ધ ધર્મ કરતાં જૈન ધર્મને અર્વાચીન ગણતા, તેઓ હવે પુષ્ટ પ્રમાણ મળતાં તેની પ્રાચીનતા બરાબર સ્વીકારી શકયા છે. પ્રથમ ડૉ. બેબર, ડૉ. લેસન વગેરે કેટલાક વિદ્વાનોએ તેમ શા રીતે માની લીધું હશે ! તેમ પ્રશ્નને શંકા થાય તેનું સમાધાન ડૉ. હર્મન જેકોબી જૈનસૂત્રોની પ્રસ્તાવનામા કહે છે કે:—

પ્રો. લેસન બન્ને ધર્મની એકતા માને છે. તેના ચાર કારણો નીચે દર્શાવ્યાં છે.

(૧) ભાષાદષ્ટિ:—બુદ્ધનુ બધું મૌલિક સાહિત્ય પાલિભાષામાં છે, જ્યારે ભગવાન મહાવીરનું સાહિત્ય અર્ધ માગધી ભાષામાં છે. આ બન્ને સાહિત્યમા અહોળે અંશે ભાષાની સમાનતા તેમને લાગી.

(૨) કેટલાક પારિભાષિક શબ્દોની સમાનતા:—જેમકે:—જિન, અર્હત, સર્વજ્ઞ, સિદ્ધ, બુદ્ધ, સંબુદ્ધ, પરિનિવૃત્ત, મુક્ત વગેરે સમાન હોવાથી.

(૩) ગત તીર્થંકરોની સમવર્તી ગુણપૂજા.

(૪) અહિંસા વગેરે કેટલાક સિદ્ધાંતોની સ્થૂળ સમાનતા.

પરંતુ આ ચારેની પૃથકતા જૈન સૂત્રની પ્રસ્તાવનામાં ડૉ. હર્મન જેકોબીએ કરી વેદ તથા બૌદ્ધધર્મના સિદ્ધાંતો કરતાં જૈનધર્મના ઘણા સિદ્ધાંતો સાવ ભિન્ન અને તે બન્ને કરતાં ઘણી વિશેષતાઓ દર્શાવતા તેણે સચોટ પ્રમાણપૂર્વક પુરવાર કર્યો છે.

જૈનધર્મનો પ્રચાર

આ સ્થળે એક સંદેહ થશે કે જૈનધર્મના વિશ્વવ્યાપી સિદ્ધાંતો હોવા છતાં તેનો પ્રચાર હિંદ સિવાય ઇતર દેશોમા બૌદ્ધધર્મના પ્રચારની જેમ કેમ થવા ન પામ્યો ? તેના ઘણા કારણો છે.

અને વીરનિર્વાણ પછી તેમની ચોસઠમે વર્ષે મુક્તિ થઈ. ત્યારબાદ તેમની પાટે શ્રીજંબૂસ્વામી બિરાજિત થયા. "(વીર વંશાવલી—જૈન-સાહિત્ય સંશોધક)."

આ વિગત પરથી ઉત્તરાધ્યયનની પ્રાચીનતા અને અદ્ભુતતા સ્પષ્ટ થઈ જાય છે.

પૂર્વકાલીન ભારત-ધાર્મિક યુગ

ભગવાન મહાવીરનો યુગ એ ધાર્મિક યુગ તરીકે મનાય. તે યુગમાં ત્રણ ધર્મો મુખ્ય હતા.* જેને અનુક્રમે વેદ, જૈન અને બૌદ્ધ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે.

તે સમયે વેદ અને જૈન એ બન્ને પ્રાચીન હતા, અને બૌદ્ધ-દર્શન અર્વાચીન હતું. એક સ્થળે ડૉ. હર્મન જેકોબી આચારાંગ સૂત્રની પ્રસ્તાવનામાં લખે છે:—

"It is now admitted by all that Nataputta (Gnatriputra), who is commonly called Mahavira or Vardhamana, was a contemporary of Buddha: and that the Niganthas (Nirgranths) now better known under the name of Jains or Arhatas, already existed as an important sect at the time when the Buddhist Church was being founded."

"શ્રમણ ભગવંત મહાવીર પ્રભુને નામે ઓળખાતા જ્ઞાતપુત્ર વર્ધમાન સ્વામી, જે વખતે બુદ્ધ વિચરતા હતા તે વખતેજ તેમના સમકાલીન તરીકે વિદ્યમાન હતા. અને જે વખતે બૌદ્ધ ધર્મ હજી સ્થપાતો હતો તે વખતે જૈનો અથવા આર્હતના નામે ઓળખાતા

*આ વખતે પ્રબુદ્ધ કાત્યાયન, સંજય વેલટ્ઠીપુત્ત, અજિત કેશકંબલી વગેરે વગેરે હતાજ પરંતુ તેની ગણના મતસ્થાપકોમાં થતી

નિર્ગ્રંથો એક અગત્યના પંથ તરીકે ક્યારનાએ વિચરી રહ્યા હતા. એ હવે સર્વમાન્ય થઇ ચૂક્યું છે."

આ પરથી એમ સિદ્ધ થાય છે કે પાશ્ચાત્ય વિદ્વાનો કે જે પ્રથમ બૌદ્ધ ધર્મ કરતાં જૈન ધર્મને અર્વાચીન ગણતા, તેઓ હવે પુષ્ટ પ્રમાણ મળતાં તેની પ્રાચીનતા બરાબર સ્વીકારી શક્યા છે. પ્રથમ ડૉ. બેબર, ડૉ. લેસન વગેરે કેટલાક વિદ્વાનોએ તેમ શી રીતે માની લીધું હશે? તેમ કોઇને શંકા થાય તેનું સમાધાન ડૉ. હર્મન જેકોબી જૈનસૂત્રોની પ્રસ્તાવનામાં કહે છે કેઃ—

પ્રો. લેસન બન્ને ધર્મની એકતા માને છે. તેના ચાર કારણો નીચે દર્શાવ્યાં છે.

(૧) ભાષાદૃષ્ટિઃ—બુદ્ધનું બધું મૌલિક સાહિત્ય પાલિભાષામાં છે, જ્યારે ભગવાન મહાવીરનું સાહિત્ય અર્ધ માગધી ભાષામાં છે. આ બન્ને સાહિત્યમાં બહોળે અંશે ભાષાની સમાનતા તેમને લાગી.

(૨) કેટલાક પારિભાષિક શબ્દોની સમાનતાઃ—જેમકે-જિન, અર્હંત, સર્વજ્ઞ, સિદ્ધ, બુદ્ધ, સંબુદ્ધ, પરિનિવૃત્ત, મુક્ત વગેરે સમાન હોવાથી.

(૩) ગત તીર્થંકરોની સમગ્રની ગુણપૂજન.

(૪) અહિંસા વગેરે કેટલાક સિદ્ધાંતોની સ્થૂળ સમાનતા.

પરંતુ આ ચારેની પૃથકતા જૈન સૂત્રનો [illegible] હર્મન જેકોબીએ કરી વેદ તથા બૌદ્ધદર્શન [illegible] જૈનધર્મના ઘણા સિદ્ધાંતો બાદ ભિન્ન [illegible] વિભિન્નતાઓ દર્શાવતા તેણે અનેક પ્રમાણ [illegible]

જૈનધર્મનું [illegible]

આ સ્થળે એક એટલું કે [illegible] હોવા છતાં તેનાં [illegible] પ્રમાણો એમ [illegible]

[illegible]

[illegible]

જૈનધર્મના વિશિષ્ટ સિદ્ધાંતો

(૧) આત્માનું નિત્યત્વ:—આત્માને પરિણામી નિત્ય માનેલ, અર્થાત્ એકાન્ત કૂટસ્થ-નિત્ય કે કેવળ અનિત્ય નહિ.

આત્મા એ અખંડ નિત્ય હોવા છતાં કર્મસંયોગ તેનું પરિણમન થાય છે. કહ્યું છે કે —

> सो इंदियगेज्झो अमुत्तभावा ।
> अमुत्तभावा वि अ होइ निच्चो ।
> अज्झत्थहेउं नियअस्स बंधो ।
> संसारहेउं च वयंति बंधं ॥

આત્મા અમૂર્ત હોવાથી બહિરિન્દ્રિયોથી પ્રત્યક્ષ ગ્રાહ્ય થઈ શકતો નથી. વળી તે અમૂર્ત હોવાથી નિત્ય છે, પરંતુ આમ હોવા છતાં અજ્ઞાનવશાત્ તે કર્મબંધનોથી બંધાયેલો છે અને બંધન એજ આ સંસારનો હેતુ છે.

સાંખ્યદર્શન તેને કૂટસ્થ નિત્ય માને છે, જ્યારે બૌદ્ધદર્શન એકાંત અનિત્ય માને છે. આ બન્ને સિદ્ધાંતો વિચારતાં અપૂર્ણ ભાસશે. કારણ કે જો એકાન્ત કૂટસ્થ નિત્ય હોય તો તેનું પરિણમન થઈ શકે નહિ. પરિણમન ન હોય તો બંધન પણ ન હોય અને બંધન ન હોય તો મુક્તિ, નિર્વાણ કે મોક્ષનો પ્રયત્ન પણ કોઈ શકે નહિ.

જ્યારે આત્માઓને તો કોઈક કોઈક દુઃખનું સંવેદન થાય છે, શરીરના નાશ બાદ દરેક પ્રાણી આત્મા શુભાશુભ ભોગો ભોગવે છે. તેથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે આત્મા પોતે નિત્ય હોવા છતાં કર્મબંધનથી બંધાયેલો છે.

વળી જો આત્મા કેવળ અનિત્ય હોય તો પાપ, પુણ્ય, સુખ, દુઃખ એ કંઈ સંભવેજ નહિ. વળી જો આત્મા કર્મબંધન કરે તેજ નાશ પામે તો પછી તે કર્મનું પરિણામ કોણ ભોગવે? એમ પરસ્પર અસંબદ્ધતા જણાય છે. આથીજ જૈનદર્શન તેને પરિણામી નિત્ય માને છે.

[૨] વિશ્વનું અનાદિત્વઃ—આ જગત કોઈએ બનાવ્યું નથી. આખું વિશ્વ અનાદિ છે.

કેટલાક દર્શનો માને છે કે દરેક કાર્યનું કંઈક ને કંઈક કારણ હોયજ છે. જેમકેઃ—ઘડા રૂપ કાર્યનો કરનાર કુંભાર તેમ નાના મોટા દરેક કાર્યનો કર્તા કે પ્રેરક કોઈને કોઈ અવશ્ય છે. તેજ રીતે આ જગતનો કર્તા પણ કોઈને કોઈ હોવોજ જોઈએ. અને તેનેજ તે ઈશ્વર કિંવા કોઈ શક્તિરૂપ કહે છે.

આમ સ્વીકારતાં નીચેના પ્રશ્નો ઉદ્‌ભવે છે.

(૧) જો બધા કાર્યનો સંચાલક ઈશ્વર માનીએ તો જીવોને સુખદુઃખ આપવામાં તેની સારી માઠી અસર અને ઇચ્છાનું આરોપણ થાય છે; કારણ કે જગતમાં એવો નિયમ છે કે ઇચ્છા વિના પ્રવૃત્તિ થઈ શકે નહિ અને એવી ઈચ્છા થવી તેને રાગ અને દ્વેષ કહેવાય છે. જે આત્મા રાગ અને દ્વેષથી કલુષિત હોય તે ઈશ્વર કે સર્વજ્ઞ શી રીતે હોઈ શકે?

(૨) તેવી કોઈ શક્તિ હોય તો વળી તે શક્તિનું ભાજન કે તેનો સ્વામી તેથી અતિરિક્ત કોઈ સ્વીકારવોજ પડે અને તે સ્વીકારવા જતાં તો પાછો તેનો તે આરોપ લાગુ પડે.

(૩) જો કર્તા અન્ય હોય તોજ ફળ દેવાની સત્તા બીજાની હોઈ શકે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] કહ્યું છે કે —

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ।
अप्पाणमेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥१॥

વળી

वरं मे अप्पा दंतो संजमेण तवेण य।
माहं परेहिं दम्मंतो बंधणेहिं वहेहि य ॥२॥

(૧) બહારના યુદ્ધથી શું થવાનું છે? માટે આન્તરિક યુદ્ધ કરી આત્માના આત્માર્થીજ સુખ પામી શકશો.

(૨) બહારના વધ કે બંધનથી દમવા કે દમાવા કરતાં સંયમ અને તપથી પોતાનું આત્મદમન કરવું એજ ઉત્તમ છે.

[૪] કર્મના અચળ કાયદાથી પુનર્જન્મનો સ્વીકારઃ-
જડ, માયા કે કર્મથી સંડોવાયેલું ચૈતન્ય જે જે જાતની ક્રિયા કરે છે તેનું ફળ તેને પોતાનેજ ભોગવવું પડે છે. જૈનદર્શન કહે છે કેઃ-

"**कडाण कम्माण न मोक्खअत्थि** કરેલાં કર્મને ભોગવી લીધા વિના કર્મથી છૂટી શકાતું નથી."

કર્મનો કાયદોજ એવો છે કે જ્યાં સુધી તેનું બીજ બળી ન જાય ત્યાંસુધી શુભ કે અશુભરૂપે પરંપરાગત પરિણમન થતું રહેવાનું, અને જ્યાંસુધી કર્મથી સંબંધ રહે ત્યાંસુધી તે જીવાત્માનાં ભિન્ન ભિન્ન સ્થાને યોજાવાનાં નિમિત્ત બનવાનાં અને પુનરાગમન થતુંજ રહેવાનું.

મુમુક્ષુ અને તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુએ જે ચાર વસ્તુઓ જ્ઞાતવ્ય છે તેજ આ છે; આત્માની ઓળખાણ, વિશ્વનું કારણ, જન્મ-જન્માંતરનું કારણ અને તેનું નિવારણ. આ વસ્તુઓનું જ્ઞાન જો યથાર્થ રીતે થાય તો તેને પોતાના ઐહિક જન્મની સફળતાના સાધનો સાર્થક્ય કરવામાં તે ઉપયુક્ત થાય કે નહિ એ કેવળ જુદોજ પ્રશ્ન છે. પરંતુ દુનિયાના દરેક મહાન ધર્મસંસ્થાપકો અને તત્ત્વવેત્તાઓએ આ મુખ્ય વસ્તુઓને દૃષ્ટિ સમીપેજ રાખીને પૃથક્ પૃથક્ સિદ્ધાન્તો ઘડાવ્યા છે તથા મુમુક્ષુઓ પ્રતિ વિવિધ પ્રકારનાં કર્તવ્ય કર્મ પ્રયોજ્યા છે.

ભગવાન મહાવીરના કાળમાં વેદધર્મ પ્રચલિત હતો, જો કે તેનાં વિધિવિધાનોમાં ખૂબ સંકરતા પ્રસરી ગઇ હતી; પરન્તુ એ ધર્મના પ્રચારકો તથા તત્ત્વસંશોધકોની દૃષ્ટિ પણ ઉપર કહી તે ચાર વસ્તુઓ પ્રતિજ હતી. એક સ્મૃતિનાં આ વાક્યો છે; **किं कारणं ब्रह्म । कुतः स्म जाता जीवामः केन क्व च संप्रतिष्ठिताः । येन सुखेतरेषु वर्तामह इति ॥** અર્થાત્-(૧) શું આ વિશ્વનું કારણ બ્રહ્મ છે? (૨) આપણે ક્યાંથી ઉત્પન્ન થયા, શાથી જીવીએ છીએ અને ક્યા રહ્યા છીએ તથા (૩) શાથી સુખ-દુઃખમાં વર્તીએ છીએ? આ ત્રણે પ્રશ્નાત્મક સ્મૃતિ વાક્યોમાં વિશ્વનું કારણ,

આત્માની ઓળખાણ. પૂર્વજન્મ–વર્તમાન જન્મ–પુનર્જન્મનું કારણ અને તેના નિવારણ માટે મળ–દુઃખના કારણનાં સંશોધન દ્વારા કર્તવ્ય કર્મનું વિધાનઃ એ ચાર મુદ્દા સમાવિષ્ટ થાય છે. વેદોમાં આ ચારે પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે કર્યું છે અને તેમાં કર્મ વિજ્ઞાન–ખૂલના છે એ વિચાર અત્ર વિસ્તારથી કરવો યોગ્ય નથી, તે વિચાર તો સમગ્ર મહાત્માઓની સાથે જૈન મહાત્માઓએ પણ ખૂબ ગંભીરતા ભરી રીતે કરેલો છે.

મહાવીરના સમકાલીન બુદ્ધે પણ આજ શ્રેણિને સ્વીકારી મુમુક્ષુ ધર્મનું વિધાન કર્યું છે. જેવી રીતે તત્ત્વ વિચારણાની દૃષ્ટિએ જૈન ધર્મ અને વેદ ધર્મ વચ્ચે મતભેદ છે તેવીજ રીતે બુદ્ધના નિર્ણયો તથા વિધાનો વચ્ચે પણ મતભેદ છે, પરન્તુ તત્ત્વ શ્રેણીનું સામ્યજ અત્ર વક્તવ્ય છે. બ્રહ્મ, આત્મા, પૂર્વજન્મ–પુનર્જન્મ અને તેની કારણ નિવારણની વિચારણા એટલે ઉદ્દેશોનું કર્તવ્ય કર્મ એ બુદ્ધના તત્ત્વ દર્શનની ભૂમિ છે. (૧–૨) બુદ્ધ; બ્રહ્મ તથા આત્માના અસ્તિત્વને માન્ય રાખવા ના કહે છે એટલે વિશ્વને અનાદિ તથા આત્માને અવાસ્તવિક માને છે, પરન્તુ (૩) કર્મ વિપાકથી નામ રૂપાત્મક દેહને નાશવંત જગતમાં પુનઃ પુનઃ જન્મ લેવો પડે છે એમ સ્વીકારે છે, અને (૪) એ જન્મના ફેરાનું કારણ સમજી લઇને તે કારણ જે વડે નાબૂદ થાય તેવો માર્ગ સ્વીકારવાનું પણ વિધાન કરે છે.

આજ ચારે વસ્તુઓનું નિરાકરણ ભગવાન મહાવીર ઉત્તરાધ્યયનસૂત્રમાં જે પદ્ધતિએ કરે છે અને જે નવનીત કાઢી આપે છે તે આ ઉપોદ્‌ઘાતના પૂર્વાર્ધમાં આ સૂત્રમાંનાજ પ્રમાણો આપીને જે નિષ્કર્ષ કાઢી બતાવ્યો છે તે ઉપરથી જોઇ શકાશે. ભારતના પ્રાચીન તત્ત્વજ્ઞાનની ઉપર્યુક્ત ત્રણ મુખ્ય શાખાઓમાંની જૈનધર્મની મુખ્ય શાખા પ્રમુખ તત્ત્વો વિષે શો નિર્ણય આપે છે તે જાણવાના જિજ્ઞાસુ જૈનો તથા જૈનેતરોને સંતોષવાના હેતુપૂર્વક આ સૂત્રની સૌથી પહેલી પસંદગી અને પ્રસિદ્ધીકરણ કરવામાં આવ્યા છે.

અનુવાદક

ઉત્તરાધ્યયનસૂત્ર
ની
ઓળખાણ

જૈનના ધાર્મિક ગ્રંથોમાં ઉત્તરાધ્યયનનું સ્થાન અનોખું છે. ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક અને પિણ્ડનિર્યુક્તિ આ ચાર સૂત્રગ્રંથોને જૈનો મૂળસૂત્રરૂપ સામાન્ય સંજ્ઞાથી ઓળખે છે મૂળ સૂત્રો. શામાટે કહેવાયા તે પણ જાણવા જેવું છે. શાર્પેન્ટીયર નામના જર્મન વિદ્વાન એક કલ્પના કરે છે કે આ ગ્રંથોને આવું નામ મળવાનું કારણ એજ કે એ ગ્રંથો "Mahāvīra's own words" (Utt. Su. Introd. P. 32) અર્થાત્ મહાવીરસ્વામીના પોતાનાજ શબ્દો તેમાં ગ્રંથિત થયેલા છે. તેમનું આ વિધાન દશવૈકાલિકને દેખીતી રીતે લાગુ પડી શકતું નથી એમ કહી મૂળસૂત્રનો બીજોજ અર્થ Dr. Schubring (ડૉ. શુબ્રિંગ) કરેછે. તેઓ કહે છે કે "સાધુ તરીકેના જીવનની શરૂઆતમાં જે યમનિયમાદિ આવશ્યક છે, તેનો આ ગ્રંથોમાં ઉપદેશ હોઈ આ ગ્રંથોને મૂળસૂત્રો કહેવામા આવ્યાં હોય" (Work Plahaviras, P. I.). Prof. Guerinot (પ્રો. ગેરીનો) નું માનવું એમ છે કે આ ગ્રંથો "Traite's Originaux,*" અર્થાત્ અસલ ગ્રંથો છે, જેના ઉપર અનેક ટીકાઓ, નિર્યુક્તિઓ થઇ છે. ટીકા ગ્રંથનો અભ્યાસ કરતા આપણે પણ જે ગ્રંથ ઉપર ટીકા કરવી હોય તે ગ્રંથને "મૂળ" ગ્રંથ કહીએ છીએ. વળી જૈન ધાર્મિક ગ્રંથોમાં આ ગ્રંથો ઉપર સૌથી વધારે ટીકા ગ્રંથો છે; આ કારણોથી આ ગ્રંથોને ટીકાઓની અપેક્ષાએ મૂળ ગ્રંથો અથવા "મૂળસૂત્ર" કહેવાની પ્રથા પડી હશે એમ કલ્પી શકાય છે.

---

* La Religion Djaina, P. 79.

ઉત્તરાધ્યયન સૂત્રને પોતાની સંજ્ઞા શારીતે મળી તે માટે પણ સંદેહ મતભેદ પ્રવર્તે છે. Leumann (લ્યુમન) એને "Later readings" અથવા પાછળથી રચાએલા ગ્રંથો માને છે, અને તેના સમર્થનમા જણાવે છે કે આ ગ્રંથ અંગગ્રંથોની અપેક્ષાએ પાછળથી રચાયેલ હોઈ એને "ઉત્તર" એટલે પાછળનો ગ્રંથ કહ્યો છે. પરતુ ઉત્તરાધ્યયન ઉપરના ટીકા ગ્રંથોમાથી આપણને જાણવાનુ મળે છે કે મહાવીરસ્વામીએ તેમના છેલ્લા ચોમાસામાં છત્રીસ અણપૂછયા પ્રશ્નોના "ઉત્તર" અર્થાત્ જવાબો આપેલા જે જવાબો આ ગ્રંથના રૂપમાં સંગ્રહીત છે. આ માહિતિ સત્ય માનવાને આપણી પાસે સબળ પ્રમાણો છે, અને 'ઉત્તર' શબ્દનો અર્થ તેમાં પૂર્તિ કરે છે, જેથી એ મત વધારે વજનદાર ગણવામાં કશો વાંધો જણાતો નથી.

ઉત્તરાધ્યયન સૂત્રની નીચે પ્રમાણે આવૃત્તિઓ સુપ્રસિદ્ધ છે:—

૧. Charpentier ની આવૃત્તિ, ઉપોદ્ઘાત, ટીકા, ટિપ્પણ સાથે. (૧૯૨૨). (આ આવૃત્તિ સારામાં સારો છે).

Achieves d' Eludes Orientales માળાનો ૧૮ મો મણકો.

૨. જૈનપુસ્તકોદ્ધાર માળાના મણકા નં. ૩૩, ૩૬, ૪૧.

૩. ઉત્તરાધ્યયન સૂત્ર, વિજયધર્મસૂરિજીના શિષ્ય મુનિશ્રી જયન્તવિજયજી (આગ્રા, ૧૯૨૩-૨૭, ૩ ભાગમા).

આ ગ્રંથના ખરતર ગચ્છના ઉપાધ્યાય કમલસંયમની ટીકા પણ છે.

૪. અંગ્રેજી ભાષાન્તર, Jacobi. Sacrad Books of the East માળાનો ૪૫ મો મણકો.

૫. શિવાય ભાવનગર, લિંબડી વગેરે સ્થાનોમાં પ્રસિદ્ધ થયેલ પ્રતિઓ છે.

એ ખરૂં છે કે આ સૂત્રની ભાષાપર ભાષ્યો ઘણાં છે. ઉપરાંત તેમ અને ગાથાઓ પ્રધાન અનુષ્ટુપ પદ્ધતિ એમ આ ગ્રંથની ઉપમાઓમાં અને વૈદિકમાં મળે છે. આથી સંસ્કૃત આ આગમને પ્રાચીન બનાવે છે.

આ ગ્રંથને ૩૬ અધ્યયનો છે, એ પદ્યમાં લખાયેલાં છે, અને તેમાં યમનિયમોનું મુખ્યત્વે કરીને નિરૂપણ કરવામાં આવ્યું છે. શિક્ષણના રૂપમાં સૂત્રાત્મક શિક્ષાવાક્યો, યતિઓને નિરિક્ષા નાંક રોકનાર પ્રલોભન આવતાં કર્મો અને જન્મ, ધર્મશિક્ષા, શ્રદ્ધા તથા સંયમરૂપ લાભપ્રવૃત્તિનો મોક્ષપ્રાપ્તિમાં ઉપયોગ, ખરા સાધુ અને ખોટા સાધુ વચ્ચેનો ભેદ વગેરે વગેરે વિષયો વિસ્તારથી નિરૂપ્યા છે. સિવાય નાના પણ સુંદર ઉદાહરણો વિષયને સરળ કરવાને મૂકેલાં ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે. ચોરનું ઉદાહરણ, રથ હાંકનારનું ઉદાહરણ (અધ્ય. ૬, શ્લો. ૩), ત્રણ વેપારીની વાત (અધ્યયન ૭ મું શ્લો. ૧૪-૧૬), વગેરે દૃષ્ટાંતો કુન્દનમાં ગોઠવેલા હીરાની માફક ચળકી રહે છે. **નમિનાથ સ્વામી** ની વાર્તા અહીં પહેલીજ વખત કહેવામાં આવે છે. આ સિવાય સંવાદો એ આ ગ્રંથની વિશેષતા છે નમિનાથનો સંવાદ આપણને બુદ્ધગ્રન્થ સુત્તનિપાતમાંની પ્રત્યેક બુદ્ધની વાર્તાને યાદ કરાવે છે. હરિકેશ અને બ્રાહ્મણનો સંવાદ ધાર્મિક ક્રિયા અને ધાર્મિક વૃત્તિના બલાબલનો ખ્યાલ આપે છે; પુરોહિત અને તેના પુત્રોનો સંવાદ સાધુ જીવન કરતાં ગૃહસ્થ જીવન કેટલે અંશે ન્યૂન છે તે પ્રતિપાદન કરે છે. આ સંવાદ મહાભારત તેમજ બૌદ્ધ જાતકમાં પણ અમુક ફેરફાર સાથે જોવામાં આવે છે એ પુરવાર કરે છે કે ઉત્તરાધ્યયન સૂત્રના કેટલા જૂના ભાગોમાંનો એ એક છે, આ ગ્રન્થનું આઠમું અધ્યયન કાપિલીય (સં. कापिलीयम् અર્થાત્ ×કપિલનું) કહેવાય છે, અને શાન્તિસૂરિની ટીકામાં કાશ્યપસુત

× સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક કપિલને આ કપિલ સાથે કશો સંબંધ નથી.

[illegible] છે કે જે [illegible] આગમ [illegible] આવી આવે છે. [illegible] વિદ્વાનો પણ એક મતથી માને છે. દૃષ્ટિએ [illegible] અધ્યયન. શ્રીકૃષ્ણ [illegible] તે પણ અનેક [illegible] ઉપયોગી વર્ણ તો [illegible] દશવૈકાલિકના [illegible] માટે ઉપયોગી [illegible] ગણધરોના [illegible] અધ્યયન. [illegible] અને મહાવીરના [illegible] અને તે [illegible] પણ પાલિગ્રંથ [illegible] તેમાં [illegible] થયાં તો કોઈ જૈન [illegible] અને મહાવીર [illegible] ઉત્તરાધ્યયન (અ. ૨૫)નું વર્ણન [illegible] તેમાંથી [illegible] આવે છે [illegible] આવે છે. ખરો બ્રાહ્મણ ધમ્મપદ (ઉદ્દાન ૧) ની સાથે મળતું આવે છે. [illegible] અધ્યયનમાં [illegible] સુંદર મુદ્દા એને કહેવો એ વર્ણ ઉપર આ અધ્યયનમાં નોંધેલા છે. આ પ્રમાણે આ ગ્રંથની વસ્તુ છે

ઉપર જણાવેલાં ગયા પ્રમાણે આ ગ્રંથ ઉપર ઘણી ટીકાઓ થઈ છે, અને જૂનામાં જૂની ટીકાઓ પણ આ મૂળસૂત્રો ઉપરાંત મળી આવે છે, આમ હોવાથી ઉત્તરાધ્યયનની ટીકાઓ વિશે થોડો ઉલ્લેખ બાકી રહી જવો ન જોઈએ.

સૌથી જૂની ટીકા ભદ્રબાહુની છે, જે નિજ્જુત્તિ (સં. નિર્યુક્તિ) ને નામે ઓળખાય છે. આ ટીકા બધી ટીકાઓ કરતાં ઉપયોગી ગણાય છે કારણ કે તેમાં જૈન ધર્મ વિશે જૂની માહિતિ ખૂબ મળી આવે છે. પછીની ટીકાઓ દસમા શતકમાં લખવામાં આવેલી; તેમા શાન્તિસૂરિનો ભાવવિજય અને દેવેન્દ્રગણિની (સન ૧૦૭૩) ટીકા મુખ્ય ગણાય છે. આ બન્ને વ્યક્તિઓ જૈનશાસનના અલંકારરૂપ અને પ્રખર વિદ્વાનો હતા તેથી તેની ટીકાઓમા ઠેકાણે ઠેકાણે શાસ્ત્રાર્થ અને ખંડન-મંડનની ઝલક જોવામા આવે છે.

ભાષા શાસ્ત્રની દૃષ્ટિએ તપાસતાં ઉત્તરાધ્યયન સૂત્રની ભાષા ઘણીજ જૂની છે; અને જૈનઆગમમાં જે ગ્રંથોમાં સૌથી જૂની

ભાષા સંગ્રહીત થઈ છે તે પૈકી આ ગ્રંથ પણ એક છે, જૈન શાસનમાં સૌથી જૂની ભાષા આચારાંગ (सं. आचाराङ्ग માં છે; ત્યારપછી જૂની સૂયગડાંગ (सं. सूत्रकृताङ्ग) માં છે, અને ત્રીજેસ્ટ સ્થાને ઉત્તરાધ્યયન સૂત્ર આવે છે, એમ ભાષા શાસ્ત્રીઓ માને છે.

આ પ્રમાણે ઉત્તરાધ્યયનની સમાલોચના સ્થૂળ દ્રષ્ટિથી કરવાનો ઉપરનો પ્રયત્ન છે; વિદ્વાનો તેમા સ્ખલનો જુએ તો ક્ષમા આપે, એજ અભ્યર્થના.

ચં. ન. દવે; એમ. એ., બી. ટી.,
પી એચ. ડી. [લંડન]
પ્રોફેસર, ગૂજરાત કોલેજ, અમદાવાદ.



સૂચના

૧ કાળા અક્ષરોમાં ઉપર આપેલી નોંધ અધ્યયનનો પૂર્વરંગ સૂચવવા માટે છે.

૨ શ્લોકની નીચે નાના અક્ષરોમાં અપાતી નોંધ શ્લોકનું હાર્દ સમજાવવા માટે આપી છે.

૩ કાળા મોટા અક્ષરોમા શ્લોક ઉપર અપાયેલા શબ્દો નીચે શું આવે છે તે દર્શાવવા માટે છે.

૪ સામાન્ય અક્ષરોમાં છપાયેલુ લખાણ અર્ધમાગધી મૂળનું ગૂજરાતી અનુવાદન છે.

૫ દરેક અધ્યયનની નીચે નાના અક્ષરોમાં અપાતી નોધ આખા અધ્યયનનો સાર બતાવવા પૂરતી છે.

પ્રારંભ

જેને છે મૃત્યુથી મૈત્રી, જે જાણે મરવું નથી;
મૃત્યુથી જે છૂટી જાણે, તે સુએ સુખથી ભલે.

* * *

પ્રતિમાસે ભલે આપે, જે દસ લાખ ધેનુને,
તેનાથી સંયમી શ્રેય, ભલે આપે ન કિંચન.

* * *

લડો સૌ આત્મસંગ્રામે, બીજા સંગ્રામ શા કરો!
શુદ્ધાત્માથી દુરાત્માને, જીતીને સુખ મેળવો.

વિનયશ્રુત

૧

વિનયનો અર્થ અહીં અર્પણતા છે. જૈનદર્શનના સિદ્ધાંત પ્રમાણે પરમાત્મા પ્રત્યે અર્પણતા બજાવવાની હોય છે ત્યારે તે ભક્તિ કહેવાય છે. પરંતુ જ્યારે તે ગુરુજન તરફ બજાવવાની હોય છે ત્યારે તે સ્વધર્મ કે સ્વકર્તવ્ય તરીકે ગણાય છે. આ અધ્યયનમાં ગુરુને ઉદ્દેશી, શિષ્ય અને ગુરુના પારસ્પરિક ધર્મો બતાવેલા છે.

અર્પણતાથી અહંકારનો લય થાય છે. અહંકારના નાશ થયા વિના આત્મશોધન થઈ શકતાં નથી. અને આત્મશોધનના માર્ગ વિના શાંતિ કે સુખ નથી. સૌ કોઈ જિજ્ઞાસુને અવલંબન (સત્સંગ)ની આવશ્યકતા હોયજ છે.

ભગવાન બોલ્યા:—

[૧] સંયોગથી વિશેષે કરીને મૂકાયેલા અને ઘરબારના બંધનથી છૂટેલા ભિક્ષુના વિનયને પ્રકટ કરીશ. તમે ક્રમપૂર્વક મને સાંભળો.

નોંધ:—સંયોગ એટલે આસક્તિ. આસક્તિ છૂટે ત્યારેજ જિજ્ઞાસા જાગે. જિજ્ઞાસા જાગે એટલે ઘરબારનું મમત્વ ઉડી જાય. આવી ભાવના શું આપણે જીવનમાં નથી અનુભવતા?

[૨] જે આજ્ઞાને પાળનાર, ગુરુની નિકટ રહેનાર અને ઇંગિત તથા આકાર (મનોભાવ તથા મુખાદિના આકાર)ને જાણનાર હોય તે વિનીત કહેવાય છે.

નોંધ:–આજ્ઞાપાલન, પ્રીતિ અને વિશ્વાસુતા. આ ત્રણે ગુણો અર્પ- સુતામાં હોવા જોઇએ. નિકટનો અર્થ પાસે રહેવું તેટલોજ નથી પણ હૃદયમાં સ્થાન જમાવવું તે છે

[૩] આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, ગુરુજનોના હૃદયથી દૂર રહેનાર, શત્રુસમાન (વિરોધી) અને અવિવેકી પુત્ર અવિનીત કહેવાય છે.

[૪] જેમ સડેલી કૂતરી સર્વસ્થળેથી અપમાન પામે છે એમ શત્રુ જેવો, વાચાળ અને દુરાચારી (સ્વચ્છંદી) સર્વસ્થળેથી તિરસ્કાર પામે છે.

[૫] ભૂંડ સુંદર અનાજના ભૂંસાને છોડીને વિષ્ટાને ખાવું પસંદ કરે છે. તેમ સ્વચ્છંદી મૂર્ખ સદાચાર છોડી સ્વચ્છંદે વિચરવામાંજ આનંદ માને છે.

૬ કૂતરી, ભૂંડ અને મનુષ્ય, એ ત્રણે દૃષ્ટાન્તોના ભાવને સાંભળીને પોતાનું હિત ઇચ્છનાર મનુષ્ય વિનય માર્ગમાં પોતાના મનને સ્થાપે.

[૭] આ ઉપરથી મુમુક્ષુ અને સત્યશોધકે વિનયની વિવેકપૂર્વક આરાધના કરવી અને સદાચાર વધારતા જવું. આમ કરવાથી તે કોઈ સ્થળે નામોશામ (તિરસ્કૃત) થશે નહિ.

[૮] અતિ શાન્ત થવું અને મિત્રભાવે જ્ઞાનીજનો પાસે ઉપયોગી સાધનો શીખવા. નિરર્થક વસ્તુઓને તો છોડીજ દેવી.

[૯] મહાપુરુષોની શિક્ષાથી મૂર્ખની પેઠે કુપિત ન થવું. શાન્તિ ખૂબ સહનશીલતા રાખવી. હલકા મનના માણસોનો સંગ ન કરવો. હાસ્ય અને ગમ્મતો પણ છોડી દેવી.

નોંધ:–મહાપુરુષો જ્યારે શિક્ષા આપતા હોય ત્યારે કેમ વર્તવું? તે વિષયની સૂચના છે

[૧૦] ચંડાલનું કર્મ (કોપ) ન કરવું અને બહુ પ્રલાપ પણ ન કરવો. સમય પ્રમાણે શિક્ષણ કે ઉપદેશ મેળવીને પછી એકાંતમાં તે શબ્દોનું ચિંતન કરવું.

[૧૧] ભૂલથી ચંડાલ કર્મ થઈ જાય તો તેને કદી છુપાવવું નહિ, જે દોષ થઇ ગયો હોય તે ગુરુજન પાસે કબૂલ કરી લેવો. જો પોતાની ભૂલ ન થઇ હોય તો તેનો ખુલાસો કરી દેવો.

નોંધઃ–ચંડાલકર્મ એટલે દુષ્ટકર્મ. તેમાં અન્યાય, અધર્મ, અકર્તવ્ય કે કોપ, કપટ અને વિષયનો સમાવેશ થાય છે.

[૧૨] ગળિયો ઘોડો (કે પુંછલેલ બળદ) વારંવાર ચાબુક માગે છે. તેમ વારંવાર મહાપુરુષોની શિક્ષા ન માગવી. પરંતુ ચાલાક ઘોડો જેમ ચાબુક જોતાંજ ઠેકાણે આવે છે તેમ મુમુક્ષુએ પાપકર્મને ભાન થતાજ છોડી દેવું.

[૧૩] સત્પુરુષોની આજ્ઞાને તરછોડનાર અને કઠોર વચન કહેનાર કેટલાક દુરાચારી શિષ્યો કોમળ ગુરુને પણ ક્રોધી બનાવે છે. અને અંતઃકરણને ઓળખી અનુસરતા કેટલાક ચાલાક વિનીત શિષ્યો ખરેખર ક્રોધી ગુરુને પણ શાન્ત કરી મૂકે છે.

નોંધઃ–ગુરુ કે શિષ્ય બન્ને સાધક દશામાં હોઈ ભૂલને પાત્ર છે. પરંતુ અહીં શિષ્ય કર્તવ્યજ બતાવ્યું છે.

[૧૪] પૂછ્યા સિવાય ઉત્તર ન આપવો. પૂછે તો ખોટું ન બોલવું. ક્રોધને શાંત કરી અપ્રિય વાતને પણ પ્રિય બનાવવી.

[૧૫] પોતાનો આત્માજ દમવો જોઇએ, કારણ કે આત્મા એજ દુર્દમ્ય છે. આત્મદમન કરવાથી આ લોક અને પરલોકમાં પણ સુખી થવાય છે.

[૧૬] "તપ અને સંયમથી મારા આત્માને દમવો તેજ ઉત્તમ છે. હું બીજા બંધનો કે મારથી શા માટે દમાઉં !"

નોંધઃ—આ શ્લોક અર્થ આપવા પર ઉત્તરાર્ધનો છે. સંયમ અને તપથી શરીરનું દમન થાય છે તે સ્વતંત્ર હોય છે. પણ અસંયમ અને સ્વચ્છંદથી ઉપસ્થિત થતું દમન પરતંત્ર અને તેથી બહુ દુઃખદ થઈ પડે છે.

[૧૭] વાણી કે કર્મથી, છાની રીતે કે પ્રકટરૂપે કદીપણ જ્ઞાનીજનો (ગુરુજનો) સાથે વેર ન કરવું.

મહાપુરુષો પાસે બેસવાની શિષ્ટતા બતાવે છે.

[૧૮] ગુરુજનોની પીઠ પાસે કે આગળ પાછળ ન બેસવું. તેમ એકદમ પાસે બેસી પગ સાથે પગ ન અડાડવા. વળી શય્યા કે પોતાના આસન પર બેસીનેજ પ્રત્યુત્તર ન આપવો.

[૧૯] ગુરુજનોની પાસે પગ પર પગ ચડાવી ન બેસવું કે પગના ગોઠણ છાતી પાસે રાખી હાથ બાંધી ન બેસવું. પગ ફેલાવીને પણ ન બેસવું.

[૨૦] આચાર્ય બોલાવે તો કદી મીંડ (મૌન) ન થવું. મુમુક્ષુ અને ગુરુકૃપાના ઇચ્છુકે તુરતજ તેમની પાસે જવું.

[૨૧] આચાર્ય ધીમે કે જોરથી બોલાવે ત્યારે કદી પણ બેસી ન રહેતાં વિવેકપૂર્વક પોતાનું આસન છોડીને ધીર પુરુષે તેમની પાસે જઈને સાંભળવું.

[૨૨] શય્યામાં કે આસને રહીને કદી પૂછવું નહિ. ગુરુપાસે આવી હાથજોડી નમ્રતાપૂર્વક બેસી કે ઉભા રહીને સમાધાન કરવું.

[૨૩] આવા વિનયી શિષ્યને સૂત્રવચન અને ભાવાર્થ બન્ને વસ્તુ અધિકાર મુજબ ગુરુએ સમજાવવાં. (એ ગુરુધર્મ છે).

ભિક્ષુઓએ વ્યવહાર કેવો રાખવો તે બતાવે છે.

[૨૪] ભિક્ષુએ ખોટું ન બોલવું કે નિશ્ચયાત્મક વચનો ન કહેવાં. ભાષાના દોષને છોડી દેવો અને કપટને પણ છોડી દેવું.

[૨૫] પૂછે તો અસત્ય (દૂષિત) ન કહેવું. પોતાના સ્વાર્થને સારુ બીજાને માટે કે કોઈ બીજા કારણોથી નિરર્થક અને મર્મવાળું વચન ન બોલવું.

[૨૬] બ્રહ્મચારીએ એકાંતના ઘર પાસે, લુહારની કોઢ કે અયોગ્ય સ્થાન ઉપર કે બે ઘરની વચ્ચે; તેમજ મોટા રસ્તા પર એકલા એકલી સ્ત્રી સાથે ન ઉભા રહેવું કે ન વાર્તાલાપ કરવો.

નોંધઃ-બ્રહ્મચર્ય એ તો મુમુક્ષુનું જીવનવ્રત છે. એટલે તેનો વ્યવહાર કેવો હોય તે અહીં બતાવ્યું છે.

[૨૭] "મહાપુરુષો મને ઠંડા દપકાથી કે કઠોર વાણીથી જે શિક્ષા કરે છે, તે (મારું સદ્‌ભાગ્ય છે) મને બહુ લાભદાયક છે." એમ માનીને વિવેકપૂર્વક તેનું પાલન કરવું.

[૨૮] શિખામણ કઠોર અને કઠિન હોવા છતાં દુષ્કૃતને દૂર કરનાર છે, તેથી શાણા સાધક તેને હિતકારી માને છે. પણ અસાધુ જનને તે દ્વેષ કરાવનાર નીવડે છે.

[૨૯] નિર્ભય અને ડાહ્યા પુરુષો કઠોર શિક્ષાને પણ ઉત્તમ ગણે છે. જ્યારે ક્ષમા અને શુદ્ધિ કરનારું હિત વાક્ય પણ મૂઢપુરુષોને દ્વેષનું નિમિત્ત બની જાય છે.

[૩૦] ગુરુથી ઉંચું ન હોય તેવું કે કચકચાટ ન થાય તેવા સ્થિર આસન પર બેસવું. ખાસ કારણ સિવાય ત્યાંથી ન ઉઠતા ચંચલતાને છોડી બેસી રહેવું.

[૩૧] ભિક્ષુએ સમય થયે સ્થાનથી બહાર આહાર નિહારાદિ ક્રિયા માટે જવું. અને કાળ થયે પાછા ફરવું, અકાળને છોડીને કાળધર્મને અનુકૂળ થઇ સર્વ કાર્યો કરવાં.

નોંધઃ—ખાસ કારણ સિવાય આશ્રમ છોડવો નહિ. અને વખતો-વખત કાળને તપાસી અનુકૂળતાએ કામ કરવું.

ભિક્ષાર્થે જનાર ભિક્ષુના ધર્મ સમજાવે છે.

[૩૨] ભિક્ષુએ જ્યાં મનુષ્યો જમતા હોય તેવી પંગતમાં ન જવું. [illegible] આપેલી ભિક્ષા લેવી [illegible] [illegible] સમય થયે અને તે પણ [illegible] ગ્રહણ કરવું.

[૩૩] ઘરથી (બારણાથી) અતિ દૂર નહિ, તેમ અતિ પાસે નહિ કે બીજા શ્રમણો દેખે તેમ પણ નહિ, એવી રીતે ભિક્ષા માટે ઉભા રહેવું. બીજા કોઈને ઓળંગીને આગળ જવું નહિ.

નોંધ—બીજા ભિક્ષુ પ્રથમ ઉભેલ હોય તો તેનું હિત [illegible] દાતારને કરવામાં દેર પડે માટે તેમ નહિ કરવું એમ કહ્યું છે.

[૩૪] (દાતારથી) ઊંચે મેડા ઉપર ઉભા રહીને કે નીચે રહીને અથવા અતિ દૂર કે અતિ પાસે ભિક્ષા નહિ લેતાં પરને અર્થે કરાયેલો નિર્દોષ આહારજ સંયમીએ ગ્રહણ કરવો.

નોંધ—બીજાને માટે એટલે સાધુ નિમિત્તે નહિ કરેલી ભિક્ષા.

કેવા સ્થાને ત્યાગીએ આહાર કરવો ને કેમ કરવો તે બતાવે છે.

[૩૫] જ્યાં બહુ જંતુઓ ન હોય, બીજ ન વેરાયાં હોય, અને ઢાંકેલું સ્થાન હોય ત્યાં સંયમી પુરુષે વિવેકથી કંઈ નીચે ન વેરાય તેવી રીતે સમભાવથી ખાવું જોઈએ.

[૩૬] બહુ સરસ કર્યું છે, બહુ સુંદર રીતે પકાવ્યું છે, બહુ સારી રીતે છેદ્યું છે, બહુ સારી રીતે માર્યું (સંસ્કાર કર્યો) છે, બહુ રસિક બનાવ્યું છે અને કેવું સુંદર મજાનું છે, એવી દૂષિત મનોદશા મુનિએ છોડી દેવી.

ગુરુજન અને શિષ્યજનની કર્તવ્યભાવના સ્પષ્ટ કરે છે.

[૩૭] સુંદર ઘોડાને ચલાવતાં સારથિ જેમ આનંદ પામે છે, તેમ શાણા સાધકોને શિખામણ આપતા ગુરુ આનંદ પામે છે.

અને મળિયા ઘોડાને ચલાવતાં સારથિ જેમ થાકી જાય છે, તેમ મૂર્ખને શિખામણ આપતાં ગુરુ પણ થાકી જાય છે.

[૩૮] કલ્યાણકારી શિક્ષાને પામ્યા છતાં મને આ ચપેટા, ચાબખા, આક્રોશ કે વધ રૂપ છે તેમ પાપદષ્ટિવાળો (શિષ્ય) પુરુષ માને છે.

[૩૯] સાધુ પુરુષ મને પુત્ર, ભાઈ કે સ્વજન (જાણી ગુરુ એમ કહે છે) એ પ્રમાણે માની શિક્ષાને કલ્યાણકર માને છે. અને પાપ દષ્ટિ તેવી દશામાં પોતાની જાતને દાસરૂપ માની દુઃખી થાય છે.

નોંધઃ—એકજ શિક્ષાનાં દષ્ટિભેદથી બે સ્વરૂપ થાય છે.

[૪૦] આચાર્યને પણ ક્રોપ ન કરાવવો અને આત્માને પણ કુપિત ન કરવો. જ્ઞાનીપુરુષોનો ઉપઘાત (હાનિ) ન કરવો. અને કોઈનાં છિદ્રો પણ ન જોવાં.

[૪૧] કદાચ આચાર્ય કારણવશાત્ કોપાયમાન થાય તો પ્રેમ વડે તેમને પ્રસન્ન કરવા. હાથ જોડી તેમને વિનવવા. અને કહેવું કે ફરીથી આ પ્રમાણે નહિ કરું.

[૪૨ જ્ઞાની પુરુષોએ જે ધાર્મિક વ્યવહારને આચર્યો છે તે આચરવો. ધાર્મિક વ્યવહારને આચરતો મનુષ્ય નિંદાને પામતો નથી.

નોંધઃ—અહીં 'વ્યવહારનું' વિધાન કરી ભગવાન મહાવીરે આધ્યાત્મિકતા પણ વ્યવહારશૂન્ય શુષ્ક દશા નથી તેમ સમજાવ્યું છે.

[૪૩] આચાર્યના મનમાં રહેલું કે વાણીથી બોલાયેલું જાણીને કે સાંભળીને તેનો વાણીથી સ્વીકાર કરીને કર્મથી આચરી લેવું જોઈએ.

નોંધઃ—વાણી કરતાં વર્તનનાં મૂલ્ય અધિક છે.

[૪૪] વિનીત સાધક નહિ પ્રેરવા છતાં શીઘ્ર પ્રેરિત થાય છે. "જેવું કહ્યું તેવું કર્યું જ છે." એ પ્રમાણે કર્તવ્યો હમેશાં કર્યા કરે છે.

[૪૫] એ પ્રમાણે (ઉપરનું) જાણીને જે બુદ્ધિમાન શિષ્ય નમે છે

જાણીને, જીતીને તેનો પરાભવ કરીને ભિક્ષુ ભિક્ષાચરીમાં ભ્રમણ કરતાં પરિષહોથી પકડાતાં કાયર ન બને?

આચાર્ય કહે છે—શિષ્ય તે આ ખરેખર બાવીસ પરિષહો શ્રમણ ભગવાન કાશ્યપ મહાવીરે વર્ણવ્યા છે, કે જેને ભિક્ષુ સાંભળીને, જાણીને, જીતીને, પરાભવ કરીને ભિક્ષાચરીમાં જતાં પરિષહોથી સપડાય તો કાયર ન બને.

તે આ પ્રમાણે છે:—(૧) ક્ષુધાનો પરિષહ (૨) પિપાસા (તૃષા) નો પરિષહ (૩) ટાઢનો પરિષહ (૪) તાપનો પરિષહ (૫) ડાંસ મચ્છરનો પરિષહ (૬) અવસ્ત્રનો પરિષહ (૭) અરતિ (અપ્રીતિ) પરિષહ. (૮) સ્ત્રીનો પરિષહ (૯) ચર્યા (ગમન) પરિ[illegible] (૧૦) બેઠકનો પરિષહ (૧૧) શય્યાનો પરિષહ (૧૨) આક્રોશવચનનો પરિષહ (૧૩) વધનો પરિષહ. (૧૪) યાચનાનો પરિષહ. (૧[illegible] (૧૫) અલાભનો પરિષહ (૧૬) રોગનો પરિષહ. (૧૭) તૃણસ્પર્શનો પરિષહ (૧૮) મેલનો પરિષહ (૧૯) સત્કાર [illegible] સ્કાર (માનાપમાન)નો પરિષહ (૨૦) પ્રજ્ઞા (બુદ્ધિ) નો પરિ[illegible] (૨૧) અજ્ઞાનનો પરિષહ. (૨૨) દર્શનનો પરિષહ.

(હે જંબુ!) પરિષહોના [illegible]

[૧] છે તે તમોને ક્રમથી [illegible]

[૨] ભૂખ ભૂખથી દેહ [illegible] ભિક્ષુ કોઈ વનસ્પતિ [illegible] ન પોતે પકાવે કે ન [illegible]

નોંધ—[illegible] સૂક્ષ્મ [illegible] અચિત (ત્યાગેલ) આહાર [illegible] મને તેમ ખાઈ શકાય. તેના [illegible] ક્રમ કહ્યો છે કારણ તેથી [illegible]

[૩] શ્રમણની ખાતર [illegible] નસો દેખાતી હોય [illegible]

ર

પરિષહ

૨

વિનય પાઠીનું બીજું અધ્યયન પરિષહનું આવે છે. પરિષહ એટલે અનેક પ્રકારથી સહેવું તેનું નામ પરિષહ છે. એ અનેક પ્રકારોમાંના અહીં ૨૨ બાવીસનું વર્ણન છે. તપશ્ચર્યા અને પરિષહોનો ફેર એ છે કે ઉપવાસાદિ તપશ્ચર્યામાં વેઠવાં પડતાં ભૂખ દુઃખ, ટાઢ, કે તાપ વગેરે સ્વઇચ્છાએ હોય છે. ત્યારે ખાવાની ઇચ્છા હોવા છતાં કે બાજુમાં હોવા છતાં કોઈ આકસ્મિક કારણથી ન મળે કે ન ખવાય છતાં પ્રતિક્રિયા કર્યા સિવાય સમભાવે તે કષ્ટનું વેદન કરી લેવું તેને પરિષહ કહેવાય છે. આ પ્રકરણમાં સંયમીને ઉદ્દેશીને વર્ણન છે. છતાં ગૃહસ્થ સાધકને પણ આવા અનેક પ્રસંગોમાંથી પસાર થવાનું હોય છેજ. સહનશીલતા વિના સંયમ નથી, સંયમ વિના ત્યાગ નથી, ત્યાગ વિના વિકાસ નથી અને વિકાસ એજ મનુષ્યજીવનનું ફળ છે.

સુધર્મસ્વામી પોતાના સુશિષ્ય જંબૂસ્વામીને ઉદ્દેશીને બોલ્યાઃ—

"મેં સાંભળ્યું છે" આયુષ્યમાન ભગવાન સુધર્મસ્વામીએ આ પ્રમાણે કહ્યુંઃ (અહીં ખરેખર બાવીશ પરિષહો શ્રમણ-ભગવાન કાશ્યપ મહાવીરે વર્ણવ્યા છે) સાધક ભિક્ષુ; તે સાંભળીને, જાણીને, જીતીને, તેનો પરાભવ કરીને ભિક્ષાચરીમાં ગમન કરતાં પરિષહોથી સપડાય તો ન હણાય! (કાયર ન બને).

શિષ્ય પૂછે છેઃ—ભગવન્! તે બાવીસ પરિષહો કયા? શ્રમણ ભગવાન કાશ્યપ મહાવીરે વર્ણવ્યા છે. જેને સાંભળીને

[illegible] થાય છે, અને તેમ [illegible] [illegible] [illegible]

[illegible]

જ્ઞાની ગુરુ [illegible]

[૪૬] [illegible] છે.

[૪૭] [illegible] [illegible] તથા [illegible] [illegible]

[૪૮] દેવ, ગાંધર્વ તથા મનુષ્યોથી પૂજાયેલો તે [illegible] સિદ્ધ થાય છે. અથવા [illegible] દેહને છોડીને [illegible] ઋદ્ધિધારી દેવ બને છે.

નોંધ આ ત્રણ ગાથાઓમાં સાધકની સિદ્ધિ બતાવી તેનું [illegible] છે. વિનય એટલે વિશિષ્ટનીતિ. નીતિ એ ધર્મનો પાયો છે. [illegible] [illegible] થાય છે, [illegible] છે અને [illegible] વિકાસથી દેવગતિ કે મોક્ષગતિ [illegible] વિકાસપંથે જવાય છે [illegible]

એ પ્રમાણે કહું છું.

આમ વિનયશ્રુત નામનું પ્રથમ અધ્યયન સમાપ્ત થયું.



જેવાં અંગ થઇ ગયાં હોય છતાં અન્નપાનમાં નિયમિત રહેનાર ભિક્ષુ પ્રસન્ન ચિત્તથી ગમન કરે.

નોંધઃ–ખોરાકની ઈચ્છા હોય છતાં ન મળે તો પણ સંયમી એમ માને કે ઠીકજ થયું, આ પણ સહજ તપશ્ચર્યા થઈ.

[૪] તૃષાથી પીડાતો હોય છતાં દમિતેન્દ્રિય, અનાચારથી ડરનાર, અને સંયમની લજ્જા રાખનાર ભિક્ષુ ઠંડા (સચિત્ત) પાણીને ન સેવે, પરંતુ મળી શકે તો જીવરહિત (અચિત્ત) પાણીની શોધ કરે.

[૫] લોકોની આવજા વગરના માર્ગમાં આકુળ તથા તૃષાથી પીડાતો હોય, અત્યંત મુખ સુકાતું હોય તો પણ જરાય દીન ન થતાં તે પરિષહને પ્રસન્નતાથી સહન કરે.

નોંધઃ–આવજા વગરના માર્ગમાં કોઈ જલાશય હોય તો અહીં કોઈ નથી તેમ ધારી પીવાનું મન થઈ જાય, એ હેતુએ અહીં તે સ્થાન લીધું છે.

[૬] ગામેગામ વિચરતા અને હિંસાદિ વ્યાપારથી વિરમેલા, રૂક્ષ (સૂકું) અંગવાળા ભિક્ષુને કદાચિત ટાઢ વાય તો જૈનશાસનના નિયમોને યાદ કરીને કાલાતિક્રમ ન કરે.

નોંધઃ—ટાઢથી બચવાના ઉપાય માટે ચિંતનને વખતે (તે કાર્યને વખતે) નિદ્રાધીન ન થવું, કે નિયમોથી વિરુદ્ધ બીજા ઉપચારો પણ ન કરવા.

[૭] ટાઢનું નિવારણ થાય તેવું મારું છાપરું નથી કે મારી પાસે ટાઢથી ચામડીનું રક્ષણ થાય તેવું વસ્ત્ર (કામળો) પણ નથી માટે હું અગ્નિને સેવું. આવું તો ભિક્ષુ ચિંતવે પણ નહિ.

[૮] ગ્રીષ્મ ઋતુના પરિતાપથી કે બીજી ઋતુના સૂર્યના ઉષ્ણ તાપથી કે સર્વાંગ ઘામથી અકળાયેલો ભિક્ષુ સુખની પરિદેવના (હાય આ તાપ ક્યારે શાંત થાય!) ન કરે.

[૯] ગરમીથી તપી ગયેલા તત્વજ્ઞ મુનિ તે વખતે સ્નાનની પ્રાર્થના ન કરે કે ગાત્રને જળથી ન સિંચે કે તે પરિષહને નિવારવા પોતાને પંખાદિથી ન વીંજે.

કષ્ટનો પ્રતિકાર કરવાથી મનમાં નિર્બળતા પેસી જ જાય

નોંધ:—કષ્ટનો પ્રતિકાર કરવાથી મનમાં નિર્બળતા પેસી જ જાય માટે સદાય જાગૃતિ રાખવી

[૧૦] વર્ષાઋતુમાં ડાંસ મચ્છરથી પીડાતા મહામુનિ સમભાવ રાખે અને યુદ્ધને મોખરે રહેલા હાથીની પેઠે શૂરવીર થઈ શત્રુને (ક્રોધને) હણે.

[૧૧] ધ્યાન સમયે લોહી અને માંસ ખાતા તે ક્ષુદ્ર જંતુઓને હણે, ન વારે કે ન ત્રાસ આપે. એટલું જ નહિ પણ પોતાનું મન પણ દૂષિત ન કરે, અર્થાત્ તેની ઉપેક્ષા કરે.

નોંધ:—ચિત્તસમાધિ થાય તો શરીરને દુઃખનો ખ્યાલ પણ ન રહે.

[૧૨] અતિ જીર્ણ વસ્ત્ર થવાથી "હવે હું વસ્ત્ર વગરનો થઈશ" અથવા "આ જૂનાં વસ્ત્ર જોઈ મને કોઈ વસ્ત્ર આપે તેથી હું વસ્ત્ર સહિત થઈશ" એવી રીતે ભિક્ષુ કદી પણ ચિંતવે નહિ

[૧૩] કોઈ અવસ્થામાં વસ્ત્ર વિનાનો કે જીર્ણ વસ્ત્રવાળો અથવા સુવસ્ત્રવાળો હોય તો તે બન્ને દશા સંયમ ધર્મને માટે હિતકારી છે, એમ જાણીને જ્ઞાની મુનિ ખેદ ન કરે.

નોંધ:—કોઈ અવસ્થા એટલે જિનકલ્પી અવસ્થા.

[૧૪] ગામેગામ વિચરતા, નિયતસ્થાન રહિત તથા પરિગ્રહથી રહિત એવા મુનિને સંયમ પર અણગમો ઉપજે તો તેને સહન કરવો (મન પર કંટાળો આવવા દે નહિ).

[૧૫] વૈરાગી, આત્મરક્ષણમાં ક્રોધાદિકષાયથી શાંત અને આરંભથી નિવર્તેલા મુનિ ધર્મરૂપી બગીચામાં વિચરે.

નોંધ:—સંયમમાર્ગ મનને સ્થાપવું.

[૧૬] આ લોકમાં સ્ત્રીઓ, મનુષ્યો (પુરુષો)ને આસક્તિનું નિમિત્ત છે જે ત્યાગીએ આટલું જાણ્યું તેનું સાધુપણું સફળ થયું સમજવું.

નોંધઃ—સ્ત્રીઓના સંગથી વિષય જન્મે છે. વિષયથી કામ, ક્રોધ, મોહ અને ક્રમથી પતન થાય છે. મુમુક્ષુઓએ તે વાતને ખૂબ વિચારી સંસર્ગને તજી દેવો. પુરુષોના સંબંધમાં સ્ત્રીઓએ પણ તેમજ સમજવું.

[૧૭] આ પ્રમાણે વિચારીને ડાહ્યા સાધકે સ્ત્રીઓનો સંસર્ગ કાદવ જેવો મલિન માનીને તેનાથી ફસાવું નહિ. આત્મવિકાસનો માર્ગ શોધી સંયમમાર્ગે ગમન કરવું.

[૧૮] સંયમી સાધુ પરિષહોથી પીડિત થવા છતાં ગામમાં, નગરમાં, વણિકની વસ્તીવાળા પ્રદેશમાં કે રાજધાનીમાં પણ એકાકી (પરિષહોને) સહન કરતો વિચરે.

નોંધઃ—દુઃખમાં બીજાને ભાગીદાર ન કરે. અને પોતાના મનને વશ કરીને વિચરે.

[૧૯] કોઈની હોડ (વાદ) ન કરતાં ભિક્ષુએ એકાકી (રાગદ્વેષરહિત થઈ) વિચરવું. કોઈ સ્થળે મમતા ન કરવી. ગૃહસ્થોમાં અનાસક્ત રહીને કોઈ ખાસ સ્થાનની મર્યાદા રાખ્યા સિવાય વિહાર કરવો.

નોંધઃ—આખી પૃથ્વીને પોતાનું કુટુંબ માની સંયમીએ મમત્વભાવ રાખ્યા વિના સર્વ સ્થળે વિચરવું.

[૨૦] સ્મશાન, શૂન્ય ઘર કે વૃક્ષના મૂળમાં એકાકી શાંત ચિત્ત રાખી (સ્થિર આસને) બેસવું. જરા પણ બીજાને ત્રાસ ન આપવો.

[૨૧] ત્યાં બેસતાં તેને ઉપસર્ગો (કોઈએ ઇરાદાપૂર્વક આપેલાં કષ્ટો) આવે તો તેને દૃઢ મનથી સહન કરવા. પણ શંકિત કે ભયભીત (બીકણ) થઈ ઉઠીને બીજી જગ્યાએ ન જવું.

નોંધઃ—એકાંતમાં ક્યાં અને કેવી રીતે મુનિ બેસે તેનું આ વિધાન છે.

[૨૨] [illegible]

[illegible]

[૨૩] [illegible]

[illegible] નિર્જીવ [illegible]

નોંધઃ– શ્રી. [illegible] (સ્નાનમાં [illegible] ન થાય)

[૨૪] કોઈ બીજો મનુષ્ય ભિક્ષુ પર આક્રોશ કરે તો તેની સામે કોઈ વર્તન કે કોપ કરવો નહિ. (કારણ કે તેમ કરવાથી) મૂર્ખ જેવો બને. માટે શાણો ભિક્ષુ કોપ ન કરે.

નોંધઃ—આક્રોશ એટલે કઠોર શબ્દ કે તિરસ્કારનાં વચનો.

[૨૫] શ્રવણાદિ ઇંદ્રિયોને કંટકરૂપ નઠાર ભાષાનું ધૈર્ય ન છે (કે તેવી ભયંકર કે કઠોર વાણી સાંભળીને પણ ચુપચાપ (મૌન ધારણ કરી) તેની ઉપેક્ષા કરવી, ન વાણીને મનમાં સ્થાન આપવું નહિ.

[૨૬] (ક્રોધથી) દબાવ તો પણ ભિક્ષુ ન કોપ કરે કે મનમાં માટે દ્વેષ ન રાખે. પણ તિતિક્ષા (સહનશીલતા)ને ઉત્તમ જાણીને તેવા ધર્મને આચરે

[૨૭] સંયમી અને દાન્ત (ઇંદ્રિયોનું દમન કરનાર) એવા શ્રમણને કોઈ સ્થળે કોઈ પણ મારે કે વધ કરે તો “જીવનો નાશ થવાનો નથી” આમ એ સંયતિ (સંયમી) ચિંતવે.

નોંધ—પોતાપર આવેલા મૃત્યુસંકટને પણ મનમાં લાવવા

સહન કરવું તે ક્ષમાધર્મ કહેવાય છે. ક્ષમાવાન, કોઇ જાતની પ્રતિક્રિયા ન કરે તેમ પોતાના મનમાં દુઃખ પણ ન લાવે.

[૨૮] "રે ! ઘર ત્યાગી જનાર ભિક્ષુનું જીવવું હમેશાં દુષ્કર હોય છે." કારણ કે તે બધું માગીનેજ મેળવી શકે છે. તેને અયાચિત કશું હોતું નથી.

[૨૯] ભિક્ષાર્થે ગૃહસ્થને ઘેર જતાં ભિક્ષુને પોતાનો હાથ લાંબો કરવો તે સહેલો નથી. (યાચના કરવી તે દુષ્કર છે) માટે ગૃહસ્થવાસ એજ ઉત્તમ છે. એમ ભિક્ષુ ચિંતવે નહિ.

નોંધઃ—સાચા ભિક્ષુને માગવું ઘણીવાર દુઃખદ થાય છે છતાં માગવું એ તેમના માટે ધર્મ છે. આથીજ તેમને પરિષહમાં સ્થાન છે.

[૩૦] ગૃહસ્થોને ત્યાં (ભિન્ન ભિન્ન સ્થળે) ભોજન તૈયાર થાય તે વખતે ભિક્ષાચારી માટે જવું. ત્યાં ભિક્ષા મળે કે ન મળે તો પણ બુદ્ધિમાન્ ભિક્ષુ અનુતાપ (ખેદ) ન કરે.

[૩૧] "આજે હું ભિક્ષા ન પામ્યો. પરંતુ કાલે ભિક્ષાનો લાભ થશે ! તેમાં શું ?" જે એમ ચિંતવે તો ભિક્ષાની અપ્રાપ્તિ તેને ખટકે નહિ.

નોંધઃ—ઉચ્ચ ભાવના કે વિચાર સાધકના સંકટનો પરમ સાથી છે.

[૩૨] (કવચિત્) વેદનાના દુઃખથી પીડાયેલો ભિક્ષુ ઉત્પન્ન થયેલા દુઃખને જાણીને પણ મનમાં જરાય દીનતા ન લાવતાં બુદ્ધિને સ્થિર રાખે અને રોગથી ઘેરાવા છતાં તે દુઃખને સહન કરે.

[૩૩] ભિક્ષુ ઔષધને (રોગ પ્રતિકારને) ન ઇચ્છે, પરંતુ આત્મ-શોધક થઇ શાન્ત રહે. પ્રતિઉપાય ન કરે કે ન કરાવે તેમાંજ ખરેખર તેનું સાધુત્વ છે.

નોંધઃ—દેહાધ્યાસને છોડી દેનાર ઉચ્ચ યોગીની ભૂમિકાની આ વાત છે. અહીં આજુબાજુના સંયોગબળનો વિવેક કરવો ઘટે.

[૩૪] [illegible]

[illegible]

[૩૫] [illegible]

[illegible]

નોંધ—[illegible] વસ્ત્ર ન વાપરે.

[૩૬] ગ્રીષ્મ કે બીજી કોઈ ઋતુમાં પરસેવો, રજ કે મેલથી મલિન શરીરવાળો બુદ્ધિમાન ભિક્ષુ સુખ માટે ઝંખના ન કરે (આ મેલ કેમ દૂર થાય? તેવું ન ઇચ્છે).

[૩૭] પોતાના કર્મક્ષયને ઇચ્છનાર ભિક્ષુ પોતાના ઉત્તમ ધર્મને સમજીને જ્યાંસુધી શરીરનો નાશ ન થાય ત્યાંસુધી શરીર વડે મેલને ધારણ કરે.

નોંધ—ઉપરના શ્લોકો દેહાધ્યાસ વિનાના ઉચ્ચ અભ્યાસવાળા ભિક્ષુ માટે છે છતાં સામાન્ય રીતે પણ શરીર સત્કાર એ ભિક્ષુધર્મનું દૂષણ છે માટે તે દૂષણને તજી દેવું, અને વિવેક પૂર્વક સાધન તરીકે શરીરનો ઉપયોગ કરવો.

[૩૮] રાજાદિક કે શ્રીમંત અમારું અભિવાદન (વંદન) કરે, સામા આવી સન્માન કરે કે ભોજનાદિનું નિમંત્રણ કરે. આવી ઇચ્છાઓ જે કુત્સિત (હલકા) ભિક્ષુઓ રાખે છે, તેવી સ્પૃહા આદર્શ મુનિ ન રાખે.

નોંધ—સન્માન પોતે ન ઇચ્છે કે ઇચ્છતા હોય તેઓ ઠીક કરે છે એમ પણ ન માને.

[૩૯] અલ્પ કષાય (ક્રોધાદિ) વાળો, અલ્પ ઇચ્છાવાન, અજ્ઞાત ઘેર રંધાને ત્યાં ભિક્ષાર્થે જનાર તથા સરસ આહારમાં તૃષ્ણા રાખનાર તત્ત્વબુદ્ધિવાળો ભિક્ષુ રસોમાં આસક્ત ન બને અને અનુતાપ પણ ન કરે (કોઈનો ઉત્કર્ષ જોઈને ઈર્ષ્યા પણ ન ધ

[૪૦] "મેં ખરેખર અજ્ઞાન ફળવાળાં (જ્ઞાન ન પ્રગટે એવાં) કર્મો કર્યાં છે કે જેથી હું કોઈથી કંઈ પણ પૂછાઉં તો કશું જાણી શકતો નથી કે જવાબ આપી શકતો નથી.

[૪૧] પણ હવે પાછળથી જ્ઞાનફળવાળાં કર્મ ઉદય પામશે!" આમ કર્મના વિપાકને ચિંતવી આત્મા મનને આશ્વાસન દે.

નોંધઃ—પુરુષાર્થ કરવા છતાં અલ્પબુદ્ધિને લઈને તત્ત્વબુદ્ધિ ન સ્ફુરે તો તેથી હતાશ ન થતાં પુરુષાર્થ કર્યા કરવો.

[૪૨] "હું નિરર્થકજ મૈથુનથી નિવૃત્ત થયો, (ગૃહસ્થાશ્રમ છોડી બ્રહ્મચર્ય ધારણ કર્યું.) ફોકટજ ઇંદ્રિયોનાં દમન કર્યાં, કારણ કે ધર્મ એ કલ્યાણકારી છે કે અશુભ ફળ આપનાર છે તેને પ્રત્યક્ષ જોઈ શકતો નથી. (કર્મના ફળને સાક્ષાત્ ન જોઉં તો શા માટે કષ્ટ વેઠવું!)

[૪૩] વળી તપશ્ચર્યા, આયંબિલ ઇત્યાદિ ગ્રહણ કરીને તથા સાધુની પ્રતિમા (ભિક્ષુઓના બાર અભિગ્રહોની ક્રિયા)ને પાળીને વિચરવા છતાં મારું સંસાર ભ્રમણ કેમ ટળતું નથી!

[૪૪] માટે પરલોકજ નથી કે તપસ્વીની ઋદ્ધિ પણ લાગતી નથી. માટે ખરેખર હું સાધુપણું લઈ ઠગાયો છું." એવું એવું ભિક્ષુ ન ચિંતવે.

[૪૫] ઘણા તીર્થંકરો (ભગવાનો) થઇ ગયા, થાય છે અને થશે. તેઓએ જે કહ્યું તે બધું ખોટુંજ કહ્યું છે. (અથવા તીર્થંકરો થઇ ગયા, થાય છે અને થશે તેમ કહેવાય છે તે ખોટું છે) એમ પણ ભિક્ષુ ન ચિંતવે.

નોંધઃ—માનવબુદ્ધિ પરિમિત છે, જ્યારે ભાવો અપરિમિત છે. જગતની બધી વસ્તુ આપણે જોઈ પણ ન શકીએ તેમ કલ્પી પણ ન શકીએ. તેથી વિવેકપૂર્વક શ્રદ્ધા રાખી આગળ વધવું એજ ઉત્તમ છે.

[૪૬] આ બધા પરિષહો કાશ્યપ ભગવાન મહાવીરે કહેલા છે. તેને જાણીને (અનુભવીને) ભિક્ષુ કોઈ સ્થળે તેમાંના કોઈથી પણ પીડાયા છતાં ન દબાય.

નોંધઃ—આમાંના ઘણા પરિષહો ઉચ્ચ યોગીને, કેટલાક મુનિને ને કેટલાક સાધકને લાગુ પડે છે. છતાં આમાંથી આપણા જીવનમાં પણ ઘણું ઉતારી શકીએ છીએ. અણગારિ માર્ગ અને અગારિમાર્ગ ભેદ જુદા હોવા છતાં તેનો સંબંધ બહુ ગાઢ છે બન્ને એકજ ધ્યેયે જનારા છે. તેથી શ્રમણવર્ગનાં ઘણાં વિધાનો ગૃહસ્થને પણ લાગુ પડે છે.

પરિષહ એ સાધકનું અમૃત છે. મુશ્કેલીની શાળા સાધકને આગળ અને આગળ ધપાવે છે.

એમ કહું છું.

આમ પરિષહ નામનું બીજું અધ્યયન પૂર્ણ થયું.



ચતુરંગીય



ચાર અંગ સંબંધી

૩

વૃક્ષો; પહેલાં મૂળ, શાખા, પ્રશાખા, પુષ્પ અને પછી ફળ પ્રસવે છે. અર્થાત્ કે ક્રમપૂર્વક ઉગે છે, ફુલે છે, અને ફળે છે. જેમ આખી સૃષ્ટિમાં આ નિયમ વ્યાપક છે, તેમ જીવનની ઉન્નતિનો પણ ક્રમ છે. જીવનવિકાસની ભિન્નભિન્ન ભૂમિકાઓ એ તેનો ક્રમ કહેવાય, ક્રમ વિના આગળ પણ ન વધાય, માટે એ જીવનવિકાસનો અનુક્રમ જે ચાર ભૂમિકાઓમાં ભગવાન મહાવીરે બતાવ્યો છે, તે આ અધ્યયનમાં વર્ણવાયો છે.

ભગવાન બોલ્યાઃ—

[૧] પ્રાણીમાત્રને આ ચાર ઉત્તમ અંગો (જીવન વિકાસના વિભાગો) પ્રાપ્ત થવાં આ સંસારમાં દુર્લભ છે. ॥ ૧ ॥ મનુષ્યત્વ ॥ ૨ ॥ શ્રુતિ (સત્ય શ્રવણ) ॥ ૩ ॥ શ્રદ્ધા (અડગ વિશ્વાસ) ॥ ૪ ॥ સંયમની શક્તિ.

નોંધઃ—મનુષ્યત્વ એટલે મનુષ્ય જાતિનો વાસ્તવિક ધર્મ. મનુષ્યદેહ મળ્યા પછી પણ મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું હોય છેજ. મનુષ્યત્વનાં વાસ્તવિક ચાર લક્ષણો છે ।૧। સહજ સૌમ્યતા ।૨। સહજ કોમળતા. ।૩। અમત્સરતા (નિરભિમાનિતા) ।૪। અનુકંપા. આટલી સારાસાર વિચારોની યોગ્યતા પછીજ સત્વસ્તુઓનું શ્રવણ થાય. શ્રવણ થયા પછીજ સાચો

વિકાસ અને વિકાસ થાય અને આખુંય પાપો થાય અને આટલી
અખંડિત પામેલ ત્યાગ સંભવ

[૨] આ સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારના જુદાં જુદાં કર્મો કરીને ભિન્ન ભિન્ન સ્થાને
ગોત્ર અને જુદી જુદી જાતિઓમાંથી ભિન્ન ભિન્ન વ્યાપ્ત
પ્રજાઓ (જીવો) ઉત્પન્ન થાય છે. અને તેનાથી વિશ્વ વ્યાપ્ત
થયું છે.

નોંધ—કર્મવશાત્ જીવો સંસારમાં જુદે જુદે સ્થળે ઉત્પન્ન થાય છે. (ઈશ્વર તેને ઉત્પન્ન કરે છે તે સંગત લાગતું નથી.)

[૩] જેવા પ્રકારના કર્મો હોય, તેવી રીતે જીવો કદાચિત્ દેવલોકમાં, નરક યોનિમાં અને કદાચિત્ આસુરી યોનિમાં ગમન કરે છે.

નોંધઃ—કર્મવશાત્ આત્માની જેવી યોગ્યતા સ્વાભાવિક રીતે જ બની ગઈ હોય છે તેવા સ્થાનમાં તે ધકેલાય છે.

[૪] એકાદ વખતે ક્ષત્રિય થાય છે. કદાચિત્ ચંડાલ થાય છે, ક્વચિત્ બુક્કસ થાય છે. કોઈ વખતે કીડો કે પતંગ થાય છે. વળી કોઈ વખતે કુંથવો (નાનો જંતુ) કે કીડી પણ થાય છે.

નોંધઃ—જેની માતા બ્રાહ્મણી તથા પિતા ચાંડાલ હોય તે બુક્ક કહેવાય છે. અર્થાત્ એવી મિશ્ર જાતિમાં જન્મ લે છે.

[૫] કર્મથી વિંટાયેલાં પ્રાણીઓ આ પ્રકારે સંસાર ચક્રમાં ફરે અને જેમ સર્વાર્થોમાં ક્ષત્રિયોજ, તેમ સંસારમાં રહેતા છ વૈરાગ્ય પામતા નથી.

નોંધઃ—ચાર વર્ણોમાં ક્ષત્રિયોને વધારે ભોગી માની તેની ઉ અહીં આપેલી છે.

[૬] કર્મના પાશથી જકડાયેલા અને તેથી બહુ વેદના પા દુઃખી જીવો અમાનુષી (નરક કે તિર્યંચ) યોનિમાં હણાય

[૭] કર્મોના ક્રમિક નાશ થયા પછી શુદ્ધિ પામેલા જીવો અ મનુષ્ય ભવને પામે છે.

નોંધ—મનુષ્યભવને શાસ્ત્રકારોએ ઉત્તમ માન્યો છે કારણ કે નિ જ્યાં સાધનો ત્યાં પ્રાપ્ત થાય છે.

[૮] મનુષ્ય શરીર પામીને પણ તે સત્યધર્મનું શ્રવણ દુર્લભ છે કે જે ધર્મને સાંભળવાથી જીવો તપશ્ચર્યા, ક્ષમા અને અહિંસાને પામે.

નોંધઃ—સત્સંગ, સત્ય કે સદ્ધર્મની પ્રાપ્તિ કે ઝાંખી ત્યારેજ થઈ ગણાય કે જ્યારે આવા સદ્ગુણો જાગૃત થાય.

[૯] કદાચિત્ તેવું શ્રવણ પણ થાય છતાં શ્રદ્ધા તો અત્યંત દુર્લભ છે. કારણ કે ન્યાયમાર્ગ (મુક્તિમાર્ગ) ને સાંભળ્યા છતાં પણ ઘણા જીવો પતિત થાય છે,

નોંધ-શાસ્ત્રનું અને ગુરુવચનનું સત્યબુદ્ધિથી નિશ્ચયપૂર્વક ધારણ કરવું તેવી સ્થિતિને શ્રદ્ધા કહેવાય છે. શ્રદ્ધાળુ માણસ સાંભળ્યા પછી બેસી ન રહે.

[૧૦] મનુષ્યત્વ, શ્રવણ અને વિશ્વાસ પામ્યા પછી પણ સંયમની શક્તિ તો દુર્લભજ છે. ઘણા જીવો સત્ય પ્રત્યે રુચિ ધરાવતા હોય છે, છતા તેને આચરી શકતા નથી.

નોંધઃ-આ સ્થળે અનિવાર્ય કર્મનું બંધન બતાવ્યું છે. અન્યથા વસ્તુની રુચિ થયા પછી તેને આચરવા સિવાય રહી શકાયજ નહિ.

[૧૧] જે મનુષ્યત્વને પામેલો જીવ, ધર્મને સાંભળીને શ્રદ્ધાળુ બને છે તે પૂર્વ કર્મને રોકીને તથા શક્તિ મેળવી સંયમી થઇને તપસ્વી બની કર્મને ખંખેરી નાખે છે.

[૧૨] સરળ આત્માની શુદ્ધિ થાય છે અને શુદ્ધ મનુષ્યના અંતઃકરણમાંજ ધર્મ ટકી શકે છે. તેમજ ક્રમશઃ તેવો જીવ ઘીથી સિંચાયેલા અગ્નિની માફક શુદ્ધ થઈ શ્રેષ્ટ મુક્તિને પામે છે.

[૧૩] કર્મના હેતુને જાણ (શોધી કાઢ). ક્ષમાથી કીર્તિ મેળવ. આમ કરવાથી પાર્થિવ (સ્થૂળ) શરીરને છોડીને તું ઊંચી દિશામાં જઈશ.

નોંધ-પોતાના અંતરાત્માને ઉદ્દેશીને આ કથન થયેલું છે. અથવા શિષ્યને ઉદ્દેશી ગુરુએ કહેલું છે.

[૧૪] અતિ ઉત્કૃષ્ટ એવા આચારો (સંયમ)ના પાલનથી ઉત્તમોત્તમ યક્ષો (દેવો) બને છે. તે દેવો અત્યંત શુક્લ (શ્વેત) કાન્તિવાળા હોય છે. અને ફરીને ત્યાંથી જાણે પતન ન જ થવાનું હોય તેમ તેઓ માનતા હોય છે.

નોંધઃ–દેવગતિમાં અત્યંત સુખ છે, અને બાલ્યત્વ, યુવાની તથા વૃદ્ધ અવસ્થા જેવું કોઈપણ નથી. તે મરણાંત સુધી સમાન સ્થિતિમાં રહે છે. આ દૃષ્ટિએ શાસ્ત્રકારોનું કથન છે.

[૧૫] દેવોના સુખોને પામેલા અને ઈચ્છા મુજબ રૂપ કરનારા તે દેવો ઊંચા કલ્પાદિ દેવલોકમાં સેંકડો પૂર્વ (મોટું કાળપ્રમાણ) સુધી રહે છે.

નોંધઃ–કલ્પાદિ દેવલોકની ઉચ્ચ ભૂમિકાઓ છે. અને પૂર્વ એ મોટું કાળપ્રમાણ છે.

[૧૬] તે સ્થાને (દેવલોકમાં) યથાયોગ્ય સ્થિતિ કરીને આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચ્યુત થઈને તે દેવો મનુષ્યયોનિમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં તેમને દશ અંગો (ઉત્તમોત્તમ સામગ્રી) મળે છે.

[૧૭] ક્ષેત્ર (ગ્રામાદિ) વાસ્તુ (ઘર) સુવર્ણ (ઉત્તમ ધાતુઓ), પશુઓ, દાસો તથા નોકરો. આ ચાર કામસ્કંધો જ્યાં હોય ત્યાં તે ઉત્પન્ન થાય છે.

નોંધઃ–આ ચારે વિભાગો મળી માત્ર એક અંગ બને છે.

[૧૮] તેમજ મિત્રવાન, જ્ઞાતિમાન, ઉચ્ચગોત્રવાળા, કાન્તિમાન, અલ્પરોગી, મહાબુદ્ધિવાળા, કુલીન, યશસ્વી તથા બળિષ્ઠ થાય છે.

નોંધઃ–આ નવ અંગો તથા પ્રથમનું એક મળી દશ અંગો થયાં.

[૧૯] અનુપમ એવા મનુષ્યયોગ્ય ભોગોને આયુષ્યના અંત પર્યંત ભોગવતાં જ્યાં પ્રથમનાં વિશુદ્ધ સત્કર્મને અનુસરીને તે દેવો શુદ્ધ સમ્યક્ત્વ પામીને,

નોંધઃ–સમ્યક્ત્વ એ જૈનદર્શનની મુક્તિનું પ્રથમ પગથિયું છે.

[૨૦] તથા જે પુરુષ ચાર અંગો (વર્ણવ્યા તે) ને દુર્લભ જાણી સંયમને સ્વીકારીને, કર્માંશો (કર્મ દલો) ને તપવડે દૂર કરે છે તે નિશ્ચલ સિદ્ધ થાય છે. (સ્થિર મુક્તિ પામે છે.)

નોંધઃ જૈનદર્શનમાં પુણ્ય અને નિર્જરા એવાં આત્મવિકાસનાં બે અંગો છે. પુણ્યથી સાધનો પ્રાપ્ત થાય છે. અને સત્ય ધર્મને સમજી તે સાધનો દ્વારા પતિત ન થતાં આત્મવિકાસને માર્ગે જવાય છે તેને નિર્જરા કહેવાય છે. સાચા ધર્મીને નટની ઉપમા આપી શકાય. તે નાચવા છતાં તેની દૃષ્ટિ તો દોર પરજ હોય તેમ સદ્ધર્મીની દૃષ્ટિ તો સાધનોનો ઉપયોગ કરતાં કરતાં પણ મોક્ષ તરફજ હોય.

એ પ્રમાણે કહું છું.

આમ ચાર અંગ સંબંધીનું ત્રીજું અધ્યયન સમાપ્ત થયું.



અસંખય

—○—

૪

જીવિત ચંચલ છે. કર્મનાં ફળ ભોગવવાં પડે છે. નિરૂપણ આ અધ્યયનમાં ખૂબ સરસ રીતે થયું છે.

ભગવાન બોલ્યા:–

[૧] જીવિત સંધાય તેવું નથી. માટે પ્રમાદ ન કર. ખરેખર વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલાને શરણ નથી એમ ચિંતવ. પ્રમાદી તેથી હિંસક બનેલા વિવેકશૂન્ય જીવો કોને શરણે જશે

નોંધ:–ગૌતમને ઉદ્દેશીને આ કથન કહેવાયેલું છે. છતાં એટલે ઇંદ્રિયોનું નિયમન કરનાર મન પણ તેનો અર્થ ક્યાં નથી. આપણે આત્માભિમુખ થઇ મન પ્રત્યે તે સંબોધન જરૂર વાપરી શકીએ. (બીજી બધી વસ્તુ તૂટયા પછી સંધાય છે પણ જીવિતદોરી તૂટયા પછી ફરી સંધાતી નથી.)

[૨] કુબુદ્ધિવશાત્ (અજ્ઞાનવશાત્) પાપનાં કામો કરીને જે મનુષ્યો ધનને મેળવે છે, કર્મના પાશથી ઘેરાયેલા અને વૈરથી બંધાયેલા તે જીવો ધનને અહીંજ મૂકીને નરકગતિમાં ચાલ્યા જાય છે.

[૩] ખાતર પાડતાં (ચોરી કરતાં) પકડાયેલો પાપકર્મ કરનાર ચોર જેમ પોતાના કર્મથી કપાય છે (પીડાય છે) તેમ જીવ અહીં અને પરલોકમાં પોતાના કર્મ વડેજ પીડા પામે છે. કારણ કે કરાયેલાં કર્મોની (ભોગવ્યા વિના) મુક્તિ નથી.

નોંધઃ—જે જેવાં કર્મ કરે છે તેને તેવાં ભોગવે છે. ભલે બીજો અને આ જન્મ બીજો દેખાય તો નહિ એ ન્યાયે આ લોકમાં જે કર્મનાં પરિણામ ન મળ્યા હોય તે પરલોકમાં ભોગવવા જન્મ ધારણ કરવો જ પડે છે તેમ પુનર્જન્મની સિદ્ધિ સ્વયં થઈ જાય છે.

[૪] સંસારને પામેલો જીવ પારકાને માટે (કે પોતાના જીવન વ્યવહારમાં) જે કર્મ કરે છે તે કર્મના ઉદય (પરિણામ) કાળમાં (તેને પોતાનેજ ભોગવવું પડે છે.) તેના (ધનનાં ભાગ પડાવનારા) બાંધવો કર્મમાં ભાગ પડાવતા નથી.

[૫] ધનથી પણ પ્રમાદી જીવાત્મા આ લોકમાં કે પરલોકમાં શરણ મેળવી શકતો નથી. જેમ (અંધારી રજનિમાં) દીવો બુઝાઈ ગયા પછી અનંત વ્યામોહ થાય છે તેમ આવો પુરુષ ન્યાય માર્ગને જોવા છતાં જાણે ન જોયો હોય તેમ વ્યામોહ પામે છે.

નોંધઃ-કેટલાક માને છે કે "ધનથી યમદૂતને સમજાવી દઈશું" તેથી જીવ જતી વખતે ધનાદિ પણ શરણરૂપ થતું નથી તે બતાવ્યું છે.

[૬] સૂતેલાઓમાં જાગૃત રહેનાર (આસક્ત પુરુષોમાં નિરાસક્ત રહેનાર), બુદ્ધિમાન અને વિવેકી સાધક વિશ્વાસ ન કરે. કારણ કે ક્ષણો ભયંકર છે અને શરીર (તેની પાસે) અબળ છે માટે ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત થઈને વિચરે.

નોંધઃ-કાળદ્રવ્ય અખંડ છે ત્યારે શરીર તો વિનાશી છે. એ અપેક્ષાએ ભયંકર બતાવી ક્ષણ માત્ર પણ ગફલત ન કરવાનું કહ્યું છે. ભારંડ પક્ષીને મુખ બે છતાં શરીર એક હોય છે. તેથી તે ચાલતાં, બેસતાં, ઉડતાં મનમાં ખ્યાલ રાખતું હોય છે તે પ્રમાણે સાધકે પણ સાવધ રહેવું.

[૭] થોડી પણ આસક્તિ એ જાળ છે તેમ માની પગલે પગલે સાવધ થઈ વિચરવું. લાભ મળે ત્યાં સુધી સંયમ જીવિત લંબાવી પછી અંતઃકાળ જાણીને મલિન શરીરનો અંત લાવવો.

અકામમરણીય

૫

મૃત્યુકાળ એ જીવનકાર્યનો સરવાળો છે. મરણ તો વારંવાર થાય છે. કારણ કે પ્રમાદ એજ મરણ છે, છતાં આ અધ્યયનમાં તો દેહના ત્યાગ વખતની દશાનું વર્ણન કર્યું છે. આ વર્ણન પરથી તે સ્થિતિની પહેલાંજ સમજી અપ્રમત્ત થવાય તે હેતુ સ્પષ્ટ માલુમ પડી આવે છે.

[૧] દુઃખે કરીને ઊતરી શકાય એવા મહાપ્રવાહવાળા સંસાર સમુદ્રમાંથી અનેક પુરુષો તરી ગયા. ત્યાં મહાબુદ્ધિવાળા એક જિજ્ઞાસુએ આ પ્રશ્નને પૂછ્યો.

[૨] દરેક જીવોની મરણાન્તે બે સ્થિતિઓ (ભૂમિકાઓ) હોય છે— (૧) અકામમરણ અને (૨) સકામમરણ

નોંધ—મરણ સમયે અશાંત રહે અથવા ચૈતન્યશૂન્ય મરણ થાય તે અકામમરણ અને ધૈર્યપૂર્વક અવસાન થાય તે સકામમરણ કહેવાય છે.

[૩] બાલજીવોનું તો અકામમરણ કે જે મરણ વારંવાર થાય છે. અને પંડિત પુરુષોનું સકામમરણ કે જે એકવારજ થાય છે.

નોંધ—જૈનદર્શન, શુદ્ધ સમ્યક્ત્વધારી જીવના મરણને પંડિત મરણ માને છે. અને તેવા આત્મા વધારેમાં વધારે સાત આઠ ભવમાં ફરીથી એકજવાર જન્મ લે છે. અને સામાન્ય જીવોને અનેકવાર જન્મમરણ કરવાં પડે છે.

[૪] ત્યાં આગળ [illegible] થતિ મહાવીરે આ પ્રમાણે (તેની)

નોંધઃ-કામોને ભોગવવા અને જાગૃતિ કે નિરાસક્તિ રાખવી એ કામ સહેલું નથી માટે પ્રથમ ભોગોને છોડી દેવા એજ ઉત્તમ છે.

[૧૧] વારંવાર મોહ ગુણોને જીતતા અને સંયમમાં વિચરતા ત્યાગીને વિષયો અનેક સ્વરૂપે સ્પર્શ કરે છે. પરંતુ તેઓને વિષે ભિક્ષુ પોતાનું મન દુષ્ટ ન બનાવે.

[૧૨] (લલચાવે તેવા) મન્દ મન્દ સ્પર્શો બહુ લોભાવનારા હોય છે. પરંતુ તેઓને વિષે મન ન જવા દેવું, ક્રોધને દબાવવો, અભિમાનને દૂર કરવું, માયા (કપટ)ને ન સેવવી તથા લોભને છોડી દેવો.

[૧૩] જેઓ વાણીથીજ સંસ્કારી ગણાતા તુચ્છ અને પરપ્રવાદ કરનારા છતાં રાગદ્વેષથી જકડાયેલા છે તેઓ પરતંત્ર અને અધર્મી છે એમ જાણી તેમનાથી અલગ રહી શરીરનાં અંત સુધી સદ્‌ગુણોનીજ આકાંક્ષા કરવી.

એમ કહું છું.

એ પ્રમાણે અસંસ્કૃત નામનું ચોથું અધ્યયન પૂર્ણ થયું.



અકામમરણીય

૫

મૃત્યુકાળ એ જીવનકાર્યનો સરવાળો છે. મરણ તો વારંવાર થાય છે. કારણ કે પ્રમાદ એજ મરણ છે. છતાં આ અધ્યયનમાં તો દેહના ત્યાગ વખતની દશાનું વર્ણન કર્યું છે. આ વર્ણન પરથી તે સ્થિતિની પહેલાંજ સમજી અપ્રમત્ત થવાય તે હેતુ સ્પષ્ટ માલુમ પડી આવે છે.

[૧] દુઃખે કરીને ઉતરી શકાય એવા મહાપ્રવાહવાળા સંસાર સમુદ્રમાંથી અનેક પુરુષો તરી ગયા. ત્યાં મહાબુદ્ધિવાળા એક જિજ્ઞાસુએ આ પ્રશ્નને પૂછ્યો.

[૨] દરેક જીવોની મરણાન્તે બે સ્થિતિઓ (ભૂમિકાઓ) હોય છે—
(૧) અકામમરણ અને (૨) સકામમરણ.

નોંધઃ—મરણ સમયે અશાંતિ રહે અથવા ધ્યેયશૂન્ય મરણ થાય તે અકામમરણ અને ધ્યેયપૂર્વક અવસાન થાય તે સકામમરણ કહેવાય છે.

[૩] બાલકોનું તો અકામમરણ કે જે મરણ વારંવાર થાય છે. અને પંડિત પુરુષોનું સકામમરણ કે જે એકવારજ થાય છે.

નોંધઃ—જૈનદર્શન, શુદ્ધ સમ્યક્ત્વધારી જીવના મરણને પંડિત મરણ માને છે. અને તેવો આત્મા વધારેમાં વધારે સંસારમાં ફરીથી એકવાર જન્મ લે છે. અને સામાન્ય જીવોને અનેકવાર જન્મમરણ કરવાં પડે છે.

૪] ત્યાં આગળ આ પહેલી સ્થિતિ મહાવીરે આ પ્રમાણે (તેની)

જણાવી છે કે જે ઇંદ્રિય વિષયોમાં આસક્ત થયેલા બાળક (મૂર્ખ) ઘણાં ક્રૂર કૃત્યો કરતા હોય છે.

નોંધઃ—જે અત્યંત ક્રૂર કૃત્યો જેવાં કે હિંસાદિ કર્મો કરે છે તેઓ આત્મઘાતને અનુભવે છે.

[૫] જે કોઈ કામભોગોમાં આસક્ત થઈ અસત્ય કરીને આચરે છે તેની માન્યતા એવી હોય છે કે: "મેં પરલોક જોયો નથી અને આ વિષયનો આનંદ તો પ્રત્યક્ષ છે."

[૬] "આ કામભોગો તો હાથમાં આવેલાં પ્રત્યક્ષ છે. અને જે પછી થવાનું તે તો કાળે કરીને થવાનું છે. (માટે તેની ચિંતા શી?) વળી કોણ જાણે છે કે પરલોક (પુનર્ભવ) છે કે નથી?"

[૭] "બીજાનું થશે તે મારું થશે" આ પ્રમાણે એ મૂર્ખ બડબડે છે, અને તેવી રીતે કામભોગની આસક્તિથી આખરે કષ્ટને પામે છે.

ભોગની આસક્તિ શું કરે છે તે સમજાવે છે.

[૮] તેથી ત્રસ અને સ્થાવર જીવો પર દંડ આરંભે છે અને પોતાને માટે કેવળ અનર્થથી (હેતુપૂર્વક કે અહેતુએ) પ્રાણીસંઘને હણી નાખે છે.

નોંધઃ—ત્રસ એટલે જે જીવો હાલતા ચાલતા દેખાય તે. સ્થાવર એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો કે જે આંખેથી સ્પષ્ટ રીતે ન દેખાય તે. જો કે હમણાં વૈજ્ઞાનિક શોધ જગજાહેર થઈ છે અને પાણી, વનસ્પતિ વગેરેમાં જીવો મનાયા છે.

[૯] ક્રમશઃ હિંસક, જુઠો, માયાવી, ચાડીઓ, શઠ અને મૂર્ખ એવો તે દારૂ અને માંસને ભોગવતો છતો આ સારું છે એમ માને છે.

[૧૦] કાયાથી અને વચનથી મદોન્મત્ત થયેલો અને ધન તથા સ્ત્રીઓમાં આસક્ત થયેલો, તે અળસિયું માટીને જેમ બે પ્રકારે ભેગી કરે છે તેમ બે પ્રકારે કર્મરૂપ મળને એકઠો કરે છે.

નોંધઃ--બે પ્રકારે એટલે શરીર અને આત્મા બન્નેથી અશુદ્ધ થાય છે. શરીરનું પતન થયા પછી તેને સુધારવાનો માર્ગ બહુ બહુ કઠિનાઈથી મળે છે પણ આત્મપતનના ઉદ્ધારનો માર્ગ તો મળવો અશક્ય છે.

[૧૧] ત્યાર બાદ પરિણામે રોગ (પીડા)થી ઘેરાયેલો અને તેથી ખેદ પામેલો તે ખૂબ તપ્યા કરે છે. અને પોતાનાં કરેલાં દુષ્કર્મોને સંભાળી સંભાળીને હવે પરલોકથી પણ અધિક બીતો જાય છે.

[૧૨] "દુરાચારીઓની જે ગતિ છે તે નરકનાં સ્થાનો મેં સાંભળ્યાં છે કે જ્યાં ક્રૂર (ભયંકર) કર્મ કરનારાને અસહ્ય વેદના થાય છે.

નોંધઃ--સાત પ્રકારનાં નરકોનું જૈનશાસ્ત્રમાં વિધાન છે. ત્યાં, કરેલાં દુષ્કર્મોના ફળરૂપે ક્રમવાર અકલ્પનીય વેદનાઓ પ્રત્યેક પ્રાણીઓને ભોગવવી પડે છે

[૧૩] "ત્યાં ઔપપાતિક (સ્વયં કર્મવશાત્ ઉત્પત્તિ થાય છે તે) (નરક) સ્થાન કે જે મેં આગળ સાંભળ્યું છે ત્યાં જઈને ક્રૂર કરેલાં કર્મોથી પછી ખૂબજ પરિતાપ પામે છે."

[૧૪] જેમ ગાડીવાન જાણતા છતાં સારા ધોરી રસ્તાને છોડી દઈને વિષમ માર્ગમાં જતાં ધૂંસરી (યુગ) ભાંગી જાય ત્યારે શોક કરે છે.

[૧૫] તેમ ધર્મને છોડીને તથા અધર્મને અંગીકાર કરીને મૃત્યુના મોંમાં આવી પડેલો પાપી મનુષ્ય જીવનધૂંસરી ભાંગી ગયે હોય તેમ પ્રકારે શોક કરે છે.

[૧૬] ત્યારબાદ તે મરણ નજીકને અતિ ભયથી ત્રાસ પામતો, કલિથી

(જુગારના દાવથી) જિતાયેલ ઠગારાની માફક અકામમરણે મરે છે.

નોંધઃ—જુગારમાં કોઈ વખત ધુતારો પણ હારી જાય છે તેમ અજ્ઞ મરણથી એવો પાપી જીવ ભવ હારી જાય છે.

[૧૭] આ તો બાળકોનું અકામમરણ કહ્યું. હવે પંડિતોનું સકામમરણ કહીશ મને સાંભળો; એમ ભગવાન સુધર્મસ્વામી બોલ્યાઃ—

[૧૮] પુણ્યશાળી (સુપવિત્ર) પુરુષો, બ્રહ્મચારીઓ અને સંયમી પુરુષોનું વ્યાઘાત રહિત અને અતિપ્રસન્ન એવું મરણ જે મેં સાંભળ્યું છે—

[૧૯] તે બધા ભિક્ષુઓને કે બધા ગૃહસ્થોને પ્રાપ્ત થતું નથી. પણ કઠિન વ્રતો પાળનારા ભિક્ષુઓ અને ભિન્નભિન્ન પ્રકારના સદાચાર સેવનારા સદ્‌ગૃહસ્થો જ તે મૃત્યુને વરે છે.

[૨૦] કેટલાક કુસાધુઓ કરતાં ગૃહસ્થો પણ અધિક સંયમી હોય છે. પરંતુ સાધુતાની અપેક્ષાએ તો બધા ગૃહસ્થો કરતાં સાધુઓ અધિક સંયમી જ હોય છે.

નોંધઃ—આ ગાથા અત્યંત ગંભીર અને સાચા સંયમનું પ્રતિપાદન કરનારી છે. વેશ કે અવસ્થા વિશેષ સંયમનાં પોષક કે બાધક છેજ નહિ.

[૨૧] લાંબા વખતનાં ચર્મ, નગ્નત્વ, જટા, સંઘાટિ (બુદ્ધ સાધુઓનું ઉત્તરીયવસ્ત્ર) કે મુંડન આ બધાં ચિહ્નો તે દુરાચારવાળા વેશધારી ને શરણભૂત થતાં નથી.

નોંધઃ—બધા ભિન્ન ભિન્ન ચિહ્નો સંયમના રક્ષક નથી. સદાચારજ સંયમનો રક્ષક છે.

[૨૨] ભિક્ષાચારી કરનાર ભિક્ષુ પણ જો દુરાચારી હોય તો તે નરકથી છૂટી શકતો નથી. (સારાંશકે) ભિક્ષુ હો કે ગૃહસ્થ હો! સદાચારી હોય તેજ સ્વર્ગમાં જઇ શકે છે.

નોંધઃ—સાધુને નરક ન હોય ? આવાને નરક ન હોય તેવો [illegible] નિયમ નથી એ કોઈ કે ગતિમાં રહી [illegible] તેને નરક અને સાગર [illegible] મળી શકે છે.

ગૃહસ્થી સુવ્રતી (સદાચારી) કેવી રીતે હોય તે બતાવે છે.

[૨૩] ગૃહસ્થ પણ સામાયિકાદિ અંગોને શ્રદ્ધાપૂર્વક, (અર્થાત્ મન વચન કાયાથી) સ્પર્શ કરે અને માસની બન્ને પાખી (પાક્ષિક) માંથી એક પાખી પણ પૌષધ વિના ખાલી જવા ન દે.

નોંધઃ—સામાયિક એ જૈનદર્શનની આત્મચિંતનની ક્રિયા છે. યોગ સાધનની ક્રિયા ગૃહસ્થોને પ્રાયઃ હમેશાં કરવાની હોય છે અને તે ક્રિયા શુદ્ધ રીતે કરતાં આત્મસાક્ષાત્કાર થઈ મોક્ષ મેળવી શકાય છે. સામાયિક માત્ર એક જ કલાકની ક્રિયા છે. અને પૌષધ ક્રિયા એ આખા અહોરાત્રિ (રાત્રિ દિવસ) આત્મચિંતન કરવાની ક્રિયા છે. પૌષધને દિવસે ઉપવાસ કરી યોગ્ય આસને બેસી આત્મચિંતન ત્યાં કરવાનું કહ્યું છે.

[૨૪] આ પ્રમાણે સમજણપૂર્વક ગૃહસ્થાશ્રમમાં પણ સારાં વ્રતથી (સદાચારી) રહી શકનારો જીવ આ ઔદારિક શરીર (મલિન શરીર) ને છોડી દેવલોકમાં જઈ શકે છે.

નોંધઃ—પશુ અને માનવોના દેહને જૈનશાસ્ત્ર ઔદારિક શરીર કહે છે. ઔદારિક એટલે હાડ, માંસ, ચામ, રુધિર ઈત્યાદિ બિભત્સ વસ્તુઓનો પુંજ.

[૨૫] વળી જે સંવર કરનારો (સંસારથી નિવૃત્ત થયેલો) ભિક્ષુ હોય છે તે સર્વ દુઃખ નષ્ટ કરીને મુક્ત અથવા મહાન ઋદ્ધિવાળો દેવ (આ બે પૈકી એક) થાય છે.

નોંધઃ—અહીં એક શંકા થાય કે મુનિને મુક્તિ ને ગૃહસ્થને કેમ માટે નહિ ? પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે ગૃહસ્થજીવનમાં ત્યાગ એ અપવાદ છે. જે ગૃહસ્થાશ્રમમાં દુઃસાધ્ય છે તેજ ત્યાગ સાચી સાધુતામાં સુસાધ્ય છે અને વિશેષતર છે. આથી ગૃહસ્થ કરતાં ત્યાગી ગતિમતર અને

સદ્દેશાઈથી મુક્તિ મેળવી શકે! વાસ્તવિક રીતે તો જૈનદર્શન માને છે કે ત્યાગ એજ મુક્તિનું અનુપમ સાધન છે. પછી એ ગૃહસ્થાવાસમાં હો કે સાધુજીવનમાં હો!

દેવનાં નિવાસ સ્થાનો કેવાં હોય છે તે વર્ણવે છે.

[૨૬] અત્યંત ઉત્તમ, વિશેષ કરીને મોહ પમાડનારાં (આકર્ષક) અનુક્રમે અધિકાધિક દિવ્યકાન્તિવાળાં અને યશસ્વી સ્થાનો કે જે બધાં ઉચ્ચ પ્રકારના દેવોથી વિભૂષિત છે.

ત્યાં વિરાજમાન દેવો કેવા હોય છે તે બતાવે છે.

[૨૭] ત્યાં રહેનારા દેવો પણ દીર્ઘ આયુષ્યવાળા, ખૂબ સમૃદ્ધિવાળા, ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારા, ઋદ્ધિવાળા, વળી સૂર્ય-સમાન કાન્તિવાળા, અને જાણે હમણાંજ ઉત્પન્ન થયા ન હોય! તેવા દેદીપ્યમાન હોય છે.

[૨૮] જે સંસારની આસક્તિથી નિવૃત્ત થઈને સંયમ તથા તપશ્ચર્યાનું સેવન કરે છે તે ભિક્ષુઓ હો કે ગૃહસ્થો હો, અવશ્ય તે (ઉપર કહેલાં) સ્થાનોમાં જાય છે.

[૨૯] સાચા પૂજનીય, બ્રહ્મચારી (જિતેન્દ્રિય) અને સંયમીઓનું (વૃત્તાન્ત) સાંભળીને શીલવાન અને બહુસૂત્રી (શાસ્ત્રને યથાર્થ જાણનાર) મરણાન્તકાળે ત્રાસ પામતા નથી.

[૩૦] પ્રજ્ઞાવાન પુરુષ દયાધર્મ તેમજ ક્ષમાવડે (બાલપંડિત મરણનો) તોલ કરી તેમાં વિશેષ ધ્યાન આપીને અર્થાત્ તે પ્રકારની ઉત્તમ આત્મસ્થિતિએ પહોંચીને વિશેષ પ્રસન્ન થાય (જીવનસુધી).

[૩૧] અને ત્યારબાદ મૃત્યુ નજીક આવે ત્યારે શ્રદ્ધાળુ સાધક ઉત્તમ એવા ગુરુની પાસે જઈને લોમહર્ષને (દેહ મૂર્છાને) દૂર કરે અને દેહના વિયોગની આકાંક્ષા રાખે.

નોંધ:—એવા ઉત્તમ ધર્મથી જેનું જીવન ઘડાયું હોય તેજ અંતકાળે મૃત્યુને આનંદથી ભેટી શકે છે.

[૩૨] આવો મુનિ કાળ પ્રાપ્ત થયે (મૃત્યુ વખતે) પ્રાપ્ત થયેલા શરીરને દૂર કરીને ત્રણ પ્રકારનાં સકામ મરણ પૈકી કોઈ અન્યતર મરણ પામે છે.

નોંધ:—તે સકામ મરણ ત્રણ પ્રકારનાં હોય છે. (૧) ભક્તપ્રત્યાખ્યાન મરણ (મૃત્યુ વખતે આહાર, પાણી, ઈત્યાદિ કે આદિ કોઈપણ પ્રકારની વસ્તુ ન લેવી તે) (૨) ઈંગિત મરણ (આમાં ચાર પ્રકારના આહારના પચ્ચખ્ખાણ ઉપરાંત જગ્યાની પણ મર્યાદા બાંધવાની હોય છે). (૩) પાદોપગમન મરણ (કપાયેલી ઝાડની શાખાની માફક એકજ પડખે શ્વાસો-ચ્છવાસ નીકળી જાય ત્યાંસુધી પડી રહેવું તે)

એવી રીતે ત્રણ પ્રકારના સકામ (પંડિત) મરણ હોય છે.

એ પ્રમાણે કહું છું.

આમ અકામમરણ નામનું પાંચમું અધ્યયન સમાપ્ત થયું.



ક્ષુલ્લક નિર્ગ્રંથ

અનાચારી ભિક્ષુઓનું અધ્યયન

૬

અજ્ઞાન કે અવિદ્યા એજ સંસારનું મૂળ છે. તે કેવળ શાસ્ત્ર ભણ્યેથી કે વાણીદ્વારા મોક્ષની વાતો કરવાથી નાશ થઈ શકે નહિ. અજ્ઞાનને નિવારવા તો કઠણમાં કઠણ પુરુષાર્થ અને વિવેક કરવો જોઇએ. આ જન્મમાં મળેલાં સાધનો જેવાં કે ધન, પરિવાર આદિનો મોહ પણ સહજ રીતે છૂટી શકતો નથી તેનાથી આસક્તિ હઠાવવા પણ કઠિનમાં કઠિન તપશ્ચર્યાઓ કરવી પડે છે તો જન્મોજન્મથી વારસામાં મળેલા અને જીવનના અણુએ અણુના સંસ્કારમાં જડાએલા અજ્ઞાનને નિવારવા કેટલો પ્રયત્ન કરવો પડે તે સ્પષ્ટ વસ્તુ છે.

માત્ર વેશ પરિવર્તનથી વિકાસ ન થઈ શકે. વેશ પરિવર્તનની સાથે હૃદયનું પરિવર્તન જોઇએ. આથીજ જૈનદર્શન જ્ઞાન અને ક્રિયા (વર્તન)નું સાહચર્ય સ્વીકારે છે.

ભગવાન બોલ્યાઃ—

[૧] જેટલા અજ્ઞાની પુરુષો છે તે બધા દુઃખને ઉત્પન્ન કરનારા છે (દુઃખી છે). તે મૂઢ પુરુષો બહુવાર અનંત એવા સંસારને વિષે નષ્ટ થાય છે. (દુઃખ પામે છે).

નોંધઃ—અજ્ઞાનથી મનુષ્ય સ્વયં દુઃખી તો થાયજ છે અને પાડોશીને પણ દુઃખકર નીવડે છે.

[૨] માટે જ્ઞાની પુરુષ બહુ જન્મોની જાળના માર્ગને સમજીને [તજીને] પોતાનાજ આત્મા વડે સત્યને શોધે. [સત્ય શોધનનું પહેલું સાધન મૈત્રી છે માટે] અને પ્રાણીમાત્ર સાથે મિત્રભાવ સ્થાપે.

[૩] સ્ત્રી, પુત્રો, પૌત્રો, માતા પિતા ભાઈઓ અને પુત્રવધૂઓ પોતાના કર્મથી પીડાતા એવા તને શરણ આપવા માટે લેશમાત્ર સમર્થ નથી.

[૪] સમ્યક દર્શનવાળા પુરુષે પોતાની (શુદ્ધ દૃષ્ટિથી) બુદ્ધિથી આ વાતને વિચારવી અને પૂર્વ પરિચયની આકાંક્ષા ન રાખવી. આસક્તિ અને સ્નેહને તો છેદીજ નાખવા જોઇએ.

નોંધ—સમ્યક્ દર્શન એટલે આત્મભાન. આસક્તિ અને રાગ દૂર થતાં જાય તેમ તેમ આત્મદર્શન થાય. અહીં ભોગવેલ ભોગોનું સ્મરણ ન આવવા દેવું અર્થાત્ જાગૃતિ રાખવી એ બતાવેલ છે.

[૫] ગાય, ઘોડા ઇત્યાદિ પશુધનને, મણિકુંડલોને તથા દાસ ચાકરો વગેરે સર્વને તું છોડી દઇને કામરૂપી (ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર) દેવ થઇ શકીશ. (અંતઃકરણથી આ પ્રમાણે વિચારવું).

[૬] તેવીજ રીતે સ્થાવર કે જંગમ કોઇ પ્રકારની મિલ્કત (ધન) ધાન્ય કે અલંકારો કર્મોના પરિણામે પીડાતાને દુઃખથી મૂકાવવા માટે શક્તિમાન નથી તેમ સમજે.

[૭] પોતાની માફકજ સર્વ સ્થળે સર્વને જોઇને અર્થાત્ પોતાની માફક અન્ય જીવોને પણ પોતાના પ્રાણ વહાલા છે તેમ જાણીને ભય અને વૈરથી વિરમેલા આત્મા કોઇપણ પ્રાણિઓના પ્રાણોને ન હણે.

નોંધ—જીવ એ કુદરતથીજ જન્મે છે. એટલા મનુષ્ય ક્રૂર નિર્દયોજ ... વૈર એ ... લાગણી છે. આ બે ભાવોથી વિરમાય એ જ સર્વેનો પ્રત્યે પ્રેમભાવ થયા કરે. પોતાની સમાજથી દરેક જીવો ઉપર સહજ પ્રેમ સ્ફુરે

[૮] માલિકની આજ્ઞા સિવાય ગ્રહણ કરવું તે નરકનિમિત્ત બને છે એમ માનીને ઘાસનું તણખલું પણ આજ્ઞા વગર લેવું નહિ. ભિક્ષુએ પોતાની ઇંદ્રિયોનો નિગ્રહ કરીને પોતાના પાત્રમાં (ગૃહસ્થોએ) પ્રેમથી આપેલું ભોજન ગ્રહણ કરવું.

નોંધ—આસનની આવશ્યકતા હોય ત્યારે પણ જે કોઈ સ્થાન એનાથી કે પુરુષાર્થ કરીને તે વસ્તુ વિવેકપૂર્વક થઈ શકે તેની માંગણી કરી આ દાખલ કરવું તે પણ આસનજ ગણાય.

[૯] અહીં કેટલાક તો એમજ માને છે કે પાપકર્મ છોડયા સિવાય પણ આર્યધર્મને જાણીને જ સર્વદુઃખોથી મુક્ત થવાય છે. (તે વસ્તુ ઉચિત નથી).

નોંધઃ—આ શ્લોકમાં જ્ઞાન કરતાં વર્તનની અધિકતા બતાવી છે. વર્તન ન હોય તો વાણી નિરર્થક.

[૧૦] બંધ અને મોક્ષની વાતો કરનારા કહેવા છતાં કરતા નથી તે માત્ર વાણીની બહાદુરીથી પોતાના આત્માને આશ્વાસનજ આપે છે.

[૧૧] જુદી જુદી જાતની (વિચિત્ર) ભાષાઓ શરણરૂપ થતી નથી. તો વિદ્યાનું અનુશાસન પણ ક્યાંથી શરણભૂત થાય! પાપ કર્મોથી પકડાયેલા મૂર્ખાઓ નહિ જાણવા છતાં પોતાને પંડિત માનનારા હોય છે.

[૧૨] જે કેટલાક બાલજીવો (અજ્ઞાની) શરીરમાં, શરીરના વર્ણ અને સૌંદર્યમાં સર્વપ્રકારે એટલે મન, વચન અને કાયાથી આસક્ત હોય છે તે સૌ દુઃખનાજ ભોગી બને છે.

[૧૩] તેઓ અનંત એવા આ સંસારમાં લાંબે માર્ગે પડે છે (સંસારચક્રમાં ખૂબ ભમે છે). માટે બધી બાજુથી જોઈ તપાસીને મુનિ અપ્રમત્ત થઈનેજ વિચરે.

[૧૪] ભોગસુખને આગળ કરીને કદી પણ કશું ન કરવું. માત્ર પૂર્વે થયેલા (સંચિત) કર્મનાં ક્ષયને માટેજ આ દેહનો સદુપયોગ કરે.

નોંધઃ—શરીર, ધન, સ્વજન આદિ સામગ્રી મુખ્ય નથી પણ ગૌણ છે. તેનો સદુપયોગ કરવાથીજ સુખ મળે. તેની લાલસામાં જીવન અર્પે તો બધુંયે ગુમાવે.

[૧૫] કર્મનાં મૂળ કારણો (બીજ) નો વિવેક કરીને (વિચાર કરીને) અવસર (યોગ્યતા) જોઈને સંયમી બને. (સંયમી બન્યા પછી) નિર્દોષ ભોજન અને પાણીને પણ માપથી ગ્રહણ કરે.

નોંધઃ—યોગ્યતા વિના સંયમ ન ટકે માટે અવસર જોનાર એ વિશેષણ લીધું છે. તેમજ ત્યાગ અને તપ વિના પૂર્વ કર્મોનો ક્ષય અસંભવિત છે માટે ત્યાગને અનિવાર્ય બતાવ્યો છે.

[૧૬] ત્યાગીએ લેશ માત્ર પણ સંગ્રહ ન કરવો. જેમ પક્ષી પાંખને સાથે લઈને જ ફરે છે તેમ મુનિ પણ (સર્વ વસ્તુ પરથી) નિરપેક્ષ (મમત્વરહિત) થઈ વિચરે.

[૧૭] લજ્જાવાન (સંયમની લાજ ધરાવનાર) અને ગ્રહણ કરવામાં પણ મર્યાદા રાખનાર ભિક્ષુ ગામ, નગર ઈત્યાદિ સ્થળે, બંધન રહિત (નિરાસક્ત) થઈ વિચરે. અને પ્રમાદીઓમાં (એટલે ગૃહસ્થોના સંસર્ગમાં રહેવા છતાં) પણ અપ્રમત્ત રહી ભિક્ષાની ગવેષણા (શોધ) કરે.

"એ પ્રમાણે તે અનુત્તરજ્ઞાની અને અનુત્તર દર્શનધારી અર્હંત પ્રભુ જ્ઞાતપુત્ર મહાવીર વિશાલી નગરીમાં આ પ્રમાણે વ્યાખ્યાન કરતા હતા." (એમ) જંબુસ્વામીને સુધર્મસ્વામીએ કહ્યું:—

એ પ્રમાણે કહું છું.

એવી રીતે ક્ષુલ્લક નિર્ગ્રંથ સંબંધીનું છઠ્ઠું અધ્યયન સમાપ્ત થયું.

એલક

—:o:—

બકરાનું અધ્યયન

૭

ભોગમાં તૃપ્તિ નથી : જડમાં ક્યાંય સુખ નથી.

ભોગોમાં જેટલી આસક્તિ તેટલુંજ આત્માથી દૂર રહેવાય. આત્માથી દૂર રહેવાય તેટલો દુષ્કર્મોનો પુંજ ભેળો થાય અને તેના પરિણામે અધોગતિમાં જવું પડે. માટે મનુષ્યભવને સાર્થક કરવો એજ આપણું પરમ કર્ત્તવ્ય છે.

[૧] જેમ અતિથિ (મહેમાન) ને ઉદ્દેશીને (માટે) કોઇ માણસ પોતાને આંગણે બકરાને પાળી ચોખા અને જવ આપી પોષ્યા કરે,

[૨] ત્યારપછી તે હૃષ્ટપુષ્ટ, મોટા પેટવાળો, જાડો, બહુ મેદવાળો (થઈ ખૂબ ખુશી થાય) અને વિપુલ દેહવાળો બને ત્યારે જાણે અતિથિની વાટજ ન જોતો હોય ! (તેમ મદમાતો ફરે.)

[૩] જ્યાંસુધી એ પરોણો ઘેર આવે નહિ ત્યાંસુધીજ તે બિચારો જીવી શકવાનો છે. પણ જ્યારે અતિથિ ઘેર આવે ત્યારે (ઘરના બધા માણસો અને પરોણાઓ) (તેનું) માથું કાપીને (વધ કરીને) તેને ખાઇ જાય છે. (મૃત્યુવશ થાય છે.)

[૪] ખરેખર તે બકરો જેમ પરોણાને માટેજ (પુષ્ટ કરાય છે) રખાય છે. તેમ અધર્મી–બાલજીવ પણ (ક્રૂર કર્મો કરી) નરકનું આયુષ્ય બાંધવા માટેજ કામભોગો વડે પાપોથી પોષાય છે.

નોંધ— [illegible]

નરકને યોગ્ય આયુષ્ય ક્યા કારણોથી બંધાય છે તે કહી બતાવે છે.

[૫] બાલક, હિંસક, જૂઠું બોલનાર, માર્ગમાં લૂંટી લેનાર, બીજાની વસ્તુ વગર દીધી લેનાર, (અદત્તગ્રાહી) [illegible], શઠ તથા [illegible]

[૬] સ્ત્રીઓમાં આસક્ત, ઇંદ્રિયલોલુપી, મહારંભી, મહાપરિગ્રહી, દારૂ અને માંસનો ભક્ષક, પરને પીડા આપનાર, (પાપમાં [illegible] પરિગ્રહ) પાપી.

નોંધ:—જીભ, કાન, નાક, સ્પર્શ અને ચક્ષુ ઈત્યાદિ ઇંદ્રિયોના વિષયમાં આસક્ત હોય તે ઇંદ્રિય લોલુપી કહેવાય છે. મહારંભી એટલે મહા આરંભમાં આસક્ત, મહા પરિગ્રહી એટલે અત્યંત (તૃષ્ણાળુ) (સ્વાર્થી) હિંસક.

[૭] બકરાનું માંસ ખૂબ મોજમજા કરી ખાનાર (બકરા વગેરે પશુઓને ખાઇ જનાર), મોટી ફાંદવાળો તથા અપથ્યઆહારથી શરીરમાં લોહીને જમાવનાર એવો અધર્મી જીવ, જેમ બકરો અતિથિની વાટ જુએ છે તેમ તે નરકગતિના આયુષ્યની વાટ જુએ છે. (નરકગતિ પામે છે.)

[૮] મજાનાં આસન, શય્યાઓ, સવારીઓ (ગાડી, ઘોડા વગેરે), ધન તથા કામ ભોગોને (લાંબાકાળ) ભોગવીને, દુઃખથી મેળવેલું ધન તજીને તથા બહુ કર્મમેલને એકઠો કરીને,

[૯] આવી રીતે કર્મોથી ભારે થયેલો જીવાત્મા વર્તમાનકાળમાં મશગૂલ રહી, જેમ બકરો અતિથિ આવ્યે તે સ્થિતિમાં [illegible] કરે છે તેમ મૃત્યુકાળે અત્યંત શોક કરે છે.

નોંધ:–પ્રત્યુત્પન્નપરાયણ એટલે, ભાવી શું થશે ! તે પરિણામ નહિ વિચારનાર જીવ. માર્ગના આરંભમાં જે પરિણામ ન વિચારે તે પાછળથી ખૂબ જ પસ્તાય છે. પરંતુ પાછળનો પસ્તાવો તદ્દન નિરર્થક છે.

[૧૦] તેમજ એવા ઘોર હિંસકો આયુષ્યને અંતે આ દેહને છોડી કર્મથી પરતંત્ર થઈને આસુરી દિશાને પામે છે. અથવા તો નરકમાં ચાલ્યા જાય છે.

નોંધ:—જૈનદર્શન અસુરજાતિ કિંવા નરકગતિ એ બે ગતિઓને આવા અત્યંત હિંસકોને માટે માને છે.

[૧૧] જેમ કાણી કોડીને માટે એક મનુષ્ય હજારો સોના મહોરો હારી ગયો અને એક (રોગમુક્ત) રાજા અપથ્ય એવા આમ્ર ફળને ખાઈને રાજ્ય હારી ગયો, (તેમ માનવભવ હારી જાય છે.)

નોંધ:—આ બન્ને શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો છે. તાત્પર્ય એ છે કે ઉત્તમ એવા આત્મસુખને કે જેનાં મૂલ્ય ન થઈ શકે તે છોડીને પરસુખ એટલે જડજન્ય કામભોગો જે ઈચ્છે છે તે કાણી કોડી માટે સુવર્ણ ગુમાવે છે. રોગથી મુક્ત કરેલ વૈદ્યે રાજાને પથ્ય પાળવા માટે આંબાનું ફળ ખાવાની મના કરી હતી છતાં ભૂલથી (રસાસક્તિથી) ખાઈને તેણે એક સહજ સ્વાદ માટે પોતાનો પ્રાણ ગુમાવ્યો. તેજ રીતે સંસારભોગી થોડી ભૂલથી આત્મિક જીવન વેડફી સંસાર પરિભ્રમણમાં પડે છે.

હવે દેવગતિના ભોગો સાથે મનુષ્યના ભોગોની તુલના કરે છે.

[૧૨] એ પ્રમાણે મનુષ્ય સંબંધીના કામો દેવકામોની પાસે તુચ્છ છે. દેવકામો (મનુષ્યના ભોગો કરતાં) સહસ્રગણા અને આયુષ્ય-પર્યંત દિવ્યસ્વરૂપમાં રહે છે.

[૧૩] તે દેવોની સ્થિતિ પણ અમર્યાદિત (અનેક વર્ષોની સંખ્યાથી પણ વધુ) કાળની હોય છે. આ બધું જાણવા છતાં સો (૧૦૦)થી પણ ઓછાં વર્ષની (મનુષ્યની) આયુષ્યસ્થિતિમાં (પણ) દુષ્ટ બુદ્ધિવાળા પુરુષો વિષયમાર્ગમાં ફસાઈ જાય છે.

[૨૦] આવી ભિન્નભિન્ન પ્રકારની શિક્ષાઓ દ્વારા જે પુરુષો ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જો સદાચારી રહે તો તે અવશ્ય સૌમ્ય એવી મનુષ્ય યોનિને પામે છે. કારણકે ખરેખર પ્રાણીઓ કર્મનું ફળ અચૂક ભોગવનારાં હોય છે.

નોંધઃ—કર્મવશાતજ જીવોની ઉચ્ચ કે નીચ ગતિ થતી હોય છે.

[૨૧] જેઓની વિપુલ શિક્ષા છે (મહા જ્ઞાની છે) તેઓ પોતાની મુડીને ઓળંગી જઈ (મનુષ્ય ધર્મથી આગળ વધી), શીલવાન અને વિશેષ સદાચારી થઈ અને અદીન (તેજસ્વી) બની દેવપણાને પામે છે.

નોંધઃ—મનુષ્ય મનુષ્યધર્મ સાચવવો તે તો સામાન્ય કર્તવ્ય છે ત્યાંસુધી તો પોતાની મુડીજ જાળવી ગણાય. પરંતુ મનુષ્યધર્મ કરતાં આગળ વધે અર્થાત્ વિશ્વધર્મમાં પ્રવેશે ત્યારેજ વિશેષતા ગણાય.

[૨૨] એ પ્રકારે ભિક્ષુ અદીનતા અને અનાસક્તિને જાણીને (વિચારીને) શામાટે આવું ન જીતે (પામે)! અને જીતીને શાંતિનું સંવેદન (અનુભવ) શા માટે ન કરે?

નોંધઃ—ઉપરની સુંદર બાતને સાધક થઈ શા માટે ન આદરે?

[૨૩] દાભડાની ટોચ પર રહેલું જલબિંદુ સમુદ્રની સાથે શી રીતે સરખાવાય? તેજ રીતે દેવોના ભોગો આગળ મનુષ્યના ભોગોનું પણ સમજી લેવું ઘટે.

[૨૪] જો આ દાભડાની ટોચના જળ બિંદુ જેવા ચંચળ કામભોગો છે તો ક્ષીણ થતા ટૂંકા આયુષ્ય કાળમાં શામાટે (કયા હેતુને લઈને) કલ્યાણ માર્ગને ન જાણવો?

[૨૫] અહીં કામોથી અનિવૃત્ત (કામાસક્ત) થયેલાનો સ્વાર્થ (આત્મોન્નતિ) હણાય છે અને તેવો પુરુષ ન્યાય (મોક્ષ) માર્ગને સાંભળ્યા છતાં ત્યાંથી પતિત થાય છે.

[illegible] અને [illegible]

નોંધ– [illegible] આવશ્યક [illegible]

[૨૦] [illegible] નિયમ [illegible] આગામિ [illegible] નથી. [illegible] અપવિત્ર [illegible] ત્યાગી તે [illegible] બને છે. એ પ્રમાણે મ [illegible]

[૨૫] તેવો જીવ, [illegible] ધાર્મિક, પવિત્ર, આયુષ્ય તથા ઉત્તમ સુખ [illegible] ઉત્પન્ન થાય છે [illegible] મનુષ્ય ના [illegible]

હવે તારતમ્ય કરે છે.

[૨૮] [illegible] જુઓ [illegible] ધર્મને છોડી, અધર્મને અંગીકાર કરીને અર્થાત અધર્મી બનીને નરકમાં ઉત્પન્ન થાય છે.

[૨૯] હવે ગત્યધર્મને અનુસરનાર ધીરપુરુષનું ધીરપણું જુઓ. કે જે [illegible] ધર્મિષ્ઠ થઈ, અધર્મથી દૂર રહીને દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

[૩૦] પંડિતમુનિ આ પ્રમાણે બાલભાવ તથા અબાલભાવની તુલના કરીને બાલભાવને ત્યાગી અબાલભાવને સેવે.

નોંધ:– બાલશબ્દ કેવળ અજ્ઞાનતા કે મૂર્ખતા સૂચક નથી. બાલશબ્દ અનાચારનું પણ સૂચન કરે છે.

એ પ્રમાણે કહું છું.

એમ એલક સંબંધીનું સાતમું અધ્યયન સમાપ્ત થયું.

કાપિલિક

કપિલમુનિનું અધ્યયન

૮

મન એજ બંધ અને મોક્ષનું કારણ છે. મનનો દુષ્ટવેગ બંધન કરે છે અને મનની નિર્મળતા મુમુક્ષુતા જગાડે છે ચિત્તનું અનિયંત્રિતપણું ક્યાંસુધી ઘસડી જાય છે! અને અંતરાત્માનો એકજ અવાજ લક્ષ્ય આપવાથી કેવી રીતે અધઃપતનમાંથી બચાવી લે છે? "કપિલ મુનીશ્વર કે જે આખરે અનંત સુખ પામી મુક્ત થયા છે તેના પૂર્વજીવનમાંથી" તેનો મૂર્તિમાન બોધપાઠ અહીં મળી શકે છે

કપિલ કૌશાંબી નગરીમાં વસેલા એક ઉત્તમ એવા બ્રાહ્મણકુળમાં જન્મ્યા હતા. યુવાન વયમાં માતાની આજ્ઞાથી શ્રાવસ્તી નગરીમાં આવી એક દિગ્ગજ પંડિતને ત્યાં વિદ્યાધ્યયન માટે લાગી પડ્યા હતા. યૌવન વય એક પ્રકારનો નીસો છે. એ નીસાને વશ થઈ કેક યુવાનો માર્ગને ભૂલી જાય છે.

કપિલ પોતાનો માર્ગ ચૂક્યા. વિષયોની પ્રબળ વાસના જાગી. વિષયોની આસક્તિથી સ્ત્રીસંગનો નાદ લાગ્યો. સ્ત્રીસંગની તીવ્રતર લાલસાએ પાત્ર કુપાત્રને પારખવા ન દીધું. અને એ કૃત્રિમ સ્નેહના ગર્ભમાં રહેલી વિષયની ઝેરી વાસનાને પોષનાર તેવુંજ એક સમાન પાત્ર શોધી લીધું અને સંસાર વિલાસી જીવોને સર્વોત્તમ લાગતા એવા કામભોગોને ભોગવવા લાગ્યા. વારંવાર ભોગવવા છતાં તેને જે રસની પિપાસા છે તે સાંપડતો નથી. અને

તેમ તેમ અજ્ઞાનતાથી વિવશ થઈ અધઃપતનની ખાડમાં નીચેને નીચે તે ઘસડાતો જાય છે.

એકદા લક્ષ્મી અને સાધનોથી હીન અને દીન બનેલો તે પત્નીની પ્રેરણાથી મહારાજના દરબારમાં (પ્રતિદિન પ્રાતઃકાળમાં પ્રથમ આવનારને સોના મહોરો આપવાનું વ્રત છે) જવા રાત્રિના ઉતરતા પહોરે નીકળે છે. ત્યાં ચોર ધારી રાજ પુરુષો વડે પકડાય છે. ત્યાંથી મહારાજાની અનુકંપા વડે છૂટો થાય છે, અને મહારાજા તેના પર પ્રસન્ન થઈ ઈચ્છા મુજબ વરદાન માગવાનું કહે છે.

કપિલ વિચારમાં પડે છે 'આ માગું કે આ માગું' તેની લાલસા એકેયથી તૃપ્ત થતી નથી. આખરે આખું રાજ્ય માગવા તેનું મન લલચાય છે. અને તેવું તે વચન બહાર કાઢવા જાય છે. તેજ ક્ષણે અચાનક અંતઃકરણનો અવાજ આવે છે કે રાજ્ય મેળવ્યા પછી પણ તૃપ્તિ ક્યાં હતી?

કપિલનું હૃદય સ્ફટિક જેવું નિર્મળ હતું. તેથી એકાએક કપિલનો વિચારવેગ વળી જાય છે. ભોગોમાં ક્યાંય તૃપ્તિજ નથી. લાલસાના પરિણામે બે માસા (સુવર્ણના સિક્કો) માટે આવેલો હું રાજ્ય માગવા તત્પર થયો છતાં તેમાં પણ તૃપ્તિ ક્યાં?

આખરે એ પૂર્વયોગીશ્વરના પૂર્વ સંસ્કારો જાગૃત થઈ ગયા. સાચા સુખનો માર્ગ સમજાયો. અને તેજ વખતે તેણે સૌ કંઈ બહારની નકામી મિલ્કતનો મોહ ક્ષણવારમાં ત્યાગી દીધો. બે માસાની પણ જરૂર તેને લાગી નહિ. મહારાજા અને સૌને વિસ્મિત કરી મૂકયા અને પોતાના અંતઃકરણને જાગ્રત કરી દીધું.

સંતોષ સમાન સુખ નથી. તૃષ્ણા એજ દુઃખની જનની છે. તૃષ્ણા સમાવવાથી તે કપિલનાં અનેક આવરણો દૂર થયાં. તેનું અંતઃકરણ પ્રફુલ્લિત બન્યું. ઉત્તરોત્તર ઉત્તમ ચિંતનના પરિણામે આત્મધ્યાન કરતાં કરતાં કૈવલ્યને પામ્યા.

[૧] અનિત્ય, અસ્થિર અને દુઃખથી ભરેલા સંસારમાં હું કયું કર્મ કરું ? કે જેથી દુર્ગતિ ન પામું. (ચોર જિજ્ઞાસુએ પૂછ્યું.)

[૨] પહેલાંની આસક્તિને છોડી દઈને કોઈ સ્થળે રાગબંધન ન કરતાં (મૂકી દેતાં દેતાં), વિષયોથી સાવ વિરક્ત થાય તો દોષો અને મહાદોષોથી પણ ભિક્ષુ મૂકાઈ જાય છે.

[૩] વળી સંપૂર્ણ જ્ઞાન અને દર્શનવાળા તથા સર્વ જીવોનું હિત અને કલ્યાણ ચિંતવનારા વીતમોહ મુનિવર મહાવીર પણ જીવોની મુક્તિ માટે આ પ્રમાણે કહે છે.

[૪] સર્વ પ્રકારની ગ્રંથીઓ (આસક્તિ) તથા કલહ (ક્લેશ-ચિત્ત)ને ભિક્ષુએ છોડી દેવા. સર્વ કામ સમૂહોને (ભોગોને) જોવા છતાં સાવધ એવો સાધક લેપાતો નથી.

[૫] પણ ભોગરૂપ આમિષ (ભોગ્ય વસ્તુ)ના દોષોથી કલુષિત, હિતકારી માર્ગ અને મુમુક્ષુ બુદ્ધિથી વિમુખ એવો બાલ, મંદ અને મૂઢ જીવાત્મા બળખામાં માખીની માફક (સંસારમાં) બંધાઈ જાય છે.

[૬] અધીર (આસક્ત) પુરુષોથી તો આ કામભોગો ખરેખર દુઃખે કરીને તજાય છે. સુખેથી ત્યાજ્ય નથી. જે સદાચારી સાધુઓ હોય છે તેજ દુસ્તર એવા આ સંસારને તરી જાય છે.

[૭] કેટલાક દુષ્ટ અને અજ્ઞાની ભિક્ષુકો એમ કહેતા હોય છે કે પ્રાણીવધ થાય તેમાં શું ? આમ કહેનારા મૃગલા (આસક્ત) અને મંદબુદ્ધિવાળા અજ્ઞાનીઓ, પાપી દૃષ્ટિઓ વડે કરીને નરકમાં જાય છે.

નોંધઃ—કોઈ બીજાઓ (અન્ય માણસો) પ્રાણીઓનો વધ કરી આહાર ઉપજાવે તો તે પણ સાધુજીને અગ્રાહ્ય છે.

] “ખરેખર પ્રાણીવધ કરો તો શું! પણ તેને અનુમોદન આપતા પણ કદી મરતું ? જાણી તે જીવ છૂટી શકતો નથી” એ આર્ય પુરુષોએ સાચા ધર્મની નિરૂપણા કરી છે તે જ્યાએ આ પ્રમાણે ફરમાવેલું છે.

નોંધઃ—કોઈ પણ મત, વાદ કે દર્શનમાં અહિંસાતત્ત્વ સિવાય ધર્મ મનાયો નથી જૈનદર્શને અહિંસાની ખૂબ ગંભીર સમાલોચના કરી છે. તે કહે છે કે તમો બીજાને દુઃખ ન દો તેટલામાત્ર અહિંસા સમાપ્ત થતી નથી પરંતુ કોઈપણ હિંસાના કાર્યને ઉત્તેજના ન મળે તેવો વિવેક રાખવો તે અહિંસા છે.

[૯] જે પ્રાણીનો અતિપાત (ઘાત) ન કરે તે સમિતિ યુક્ત, અને સર્વજીવોનું રક્ષણ કરનાર (અહિંસક) કહેવાય છે. આવો અનંત વાથી સ્થળમાથી પાણીની પેઠે તેમનું પાપકર્મ નીકળી જતું જાડે છે.

નોંધઃ—જૈનદર્શનમાં પાંચ સમિતિઓ છે. તેમાં આહાર, જળ શોધન, વ્યવસ્થા તથા પ્રતિષ્ઠાપન (ભિક્ષાદિ વધે તે કેર સ્થળે મૂકવી) વિધિનો સમાવેશ થાય છે.

[૧૦] જગતમાં વ્યાપ્ત થયેલા ત્રસ (હાલતા ચાલતા) અને સ્થાવર (સ્થિર રહેલા) જીવો પર મન, વચન અને કાયાથી દંડ ન આરંભવો.

નોંધઃ—સૂક્ષ્મ કે સ્થૂળ જીવોની હિંસા, મન, વાણી કે વર્તનથી ન જ કરવી.

[૧૧] શુદ્ધ ભિક્ષાને જાણીને તેમાંજ ભિક્ષુ પોતાના આત્માને સ્થાપે. સંયમયાત્રા માટે ગ્રાસ (કોળીઆ) પ્રમાણે (મર્યાદા પૂર્વક) ભિક્ષા કરે અને રસમાં આસક્ત ન થાય.

[૧૨] ભિક્ષુ ગૃહસ્થોના વધેલા ઠંડા આહારને, જુના અડદના બાકળા, શુષ્ક, સાથવો કે (પુલાક) જવ આદિના ભૂસાનું પણ ભોજન કરે છે.

નોંધઃ—માત્ર સંયમના હેતુપૂર્વક જ તેનું શરીર હોય છે. અને શરીર ટકાવવા માટે આહાર લેવાનો હોય છે.

જે વિદ્યાદ્વારા પતન થવાનો ભય છે તે બતાવે છે.

[૧૩] જેઓ લક્ષણવિદ્યા (શરીરનાં કોઈપણ ચિહ્નોથી પ્રકૃતિ જાણી લેવાનું શાસ્ત્ર), સ્વપ્ન શાસ્ત્ર અને અંગવિદ્યા (અંગ ઉપાંગોથી પ્રકૃતિ જાણી લેવાનું શાસ્ત્ર)નો ઉપયોગ કરે છે, તે સાધુઓ નથી કહેવાતા. એ પ્રમાણે આચાર્યોએ ફરમાવ્યું છે.

[૧૪] (સંયમ ગ્રહણ કર્યા પછી) જેઓ પોતાના જીવનને નિયમમાં ન રાખતાં સમાધી યોગોથી ભ્રષ્ટ થાય છે. તેઓ કામ ભોગોમાં આસક્ત થઈને (કુકર્મો કરી) આસુરી દેહમાં ઉત્પન્ન થાય છે.

[૧૫] વળી ત્યાંથી (આસુરી ગતિમાંથી) પણ ફરીને સંસાર ચક્રમાં ખૂબ અટન કર્યા કરે છે. અને બહુ કર્મના લેપથી લેપાયેલા તેઓને સમ્યક્ત્વ (સદ્બોધ) થવું અત્યંત દુર્લભ છે.

માટે સુંદર રાહ દર્શાવે છે.

[૧૬] કોઈ આ આખા લોકને (લોકસમૃદ્ધિને) એકજ વ્યક્તિને ઉપભોગ અર્થે આપી દે. છતાં તેનાથી પણ તે સંતુષ્ટ ન થાય. કારણકે આ આત્મા (બહિરાત્મા—કર્મપાશથી જકડાયેલો જીવ) દુઃખે કરીને પૂરાય તેવો છે. (સદાય અસંતુષ્ટ રહે છે.)

[૧૭] જેમ લાભ થતો જાય તેમ લોભ થાય. લાભથી લોભ વધતો જાય છે. બે માસા (જુના વખતના સિક્કાનું નામ છે) માટે કરેલ કાર્ય કરોડોથી પણ પૂરું ન થયું.

નોંધઃ—જેમ જેમ મળતું જાય;છે તેમ તેમ તૃષ્ણા કેવી રીતે વધે છે તેનું ઉપર આપેલું અબેહૂબ ચિત્રણ છે

[૧૮] જેનું અનેક પુરુષોમાં ચિત્ત છે એવી, ઉન્નત છાતીવાળી (સ્તનોવાળી) અને રાક્ષસી જેવી સ્ત્રીઓમાં આસક્ત થવું

નહિ કે જે પુરુષો પ્રથમ પગથિયાંને આત્મિક ધર્મ તેની માફી માગવા જેવું થયું છે.

નોંધઃ જેમાં કે ઘણી જાતની સ્ત્રીઓના સંબંધો આ સ્થળે જેવી રીતે પુરુષને સ્ત્રીઓમાં ન ફસાવું તેજ રીતે સ્ત્રીઓએ પુરુષોમાં પણ ન ફસાવું તે વાત પરિપૂર્ણ ભારતી લેવી ઘટે. અહીં વિચાર ભિક્ષુઓને ઉદ્દેશીને કહેવાયું હોવાથી તે સ્થાનમાં તો સ્ત્રીઓની વાત આવે તે સ્વાભાવિક છે પરંતુ વાસ્તવિક રીતે તો પુરુષ હો કે સ્ત્રી હો વિકાસની બાબતમાં અધિકાર સમાન આપનારી છે.

[૧૯] ધર્મને જાણી જે ધર્મમાં પવિત્ર થયેલા ભિક્ષુ સ્ત્રીઓ પર આસક્ત ન થાય. સ્ત્રીસંગને તજીને તેનાથી દૂર જ રહે. અને પોતાના ચારિત્ર ધર્મને સુંદર રીતે જાણીને પોતાના ચિત્તને સ્થિર કરે.

[૨૦] એ પ્રમાણે આ ધર્મ વિશુદ્ધ મતિવાળા કપિલમુનિએ વર્ણવ્યો છે. તેને જેઓ આચરશે તે તરી જશે અને તેવા પુરુષોએ જ બન્ને લોક (આલોક તથા પરલોક) આરાધ્યા સમજવા.

નોંધઃ—રાગ અને મોહના ત્યાગથી મન સ્થિર થાય છે. ચિત્તસમાધિ વિના યોગની સાધના નથી. યોગસાધના એ તો ત્યાગીનું પરમ જીવન છે. તે સાધવા માટે કંચન અને કામિની એ બન્નેનાં બંધન ઘણાં કઠિન નડતરરૂપ છે. તેને ત્યાગ્યા તો ઠીક પણ ત્યાગ્યા છતાં આસક્તિ રહી જાય છે. તે આસક્તિથી દૂર રહેવા સતત જાગૃત રહેવું એજ સંયમી જીવનનું અનિવાર્ય અગત્ય કાર્ય છે.

એમ કહું છું.

એમ કપિલમુનિ સંબંધીનું આઠમું અધ્યયન સમાપ્ત થયું.

નમિપ્રવ્રજ્યા



નમિરાજર્ષિનો ત્યાગ

૯

મિથિલાના મહારાજા નમિરાજ દાહજ્વરની દારૂણ વેદનાથી પીડાતા હતા. તે વખતે મહારાણીઓ તથા દાસીઓ ખૂબ ચંદનો ઘસી રહી હતી. હાથમાં પહેરેલી ચૂડીઓ પરસ્પર અફળાવાથી જે અવાજ ઉત્પન્ન થતો હતો તે મહારાજના કર્ણપર અથડાઈ વેદનામાં વધારો કરતો હોવાથી મહારાજાએ મંત્રીશ્વરને કહ્યું: "આ ઘોંઘાટ અસહ્ય છે, તેને બંધ કરો." ચંદન ઘસનારાઓએ માત્ર હસ્તમાં એકેક ચૂડી સૌભાગ્યચિહ્નરૂપ રાખી બાકી બધું દૂર કર્યું કે તુરતજ અવાજ બંધ થયો.

થોડીવારે નમીશ્વરે પૂછ્યું: "કેમ કાર્ય પૂર્ણ થયું?"

મંત્રી—નાજી.

નમીશ્વર—ત્યારે અવાજ શાથી બંધ થયો?

મંત્રીએ ઉપરની હકીકત જણાવી. તેજ ક્ષણે પૂર્વયોગીના હૃદયમાં આકસ્મિક અસર થઈ ગઈ. તણે વિચાર્યું કે જ્યાં બે છે ત્યાંજ ઘોંઘાટ છે, એક છે ત્યાં શાંતિ છે. આજ ગૂઢ ચિંતનના પરિણામે (નિમિત્તથી) પૂર્વજન્મનું સ્મરણ થયું અને શાંતિને મેળવવા માટે બહારનાં બધાં બંધનો છોડી દઈ એકાકી વિચરવાની તીવ્ર જિજ્ઞાસા જાગી. વ્યાધિ શાન્ત થયો અને તુરતજ એ યોગી સર્પની કાંચળી માફક રાજપાટ અને રમણીઓના ભોગવિલાસને તજી, ત્યાગી થયા અને તપશ્ચર્યાના માર્ગે પ્રયાણ

કર્યું તે અપૂર્વ ત્યાગની કસોટી ઈંદ્ર જેવાએ કરી. તે પ્રશ્નોત્તર અને ત્યાગના માહાત્મ્યથી આ અધ્યયન સમૃદ્ધ થયું છે.

[૧] દેવલોકથી ચ્યુત થઈને (ઉતરીને) મનુષ્યલોકમાં ઉત્પન્ન થયેલા નમિરાજ (કે જેના નિમિત્તથી) મોહનીય કર્મના શાન્ત થવાથી પૂર્વજન્મોને સંભારે છે.

[૨] પૂર્વજન્મને સંભારીને તે ભગવાન નમિરાજ પોતાની મેળે બોધ પામ્યા. હવે પુત્રને રાજ્યાસને સ્થાપીને શ્રેષ્ઠ ધર્મ (યોગમાર્ગ) માં અભિનિષ્ક્રમણ કરે છે (પ્રવેશે છે.)

[૩] ઉત્તમ અન્તઃપુરમાં રહ્યા રહ્યા તે નમિરાજ દેવલોક જેવા (દિવ્યભોગ્ય) કેટલા પ્રકારના ભોગોને ભોગવી, હવે જ્ઞાની (તેની અસારતાને જાણનાર) બની બધું છોડી દે છે.

[૪] (તે) નાના શહેરો તથા પ્રાન્તોથી જોડાએલી મિથિલાનગરી, મહાસેના, યુવાન રાણીઓ તથા બધા નોકર ચાકરોને છોડીને નીકળી ગયા (યોગ માર્ગમાં પ્રવૃત્ત થયા). અને તે ભગવાને એકાન્તમાં જઈ અધિષ્ઠાન કર્યું.

[૫] જ્યારે નમિરાજ જેવા મહાન્ રાજર્ષિનું અભિનિષ્ક્રમણ થયું અને પ્રવ્રજ્યા (ગૃહ ત્યાગ) થવા લાગી ત્યારે મિથિલાનગરીમાં કોલાહલ (હાહાકાર) થઈ રહ્યો.

નોંધ—મિથિલા તે કાળમાં મહાન નગરી હતી તે નગરી નીચે અનેક પ્રાંત, શહેર, નગર અને ગામો હતાં એવા રાજર્ષિ આવા દેવ જેવા ભોગોને ભોગવતા હોય ત્યાં એકાએક ત્યાગ સ્ફુરે એ પૂર્વજન્મનું ઉચ્ચ બળ સૂચવે છે. આવી વ્યક્તિનો સદાચાર, પ્રજાપ્રેમ, ન્યાય વગેરે ખૂબ અપૂર્વ હોય અને તેથી તેના વિરહને લઈને સ્નેહીવર્ગને આઘાત લાગે તે સ્વાભાવિક છે.

[૬] ઉત્તમ પ્રવ્રજ્યાસ્થાને વિરાજેલા રાજર્ષિને સંબોધી ઈન્દ્રમહારાજ બ્રાહ્મણરૂપે આ વચન બોલ્યા:—

નોંધઃ—નમિરાજર્ષિની કસોટી માટે આવેલા ઇંદ્રે બ્રાહ્મણનો સ્વાંગ સજ્યો હતો. તેમણે જે પ્રશ્નમાળા પૂછી તેનો ઉલ્લેખ છે.

[૭] હે ! આર્ય ! આજે મિથિલાનગરીમાં કોલાહલથી વ્યાપ્ત (હાહાકારમય) અને ભયંકર શબ્દો ઘરઘર તથા મહેલ મહેલમાં શામાટે સંભળાય છે ?

[૮] ત્યારબાદ આ વાતને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ વચન કહ્યું:—

[૯] મિથિલામાં ઠંડી છાયાવાળું, મનોહર, ફુલ અને પાંદડાંથી ભરેલું તેમજ હમેશા બહુજનોને બહુગુણ કરનારૂં એવું ચૈત્યવૃક્ષ છે.

[૧૦] હે ભાઇ ! તે મનોહર ચૈત્યવૃક્ષ (આજે) પ્રચંડ વાયુથી હરાઇ જતું હોવાથી અશરણ બની ગયેલાં અને તેજ કારણે દુઃખિત અને વ્યાધિથી પીડાયેલાં એવાં આ પક્ષીઓ આક્રંદ કરી રહ્યાં છે.

નોંધઃ—મિથિલાનાં નગરજનોને પક્ષીઓરૂપ અને નમિરાજને વૃક્ષરૂપ બતાવ્યા છે.

[૧૧] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા દેવેન્દ્ર ત્યારબાદ નમિરાજર્ષિને સંબોધીને આ વચન બોલ્યાઃ—

[૧૨] હે ભગવન્ ! આ અગ્નિ અને (તેમાં મદદ કરનાર) વાયુ આ મંદિરને બાળી રહ્યાં છે. અને તેથી (તમારૂં) અંતઃપુર પણ બળી રહ્યું છે. તમે શામાટે તે તરફ જોતા નથી ?

[૧૩] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિ દેવેન્દ્રપ્રતિ આ વચન બોલ્યાઃ—

[૧૪] જેનું ત્યાં (મિથિલામાં) કાંઈપણ છેજ નહિ તેવા અમે સુખેથી રહીએ છીએ અને સુખે કરીને જીવીએ છીએ. (તેથી હે બ્રાહ્મણ !) મિથિલા બળતાં છતાં મારૂં કશું બળતું નથી:—

[illegible] [illegible] મિથિલા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

નોંધ:—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[૨૬] ગૃહસ્થાશ્રમથી પર થયેલા એવા ત્યાગી અને સર્વ બંધનથી મુક્ત થઈ એકાન્ત (આત્મ) ભાવનાનુ અનુસરનારા ભિક્ષુને ખરેખર દરેક સ્થળે જરૂર આનંદ હોય છે.

નોંધ:—રોગ બધા હૃદયમાં છે. હૃદયશુદ્ધિ થઈ ને સંતોષ જન્મ્યો કે ઉત્તમ કલ્યાણ અને મંગળનાં દરેક સ્થળે દર્શન થવાનાં.

[૨૭] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલો દેવેન્દ્ર ત્યારબાદ નમિરાજર્ષિને ઉદ્દેશીને આ પ્રમાણે બોલ્યો:—

[૨૮] હે ક્ષત્રિય! કિલ્લો, ગઢો, દરવાજો, ખાઈઓ અને સેંકડો સુભટને હણી નાખે તેવું યંત્ર (તોપ જેવું યંત્ર) બનાવીને પછી જા.

નોંધ:—તું તારા ક્ષત્રિય ધર્મને પહેલાં સંભાળી પછી ત્યાગીના ધર્મને સ્વીકાર. જો પહેલા ધર્મને ચૂકીશ તો આગળ કેમ વધી શકીશ?

[૧૯] ત્યારબાદ આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું:—

[૨૦-૨૧] શ્રદ્ધા (સત્યપર અડગ વિશ્વાસ) રૂપી નગર, સંવર (સંયમ) રૂપી ભાગોળ, ક્ષમારૂપી સુંદરગઢ, ત્રણ ગુપ્તિ (મન વચન અને કાયાનું સુનિયમન) રૂપી દુ:પ્રધર્ષ (દુર્જય શતઘ્ની [illegible] ઈર્યા (વિવેકપૂર્વક ગમન [illegible] [illegible] વિશેષ), પુરુષાર્થરૂપી ધનુષ્ય,

રૂપી દોરી અને ધીરજરૂપી બાયું બનાવીને સત્ય નાથે પરિમંથન (સત્યચિંતન) કરવું જોઇએ.

[૨૨] કારણકે તપશ્ચર્યારૂપ બાણોથી યુક્ત તેવોજ [1] મુનિ કર્મરૂપ બખ્તરને ભેદી સંગ્રામમાં વિજય પામે છે. અને ભવ (સંસારરૂપ બંધન) થી મુક્ત થાય છે.

નોંધઃ—બાહ્ય યુદ્ધોનો વિજય ક્ષણિક હોય છે. અને પરિણામે પરિતાપ જ ઉપજાવે છે. શત્રુનો પોતે શત્રુ બની પોતાના બીજા અનેક શત્રુઓની પરંપરા ઉત્પન્ન કરે છે આથી તેવા યુદ્ધની પરંપરા જન્મોજન્મ ચાલ્યા કરે છે. અને તેથી યુદ્ધથી વિરામ મળતો જ નથી. અને એ વાસનાને કારણે જ અનેક જન્મ લેવા પડે છે; માટે બહારના શત્રુઓ જેથી ઉત્પન્ન થાય છે, તે શત્રુઓ કે જે હૃદયમાં ભરાઇ બેઠા છે, તેને હણવા માટે પ્રયાસ આદરવો એજ મુમુક્ષુનું કર્તવ્ય છે.

તે સંગ્રામમાં કઇ કઇ જાતનાં શસ્ત્રો જોઇએ તેની બહુ ઊંડી શોધ કરી ઉપરનાં સાધનો નમિ ભગવાને વર્ણવ્યા છે. તે યોગીનો અનુભવ આપણા જીવન સંગ્રામમાં ક્ષણે ક્ષણે જરૂરી છે.

આ ઉત્તરથી વિસ્મિત થયેલો ઇંદ્ર થોડીવાર અવાક રહ્યો.

[૨૩] આ તત્ત્વને સાંભળીને વળી હેતુ અને કારણથી પ્રેરાયેલા દેવેન્દ્ર નમિરાજર્ષિને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ—

[૨૪] હે ક્ષત્રિય ! ઊંચાં પ્રકારના બંગલાઓ, મેડીવાળાં ઘરો તથા બાલાગ્રપોતિકાઓ (ક્રીડાનાં સ્થાનો) કરાવી પછી જા.

[૨૫] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા એવા નમિરાજર્ષિ દેવેન્દ્રને આ પ્રમાણે બોલ્યાઃ—

[૨૬] જે ચાલતાં ચાલતાં માર્ગમાં ઘર કરે છે તે ખરેખર સંદેહ ભરેલું છે. જ્યાં જવાને ઇચ્છે ત્યાંજ શાશ્વત (નિશ્ચિત) ઘરને કરવું જોઇએ.

નોંધ: [illegible]

[૨૭] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા દેવેન્દ્ર નમિ રાજર્ષિને આ પ્રમાણે બોલ્યા —

[૨૮] હે ક્ષત્રિય! આમદર, [illegible] ગાંઠી છોડનાર, તસ્કર અને [illegible] આમને નિવારીને તથા નગરનું કલ્યાણ કરીને પછી જા.

નોંધ:—આમદર વગેરે બધા ચોરોના વિવિધ પ્રકારો છે.

[૨૯] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું:—

[૩૦] ઘણીવાર મનુષ્યો નિરર્થક દંડને (હિંસાને) યોજે છે. આ સ્થળે ગુનો નહિ કરનાર વિના વાંકે બંધાઈ જાય છે. ત ગુનેગાર (ઘણીવાર) છૂટી જાય છે.

નોંધ:—વિશેષે કરીને દુષ્ટમન કે દુષ્ટ વાસના જ ગુનો કરાવે છે. આ પરંતુ તેને કોઈ દંડ આપતુ નથી. ઇંદ્રિયો અને શરીર દંડાય છે. આ નિરર્થક દંડ છે દુષ્ટ વાસનાઓને દંડવી એજ સાચો દંડ છે તેને જ દંડવા માટે કોશિશ કરવી જોઈએ.

[૩૧] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા દેવેન્દ્ર નમિરાજર્ષિ પ્રતિ આ પ્રમાણે બોલ્યાઃ—

[૩૨] હે ક્ષત્રિય! હે નરાધિપ! કેટલાક રાજાઓ કે જે તને નમા નથી તેઓને વશ કરીને પછી જા.

[૩૩] આ અર્થને સાંભળીને વળી હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આમ કહ્યું —

[૩૪] દશલાખ સુભટને દુર્જય સંગ્રામમાં જીતવા કરતાં એ માત્ર આત્માને જીતવો તે ઉત્તમ છે અને સાચી જીત છે.

નોંધઃ—બહારના યુદ્ધમાં કઠિન શત્રુઓને જીતવા કરતાં આત્માને [illegible] જૈનશાસન [illegible] નથી [illegible] કારણ કે [illegible] નથી. [illegible] છે, [illegible] આત્માને જીતે તો [illegible] છે.

[૩૫] આત્મા સાથે જ યુદ્ધ કરો. બહારના યુદ્ધથી શું વળવાનું છે? શુદ્ધ આત્માથી દુષ્ટવૃત્તિવાળા આ મન જીતીને સુખ મેળવી શકાય છે.

નોંધઃ—વિષય [illegible] વિશ્વાસઘાતી અને બહાર છે માટે મૂળ વિચારવું

[૩૬] પાંચ ઇંદ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તથા દુર્જય એવા આત્માને જીતવો એ ઉત્તમ છે. કારણકે આત્મા જીત્યો કે સર્વ જીતાયું.

[૩૭] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા દેવેન્દ્રે નમિરાજર્ષિને આમ કહ્યું:—

[૩૮] હે ક્ષત્રિય! મોટા મોટા યજ્ઞો કરીને, તાપસ, શ્રમણો અને બ્રાહ્મણોને જમાડીને, દાન કરીને, ભોગવીને તથા યજન કરીને પછીજ જા.

નોંધઃ—તે કાળમાં ક્ષત્રિયોને યજ્ઞ કરાવવા માટે બ્રાહ્મણો પ્રેરણા કરતા અને પોતાને જમાડવામાં જ ધર્મ બતાવતા હતા. ગૃહસ્થાશ્રમના ધર્મ કરતાં આ ધર્મ વિશિષ્ટ ગણાતો હતો. તેથી ક્ષત્રિય કર્મ બતાવી અહીં ધર્મ દિશાનું સૂચન કર્યું છે.

[૩૯] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું:—

[૪૦] જે પ્રતિ માસે (એકેક મહિને) દશ દશ લાખ ગાયો દાનમાં આપે તેના કરતાં કંઈપણ નહિ આપનારનો સંયમ (જ માત્ર અવશ્ય ઉત્તમ છે) વધી જાય છે.

નોંધઃ—અપરિગ્રહવૃત્તિ એજ ઉત્તમ ધર્મ છે. એક સંયમી માનુષ અવ્યક્ત રીતે સેંકડોને પોષી શકે છે. અસંયમી બની કંઇ દાન કરવું તે કરતાં સંયમ પાળવો વધુ યોગ્ય છે આ શ્લોક ખૂબજ ઊંડાણથી વિચારતાં આપણી આજની જીવનદશાની વિટંબના મટી જઈ કલ્યાણ માર્ગ મળી આવે છે.

[૪૧] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલો દેવેન્દ્ર નમિરાજર્ષિને વળી આ પ્રમાણે કહેવા લાગ્યોઃ—

[૪૨] (ગૃહસ્થાશ્રમ કઠણ છે માટેજ) આ કઠણ આશ્રમને છોડીને તું બીજા આશ્રમ (ત્યાગાશ્રમ) ને ઈચ્છતો લાગે છે. હે મનુષ્યના પાલક મહારાજ! અહીંજ (ગૃહસ્થાશ્રમમાંજ) પૌષધ રક્ત થા.

નોંધઃ—ગૃહસ્થાશ્રમમાં પણ ક્યાં ધર્મનિયમ નથી થતાં? માટે ગૃહસ્થાશ્રમમાં જ પૌષધ (ઉપવાસ કરી કેવળ આત્મચિંતનમાં અહોરાત્રિ ગુજારવી) કિયામાં મશગુલ બન. શામાટે ત્યાગાશ્રમને ગ્રહણ કરે છે?

[૪૩] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિએ દેવેન્દ્રને આમ કહ્યું—

[૪૪] પ્રતિ માસે જે બાલજન કુશ (ઘાસના) ના અગ્ર ભાગ જેટલા ભોજનથી ચલાવે (અર્થાત્ તેટલો પણ ભોગી બનેલો) તે પણ સાચા ધર્મીની સોળમી કળાને લાયક થતો નથી.

નોંધઃ—ગૃહસ્થાશ્રમનો ધર્મ, ત્યાગાશ્રમની યોગ્યતા ન હોય તેને માટે યોગ્યજ છે. પરંતુ સાચો ત્યાગ હોય તો તે (ગૃહસ્થાશ્રમનો) ધર્મ તેના આગળ ન્યૂનજ છે આ વાતને આપણે અનુભવથી પણ નથી જોઈ શકતા?

[૪૫] આ તત્ત્વને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા દેવેન્દ્રે નમિરાજર્ષિને (વળી બીજી રીતે) આ પ્રમાણે કહ્યુંઃ—

[૪૬] હે ક્ષત્રિય! સોનું, રૂપું, મણિ મોતીઓ, કાંસું, વસ્ત્રો, વ... અને ભંડાર વગેરે વધારીને જા.

[૪૭] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—

[૪૮] કૈલાસપર્વત જેવડા, સોના અને રૂપાના અસંખ્ય પર્વતો કદાચ આપવામાં આવે છતાં (તેપણ) એક લોભીને માટે પૂરતા નથી. કારણકે ઈચ્છાઓ ખરેખર આકાશ જેવી અનન્ત છે. (આ શાન્તિનો પાર પમાતો નથી. એક પૂરાણી ન પૂરાણી કે બીજી અનેક જાગે છે.)

નોંધઃ—તૃષ્ણાની ખાઈ એવી વિચિત્ર છે કે જેમ જેમ તેમાં ભરતી થાય તેમ તે ખાઈ ઊંડીને ઊંડી જાય. તૃષ્ણા આવી કે પાસેનાં સાધનો અપૂર્ણ દેખાય. સંતોષ આવ્યો કે દેખાતું દુઃખ ભાગ્યું એટલે સાધનો ઓછાં સુંદર રેશમ બની રહે.

[૪૯] આખી પૃથ્વી, શાલીના ચોખા, જવ, (પૃથ્વીમાં રહેલાં સર્વ ધાન્યો) પશુઓ અને સોનું આ બધું એક (અસંતુષ્ટ મનુષ્ય)ને માટે પણ પૂરતું નથી. એમ જાણીને તપશ્ચર્યા આદરવી.

નોંધ—તપશ્ચર્યા એટલે આશાનો નિરોધ. આશાને રોકી એટલે જગત જીત્યા. આશાધારી તેને આખું એ જગત છે. એ આશામય પ્રવૃત્તિ તેજ સંસાર છે. અને આશા વિરહિત પ્રવૃત્તિ એજ નિવૃત્તિ છે.

[૫૦] આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા દેવેન્દ્રે નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યું:—

[૫૧] હે પૃથ્વીપતિ! અદ્ભુત એવા (મળેલા) ભોગોને તું તજે છે અને નહિ મળેલા એવા કામોને ઇચ્છે છે. ખરેખર તું સંકલ્પથી હણાય છે.

[૫૨] આ વાતને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરાયેલા નમિરાજર્ષિ દેવેન્દ્રને ઉદ્દેશી આમ બોલ્યા.

[૫૩] કામભોગો શલ્ય છે. કામભોગો વિષ (ઝેર) છે. કામભોગો

ઉત્કૃષ્ટ કે તેની સંખ્યા ન આપવાને લીધે અસંખ્યાત કહેવામાં આવ્યું છે, માટે અસંખ્યાત માટે પણ ઉપમા પ્રમાણ છે. અને તે સંખ્યાઓ અસંખ્યાતની સંખ્યા કે જેનો મનુષ્ય બુદ્ધિથી કોઈ નિર્ણય ન થઈ શકે તેને અસંખ્યાત કહ્યો છે

[૧૧] ત્રણ ઇંદ્રિય (શરીર, જીભ તથા નાક) વાળા શરીરમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટકાળ રહે તો અસંખ્યાતકાળ સુધી રહે છે, માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર

[૧૨] ચાર ઇંદ્રિય (શરીર, જીભ, નાક અને આંખ) વાળા શરીરમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટકાળ રહે તો અસંખ્યાતકાળ સુધી રહે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

[૧૩] પાંચ ઇંદ્રિય (શરીર, જીભ, નાક, આંખ અને કાન) કાયામાં ગયેલો જીવ ઉત્કૃષ્ટતઃ ફરીફરી સાત કે આઠ જન્મો મરણ કરી શકે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

[૧૪] તેમ પણ દેવ કે નરકગતિમાં ગયેલો જીવ તો માત્ર એકજ વાર એજ રીતે ભવ ગ્રહણ કરી શકે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

નોંધઃ—દેવ અને નરક બન્ને ગતિને ઔપપાતિક કહે છે. કારણ કે ત્યાં જીવ સ્વયં (વિના યોનિએ) ઉત્પન્ન થાય છે. તેનાં શરીર પણ જુદા પ્રકારનાં હોય છે. તેથી માનવ કે પશુના શરીરની માફક આયુષ્ય પૂર્ણ થયા પહેલાં કોઇ શસ્ત્રોથી નાશ પામતો નથી. દેવ કે નરક યોનિનો જીવ એકવાર ત્યાં જઈ આવ્યો હોય તે ફરીને બીજી કોઈ ગતિમાં ગયા બાદજ દેવ કે નરકગતિમાં જઈ શકે. આવી કર્માનુસાર ત્યાંની સ્થાન ઘટના શાસ્ત્રકારોએ કહેલી છે.

[૧૫] શુભ (સારાં) અને અશુભ (ખરાબ) કર્મોને લઇને બહુ દવાળો જીવ આ પ્રમાણે (ઉપરના ક્રમથી) આ ભવરૂપ સંસારમાં ભમ્યા કરે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો

૨.

[illegible]

[illegible]

(૧) [illegible]

(૨) [illegible]

(૩) [illegible]

નોંધ [illegible] વરસોમાં [illegible]

૧] [illegible] પ્રમાણ સુધી રહે છે. [illegible]

૨] [illegible] ભિન્ન ભિન્ન [illegible]

[illegible]

ડો. [illegible]

(૧) મદ (સાધનો મેળવી અભિમાન-અહંકાર રાખવો) (૨) વિષયોના કામભોગોમાં આસક્ત રહેવું (૩) ક્રોધ કપટ, રાગ અને દ્વેષ કરવાં (૪) નિન્દા (૫) વિકથા (આત્મોપયોગ રહિત કથા પ્રવૃત્તિ) કર્યા કરવી.

આજ પાંચ પ્રમાદ ઝેરરૂપ છે અને અધોગતિમાં લઈ જનાર ઉંદરડો છે. તેથી પાંચ રોગથી અળગા રહી પુરુષાર્થ કરવો તેજ અપ્રમત્તતા છે. તેજ અમૃત છે

[૭] અગ્નિકાયમાં ગયેલ જીવ પણ ઉત્કૃષ્ટ આયુષ્ય અસંખ્યાત કાળ સુધી ભોગવે છે માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર.

[૮] વાયુકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ આયુષ્ય અસંખ્યાત કાળ સુધી ભોગવે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર.

[૯] વનસ્પતિકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ આયુષ્ય અનંતકાળ સુધી અને દુઃખે કરીને અંત આવે તેવી રીતે ભોગવ્યા કરે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર.

નોંધઃ—પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવો હોય છે. એમ હવે તો વૈજ્ઞાનિક શોધ જાહેર થઈ છે. તે સ્થિતિમાં જે ચેતન શક્તિ તેમને સ્થૂલ માનસ કે બુદ્ધિવિકાસ હોતો જ નથી. અને તેથી અજાણીને જે વિકાસ થાય છે. તે (અવ્યક્ત) પરાધીન હોય છે આ પુરુષાર્થ કરવાનો વખત એ કહેવા માગે છે કે મનુષ્યદેહ એજ પુરુષાર્થનું ગૌણ ત્યાં પ્રમાદ કરવો એતો ન પૂરી શકાય તેવી ખોટ છે.

[૧] પાંચ જીવ [illegible] શરીર અને જીભવાળા) કાયમાં ગયેલો જીવ પૂરે સંખ્યાત કાળ પ્રમાણ સુધી રહે છે. માટે હે ગૌતમ! પણ આયુષ્ય સમય માત્રનો પ્રમાદ ન કર.

[૨] કાળમાના અનભિજ્ઞ પ્રમાણ ભિન્ન ભિન્ન શાસ્ત્રકારોએ શાસ્ત્રોમાં એમ થોડીવારથીની સંખ્યાને સંખ્યાત કાળ માને છે. પણ સમય હે ગૌત આખા એટલે એકમ, દશક, સો એમ ઉત્તરોત્તર

નોંધઃ—આ શાસ્ત્રવાક્યમાં માન્યું છે. અસંખ્યાત કાળ સંબંધી

એટલે કે જેની સંખ્યા ન આપણે ગણી અસંખ્યાત કિંવા અનંત કહેવાય નહિ, અને અસંખ્યાત માટે પણ કોઈક પ્રમાણ છે. અને તે અનેરો અસંખ્યાત સંખ્યા કે જેનો મનુષ્ય બુદ્ધિથી કોઈ નિર્ણય ન થઈ શકે તેને અસંખ્યાત કહ્યો છે.

[૧૧] ત્રણ ઇંદ્રિય (શરીર, જીભ તથા નાક) વાળા શરીરમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટકાળ રહે તો સંખ્યાતકાળ સુધી રહે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

(૧) [illegible] (૨) [illegible] [illegible] પ્રમાણે [illegible]

[illegible] પુરુષાર્થ [illegible] આવશ્યક છે.

[illegible] છે

[૫] [illegible] ઉત્કૃષ્ટ આયુષ્ય અસંખ્યાત કાળ સુધી [illegible] હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

[૮] [illegible] ઉત્કૃષ્ટ આયુષ્ય અસંખ્યાત કાળ સુધી [illegible] હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

[૯] વનસ્પતિકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ આયુષ્ય અનંતકાળ સુધી અને [illegible] આવે તેવી રીતે ભોગવ્યા કરે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

નોંધ – પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવો હોય છે એમ હવે તો વૈજ્ઞાનિક શોધ જાહેર થઈ છે. તે સ્થિતિમાં જીવન [illegible] તેમને સ્થૂલ માનસ કે બુદ્ધિવિકાસ હોતો જ નથી. અને તેથી [illegible] રીતે જે વિકાસ થાય છે, તે (અવ્યક્ત) પરાધીન હોય છે આ પુરુષાર્થ કે [illegible] એ કહેવા માગે છે કે મનુષ્યદેહ [illegible] પુરુષાર્થનું [illegible] ત્યાં પ્રમાદ કરવો એ તો ન પૂરી શકાય તેવી ખોટ છે.

[૧] [illegible] શરીર અને [illegible]) કાયમાં ગયેલો જીવ [illegible] પણ આયુષ્ય [illegible] સંખ્યાત કાળ પ્રમાણ સુધી રહે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

[૨] હાથકાના [illegible] પ્રમાણ ભિન્ન ભિન્ન કાળાંતરે શાસ્ત્રોમાં [illegible] ઘોડીયાસુધીની સંખ્યાને સંખ્યાત કાળ માને છે. પણ સમજી હે ગૌ આગળ એકથી એકમ, દશક, સો એમ ઉત્તરોત્તર નોંધઃ—આ અસંખ્યાતકાળ માન્યો છે. અસંખ્યાત કાળ સંબંધી

કરવો (તે પ્રમાણે વર્તન કરવું) તે અતિઅતિ દુર્લભ છે. કારણકે કામભોગોમાં આસક્ત થયેલા જીવો સંસારમાં બહુ દેખાય છે. માટે હે ગૌતમ ! સમયમાત્રનો પ્રમાદ ન કર.

કામભોગો જે દ્વારા ભોગવાય છે તેની વખત જતાં શી સ્થિતિ થાય છે ? તે સ્પષ્ટ બતાવે છે.

[૨૧] તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ શ્વેત થવા લાગ્યા છે. તારા કાનોની શક્તિ ક્ષીણ થવા લાગી છે. હે ગૌતમ ! સમયમાત્રનો પ્રમાદ ન કર.

[૨૨] તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ શ્વેત થવા લાગ્યા છે. તારી આંખોનું બળ હણાઈ રહ્યું છે. હે ગૌતમ ! સમયમાત્રનો પ્રમાદ ન કર.

[૨૩] તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ શ્વેત થવા લાગ્યા છે. તારું નાસિકાબળ હીન થયું છે. હે ગૌતમ ! સમયમાત્રનો પ્રમાદ ન કર.

[૨૪] તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ ફીકા પડવા લાગ્યા છે. તારી જીભની શક્તિ હરાઈ ગઇ છે. હે ગૌતમ ! સમયમાત્રનો પ્રમાદ ન કર.

[૨૫] તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ ફીકા પડી ગયા છે. તારી સ્પર્શેન્દ્રિયની શક્તિ ક્ષીણ થવા લાગી છે. માટે હે ગૌતમ ! સમયનો પણ પ્રમાદ ન કર.

[૨૬] તારું શરીર જીર્ણ થયું છે. તારા કેશ ફીકા પડી ગયા છે. તારું સર્વબળ હરાઇ રહ્યું છે. માટે હવે તું સમય માત્રનો પ્રમાદ ન કર.

નોંધઃ—આ કથન ભગવાને ગૌતમને ઉદ્દેશી આપણ સૌને ફરમાવ્યું છે. એટલે આપણે આપણા જીવનમાં ઉતારવું એજ ઉત્તમ છે. આપણામાંના

છે તરુણ નહિ યુવાન અને કોઈ વૃદ્ધ પણ થતા હશે, કોઈ ઉપરની સ્થિતિ અનુભવતા હશે અને નહિ હવે અનુભવવાના હશે. પરંતુ સૌની આજ સ્થિતિ વહેલી મોડી થતી રહે છે. ઉપરના શ્લોકમાં ચાલુ વર્તમાનકાળના પ્રયોગો હોવા છતાં સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે અદ્યતન, પૂર્ણ વર્તમાનકાળમાં ભાષાંતર તેટલા માટે મૂક્યું છે કે તેમ સંગત લાગે છે.

કદાચ જીર્ણ શરીર ન હોય તેને શાનો ભય છે કે તે પ્રમાદમાં ન પડે ?

[૨૭] (પદાર્થો) પ્રત્યે અરુચિ, ગડગુમડનાં દર્દ, વિસૂચિકા (કોલેરા) વગેરે જુદી જુદી જાતના રોગો તને સ્પર્શ કરે, જેનાથી શરીર કષ્ટ પામે અને કદાચ નાશ પણ પામી જાય, માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર.

નોંધઃ—આખું શરીર રોગોનું સ્થાન છે. જેમ જેમ નિમિત્ત મળે તેમ તેમ તેનો પ્રાદુર્ભાવ થાય છે. રોગો બાલપણ, યુવાની કે વૃદ્ધાવસ્થા એ બધામાં લાગુ જ છે. માટે જરા પણ શરીર સૌંદર્ય કે સાધનોમાં આસક્ત ન થતાં આત્મસ્વરૂપ વિચારવું.

[૨૮] શરદઋતુનું ખીલેલું કમળ, જેમ પાણીથી ઉત્પન્ન થવા છતાં નિરાળું રહે છે તેમ તું તારી આસક્તિથી અલગ થા. અને સર્વ વસ્તુના મોહથી રહિત થઈ હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

[૨૯] ધન અને ભાર્યા (પત્ની) ને છોડીને તેં સાધુતાને આદરી છે. માટે તે વમેલા (ભોગો) નું ફરીથી પાન ન કર. હે ગૌતમ! સમયમાત્રનો (સંયમમાર્ગમાં) પ્રમાદ ન કર.

નોંધઃ—છોડેલાને એક વા બીજે રૂપે યાદ કરવું કે તેના સંકલ્પ કરવા તે પણ પાપ છે માટે ત્યાગીઓએ કેવળ અપ્રમત્તપણે આત્મચિંતનમાંજ મસ્ત રહેવું.

[૩૦] તેમજ મિત્રોને, બાંધવો અને વિપુલ ધનસંપત્તિના સંચયને

(સ્વેચ્છાથી) છોડી દઇને હવે બીજીવાર તેની ગવેષણા (ઇચ્છા) ન કર હે ગૌતમ! સમયમાત્ર પણ ગફલત ન કર.

૩૧ આ શ્લોકનાં બે ચરણોમાં ભગવાને ગૌતમને સંયમમાં સ્થિર કરવા માટે ભવિષ્યમાં પણ ઉત્તમ પુરુષો કયું આશ્વાસન લઇને સંયમ માર્ગમાં સ્થિર થશે તે બતાવ્યું છે.

[૩૧] આજે તીર્થંકર પોતે (આ ક્ષેત્રમાં) વિદ્યમાન નથી તોપણ અનેક મહાપુરુષોએ અનુભવેલો તેઓનો મોક્ષદર્શક માર્ગ તો ખરેખર દેખાય છે. (આ પ્રમાણે ભવિષ્યમાં ધર્મીજનો આશ્વાસન લઇ સંયમમા સ્થિર થશે.) તો હમણાં (મારી હાજરીમાં) હે ગૌતમ! આ ન્યાય યુકત માર્ગમાં શા માટે પ્રમાદ કરે છે? સમયમાત્રનો પ્રમાદ ન કર.

નોંધઃ—ગૌતમને સંબોધી ભગવાને બતાવ્યું છે કે વર્તમાન કાળેજ સૌએ કાર્ય પરાયણ થવું.

[૩૨] હે ગૌતમ! કાંટાવાળા માર્ગ (સંસાર)થી દૂર થઇને મહા ધોરીમાર્ગ (જિનમાર્ગ)માં તું આવ્યો છે. માટે તે માર્ગપર નજર રાખ. સમયમાત્રનો પ્રમાદ ન કર.

નોંધઃ—સંયમ જેવા અમૃતને પામીને વિષયોનાં ઝેર કોને ગમે? એકવાર ખાડામાંથી ઉગર્યા પછી તેમાંજ પડવાનું મન કોને થાય?

[૩૩] ઉલટા માર્ગે ચડી જઇને નિર્બળ ભારવાહક (બોજો વહન કરનાર) પછી ખૂબખૂબ પીડાય છે. માટે હે ગૌતમ! તું માર્ગને ન ભૂલ. સમયનો પણ પ્રમાદ ન કર.

[૩૪] હે ગૌતમ! મોટા સમુદ્રને ખરેખર હવે તું લગભગ તરી ગયો. હવે વળી કાંઠા સુધી આવી કેમ ઉભો રહ્યો છે? આ પાર આવવા માટે શીઘ્રતા કર. સમયનો પણ પ્રમાદ હવે ન કર.

નોંધઃ—જીવનના છેલ્લા કાળમાં હવે શેનો લો?

[illegible] ગૌતમ! [illegible]
[illegible] સદ્ભાવના [illegible] (જ્યાં [illegible])
[illegible]
[illegible]
[illegible]

[illegible] જીવનમાં રહેતા પણ સમભાવી, જ્ઞાની અને
[illegible] (આત્મશાન્તિ)માં વૃદ્ધિ કર.
[illegible] પણ પ્રમાદ ન કર.

(૩૭) [illegible] અર્થ અને પદથી શોભતું અને સદ્ભાવનાથી
કહેવાયેલું ભગવાનનું કથન સાંભળવા પછી ગૌતમ, રાગ અને
દ્વેષ બન્નેને છેદીને સિદ્ધ ગતિમાં ગયા.

નોંધઃ—ગૌતમ જ્યારે સંયમમાં અવિચલિત થયા હતા. તે સમયે ભગવાને આ પ્રમાણે ફરમાવેલું આ ઉપદેશ ગૌતમ મહારાજના જીવનમાં વણાઈ જવાથી તેઓએ અંતિમ ધ્યેય પ્રાપ્ત કર્યું અને શાશ્વત સુખ પામ્યા.

આપણો ગૌતમ આપણું મન છે. અંતરાત્માની કૃપા આપણા પર જીવનના ઘણા પ્રસંગે થતી રહે છે. જો તે અવાજને સાંભળી જીવનમાં આચરી મૂકીએ તો આપણો પણ બેડો પાર થઈ જાય.

મનુષ્ય જીવનની એકેક ક્ષણ અમૂલ્ય રત્ન સમાન છે. અમૃતસમાન છે. આપણે જે ભૂમિકા પર ઊભા તે ધર્મ પર સ્થિર રહી અપ્રમત્ત રીતે આગળ વધીએ તો આ જીવન–યાત્રા સફળ થઈ જાય. ફરી ફરી આ સમય અને આ સાધનો સાંપડવાનાં નથી. માટે મળેલાનો સદુપયોગ કરવો અને ક્ષણે ક્ષણે સાવધ રહેવું.

એ પ્રમાણે કહું છું.

એમ દ્રુમપત્રક નામનું દશમું અધ્યયન સમાપ્ત થયું.

બહુશ્રુતપૂજ્ય

૧૧

જ્ઞાન એટલે આત્મપ્રકાશ. આ પ્રકાશ દરેક આત્માઓમાં વ્યાપ્યો છે. માત્ર તેનાં આવરણો નીકળી જવાં જોઇએ અને ઘટનાં દ્વારો ઉઘડી જવાં જોઇએ. શાસ્ત્રોનો અભ્યાસ શોધ માટે છે એમ જાણી તત્વજ્ઞ પુરુષો શાસ્ત્રોને ભણ્યા પછી ભૂલી જાય છે.

અહંકાર એ જ્ઞાનની અગંલા છે. અહંકાર ગયો કે ખજાનો ખુલ્યો સમજવો. જ્ઞાનીની પરીક્ષા શીલ (આચાર વિચાર)થી થાય છે. શાસ્ત્રોથી નહિ!

ભગવાન બોલ્યાઃ—

[૧] સંયોગ (આસક્તિથી) વિશેષે કરીને મૂકાયેલા અને ગૃહત્યાગી ભિક્ષુના આચારને ક્રમપૂર્વક પ્રકટ કરીશ. મને સાંભળો.

[૨] જે વૈરાગી બનીને માની, લોભી, અસંયમી અને વારંવાર વિવાદ કરનાર હોય છે, તે અવિનીત અને અબહુશ્રુતી (અજ્ઞાની) કહેવાય છે.

[૩] જે પાંચ સ્થાનોથી શિક્ષા (જ્ઞાન) નથી મળી શકતી તે પાંચ સ્થાનો આ પ્રમાણે છેઃ—માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આલસ્ય (આળસ).

[૪-૫] વારંવાર (૧) હાસ્ય ક્રીડા ન કરનાર, (૨) સદા ઇંદ્રિયોનું દમન

કરનાર, (૩) મર્મ (ના)ના છિદ્રોને ઉઘાડાં ન કરનાર, (૪) ... નહાવાથી, (૫) અનાચરણ ન કરનાર, (૬) અલોલુપી, (૭) ક્રોધ નહિ કરનાર અને (૮) સત્યમા અનુરક્ત રહેનાર એ શિક્ષાશીલ (જ્ઞાની) કહેવાય છે. શિક્ષાશીલનાં આ સ્થાનો છે.

નોંધ:-શાંતિ, ઇન્દ્રિયદમન, સ્વદોષદૃષ્ટિ, સદાચાર, બ્રહ્મચર્ય, અ... ભક્તિ, સત્યાગ્રહ અને અહિંસકતા. આ આઠ લક્ષણો જેનામાં હોય તે જ્ઞાની છે માત્ર શાસ્ત્રો ભણવે જ્ઞાની બનાતું નથી.

[૬] નીચેનાં ચૌદ સ્થાનોમા રહેલો સંયમી અવિનીત (અજ્ઞા... કહેવાય છે. અને તે મુક્તિ પામી શકતો નથી.

નોંધ:—અહીં અવિનીતનો અર્થ અકર્તવ્યશીલ થાય છે. તેથી ચાલુ પ્રકરણાનુસાર અજ્ઞાની પણ કહી શકાય.

[૭] (૧) વારંવાર કોપ કરે છે, (૨) પ્રબંધને કરતો હોય છે, (૩) મિત્રભાવ કરીને વારંવાર વમી દે છે અને (૪) શાસ્ત્ર ભાણીને અભિમાની બને છે.

નોંધ:—એક બીજાઓની ખાનગી વાતો બીજા પાસે પ્રગટ કર તેને પ્રબંધ કહેવામા આવે છે.

[૮] (૫) જે ભૂલ કર્યા પછી પણ ન નિવારતાં ઢાંકવા કરે (૬) મિત્રો ઉપર પણ કોપ કરે છે. (૭) વહાલા એવા મિત્રજનનું પણ એકાંતમા ભૂંડુ બોલે છે.

[૯] તેમજ (૮) અતિ વાચાળ, (૯) દ્રોહી, (૧૦) અભિમાની, (૧૧) લોભી, (૧૨) અસંયમી, સાથેના સાધુઓ કરતા (૧૩) અધિક ભોગવનાર અને (૧૪) અપ્રીતિ (શત્રુપણું) કરનાર હોય છે તે અવિનયી કહેવાય છે.

[૧૦] નીચેનાં પંદર સ્થાનો વડે સુવિનીત કહેવાય છે. (૧) નીચવર્તી (નમ્ર) (૨) અચપલ (૩) અમાયી (સરલ) (૪) અકુતૂહલી (ક્રીડાથી દૂર રહેનાર)

નોંધઃ—નીચવર્તી-હું કંઈજ નથી તેવી ભાવના.

[૧૧] વળી જે (૫) પોતાની નાની ભૂલને પણ દૂર કરે છે, (૬) ક્રોધ (કષાય)ની વૃદ્ધિ કરે તેવા પ્રબંધને કરતો નથી, (૭) સર્વ સાથે મિત્રભાવને ભજે છે, (૮) શાસ્ત્ર ભણીને અભિમાન કરતો નથી,

[૧૨] (૯) તેમજ પાપની ઉપેક્ષા કરતો નથી, (૧૦) મિત્રો (સાથી)પર કોપ કરતો નથી, (૧૧) અપ્રિય એવા મિત્રનું એકાંતમાં પણ કલ્યાણકારી જ બોલે છે.

[૧૩] (૧૨) કલહ અને ડમર વગેરે ક્રીડાનુ વર્જન કરનાર, (૧૩) જ્ઞાનયુક્ત, (૧૪) ખાનદાન, (૧૫) સંયમની લજ્જાવાળો તથા સંયમી હોય છે તે સુવિનીત કહેવાય છે.

નોંધઃ—ડમર એ એક પ્રકારની હિંસક ક્રીડા છે.

[૧૪] જે હમેશાં ગુરુકુળમાં રહી યોગ અને તપશ્ચર્યા કરે છે, મધુર બોલનાર અને શુભ કરનાર હોય છે તે શિક્ષા મેળવવાને લાયક છે.

[૧૫] જેમ શંખમાં પડેલું દૂધ બે પ્રકારે શોભે છે તેજ પ્રકારે (જ્ઞાની) ભિક્ષુ ધર્મ-કીર્તિ અને શાસ્ત્ર બન્ને વડે (પ્રકારે) શોભે છે.

નોંધઃ—શંખમાં પડેલું દૂધ દેખાવમાં સૌમ્ય લાગે છે તેમ બગડતું પણ નથી. તેજ રીતે જ્ઞાનીનું શાસ્ત્ર બહારથી પણ સુંદર રહે છે અને શાસ્ત્રાનુકૂળવર્તન થવાથી આત્માની પણ ઉન્નતિ કરે છે.

[૧૬] જેમ કમ્બોજ દેશના ઘોડાઓમાં આકીર્ણ (બધી જાતની ચાલમાં ચાલાક અને ગુણી) ઘોડો વેગથી ઉત્તમ હોય છે. અને તેથીજ ઉત્તમ કહેવાય છે. તેજ પ્રકારે બહુશ્રુત જ્ઞાની પણ ઉત્તમ ગણાય છે.

[૩૧] સમુદ્ર સમાન ગંભીર બુદ્ધિથી પરાભવ નહિ પામતા, કોઈથી ત્રાસ નહિ પામતા, કામભોગોથી અનાસક્ત રહેનાર, શ્રુતથી પરિપૂર્ણ અને સર્વ પ્રાણિઓના રક્ષક મહાપુરૂષો કર્મનો નાશ કરીને ઉત્તમગતિ પામ્યા છે.

[૩૨] માટે ઉત્તમ અર્થની ગવેષણા કરનાર (મોક્ષ શોધક) ભિક્ષુ શ્રુત (જ્ઞાન) માં અધિષ્ઠિત થઈ (આનંદિત રહે), કે જેથી પોતાને અને પરને સિદ્ધિ પ્રાપ્ત કરાવે.

નોંધ- જ્ઞાન એ અમૃત છે જ્ઞાની ગર્વ રહિત વિનીત બને છે જ્ઞાન એ અંતઃકરણની વસ્તુ છે શાસ્ત્રો દ્વારા સત્યના દાસ કે મહાપુરુષોની કૃપાદ્વારા તે પ્રાપ્ત થઈ શકે છે.

એમ પ્રમાણે કહું છું

એમ બહુશ્રુત પૂજ્ય નામનું અગીયારમું અધ્યયન સમાપ્ત થયું.



[૩૧] સમુદ્ર સમાન ગંભીર, બુદ્ધિથી પરાભવ નહિ પામનાર, ન કોઈથી ત્રાસ નહિ પામનારા, કામભોગોથી અનાસક્ત રહેનાર શ્રુતથી પરિપૂર્ણ અને પ્રત્યેક પ્રાણીઓના રક્ષક મહાપુરુષો કર્મોનો નાશ કરીને ઉત્તમગતિ પામ્યા છે.

[૩૨] માટે ઉત્તમ અર્થની ગવેષણા કરનાર (સત્ય શોધક) ભિક્ષુ શ્રુત (જ્ઞાન) માં અધિષ્ઠાન કરે (આનંદિત રહે), કે જેથી પોતાને અને પરને સિદ્ધિ પ્રાપ્ત કરાવે.

નોંધઃ—જ્ઞાન એ અમૃત છે. જ્ઞાની સર્વ સ્થળે વિજેતા બને. જ્ઞાન એ અંતઃકરણની વસ્તુ છે શાસ્ત્રો દ્વારા સત્સંગ દ્વારા કે મ પુરુષોની કૃપાદ્વારા તે પ્રાપ્ત થઈ શકે છે.

એ પ્રમાણે કહું છું.

એમ બહુશ્રુત પૂજ્ય નામનું અગીઆરમું અધ્યયન સમાપ્ત થયું.



ભગવાને જાતિવાદનાં ખંડન કર્યાં. ગુણવાદને સમજાવ્યો. અભેદભાવનાં અમૃત પાયાં અને દીન, હીન અને પતિત જીવોનો ઉદ્ધાર કર્યો.

ભગવાન સુધર્મસ્વામીએ જંબૂને કહ્યું:—

[૧] ચંડાલકુળમાં ઉત્પન્ન થયેલા છતાં ઉત્તમગુણને ધારણ કરનારા હરિકેશ બલ નામના એક જિતેન્દ્રિય ભિક્ષુ થયા હતા.

[૨] (૧) ઈર્યા, (૨) ભાષા, (૩) એષણા, (૪) આદાન, ભાંડ નિક્ષેપ અને (૫) ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સંઘાણ પારિઠાવણીયા એમ પાંચે સમિતિઓમાં સંયમી તથા સુસમાધિ-પૂર્વક વર્તનારા—

[૩] મનથી, વચનથી અને કાયાથી ગુપ્ત અને જીતેન્દ્રિય તે ભિક્ષુ ભિક્ષા માટે બ્રહ્મયજ્ઞમાં યજ્ઞવાડે આવીને ઉભા રહ્યા.

[૪] તપથી સૂકાયેલા અને જીર્ણ ઉપધિ (વસ્ત્ર વગેરે) અને ઉપ-કરણ (પાત્ર વગેરે) વાળા મુનિને આવતા જોઈને અનાર્ય-પુરુષો હસવા લાગ્યા.

નોંધ:—મુનિનાં વસ્ત્ર, પાત્ર, કંબલ, ઈત્યાદિ સાધનોને ઉપધિ તથા ઉપકરણો કહેવાય છે.

[૫] જાતિમદથી ઉન્મત્ત થયેલા, હિંસામાં ધર્મ માનનારા, અજિતેન્દ્રિય અને અબ્રહ્મચારી (બ્રહ્મચર્યને યથાર્થ ન પાળનારા) મૂર્ખ, બ્રાહ્મણો આ વચનને કહેવા લાગ્યા:—

[૬] દૈત્યજેવા રૂપને ધરનાર, કાળ જેવો ભયંકર, બેઠેલા નાકવાળો, જીર્ણવસ્ત્રવાળો અને મલિનતાથી પિશાચ જેવો દેખાતો આ ગળે વસ્ત્ર વીંટાળીને કોણ ચાલ્યો આવે છે? (તે લોકોએ આ પ્રમાણે મનમાં વિચાર્યું.)

નોંધઃ—આ વચનો તે દેવજ મુનિના મુખેથી બોલાવતો હતો.

[૧૩] જ્યાં વાવેલાં પુણ્યો ઉગે છે (જે સુપાત્રમાં નાખ્યાથી દાન ફળે છે) તે ક્ષેત્રો અમોએ જાણી લીધાં છે. જાતિમાન અને વિદ્યાવાન બ્રાહ્મણો છે તેજ ક્ષેત્રો ખૂબ સુંદર છે.

નોંધઃ—આ વચનો ત્યાં યજ્ઞશાળામાં રહેલા ક્ષત્રિયોનાં છે.

[૧૪] ક્રોધ, માન, હિંસા, અસત્ય, અદત્ત અને અપરિગ્રહ વગેરે દોષો જેનામાં છે, તેવા બ્રાહ્મણો જાતિ અને વિદ્યા બન્નેથી રહિત છે. તે ક્ષેત્રો તો પાપને વધારનારાં છે.

નોંધઃ—તે વખતે કેટલાક બ્રાહ્મણો પોતાના બ્રાહ્મણધર્મથી પતિત થઈ મહાહિંસાઓને ધર્મ મનાવવાનો પ્રયત્ન કરતા હતા. તેવાઓને ઉદ્દેશીને આ શ્લોક યક્ષની પ્રેરણાદ્વારા મુનિના મુખમાંથી બોલાયો.

[૧૫] રે ! વેદોને ભણ્યા છતાં તેના અર્થને જરાપણ જાણી શકતા નથી. માટે ખરેખર તમે વાણીના ભારવાહક છો. જે મુનિપુરુષો સામાન્ય કે ઉંચાં કોઈપણ ઘરોમાં જઈ ભિક્ષાવૃત્તિથી સંયમી જીવન ગુજારે છે તેજ ક્ષેત્રો ઉત્તમ છે.

આ સાંભળીને બ્રાહ્મણ પંડિતોના શિષ્યો ખૂબ કોપ્યા અને કહ્યું:—

[૧૬] રે ! અમારા ગુરુઓની વિરુદ્ધ બોલનાર સાધુ ! તું અમારી સમક્ષ આ શું બોલી રહ્યો છે ! આ અન્નપાન ભલેને બધું નાશ પામે. પણ હવે તને તો નહિજ આપવાના.

[૧૭] સમિતિઓથી સમાહિત (સમાધિસ્થ), ગુપ્તિઓથી ગુપ્ત (મન, વચન અને કાયાથી સંયમી) અને જિતેન્દ્રિય એવા મને આવું શુદ્ધ ખાનપાન નહિ આપો તો આજે યજ્ઞોનો લાભ શું મેળવવાના ! આવાં (યક્ષદ્વારા) મુનિનાં મુખેથી

વચનો સાંભળીને બ્રાહ્મણો લાલચોળ થઈ ગયા અને ધાંટો પાડીને કહેવા લાગ્યા—

[૧૮] અરે ! અહીં કોણ ક્ષત્રિયો, યજ્ઞમાનો કે અધ્યાપકો છે! વિદ્યાર્થીઓની સાથે મળી તેઓ સૌ લાકડી અને દંડાએ મારીને તથા ગળચી દાબીને આને જલદી બહાર કાઢી મૂકો.

[૧૯] અધ્યાપકોનું આવું વચન સાંભળીને ત્યાં ઘણા કુમારો દોડી આવ્યા, અને દંડ, છડી અને ચાબુકોથી તે ઋષિને મારવા તૈયાર થયા.

[૨૦] તેવા સમયે સુંદર અંગવાળી કૌશલિક રાજાની પુત્રી (ભદ્રા) તે સ્થળે હણાતા તે સંયમીને જોઈને કુપિત થયેલા કુમારોને તુરતજ શાંત પાડે છે. (અને કહે છે:—)

[૨૧] દેવના અભિયોગે કરીને (દૈવી પ્રકોપ શાંત પાડવા માટે) વશ થયેલા, પિતાશ્રી વડે (દેવનો પ્રભાવ જે શરીરમાં હતો તે) મુનિને હું અર્પણ કરાયેલી હતી. જ્યાં અનેક મહારાજાઓ અને દેવેન્દ્રોથી પણ વંદાયેલા આ ઋષિરાજે મારું મનથી પણ ચિંતન ન કર્યું અને તુરતજ (શુદ્ધિ આવ્યા પછી) મને વમી દીધી હતી

નોંધઃ—આ ભદ્રાએ મરજમાવથી મંદિરમાં ધ્યાનસ્થ રહેલા મુનીશ્વરનું અપમાન કરેલું તેનો બદલો લેવા તેનાજ શરીર સાથે (મુનિ ... શરીરમાં પ્રવેશ કરી દેવે) લગ્ન કરાવ્યું હતું. પરંતુ મુનીશ્વર ... ધ્યાનપાળી સ્વસ્થ થયા કે શીઘ્ર પોતે સંયમી છે તેની પ્રતીતિ આપી, ... બાળાની શાન્તિ ઈચ્છી તેને મુક્ત કરી મૂકી હતી.

[૨૨] ખરેખર અપૂર્વ બ્રહ્મચારી, જિતેન્દ્રિય, સંયમી અને ... તપસ્વી તેવા આ પોતે તેજ મહાત્મા છે કે જેણે, ... કૌશલિક રાજવડે (મહીથી) સ્વછંદતાથી અપાતી એવી મને ન સ્વીકારી.

નોંધ—આટલા સુધી સ્વદયમાન પૂર્વક સ્વયં મહત્વ કર્યાં તેના
ર લેશમાત્ર મનોભિમાન ન થયો અને પોતાના સંયમ માર્ગમાં આરોગ
દેહ તેજ આવા ત્યાગની, આવા સંયમની અને આવા જ્ઞાનદર્શનની
પ્રતીતિ છે.

[૨૩] આ મહા પ્રભાવશાળી, મહાપુરુષાર્થી, મહાન્ વ્રતધારી અને ઉત્તમ કીર્તિવાળા મહાયોગી પુરુષ છે. તેને અવગણવા યોગ્ય નથી. રે! એની અવગણના ન કરો. રખે તમો બધાને પોતાના તેજથી તે ભસ્મ કરી નાખશે!

[૨૪] આવાં ભદ્રાનાં સુમધુર વચન સાંભળીને (વાતાવરણ પર અસર થાય તે પહેલાં તો) તુરતજ દેવો ઋષિની સેવા માટે આવી લાગ્યા. અને કુમારોને નિવારવા લાગ્યા. (પણ કુમારો માન્યા નહિ)

નોંધ:—આ સ્થળે પરંપરા એ પણ ચાલે છે કે અહીં ભદ્રાના પતિ સોમદેવે એ કુમારોનું વારણ કર્યું હતું અને દેવો વારણ કરે તે કરતાં આમ થવું વધુ સંભવિત છે. પણ મૂળ પાઠમાં जक्खा શબ્દ હોવાથી અર્થ તેવોજ રાખ્યો છે.

[૨૫] અને તેજ વખતે આકાશમાં રહેલા ભયંકર રૂપવાળા રાક્ષસો ત્યાં આવી એ આખા સમૂહને અદ્રશ્ય રહી મારવા લાગ્યા. (પ્રબળ મારથી) જેના શરીર ભેદાઈ ગયા અને લોહીનું વમન થવા લાગ્યું તેવાઓને જોઈને ભદ્રા આ પ્રમાણે ફરીથી કહેવા લાગી:—

[૨૬] તમે બધા નખો વડે પર્વતને ખોદવા લાગ્યા છો, દાંતો વડે લોખંડને ચાવવા લાગ્યા છો અને અગ્નિને પગો વડે કરીને હણવા લાગ્યા છો (એમ માનું છું.) કારણકે આવા ઉત્તમ ભિક્ષુનો તમે તિરસ્કાર કર્યો છે.

[૨૭] આવા મહર્ષિ [કોપે તો] વિષધર જેવા ભયંકર હોય છે.

જેમ ઉગ્ર તપસ્વી અને ઘોર વ્રતધારી મહાપુરુષોને તમે ભોજનના વખતે મારવા તૈયાર થયા; તો હે ! પતંગિયાની સેના જેમ અગ્નિમાં ઝંપલાવે તેમ તમે ઝંપલાવી મરવાના છો.

[૨૮] હજુ જો તમે તમારું ધન અને જીવન રાખવા ચાહતા હો તો આખા સમૂહ સાથે મળીને તેના શરણે જઈ મસ્તક નમાવો. આ તપસ્વી જો કુપિત થશે તો આખા લોકને પણ બાળી નાખશે.

નોંધ:—ભદ્રા એ તપસ્વીના પ્રભાવને જાણતી હતી. "હજુ તો આ દૈવી પ્રકોપ છે. પણ હવે નહિ માનો અને તેમને શરણે નહિ જાઓ તો તે તપસ્વી કદાચ કુપિત થઈ આખા લોકને બાળી નાખશે એવી મને ભીતિ છે." સૌને ઉદ્દેશીને તેણીએ તેથીજ તેમ કહ્યું.

[૨૯] (તેવામાં તો કંઈ વિચિત્ર ઘટના બની ગઈ.) કોઈની પીઠ ઉપર તો કોઈનું મસ્તક નીચું તેમ પડી ગયેલા, કોઈ સાર કર્મ અને ચેષ્ટા વિહીન બનેલા, કોઈ ભૂતલ પર હાથ ફેલાવતા પડી રહેલા, કોઈ બહાર નીકળી ગયેલા ડોળા અને જીભવાળા, તો કોઈ ઊંચા મસ્તકે ઢળી પડેલા—

નોંધ:—આ બધું દૈવી પ્રકોપથી બન્યું હતું.

[૩૦] આવી રીતે કાષ્ઠભૂત બનેલા પોતાના શિષ્યોને જોઈને તે યાજક બ્રાહ્મણ (ભદ્રાનો પતિ) પોતે ખૂબ ખેદ પામ્યો. અને પોતાની ધર્મપત્ની સહિત મુનિ પાસે જઈ નમીને વારંવાર વિનવણી કરવા લાગ્યો કે હે પૂજ્ય ! આપની નિન્દા અને તિરસ્કાર થયાં છે તેની ક્ષમા કરો.

નોંધ:—કોશલ રાજાએ તપસ્વીથી ત્યજેલી ભદ્રાકુમારીને સોમદેવ નામના બ્રાહ્મણ સાથે હસ્તમેળાપ કરાવી ઋષિપત્ની બનાવી હતી. તે કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના કર્મભેદો હતા પણ આજના જેવા અતિભેદો ન હતા. તેથીજ પારસ્પરિક કન્યાઓને લેવા દેવાનો વ્યવહાર ચાલુ હશે તેવું અનુમાન થાય છે.

[૩૧] હે વંદનીય ! અજ્ઞાની, મૂર્ખ અને મંદ બુદ્ધિવાળા આ બાળકોએ આપની જે અશાતના (દુઃખ-વેદના) કરી છે તે બધું માફ કરો. આપના જેવા ઋષિ પુરુષો મહાકૃપાળુ હોય છે. ખરેખર તે કદી કોપ કરતાજ નથી.

પોતાનું કાર્ય કરી દેવો ચાલ્યા ગયા. ત્યારબાદ મુનિશ્રી સાવધાન થઈ આ દૃશ્ય જોઈ વિસ્મિત બની જાય છે. અને વિનવતા બ્રાહ્મણોને કહે છે કેઃ—

[૩૨] આ બનાવની પૂર્વે, પછી કે હમણાં પણ મારા મનમાં લેશમાત્ર કોપ કે દ્વેષ નથી. (પરંતુ આ બધું જોયા પછી મને લાગે છે કે) ખરેખર જે દેવો (મારી અનિચ્છાએ પણ) સેવા કરે છે, તેઓ વડેજ આ કુમારો બિચારા હણાયા છે.

નોંધઃ—જૈનદર્શનમાં સહનશીલતાનો અત્યંત ઉત્કર્ષ છે. ત્યાગી પુરુષની ક્ષમા તો મેરુ જેવી અડગ હોય છે. તેમાં કોપ કે ચંચળતા આવતી જ નથી. કુમારોની આ દશા જોઈ ઋષિરાજને અનુકંપા આવે છે. યોગીપુરુષો અન્યને દુઃખ આપતા નથી તેમ જોઈ પણ શકતા નથી.

[૩૩] (સાચું સ્પષ્ટીકરણ થયા બાદ એ બ્રાહ્મણને ઘણીજ ઉત્તમ પ્રકારની અસર થાય છે. તે કહે છે કેઃ—) પરમાર્થ અને સત્યના સ્વરૂપને જાણનાર ! મહાજ્ઞાની આપ કદી ગુસ્સે થાઓજ નહિ. સર્વ જનસમૂહ સાથે અમે બધાં આપનાં ચરણોનું શરણ માગીએ છીએ.

[૩૪] હે મહાપુરુષ ! આપની સર્વપ્રકારે (બહુમાન પૂર્વક) પૂજા કરીએ છીએ. આપમાં એવું કશું દેખાતું નથી કે જેને ન પૂજીએ. હે મહા મુનિરાજ ! ભિન્નભિન્ન પ્રકારનાં શાક, દાળો અને ઉત્તમ પ્રકારના ચોખાથી સંસ્કારાયેલું આ ભોજન આપ (પ્રસન્નતા પૂર્વક) જમો. (સ્વીકારો.)

[૩૫] આ મારું પુષ્કળ ભોજન પડ્યું છે. અમારા પર કૃપા કરીને આપ સ્વીકારો. (આવી અન્નપાનની પ્રાર્થના સાંભળીને) તે મહાત્મા માસ ખમણ (એક માસના ઉપવાસ) ને પારણે તે ભોજનને ભલે સ્વીકારે છે.

[૩૬] દેવતાઓએ ત્યાં સુગંધિત જળ, પુષ્પો તથા ધનની ધારાઓની આકાશથી દિવ્ય વૃષ્ટિ થવા લાગી. દેવોએ ગગનમાં દુંદુભિઓ વગાડી અને "અહો! દાન અહો! દાન" એમ દિવ્યધ્વનિ થવા લાગ્યો

નોંધ.—દેવોએ વરસાવેલાં પુષ્પ તથા જળધારાઓ અચિત હોય છે.

[૩૭] "ખરેખર દિવ્યતપની આ પ્રત્યક્ષ વિશેષતા દેખાય છે. જાતિની વિશેષતા કશીએ નથી. ચંડાલપુત્ર હરિકેશ સાધુ કે જેની આવી મહા પ્રભાવશાળી સમૃદ્ધિ છે!" ચંડાલપુત્ર હરિકેશ સાધુને જોઈને સૌ એકી અવાજે આશ્ચર્યચકિત થઈ ઉપર પ્રમાણે બોલવા લાગ્યા.

તપસ્વીજી કહે છે:—

[૩૮] હે બ્રાહ્મણો! અગ્નિનો આરંભ કરીને પાણીથી બહારની શુદ્ધિને શા માટે શોધી રહ્યા છો? જે બહારની શુદ્ધિ છે તે આત્મશુદ્ધિનો માર્ગ જ નથી. મહાપુરુષો કહે છે કે:—

[૩૯] દ્રવ્યયજ્ઞમાં દાભડાને; (યૂપ) લાકડાના ખીલાને, તૃણ, કાષ્ટ તથા અગ્નિને, તેમજ સવાર અને સાંજ પાણીને સ્પર્શ કરતા એવા મંદ પ્રાણીઓ તમો વારંવાર નાના જીવોને દુઃખ આપીને પાપજ કર્યો કરો છો.

[૪૦] હે ભિક્ષુ! અમે કેમ વર્તીએ? કેવું યજ્ઞપૂજન કરીએ! વળી કેવી રીતે પાપોને દૂર કરીએ! હે સંયમી! તે અમોને જણાવો. હે દેવપૂજ્ય! કઈ વસ્તુને જ્ઞાનીજનો યોગ્ય માને છે!

[૪૧] ૭ કાય (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ) જીવોની હિંસા નહિ કરનારા, કપટ તથા અસત્યને નહિ આચરનારા, માયા (કપટ) અને અભિમાનથી દૂર રહેનારા તથા પરિગ્રહ અને સ્ત્રીઓની આસક્તિથી ડરનારા દાન્ત પુરુષો હોય છે તેઓ વિવેકપૂર્વક વર્તે છે.

[૪૨] અને પાંચ ઇંદ્રિયોનું નિયમન કરનારા, જીવિતની પણ પરવા નહિ કરનારા અને કાયાની આસક્તિથી રહિત એવા મહાપુરુષો, બહારની શુદ્ધિની દરકાર ન કરતાં ઉત્તમ અને મહાવિજયી ભાવયજ્ઞનેજ આદરે છે.

[૪૩] તમારું જ્યોતિ શું? અને જ્યોતિનું સ્થાન શું? તમારી કડછીઓ કઈ? અને અગ્નિ પ્રદીપન કરનારું શું? તમારાં લાકડાં ક્યાં? અને હે ભિક્ષુ! તમારા શાન્તિમંત્ર કયા? કેવા યજ્ઞથી આપ યજન કરો છો? (આ પ્રમાણે બ્રાહ્મણો બોલ્યા.)

[૪૪] તપ એજ અગ્નિ છે. જીવાત્મા અગ્નિનું સ્થાન છે. મન, વચન અને કાયાના યોગ રૂપ કડછી છે. અગ્નિને દીપ્ત કરનારું સાધન શરીર છે. કર્મરૂપી લાકડાં છે. સંયમરૂપ શાંતિમંત્ર છે. તેવી રીતે પ્રશસ્ત ચારિત્રરૂપ યજ્ઞવડેજ હું યજન કરું છું—તેજ યજ્ઞને મહર્ષિ જનોએ ઉત્તમ ગણ્યો છે.

[૪૫] તમારો સ્નાન કરવાનો હ્રદ (કુંડ) કયો? (સંસારમાંથી તરવાનું) તમારું પુણ્યક્ષેત્ર કયું? અને ક્યાં સ્નાન કરીને તમે કર્મરજને ટાળો છો તે કહો. આપની પાસે જાણવાને ઇચ્છીએ છીએ. (આ પ્રમાણે બ્રાહ્મણ બોલ્યા.)

[૪૬] ધર્મરૂપી હ્રદ (કુંડ) છે. બ્રહ્મચર્યરૂપી પુણ્યતીર્થ છે. આત્માના પ્રસન્ન ભાવથી વિશુદ્ધ ધર્મના કુંડમાં નાહેલો હું શાંત થઇને કર્મદોષને દૂર કરું છું.

[૪૭] એવું સ્નાનજ કુશળ પુરુષોએ કર્યું છે. અને ઋષિઓએ તેજ મહાસ્નાનને વખાણ્યું છે. જેમાં નાહેલા પવિત્ર મહર્ષિઓ નિર્મળ થઈને (કર્મ રહિત થઈને) ઉત્તમ સ્થાન (મુક્તિ)ને પામ્યા છે.

નોંધઃ—હૃદયનાં પરિવર્તન ચારિત્રની ચિનગારીથી થાય છે. જ્યાં ચારિત્રની સુવાસ મ્હેકે છે ત્યાં મલિન વૃત્તિઓ નાશ પામે છે. ઘણીવારમાં પ્રબળ વિરોધકોને સેવકરૂપ બનાવી દે છે જ્ઞાનનાં મંદિરો ચારિત્રનાં નંદનવનથીજ શોભે છે જાતિ અને કાર્યના નીચ ઉચ્ચ ભાવો ચારિત્રના સ્વચ્છ પ્રવાહમાં સાફ થઈ જાય છે. ચારિત્ર્યનાં પારસ ઠેક લોખંડને સુવર્ણરૂપમાં પલટી મૂકે છે.

એ પ્રમાણે કહું છું.

એમ હરિકેશીય નામનું બારમું અધ્યયન સમાપ્ત થયું.



ચિત્તસંભૂતીય

ચિત્તસંભૂતિ સંબંધી

૧૩

સંસ્કૃતિ એ જીવન સાથે જડાયેલી વસ્તુ છે. જીવનશક્તિની તે પ્રેરણા પુનઃ પુનઃ ચેતનને કર્મબળ દ્વારા ભિન્નભિન્ન યોનિમાં જન્માવે છે. પરસ્પર પ્રેમથી ઋણાનુબંધ થાય છે અને વિશેષક અપવાદ ન હોય તો સમાન શીલના જીવો-સમાન ગુણનાં પ્રાણીઓ એકજ સ્થળે ઉત્પન્ન થાય છે. અને જન્મપર્યંત અખૂટ પ્રેમની સરિતામાં પરસ્પર ઝીલે છે અને પછી પણ સાથેજ જન્મ લે છે.

ચિત્ત અને સંભૂતિ બન્ને ભાઈ હતા. અખંડ પ્રેમની ગાંઠથી જકડાયેલા હતા. એક નહિ, બે નહિ, ત્રણ નહિ બલ્કે પાંચ પાંચ જન્મો સુધી સાથે રહ્યા, સાથે જીવ્યા. આવા પ્રબળ પ્રેમીબંધુઓ છઠ્ઠે ભવે પૃથક્ પૃથક્ ઉત્પન્ન થાય છે તેનું શું કારણ હશે? છઠ્ઠે ભવે બન્નેના રાહો શાથી પલટાયા હશે! તે પ્રબળ કારણ એકની આસક્તિ અને બીજાની નિરાસક્તિ છે. બન્ને ભાઈઓનો પ્રેમ જેમ જેમ શુદ્ધ થતો ગયો તેમ તેમ તે વિકાસ પંથે સાથેને સાથે ઉઠ્યા.

પ્રથમ જન્મમાં તે દશાર્ણ દેશમાં દાસ રૂપે સાથે રહ્યા હતા. ત્યાંથી કાળ કરીને કાલિંજર નામના પર્વત પર મૃગલા થયા. સંગીત પર તેમનો અભંગ સ્નેહ હતો. ત્યાંથી મરીને મૃતગંગાના તીર પર હંસ રૂપે જન્મ લીધો. ત્યાં પણ સ્નેહપૂર્વક

છળ્યા અને પ્રેમવશાત્ સાથેજ મરણ પામ્યા ત્યાંથી નીકળીને પુનર્ભવ પામી કાશી ભૂમિમાં ચંડાલ રૂપે ઉત્પન્ન થયા.

તે વખતે નમુચિ નામનો પ્રધાન ખૂબ બુદ્ધિમાન અને મહાસંગીત શાસ્ત્રી છતાં મહાન વ્યભિચારી હતો. તેણે તે રાજ રાજઅંતઃપુરમાં પણ સેવ્યો. તે જાણી કાશી રાજાએ તેને મૃતદંડની શિક્ષા કરી—

ફાંસીને લાકડે ચડાવતાં ચડાવતાં ચંડાલ કે જે ચિત્ત અને સંભૂતિનો પિતા હતો તેને દયા ઉત્પન્ન થવાથી તેણે નમુચિને બચાવી લીધો છે અને પોતાને ત્યાં ગુપ્ત રાખી પોતાના પુત્રોને સંગીતવિદ્યા શીખવવા યોજ્યો છે. બન્ને ભાઈને તેણે સંગીત શાસ્ત્રમાં પારંગત કરી મૂક્યા. પરંતુ એકદા ત્યાંથી પણ અબ્રહ્મચર્યના દોષે તેને જીવ લઈને ભાગવું પડ્યું આખરે તે ફરતાં ફરતાં હસ્તિનાપુરમાં આવી પોતાની બુદ્ધિના પ્રભાવથી સેંકડો મંત્રીનો શિરમંત્રી થઈને રહેલ છે.

ચિત્ત અને સંભૂતિ સંગીતવિદ્યાના પ્રભાવે ત્યાંની આખી આલમને આકર્ષે છે. આથી કાશીરાજ પાસે ત્યાંના સંગીત શાસ્ત્રીઓ ન્યાય માગી ઈર્ષાથી તેમનું અપમાન કરાવી કાશીની બહાર કઢાવી મૂકે છે. ત્યાં પણ દુઃખી થાય છે. પછી આ પરાભવથી કંટાળી પર્વત પરથી પડતું મૂકવા તૈયાર થાય છે. ત્યાં એક મહાન જૈન મહાત્માનો ભેટો થાય છે અને અકાળ મૃત્યુથી બચાવી લે છે.

ચંડાલ કુળજાત હોવા છતાં પૂર્વ સંસ્કારોની પ્રબળતાથી બન્ને ભાઈઓ સંસારની અસારતાને યથાર્થરૂપે સમજી ત્યાગમાર્ગને ગ્રહણ કરે છે અને પદ્ધતિસર યોગમાર્ગની સારી તાલીમ મેળવ્યા બાદ ગુરુ આજ્ઞાથી છૂટા પડે છે.

એ બન્ને ત્યાગીઓ ફરતાં ફરતાં અનેક સિદ્ધિઓને પ્રાપ્ત કરીને હસ્તિનાપુરમાંજ આવી ચડે છે. કે જ્યાં નમુચિ મહામંત્રીશ્વર પદે હતો. પૂર્વ પરિચિત ચંડાલોને સાધુ વેશમાં તે ઓળખી લે છે. અને તેથી પોતાનું પોગળ રખેને ખુલ્લું થાય એ ભયથી શહેરની બહાર હાંકી કઢાવે છે.

ચિત્ત આ બધું દુઃખ શાંતિપૂર્વક ચિત્તમાં એ લાખો વખત સહી લે છે. પરંતુ સંભૂતિ આ અપમાનને સહેવા અસમર્થ નીવડે છે. તપશ્ચર્યાના મહાન પ્રભાવથી પ્રાપ્ત થયેલી સિદ્ધિનો ઉપયોગ કરવા તૈયાર થાય છે. ચિત્ત પોતાના બંધુને ત્યાગીનો ધર્મ સમજાવે છે. છતાં સંભૂતિનો કોપ શાંત થતો નથી. તેના મુખમાંથી ધૂમ (ધુમાડા)ના ગોટેગોટા નીકળવા લાગે છે.

આ વાતની જાણ પ્રજા દ્વારા ત્યાંના મહારાજા (સનતકુમાર ચક્રવર્તી)ને પણ થાય છે. તે પોતે અંતઃપુર, પરિવાર એ બધા તપસ્વીના દર્શનાર્થે આવે છે. સંભૂતિમુનિ તે મહારાજાની સમૃદ્ધિ જોઈ આસક્ત થાય છે

પોતાની અપૂર્વ બળે પ્રાપ્ત કરેલી તપશ્ચર્યારૂપ સંપત્તિને આવા ક્ષણિક કામભોગરૂપી કોડી ખાતર વેચી દે છે. (જૈન દર્શનમાં આને નિયાણું કહેવાય છે. નિયાણું એટલે ઉત્તમ કાર્યની પાછળ સ્વાર્થની ભાવના લાગે તે.) ચિત્તનો ઉપદેશ તેને જરાએ અસર કરતો નથી.

ત્યાંથી કાળગત થયા પછી શુભ કર્મદ્વારા એ બન્ને દેવ યોનિમાં ઉત્પન્ન થાય છે. ત્યાંનું પૂર્ણ આયુષ્ય ભોગવ્યા પછી આસક્તિને લઈને પ્રેમપ્રવાહ વીખરાઈ જાય છે. અને તેજ કારણને લઈને સંભૂતિ કાંપીલ્ય નગરમાં ચુલની માતાને કૂખે ઉત્પન્ન થઇ બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી (મહાન મંડલેશ્વર) રાજા થઈ બેસે છે.

ચિત્ત પુરિમતાલ નગરમાં ધનપતિ નગરશેઠને ત્યાં જન્મ લે છે. ત્યાં પણ પુણ્યપ્રભાવને લઇને મિત્ર, પરિવાર, યુવતિઓ માતાપિતાઓ અને સંપત્તિ સંબંધી અનેક પ્રકારે સુખભોગ માણી રહ્યો છે.

એકદા સંતની પાસેથી એક અતિ ગંભીર ગાથા તેના કર્ણદ્વારમાં અથડાણી. તે પર વિચાર કરતાં કરતાં પ્રથમ આછું આછું સ્મરણ થયું, કે "આવું મેં ક્યાંક સાંભળ્યું છે" અને એ ચિંતનના પરિણામે પૂર્વ સંસ્કારો તાજા થયા. ગતજન્મોને

નોંધ—[illegible] બે શ્લોકો ચિત્તમુનિએ કહ્યા. આજે તે મુનિ [illegible] [illegible] કારણ તપશ્ચર્યા અને શરીર વિભૂષા ત્યાગી [illegible] [illegible] ઝાંખી દેખાતી હતી છતાં તેનાં આત્મસૌન્દર્ય [illegible] [illegible]

[illegible] કહ્યું કે; જો એવી સમૃદ્ધિ હતી તો ત્યાગ [illegible] [illegible]! [illegible] ચિત્તમુનિ કહે છે:–પરમાર્થથી પૂર્ણ [illegible] [illegible] ગંભીર ગાથા (કોઈ મુનીશ્વરે એક) [illegible] સમૂહમાં કહેવાતી. કે જે ગાથાને સાંભળી [illegible] ચારિત્રગુણમાં વધુ અને વધુ લીન બને છે. તે [illegible] હું શ્રમણ (તપસ્વી) થયો.

નોંધ—[illegible] પામ્યા છતાં સંતોષ ન હતો. આ ગાથા સાંભળ[illegible] [illegible] દૂર થયાં. અને ત્યાગ ગ્રહણ કર્યો.

[illegible] હતો. તેને ત્યાગ તરફનો ગમતો [illegible] [illegible] કોણે માટે આમંત્રણ કર્યું:–) ઉચ્ચ, કુંદર, મધુ[illegible] [illegible] નામના પાંચ સુંદર મહેલો, ભિન્નભિન્ન પ્ર[illegible] [illegible] મંદિરો અને પાંચાલ દેશનું રાજ્ય આ [illegible] છે. હે ચિત્ત ! તેને પ્રેમપૂર્વક ભોગવો.

[illegible] વાજિંત્ર સાથે નૃત્ય તથા સંગીત તેમજ [illegible] સંગથી [illegible] આવા રમ્ય [illegible] [illegible] મને છે [illegible] તો ખરેખર મહાન [illegible]

નોંધ—[illegible] આમંત્રણ કરવામાં પણ તેના સ્નેહ અને [illegible]

[illegible] અને કામ ભોગોમાં આસક્ત થયેલા [illegible] [illegible] દિનદિનક અને સંયમ [illegible]

નોંધ:—આમ બન્ને સંભૂતિએ છઠ્ઠા ભવે ભિન્ન ભિન્ન સ્થળે શાથી ઉત્પન્ન થવું પડ્યું તેનું કારણ પૂછ્યું.

[૮] હે રાજન્! તમે (સનત્કુમાર નામના ચોથા ચક્રવર્તીની સમૃદ્ધિ તથા તેમના સુનંદા નામના સ્ત્રીરત્નને દેખીને આસક્તિ ઉપજવાથી) તપશ્ચર્યાદિ ઉચ્ચ કર્મોનું નિયાણું (આવું તુચ્છ ફળ) માગી લીધું. તેથી તે ફળના પરિણામેજ આપણે વિયોગ પામ્યા. (આ ચિત્તનાં વચન છે.)

નોંધ:—તપશ્ચર્યાથી પૂર્વકર્મોનો ક્ષય થતો હોય છે. પૂર્વ કર્મ ક્ષય થવાથી આત્મા હળવો બને છે અને તેનો વિકાસ થાય છે. પુણ્યકર્મથી સુંદર સંપત્તિ મળે પરંતુ સંપત્તિથી આત્મા ભારી બનવા સંભવ છે. તેથીજ મહાપુરુષો પુણ્ય ન ઇચ્છતાં માત્ર પાપકર્મનો ક્ષયજ ઈચ્છે છે. પુણ્ય એ તો કે સોનાની સાંકળ છે. છતાં સાંકળ એ પણ બંધનજ છે. જેણે બંધન રહિત થવું હોય તેણે સોનાની સાંકળ પણ તજી દેવા પ્રયત્ન કરવો જોઇએ. અને નિરાસક્તપણે કર્મોને ભોગવી લેવાં જોઈએ.

[૯] (બ્રહ્મદત્તે કહ્યું:–) પૂર્વ કાળમાં સત્ય અને કપટ રહિત તપશ્ચર્યાદિ શુભકર્મો મેં કર્યાં તેથીજ તેનું ફળ આજે (ઉત્તમ સમૃદ્ધિ પામી) હું ભોગવું છું. પરંતુ હે ચિત્ત ! તારી દશા આવી શાથી થઈ ? તારાં શુભકર્મ બધાં ક્યાં ગયાં ?

[૧૦] (હે રાજેન્દ્ર !) જીવોએ આચરેલા સર્વ (સુંદર કે અસુંદર બધાં) કર્મો ફળવાળાંજ હોય છે. કરેલાં કર્મોને ભોગવ્યા વિના મુક્તિ થતીજ નથી. તેથી મારો જીવાત્મા પણ પુણ્યકર્મના પરિણામે ઉત્તમ પ્રકારની સંપત્તિ અને કામભોગોથી યુક્ત થયો હતો.

[૧૧] હે સંભૂતિ ! જેમ તું પોતાને ભાગ્યવાન માને છે તેમ પુણ્યનાં ફળથી યુક્ત ચિત્તને પણ મહાન ઋદ્ધિમાન જાણ. વળી હે રાજન્! જેવી તે (ચિત્ત)ની સમૃદ્ધિ હતી તેવીજ પ્રભાવશાળી કાંતિ પણ હતી.

[illegible]

[illegible] સુખ [illegible] મહર્ષિના [illegible]

[illegible]

પ્રથમ [illegible] થયા. અને [illegible] જિન, [illegible] થયા ([illegible]) [illegible] થયા.

[illegible]—જિન [illegible] વર્ણન [illegible] હેતુથી [illegible]

[illegible] અને મુનિ [illegible] (નિમિત્તથી) [illegible] અને [illegible] (ભોગવેલા) સુખ [illegible] કર્મવિપાકને કહેતા [illegible] —

[illegible] અને [illegible] —

[illegible] આ વચન [illegible] —

[illegible] પરસ્પર [illegible] (દશમાં) અનુસરે [illegible] હિત કરનારા અને [illegible] હતા.

[illegible] અને [illegible] છે.

[illegible]

[૧૬] બધાં સંગીત તે એક પ્રકારના વિલાપ સરખાં છે, સર્વ પ્રકારનાં નૃત્ય કે નાટક એ વિડંબના રૂપ છે, બધા અલંકારો તો બોજારૂપ છે, અને બધા કામભોગો એકાંત દુઃખને જ આપનારા છે.

નોંધઃ—સંસાર આખોય જ્યાં નાટક રૂપે છે ત્યાં બીજાં નાટકો શાં જોવાં? જે સ્થળે હાલ પહેલાં સંગીત અને નૃત્ય થઈ રહ્યાં હોય છે ત્યાંજ થોડી વાર બાદ હાહાકાર ભર્યાં કરૂણ રૂદનો થાય છે. ત્યાં કોને સંગીત માનવાં? આભૂષણો બાળકની ચિત્તવૃત્તિને પોષવાનાં રમકડાં છે. ત્યાં સમજુને મોહ શા? ભોગો તો આધિ, વ્યાધિ અને ઉપાધિ ત્રણે તાપનાં મૂળ છે. દુઃખના મૂળમાં સુખ શી રીતે સંભવે?

[૧૭] તપશ્ચર્યારૂપ ધનવાળા, ચારિત્રગુણોમાં લીન અને કામ ભોગોની આસક્તિથી સાવ વિરક્ત એવા ભિક્ષુઓને જે સુખ હોય છે તે સુખ; હે રાજન્! અજ્ઞાનીઓને મનોહર લાગવા છતાં એકાંત દુઃખને આપનાર એવા કામભોગોમાં કદી હોઈ શકેજ નહિ.

[૧૮] હે નરેંદ્ર! મનુષ્યોમાં અધમ ગણાતા એવા ચંડાલજીવનમાં પણ આપણે રહ્યા હતા. તે જન્મમાં (કર્મવશાત્) આપણે ઘણા મનુષ્યોના અપ્રીતિપાત્ર થયા હતા. અને ચંડાલનાં સ્થાનોમાં પણ રહ્યા હતા. (તે બધું યાદ છે?)

નોંધઃ—ચંડાલ જાતિનો અર્થ અહીં ચંડાલકર્મને અંગે સમજવો. જાતિથી કોઈ નીચ કે ઉચ્ચ હોતાજ નથી. કર્મથીજ ઉચ્ચ કે નીચ થવાય છે. જો ઉત્તમ સાધનો પામીને પણ પૂર્વ ભવે કરેલી ગફલત આજે પણ થશે તો આત્મવિકાસને હાણે પતિત થઈ જવું પડશે તે સારુ પૂર્વભવની યાદી આપે છે.

[૧૯] જેવી રીતે ચંડાલના ઘરે ઉત્પન્ન થઈ તે દુષ્ટ જન્મમાં આખા લોકની નિન્દાને પાત્ર હતા. છતા પાછળથી શુભકર્મ કરવાથીજ આજે આ ઉત્તમ સ્થિતિમાં પહોંચ્યા છીએ. તે પણ પૂર્વે કરેલા કર્મનુંજ પરિણામ છે. (એ ન ભૂલશો.)

નોંધ—પ્રથમના બે [illegible] ચિત્તમુનિએ [illegible] ભાવે તે [illegible] [illegible] [illegible] લાગ્યા [illegible] [illegible] તેના આત્મભાવના [illegible] મહારાજ [illegible] હતા.

[૧૨] પુરિમ [illegible] તે [illegible] સમૃદ્ધિ [illegible] ત્યાગ [illegible] [illegible] ચિત્ત [illegible] (ચિત્ત મુનિશ્વર બોલ્યા) [illegible] ગાથા [illegible] ગાથાને [illegible] [illegible] છે. તે પણ ભિક્ષુ [illegible] અને [illegible] ગાથા [illegible] (ગાથા) [illegible].

નોંધ—સમૃદ્ધિ પામવા છતાં મનોભાવ ન હતો. આ ગાથા સાંભળ્યા પછી બંધુપ્રેમ તાજો થઈ ગયો. અને ત્યાગ સહજ કર્યો.

[૧૩] (બ્રહ્મદત્ત આસક્ત હતો. તેને ત્યાગ નહોતો ગમતો તેથી ચિત્તને ભોગો માટે આમંત્રણ કર્યું:—) ઉચ્ચ, ઉદય, મધુ, કર્ક અને બ્રહ્મ નામના પાંચ સુંદર મહેલો, ભિન્નભિન્ન પ્રકારના રસોથી ભરેલા મંદિરો અને પાંચાલ દેશનું ગામ આ બધું તમારું જ છે. હે ચિત્ત ! તેને પ્રેમપૂર્વક ભોગવો.

[૧૪] વળી હે ભિક્ષુ ! વાજિંત્ર સાથે નૃત્ય તથા સંગીત તેમજ મનોહર યુવતિઓના સમૂહથી વિંટળાઈને આવા રમ્ય ભોગોને ભોગવો. તેજ મને ગમે છે ત્યાગ એ તો ખરેખર મહાન કષ્ટ છે.

નોંધ—ત્યાગીને ભોગનું આમંત્રણ કરવામાં પણ તેના સ્નેહ અને સહૃદયતા સ્પષ્ટ દેખાતા હતા.

[૧૫] ઉભરાતા પૂર્વ સ્નેહથી અને કામભોગોમાં આસક્ત થયેલા મહારાજા (બ્રહ્મદત્ત) ને તેના એકાંત હિતચિંતક અને સંયમધર્મમાં રક્ત રહેલા ચિત્ત મુનિએ આ વચન કહ્યું:—

નોંધ:—[illegible] હોય તો ભારી [illegible] જેવું [illegible] થાય છે. અને આયુષ [illegible] હોય તો ભારી [illegible] થાય છે.

[૨૫] (મનુષ્ય ભવ પામી) જિનામાં કહેલા એવા જે આચાર ([illegible]) [illegible] અભિનંદી આર્યોને, શાન્તિજનો, પુત્ર અને સ્ત્રી વગેરે (તેને [illegible] વખતમાં છૂટી જાય) [illegible] (મારીક) ને અનુસરે છે.

નોંધ:—વિશ્વમાં જો કોઈ સ્વાર્થ ત્યજીને [illegible] રાખે છે, [illegible] [illegible] સ્વાર્થ [illegible] કોઈ જીવને અનુસરવાનાં.

[૨૬] હે રાજન્! આયુષ્ય તો જરા પણ વિસામો લીધા વિના નિરંતર ક્ષય થતું રહે છે. (જેમ જેમ દિવસો જાય તેમ તેમ આયુષ્યકાળ ઓછો થાય છે) જેમ જેમ જરા અવસ્થા આવતી જાય છે તેમ યૌવનની હાનિ થતી રહે છે માટે હે પંચાલના રાજેશ્વર! આ વચનને સાંભળી લે. અને મહારંભ (હિંસા તથા વિલાસાદિ)નાં ભયંકર કાર્યોને ન કર. (હાઈ૨).

ચિત્તનાં એકાંત વૈરાગ્યોત્પાદક અનુભવનાં વચનો સાંભળી બ્રહ્મદત્ત (સંભૂતિ) બોલ્યા:—

[૨૭] હે સાધુપુરુષ! જે વાક્યને આપ કહો છો તે હું પણ હવે જાણી શકું છું. આ ભોગોજ મને આસક્તિ (બંધન)ના કારણરૂપ છે. પરંતુ હે આર્ય! અમારા જેવા (દુર્બળ)થી ખરેખર તે દુર્જય છે. (આસક્ત પુરુષોથી કામભોગો છૂટવા દુષ્કર છે.)

[૨૮] હે ચિત્તમુનિ! (તેથીજ હસ્તિનાપુરમાં મહાસમૃદ્ધિવાળા સનત્કુમાર ચક્રવર્તીને જોઈને હું કામભોગોમાં આસક્ત થઈ ગયો અને અશુભ એવું નિયાણું (થોડા માટે ઘણું ખોવું) કરી દીધું.

નોંધ:—એ ચંડાળ જાતિમાં મહાપુરુષના સત્સંગ તથા સંસ્કારોને લીધે ત્યાગી થઈ જે શુભ કર્મો કર્યાં છે તેનું જ આ સુંદર પરિણામ પામ્યા છીએ. તે કાળમાં ચંડાળ જાતિમાં મનુષ્યની સમાનતાના અધિકારો બ્રાહ્મણવર્ગે ખૂંચવી લીધા હતા

[૨૦] હે રાજન્! પુણ્યના ફળે કરીને જ મહાસમૃદ્ધિવાળો અને મહાભાગ્યવાળો તું થયો છે. માટે હે રાજન્! ક્ષણિક ભોગોને તજીને, (શાશ્વત સુખ માટે) મુક્તિ માટે ત્યાગ દશાને અંગીકાર કરી લે.

[૨૧] હે રાજન્! આ (મનુષ્યના) ક્ષણિક જીવનમાં સુંદર કાર્યોને નહિ કરવાવાળો મનુષ્ય ધર્મને છોડી દીધા પછી મૃત્યુના મોંમાં જ્યારે જાય છે ત્યારે પરલોકને માટે ખૂબ જ પશ્ચાત્તાપ કરે છે.

[૨૨] જેમ સિંહ મૃગલાને પકડીને લઈ જાય છે તેમ અંત વખતે મૃત્યુ (રૂપ સિંહ) પણ મનુષ્યને નિર્દય રીતે ઝડપી જાય છે ત્યાં માતા, પિતા, ભાઈ વગેરે કોઈ સહાયક થઈ શકતાં નથી.

[૨૩] તે (કર્મના પરિણામે ઉત્પન્ન થયેલા) દુઃખમાં જ્ઞાતિજનો, મિત્રવર્ગ, પુત્રો કે બંધુઓ કોઈ ભાગ પડાવતાં નથી. કર્મ કરનાર જીવને સ્વયં તેનું દુઃખ ભોગવવું પડે છે. કારણકે કર્મ તો તેના કરનારને જ અનુસરે છે.

નોંધ:—કર્મ એવી વસ્તુ છે કે તેનું ફળ તેના ભોક્તાને જ અને તેમાં પોતાના આત્મા સિવાય કોઈ પણ કાળે ન્યૂનાધિક્ય કોઈ કરી શકે જ નહિ. આથી જ કહ્યું છે કે—તમે જ તમારો બંધ કે મોક્ષ કરી શકો છો.

[૨૪] નોકરચાકર, પશુઓ, ક્ષેત્રો (ઉઘાડી ભૂમિ), મહેલો, ધન અને ધાન્ય વગેરે સર્વને તજીને માત્ર પોતાનાં શુભ કે અશુભ કર્મોની સાથે રહેલો (કર્મથી પરતંત્ર) એકાકી જીવાત્મા સુંદર કે અસુંદર પરલોક (પરભવ)ને પામે છે.

નોંધઃ—શુભકર્મ હોય તો સારી ગતિમાં તેનું આકર્ષણ થાય છે. ને અશુભ કર્મ હોય તો માઠી ગતિમાં થાય છે.

[૨૫] (મૃત્યુ થયા બાદ) ચિતામાં રાખેલા તેના તે અસાર (ચેતન રહિત) શરીરને અગ્નિથી બાળીને, જ્ઞાતિજનો, પુત્ર અને સ્ત્રી વગેરે (તેને થોડા વખતમાં ભૂલી જઈને) બીજા દાતાર (માલીક) ને અનુસરે છે.

નોંધઃ—વિશ્વમાં સૌ કોઈ સ્વાર્થ પૂરતુંજ સગપણ રાખે છે. એક તરફનો સ્વાર્થ ગયો એટલે સૌ કોઈ બીજાને અનુસરવાનાં.

[૨૬] હે રાજન્! આયુષ્ય તો જરા પણ વિશ્રમ લીધા વિના નિરંતર ક્ષય થતું રહે છે. (જેમ જેમ દિવસો વધે તેમ તેમ આયુષ્યકાળ ઓછો થાય છે) જેમ જેમ જરા અવસ્થા આવતી જાય છે તેમ યૌવનની કાન્તિ હરાતી રહે છે માટે હે પંચાલના રાજેશ્વર! આ વચનને સાંભળી લે. અને મહારંભ (હિંસા તથા વિષયાદિ)નાં ભયંકર કાર્યોને ન કર. (છોડી દે).

ચિત્તનાં એકાંત વૈરાગ્યોત્પાદક અનુભવનાં વચનો સાંભળી બ્રહ્મદત્ત (સંભૂતિ) બોલ્યાઃ—

[૨૭] હે સાધુપુરુષ! જે વાક્યને આપ કહો છો તે હું પણ હવે જાણી શકું છું. આ ભોગોજ મને આસક્તિ (બંધન)ના કારણરૂપ છે. પરંતુ હે આર્ય! અમારા જેવા (દુર્બળ)થી ખરેખર તે દુર્જય છે. (આસક્ત પુરુષોથી કામભોગો છૂટવા દુષ્કર છે.)

[૨૮] હે ચિત્તમુનિ! (તેથીજ હસ્તિનાપુરમાં મહાસમૃદ્ધિવાળા સનત્કુમાર ચક્રવર્તીને જોઈને હું કામભોગોમાં આસક્ત થઈ ગયો અને અશુભ એવું નિયાણું (થોડા માટે ઘણું સાગવું) કરી દીધું.

તે નિદાન કર્યાં પછી પણ (તમારા કહેવા છતાં) નિવારણ ન કર્યું. તેથીજ આ ફળ ભોગવું છે અને ધર્મને જાણવા છતાં પણ કામભોગોની આસક્તિ છોડી શકતો નથી.

નોંધ—વાસના જાગ્યા પછી પણ તે સંબંધી ચિંતનથી તેનું નિવા- [રણ ન] થાય તો પતિત થતા બચી જવાય

[30] જળ પીવા જતાં કાદવમાં ખૂંચી ગયેલો હાથી કાંઠાને જોવા છતાં તેને પામી શકતો નથી તેજ પ્રમાણે કામભોગોમાં આસક્ત થયેલા અમે (કામભોગોના દુષ્ટ પરિણામને જાણવા છતાં) ત્યાગ માર્ગને અનુસરી શકતા નથી.

[31] કાળ ઉતાવળો થાય છે. અને રાત્રિઓ જલદી પસાર થતી જાય છે. (આયુષ્યબળ ક્ષીણ થતું જાય છે.) મનુષ્યોના કામ ભોગો પણ નિત્ય નથી. પક્ષીઓ જેમ ફળ ખરી ગયા પછી વૃક્ષને તજી દે છે તેમ પ્રાપ્ત થયેલા કામભોગો પણ પુરુષને તજી દે છે.

નોંધ:—તરુણવયમાં જે કામભોગો પ્યારા લાગે છે. તેજ વૃદ્ધવયમાં અકારા થઈ પડે છે.

[32] જો ભોગોને સર્વથા છોડવા માટે સમર્થ ન હો તો હે રાજન્ ! દયા, પ્રેમ, પરોપકાર ઇત્યાદિ આર્ય કર્મો કર. સર્વ પ્રજા પર દયાળુ તથા ધર્મપરાયણ થઈશ તો તું અહીં (ગૃહસ્થાશ્રમ)થી પણ ચ્યવીને ઇચ્છા પ્રમાણે રૂપ ધરનારો ઉત્તમ દેવ થઈશ (ચિત્તમુનિ બોલ્યા.)

નોંધ:—ગૃહસ્થાશ્રમમાં પણ યથાશક્ય ત્યાગ કરે તો તે દેવયોનિ પામી શકે છે.

[33] (ભોગાસક્ત નૃપતિ કશું ન સ્વીકારી શકવાથી ચિત્તમુનિ નિર્વેદતા અનુભવીને કહે છે:—) પરંતુ હે રાજન્ ! આ સંસારના આરંભ અને પરિગ્રહોમાં તું ખૂબ આસક્ત થયો

છે. ભોગોને છોડવાની તારી જરા પણ ઇચ્છાજ નથી. તો આટલો વાર્તાલાપ મેં ફોકટજ કર્યો એમ માનું છું. હે નૃપ! હવે હું જવાની ઇચ્છા રાખું છું. (એમ કહીને ચિત્તમુનિ ચાલતા થયા.)

[૩૪] પંચાલપતિ બ્રહ્મદત્તે તે પવિત્ર સાધુનું વચન ન માન્યું અને જેવા ઉત્તમ કામભોગો ભોગવ્યા તેવાજ ઉત્તમ નરકમાં તે ચાલ્યો ગયો.

નોંધઃ—જેવાં કર્મ કરાય તેવું ફળ પમાય.

[૩૫] અને ચિત્તમહર્ષિ કામભોગોથી વિરક્ત રહી, ઉગ્ર ચારિત્ર અને ઉગ્ર તપશ્ચર્યા આદરી તથા શ્રેષ્ઠ સંયમને પાળીને શ્રેષ્ઠ એવી સિદ્ધગતિને પામ્યા.

નોંધઃ—ભોગોને ભોગવ્યા પછી ત્યાગવા એ દુર્લભ અને આસક્તિ હટાવવી એ અતિ દુર્લભ છે. ભોગોની જાળ છૂટવી બહુ બહુ કઠણ છે. માટે મુમુક્ષુએ ભોગોથી દૂરજ રહેવું.

એમ કહું છું.

એ પ્રમાણે ચિત્તસંભૂતિનું તેરમું અધ્યયન સમાપ્ત થયું.



ઈષુકારીય

(ઈષુકાર રાજા સંબંધી)

૧૪

સંયમી અમર જીવનપર પ્રમોદ થાય છે. જગના અનુ-બંધો માત્ર પરિચયથી જાગે છે મનુષ્યભવથી જીવન અનુભવ બને છે અને પરસ્પરના પ્રભાવથી એકબીજા પ્રત્યે સાવધ રહેલા સાધકો સાથે સાથે રહી જીવનના ધ્યેયે પહોંચે વળે છે.

આ અધ્યયનમાં આવતા છ જીવોનું મિલન થયું છે. તે યોનિમાંથી ઉતરી આવેલ છ પૂર્વયોગીઓ એકજ ઈષુકાર નગરમાં અવતર્યા છે. તેમાંના ચાર બ્રાહ્મણકુળમાં અને બે ક્ષત્રિયકુળમાં પોષાયા છે. બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા બે કુમારો પૂર્વ સંસ્કારોની પ્રબળતાથી યુવાનવયમાં ભોગોની લાલસાથી દૂર થ છે. સંસારની વાસનાને દૂર કરી યોગ લેવા પ્રેરાય છે. તેમના મા અને પિતારૂપે માતપિતા બે જીવો પણ તેના યોગબળથી ત ખરે આકર્ષાય છે. અને આખું કુટુંબ ત્યાગમાર્ગને શીઘ્ર અંગીકાર કરી લે છે.

ઈષુકારનગરમાં ધનમાલ અને પરિવાર-આદિનાં બંધનને તોડી એકીસાથે આ ચાર સમર્થ આત્માઓનું મહાભિનિષ્ક્રમણ અજબ વિસ્મયતા જગાડે છે. આખા શહેરમાં ધન્યવાદના ધ્વનિઓ ગાજી રહે છે. આ સાંભળી પૂર્વભવની પ્રેરણા રાણી-જીને પણ જાગૃત થઈ જાય છે. અને તે ભાવનાની અસર રાજા-

છએ પણ એકાએક થઈ આવે છે અને આવી રીતે એ છએ જીવાત્માઓ સંયમમાર્ગને અંગીકાર કરી આકરાં તપશ્ચરણ અને સાધુતા સેવી અંતિમ ધ્યેયને પામી જાય છે. તે બધો ઉલ્લેખ આ અધ્યયનમાં મળે છે

ભગવાન બોલ્યા:—

[૧] પૂર્વભવમા દેવો થઈને એક વિમાનમાં રહેલા કેટલાક (૭) જીવો દેવલોક જેવા રમ્ય, સમૃદ્ધ, પ્રાચીન અને પ્રસિદ્ધ એવા ઈષુકાર નામના નગરમાં ઉત્પન્ન થયા.

[૨] પોતાનાં શેષ (બાકી રહેલા) કર્મો વડે ઉચ્ચ એવા કુળમાં ઉત્પન્ન થયા છે અને પછીથી ત્યાં સંસારભયથી ઉદ્વિગ્ન થઈ સંસારને છોડીને જિનેંદ્રમાર્ગ (સંયમ ધર્મ) ને શરણે ગયા છે.

[૩] તે છ જીવો પૈકી એક પુરોહિત અને જશા નામની તેની પત્ની થયાં. અને બીજા બે જીવ પુરુષપણું પામીને તેમના કુમારરૂપે થયા.

નોંધઃ—ચાર જીવો બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયા અને બે ક્ષત્રિય કુળમાં જન્મ્યા.

[૪] જન્મ, જરા અને મૃત્યુના ભયથી ત્રાસેલા અને તેથીજ સંસારની બહાર નીકળવાની ઈચ્છાવાળા તે બે કુમારો સંસારના ચક્ર (પરિભ્રમણ) થી છૂટવા માટે કોઇ યોગીશ્વરને જોઈને (તે નિમિત્તથી) કામભોગોથી વિરક્ત થયા.

નોંધઃ—જંગલમાં કેટલાએક યોગીજનોનાં દર્શન થયા પછી પૂર્વયોગનું સ્મરણ થયું અને જન્મ, જરા મૃત્યુના દુઃખથી ભરેલા આ સંસારમાંથી છૂટવા માટે આદર્શ ત્યાગની અપેક્ષા જાગી

[૫] પોતાના કર્મમાં પરાયણ એવા પુરોહિત બ્રાહ્મણના તે બન્ને બાળકોને પોતાના પૂર્વજન્મોનું સ્મરણ થયું. અને પૂર્વકાળમાં સંયમ તથા તપશ્ચર્યાનું સેવન કરેલું તે પણ યાદ આવ્યાં.

નોંધઃ—બ્રાહ્મણનું કાર્ય તે સમયે યજ્ઞયાગાદિ પરત્વે વિશેષ રહેતું.

[૬] તેથી તેઓ મનુષ્યજીવનમાં દિવ્ય ગણાતા એવા એક કામભોગોમાં પણ આસક્ત ન થયા. અને ઉત્પન્ન થયેલા અપૂર્વ વિશ્વાસથી મોક્ષના અભિલાષાવાળા તે કુમારો પોતાના પિતા પાસે આવીને નમ્રતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા.—

[૭] આ વિહાર-જીવન અનિત્ય છે. વળી બહુ રોગાદિની અંતરાય વાળું અને અલ્પ આયુષ્યયુક્ત છે. તેથી અમોને આવા (સંસાર વધારનાર) ગૃહસ્થજીવનમાં (જરાપણ) સંતોષ થતો નથી. માટે મુનિપણું (ત્યાગજીવન) ગ્રહણ કરવા માટે આપની પાસે આજ્ઞા માગીએ છીએ.

[૮] (આ સાંભળીને દુઃખી થયેલા) તેમના પિતાજી; તે બન્ને મુનિ (ભાવનાથી ચારિત્રશાલી) એવા તપ (સંયમી જીવન) માં બાધા કરનારું વચન બોલ્યા;—વેદના પારંગત પુરુષો "પુત્રરહિત પુરુષો ઉત્તમગતિને પામતા નથી." તેમ કહે છે.

નોંધ:—

अपुत्रस्य गतिर्नास्ति स्वर्गो नैव च नैव च ।
तस्मात् पुत्रमुखं दृष्ट्वा पश्चाद् धर्मं समाचरेत् ॥

વેદધર્મનું આ વચન માત્ર અમુક અપેક્ષાએ કહેવાયેલું છે. વેદ ધર્મમાં પણ બ્રહ્મચારી અવસ્થામાંથી કેક ત્યાગી પુરુષો પાક્યા છે.

અને કહ્યું છે કે:—

अनेकानि सहस्राणि कुमारा ब्रह्मचारिणः ।
स्वर्गं गच्छन्ति राजेन्द्र अकृत्वा कुलसंततिम् ॥

• તે બન્ને બાળકોએ હજુ ત્યાગીનો વેશ ધારણ કર્યો ન હતો. અહીં ભાવનાનું પ્રબળપણું બતાવવા માટે મુનિપદ લીધું છે.

[૯] માટે હે પુત્રો! વેદોને બરાબર ભણીને બ્રાહ્મણોને સંતોષીને અને પુત્રોને ઘરનો તેમજ સ્ત્રીઓ સાથે ભોગો ભોગવીને

અવસ્થા ભોગવીને, પછીજ અરણ્યમાં જઈ પ્રશસ્ત સંયમી થજો.

નોંધ:—તે કાળમાં બ્રાહ્મણોને દાન આપવું અને વેદોનું અધ્યયન કરવું તે બન્ને, ગૃહસ્થ ધર્મનાં ઉત્તમ અંગો મનાતાં. ગૃહધર્મની છાપ દરેક જીવો પર રહેલ છે તેથી અહીં બ્રહ્મચર્યાશ્રમ પછી ગૃહસ્થાશ્રમ પાળી ત્યાર બાદ વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાનું કહે છે. પરંતુ આવું પ્રતિપાદન કરવામાં ખાસ કરીને પુત્રોપરની આસક્તિજ સ્પષ્ટ જણાય છે.

[૧૦] બહિરાત્માના ગુણ (રાગ) રૂપી લાકડાંથી અને મોહરૂપી વાયુથી અધિક જાજ્વલ્યમાન એવા પુત્રવિયોગના શોકરૂપી અગ્નિથી બળતા અંતઃકરણવાળા અને દીનવચન (રે પુત્રો ! ત્યાગી ન બનો એમ મોહથી, વલવલાટ કરતા અને) વારંવાર બોલતા—

[૧૧] વળી જુદાં જુદાં પ્રલોભન આપતા તથા પોતાના પુત્રોને ક્રમપૂર્વક ધનવડે ભોગજન્ય સુખનું નિમંત્રણ કરતા એવા પુરોહિત (પિતા) ને તે બન્ને કુમારો વિચારપૂર્વક આ વાક્ય કહેવા લાગ્યા:—

[૧૨] વેદો માત્ર ભણી જવાથી તે શરણરૂપ થઈ શકતા નથી. જમાડેલા બ્રાહ્મણો કંઈ પ્રકાશ (આત્મજ્ઞાન) મા લઈ જઈ શકતા નથી. તેમ ઉત્પન્ન થયેલા પુત્રો પણ કંઈ (પાપકર્મનાં ફળ ભોગવવામા) શરણરૂપ થતા નથી. તો હે પિતાજી ! આ આપનું કથન કોણ માની શકે ?

નોંધ:—પોતાના ધર્મને ભૂલેલા બ્રાહ્મણોને જમાડવાથી કંઈ સદ્ધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. બલ્કે અજ્ઞાન પેસે છે. વેદોનું અધ્યયન પણ કંઈ સ્વર્ગ આપી શકે નહિ. સ્વર્ગ કે મુક્તિ તો આચરેલો સત્યધર્મ જ આપી શકે.

[૧૩] વળી કામભોગો પણ ક્ષણમાત્રજ સુખ અને બહુકાળ દુઃખ આપનારા છે. જે વસ્તુમાં ઘણું દુઃખ હોય તે વસ્તુ સુખ

છે માટે હે પિતા ! વાસ્તવિક રીતે સંયમ, યોગ કે તપ લૌકિક સુખ માટે છેજ નહિ. કેવળ આત્મસુખ પ્રાપ્ત કરવાનાંજ તે સાધનો છે.

[૧૭] (પુત્રોએ કહ્યું:-હે પિતાજી !) આવા ધર્મની ધુરાના અધિકારમાં–સ્વજન, ધન, કે કામભોગોની કશી આવશ્યકતા હોતીજ નથી. તે માટે તો અમે: જગતમાં પ્રતિબંધ રહિત ફરનારા અને ભિક્ષાજીવી બની ગુણના સમૂહને ધારણ કરનારા એવા સાધુ થઇશું.

નોંધ—આ નાના ઘરનું મમત્વ છોડી આખા વિશ્વમાં પ્રવેશ કરીશું અને ભિક્ષાજીવી આદર્શ સાધુ બની આત્મગુણની આરાધના કરીશું.

[૧૮] જેમ અરણિમા અગ્નિ, દૂધમા ઘી અને તલમાં તેલ પ્રત્યક્ષ ન દેખાવા છતા સંયોગબળથી ઉત્પન્ન થાય છે. તેજ રીતે હે બાળકો ! પંચભૂતાત્મક શરીરમાંથીજ જીવ ઉત્પન્ન થાય છે અને શરીરના નાશની સાથેજ જીવ નષ્ટ થાય છે. શરીર નાશ પામ્યા પછી ચેતન રહેતોજ નથી. (તો પછી ધર્મ શામાટે ? અને સંયમ શા માટે ?)

નોંધ:—ચાર્વાક મતનું એ કથન છે કે પંચ મહાભૂતથીજ કોઇ શક્તિ ઉત્પન્ન થાય છે અને તે શરીરની સાથેજ ક્ષીણ થાય છે. પરંતુ વાસ્તવિક રીતે ચેતન શક્તિનો ક્ષય કદી થઈ શકેજ નહિ અરણી, તલ અને દૂધમાં અગ્નિ, તેલ અને ઘી બહાર ન દેખાવા છતાં તે અવ્યક્ત રીતે અવશ્ય રહ્યુંજ હોય છે. તેમ શરીર ધારણ કરતી વખતે કર્મથી સંડોવાયેલું ચેતનતત્ત્વ રહેલુંજ હોય છે, અને શરીર ક્ષીણ થયે (કર્માનુકૂળ) બીજા શરીરમાં ચાલ્યું જાય છે.

[૧૯] (પુત્રોએ કહ્યું:–હે પિતાજી !) આત્મા અમૂર્ત હોવાથી ઇંદ્રિયો-દ્વારા ગ્રહણ કરી (જોઇ કે સ્પર્શી) શકાતો નથી. વળી ખરે-ખર અમૂર્ત હોવાથીજ તે નિત્ય ગણાય છે. આત્મા નિત્ય હોવા છતાં જીવાત્મામાં રહેલા અજ્ઞાનાદિ દોષોએ કરીને તે

કાળના જીવનમાં અધર્મને કરનારના અધર્મો નિષ્ફળ ચાલ્યા જાય છે.

નોંધઃ—ગયેલી રાત્રિ પુનઃ પુનઃ સાંપડતી નથી. અધમ જ્યાં જ્યાં પણ પશ્ચાત્તાપને મૂકી જાય છે.

[૨૫] જે જે રાત્રિદિવસ જાય છે, તે પાછાં ફરતાં નથી. પણ સદ્ધર્મના આચરનારને તે સફળ થઈ જાય છે.

નોંધઃ—સમયનો સદુપયોગ કરનારને સમય હાથમાંથી ગયા પછી પસ્તાવું પડતું નથી.

• પુત્રનાં અમૃત વચનોએ પિતાનું હૃદય પલટાવ્યું હતું છતાં વાત્સલ્યનો પ્રવાહ વિખૂટો પાડતાં રોકી રહ્યો હતો.

તે બોલ્યાઃ—

[૨૬] હે પુત્રો ! સમ્યક્ત્વસંયુક્ત થઈને (આસક્તિ રહિત બનીને) થોડો કાળ ચારે જણા (માતા, પિતા અને બે પુત્રો) ગૃહસ્થાશ્રમમાં થોડો વખત રહીને પછી ઘેરઘેર ભિક્ષાથી જીવન ચલાવનારા આપણે બધા આદર્શ ત્યાગી થઈશું.

[૨૭] (પુત્રોએ કહ્યું:–પિતાજી !) જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, જે મૃત્યુથી છૂટી શકતો હોય અથવા જે જાણતો હોય કે હું મરીશ નહિ તેજ ખરેખર આવતી કાલ પર વિશ્વાસ રાખી શકે.

નોંધઃ—કેટલી જિજ્ઞાસા ! કેટલી તાલાવેલી ! આદર્શ વૈરાગીનાં કેવાં હૃદયભેદક વચનો ! શું આ ભાવ અંતરની ઊંડી પ્રતીતિ વિના કે ત્યાગની યોગ્યતા વિના ઉદ્ભવી શકે ? સત્યની તાલાવેલી પછી ક્ષણવાર પણ થોભવું તેને અસહ્ય થઈ પડતું હતું.

[૨૮] માટે જેને મેળવીને ફરીથી જન્મજ ન લેવો પડે તેવા સાધર્મ (ત્યાગમાર્ગ) ને આજેજ અંગીકાર કરીશું

[illegible] નથી ભોગવતાં તેનું તેજ નહિ. માટે [illegible] (સમાધિની [illegible]) ને [illegible] [illegible] [illegible] છે.

તરૂણ પુત્રોનાં હૃદયદ્રાવક વચનોએ પિતાજીના પૂર્વ સંસ્કારને જાગૃત કરી દીધા. તેણે પોતાનાં ધર્મપત્નીને ઉદ્દેશીને કહ્યું:

[૨૯] હે વાશિષ્ઠિ ! મારે માટે ભિક્ષાચરી (ભિક્ષુધર્મ ગ્રહણ કરવા) નો સમય હવે આવી ગયો છે કારણ કે જેમ વૃક્ષ શાખાઓ [illegible] છે. અને સ્થિર રહે છે. શાખાઓ છેદાઈ [illegible] પછી [illegible] ઠૂંઠું દેખાય છે તેમ એ પુત્રો વિના મારે પણ ગૃહસ્થાશ્રમમાં રહેવું યોગ્ય નથી.

નોંધ—પત્નીનું વશિષ્ઠ ગોત્ર હોવાથી તે સંબોધન લીધું છે.

[૩૦] જેમ પાંખવિનાનું પક્ષી, સંગ્રામમાં સેનાવિનાનો રાજા અને વહાણમાં દ્રવ્યવિનાનો વાણિયો શોભતો નથી. અને શોક કરે છે. તેજ રીતે પુત્રવિનાનો હું પણ શોભતો નથી. અને દુઃખી થઉં છું.

[૩૧] (આ સાંભળી યશા ભાર્યા પતિને ડગાવવા કસોટી કરવા કહેવા લાગી:—) ઉત્તમ પ્રકારના રસવાળાં અને સુંદર આ બધા કામભોગોના સાધનો એકઠા થયાં છે તો હમણાં તે કામભોગો (ઇંદ્રિયોના શબ્દાદિક વિષયોને) ખૂબ ભોગવી લઈએ. પછી સંયમ માર્ગ અવશ્ય અંગીકાર કરીશું.

[૩૨] હે ભગવતિ ! (કામભોગોના) રસો ખૂબ ભોગવી લીધા છે. યૌવન હવે ચાલ્યું જાય છે. વળી અસંયમય જીવિત ભોગવવા માટે (કે બીજી કોઈ ઇચ્છાથી) હું ભોગોને તજતો નથી પરંતુ ત્યાગી જીવનનાં લાભ, અલાભ, સુખ અને દુઃખને ખૂબ વિચારીનેજ મૌન (સંયમમાર્ગ) ને આદરું છું.

નોંધઃ—ભિક્ષુજીવનમાં એ ભિક્ષા મળે ન મળે, અનેક પ્રકારનાં [illegible] પણ આવે, ગૃહસ્થજીવનમાં એ બધું કશું નથી. [illegible] [illegible] છે [illegible] [illegible] પૂર્વભવ [illegible] [illegible] [illegible] છે. ત્યાગમાં જે દુઃખ છે તે [illegible] છે, અને [illegible] છે તે [illegible] છે એમ [illegible], એ [illegible] એ [illegible] [illegible] [illegible] [illegible] અનુભવ્યો નથી અને અનુભવશે પણ નહિ.

[૩૩] પાણીના પૂરની સામે જનારો જઈ હંસ જેમ પાણીમાં ડૂબે છે (ખેદ પામે છે) તેમ જ અમે પણ સ્નેહીજનોને સ્વે સંભારીને ખેદ પામશે' (કે હાય ' એ બધા માટે સંયમમાર્ગ ગ્રહણ કર્યો! તેમ) માટે ગૃહસ્થાશ્રમમાં સાથે રહીને ભોગોને ભોગવ. ભિક્ષાચરી (ભિક્ષુધર્મ) ની વાટ બહુજ દુઃખદ છે.

નોંધઃ—આ શ્લોકમાં સંયમ માર્ગનાં દુઃખ અને ગૃહજીવનના પ્રલોભન આપી પાછા ફેરવવા [illegible] છે.

[૩૪] હે ભદ્રે ! જેમ સર્પ શરીરની કાંચળી છોડીને ચાલ્યો જાય છે. તેમ આ બે તરુણ પુત્રો ભોગોને છોડી ચાલ્યા જાય છે. તો હું શા માટે તેને ન અનુસરું !

નોંધઃ—સર્પ પોતાના શરીરમા ઉત્પન્ન થયેલી હોવા છતાં કાંચળીને વળી તેને લેવા પ્રેરાતો નથી. તેમ સાધકોએ આસક્તિની કાંચળીને છોડી દેવી એજ યોગ્ય છે.

[૩૫] (જશા વિચારવા લાગી કે આ બધા–) જેમ રોહિત જાતનાં (શક્તિવાળાં) માછલાં (તીક્ષ્ણ પૂંછડેથી) જીર્ણ જાળને છેદીને જાળમાંથી છૂટી જાય તેમ કામભોગોથી છૂટી જાય છે. અને જાતિમાન બળદની જેમ ચારિત્રના ભારને વહનારા તેમજ ઉદાર તપશ્ચર્યાવાળા તે ધીર પુરુષો ખરેખર ત્યાગ માર્ગમાંજ ગમન કરે છે.

[૩૬] જેમ ફેલાયેલી જાળોને તોડી નાખીને પક્ષીઓ ખૂબ દૂર દૂર

[illegible]
[illegible]
[illegible] !

આવી રીતે જો મારે સમસ્ત આત્માઓ પોતાના કાળમાં અનેક પ્રકારનાં ધન, માલ, પરિવાર, નોકર ચાકર વગેરેને નિરાશક્તભાવે છોડી ત્યાગધર્મને સ્વીકારી લે છે, અને તેમની મિલકતનો કોઈ વારસ ન હોવાથી તે બધું રાજદરબારમાં પહોંચે છે.

[૩૭] વિશાળ અને કુલીન કુટુંબ, ધન અને ભોગોને છોડીને અને પુત્ર અને પત્ની સહિત ભૃગુ પુરોહિતનું અભિનિષ્ક્રમણ (સંયમમાર્ગનું સ્વીકારવું) સાંભળીને (અને તેણે તજેલા વૈભવો મહારાજા ગ્રહણ કરી રહ્યા હતા તે જોઈને) રાણી કમળાવતી વારંવાર આ પ્રમાણે કહેવા લાગ્યાં:—

[૩૮] હે રાજન્! વમન કરેલાને ખાય તે પુરુષ પ્રશંસા પાત્ર ગણાય નહિ. માટે આપણે જે ધનને વમી દીધું (છોડી દીધું) તે ધનને ગ્રહણ કરવાની આપ ઇચ્છા ધરાવો છો તે કોઈ રીતે યોગ્ય નથી.

[૩૯] હે રાજન્! કોઈ તમને આખું જગત કે જગતનું સર્વ ધન આપી દે તો પણ તમારે માટે તે પૂર્ણ નથી. (તૃષ્ણાનો પાર કદી આવવાનો જ નથી.) વળી હે રાજન્! આપને તે શરણરૂપ પણ કદી થવાનું નથી.

[૪૦] હે રાજન્! જ્યારે ત્યારે આ બધા મનોહર કામભોગોને છોડીને તમે મરવાના છો. મરણ સમયે આ બધું શરણરૂપ થવાનું નથી. ખરેખર હે નરપતિ! તે સમયે એક માત્ર આ ધર્મજ શરણભૂત થશે. બીજું કશું (ધનાદિ) પણ શરણરૂપ થઈ શકશે નહિ.

નોંધઃ—રાણીનાં આ વચનો એકાંત તેમના હૃદય વૈરાગ્યનાં સૂચક છે. મહારાજાએ ચિકિત્સા માટે કહ્યુંઃ– જો આવું સમજો છો તો ગૃહસ્થાશ્રમમાં હજુ શા માટે રહ્યાં છો?

[૪૧] જેમ પિંજરામાં પક્ષિણી (પંખિણી) આનંદ પામી શકતી નથી. તેમ (આ રાજ્ય સુખથી ભરેલા અંતઃપુરમાં) હું પણ આનંદ પામતી નથી. માટે સ્નેહરૂપી તાંતણાને છેદીને તથા આરંભ (સૂક્ષ્મહિંસાદિ ક્રિયા) અને પરિગ્રહ (સંગ્રહવૃત્તિ) ના દોષથી નિવૃત્ત, અકિંચન (પાસે કશું પણ ધન ન રાખનાર), નિરાસક્ત અને સરળભાવી બનીને સંયમમાર્ગમાં ગમન કરીશ.

[૪૨] જેમ જંગલમાં દવાગ્નિથી પશુઓ બળતાં હોય ત્યારે દાવાનળથી દૂર રહેલા બીજાં પ્રાણીઓ રાગદ્વેષને વશ થઇને આનંદ પામતાં હોય છે. પરંતુ પાછળથી તેઓની પણ તેજ ગતિ થાય છે.

[૪૩] એજ પ્રમાણે કામભોગોમાં લુબ્ધ થયેલાં આપણે રાગ અને દ્વેષરૂપ અગ્નિથી બળી રહેલા આખા જગતને મૂઢની પેઠે જાણી શકતાં નથી.

[૪૪] ભોગવેલા ભોગોને સ્વઇચ્છાથી વમી (તજીને) સંયમને વિષે આનંદપૂર્વક જેમ પંખી પોતાની ઇચ્છાપૂર્વક વિચરે છે. તેમ આપણે પણ ગામ, નગર ઇત્યાદિ સ્થળે અપ્રતિબંધ થઇને વિચરવું જોઇએ.

[૪૫] આપણા હાથમાં આવેલા આવા ભોગો પણ સ્થિર રહેવાના નથી. (સ્પંદન કરી રહ્યાં છે). માટે જેમ આ (પુરોહિત વ.) ચારે જણાએ ત્યાગ કર્યો તેમ આપણે પણ ત્યાગ કરવો ઘટે.

[૪૬] માંસવાળા પક્ષી (ગીધ)ને જોઇને સૌ કોઇ (બીજાં પક્ષીઓ) માંસ લેવા માટે તેને દુઃખી કરે છે. પરંતુ માંસ વિનાના

[illegible] થઈ નથી [illegible] [illegible] (નિરાકાર) [illegible]

[૪૭] ઉપર કહેલાં [illegible] [illegible] [illegible] [illegible] કરીને [illegible] પણ [illegible] કરીને [illegible]

[૪૮] હે મહારાજ ! [illegible] પોતાની વસતિ (નિવાસસ્થાન, [illegible])માં [illegible] આનંદ પામે તેમ સંસારના [illegible] છૂટી ગયા પછી [illegible] આનંદ પામે) તે પ્રમાણે રાજન્ ! તું [illegible] [illegible] છે [illegible]

નોંધ-રાણીથી પણ પુરુષ જેટલું સામર્થ્ય પ્રગટે છે. પુરુષ અને સ્ત્રીઓ એ બન્ને આત્મવિકાસના સમાન સાધક છે. જેમ પુરુષને જ્ઞાન અને મોક્ષના અધિકાર છે તેમ સ્ત્રીઓને પણ છે. [illegible] પામે છે પછી તે સ્ત્રી હો કે પુરુષ હો।

[૪૯] (કમળાવતી મહારાણીના આવા કલ્યાણકારી ઉદ્‌ગારો સાંભળીને ઇષુકાર મહારાજની મોહ-નિદ્રા ઊડી ગઈ) ત્યારબાદ રાણી તથા રાજાએ વિસ્તારવાળું મોટું રાજ્ય અને દુઃખે કરીને તજાય તેવા આકર્ષક કામભોગોને તજી દઈને નિર્વિષયી, નિઃસ્નેહી, આસક્તિમુક્ત અને પરિગ્રહથી રહિત થયાં

[૫૦] ઉત્તમ કામભોગોને તજ્યા પછી અતિ પુરુષાર્થવાળાં તે દંપતીએ સાચા ધર્મને સમજીને સર્વ પ્રસિદ્ધ એવી તપશ્ચર્યાનો અંગીકાર કરી.

નોંધઃ—આંતરિક અને બાહ્ય એવી બાર પ્રકારની તપશ્ચર્યા છે. કર્મરૂપ કાષ્ઠને બાળવામાં તપશ્ચર્યા અગ્નિ જેવું કાર્ય કરે છે. તેનું વિસ્તૃત વર્ણન આગળ ૩૦ મા અધ્યયનમાં આવશે.

[૫૧] એ પ્રમાણે તે ક્રમપૂર્વક છએ જીવો જરા અને મૃત્યુના ભયથી ખેદ પામીને ધર્મપરાયણ થયા અને દુઃખના અંતની (મોક્ષમાર્ગની) શોધ કરી ક્રમપૂર્વક બુદ્ધ થયા.

[૫૨] વીતમોહ (મોહથી રહિત તેવા) જિનેશ્વરના શાસનમાં પૂર્વે ભાવેલી ભાવનાઓ (ગત જન્મોમાં કરેલું ચિંતન)ને સંભારીને થોડાજ કાળમાં તે છએ જીવો દુઃખના અંતને પામ્યા.

[૫૩] દેવી કમળાવતી, રાજા, પુરોહિત બ્રાહ્મણ (ભૃગુ), જશા નામની બ્રાહ્મણી, અને તેના બન્ને પુત્રો એમ છએ જીવો મુક્તિને પામ્યા.

સુધર્મસ્વામીએ જંબૂને કહ્યું:–

"એમ ભગવાન બોલ્યા હતા."

એ પ્રમાણે ઇષુકાર સંબંધી ચૌદમું અધ્યયન સમાપ્ત થયું.



સ ભિક્ખૂ

તે જ સાધુ

૧૫

સંસારમાં પતનનાં નિમિત્તો પુષ્કળ છે. માટે સાધકોએ સાવધ રહેવું. ભિક્ષુ આહાર અને વસ્ત્રાદિ આવશ્યક વસ્તુઓમાં પણ સંયમ રાખે એ સાધકદશા માટે ઉપયોગી જ છે પરંતુ સત્કાર, માન કે પ્રતિષ્ઠાની લાલસા રોકવી એ પણ તેટલું જ ઉપયોગી સમજવું.

વિવિધ વિદ્યાઓ કે જે ત્યાગી જીવનમાં ઉપયોગી નથી. તે શીખીને સમયનો દુરુપયોગ કરવો તે સંયમ જીવિતને બાધકરૂપ છે. તપશ્ચર્યા અને સહિષ્ણુતા એ જ આત્મવિકાસના ગગનમાં ઉડવાની પાંખો છે. ભિક્ષુઓ એ બન્ને પાંખોને ખૂબ સંભાળી સાથે લઇને ઉંચે ને ઉંચે ઉડે.

ભગવાન બોલ્યાઃ—

[૧] સાચા ધર્મને વિવેકપૂર્વક અંગીકાર કરી, અન્ય ભિક્ષુઓ સંગાથે રહી નિયાણા (વાસના)ને છેદી, સરળ થઇ અને ચારિત્રધર્મમાં ચાલે. તેમજ કામભોગોને ન ઇચ્છી, પૂર્વાશ્રમના સબંધીઓની સાથે આસક્તિ છોડી દે અને અજ્ઞાત (નહિ જાણેલા) ઘરોમાં ભિક્ષાચરી કરીને આનંદપૂર્વક સંયમધર્મમાં ગમન કરે તેજ સાધુ કહેવાય.

નોંધઃ—અજ્ઞાત એટલે "આજે અમારે ત્યાં સાધુજી પધારવાના છે માટે ભોજન કરી રાખીએ." તેમ ન જાણનારાં ઘરો

[૨] કલહકારિણી કથાથી વિરક્ત થઈ, જિતેન્દ્રિય, આત્માને મનનો સંયમી, પ્રશાંત, શાંતિમાં નિરત થઈ, યોગમાં ધ્રુવ અને અચપળ રહીને આત્માનુભવ કર્યાને કોઈ વસ્તુ પ્રિય થવાં છતાં જેના મનમાં ન પ્રવેશે તેજ ભિક્ષુ કહેવાય.

[૩] જેઓ આક્રોશ (કઠોર વચન) કરે કે મારે, તો તેને ઇન્દ્રિયરૂપ કંટકોને ધૈર્યપૂર્વક સહનાર, પ્રશાંત અને આત્માને સ્થિર રાખનાર અને ભયાકુળ ભિન્ન શબ્દો થયાં છતાં દુઃખમાં કઠિન અને સુખમાં સમભાવથી સહન કરે તેજ ભિક્ષુ કહેવાય.

[૪] શરીર અને જીવને જુદાં જાણી અને આત્માને ઓળખે ટાઢ, તાપ, ડાંસ, મચ્છર ઇત્યાદિ બધુ વ્યાકુળતા રહિત થઈ શાંતિપૂર્વક સહન કરે તેજ ભિક્ષુ કહેવાય.

[૫] સત્કાર કે પૂજનની લાલસા ન રાખે. કોઈ વંદન કે ગુણની પ્રશંસા કરે તો પણ અભિમાન ન લાવે. એવા સંયમી, સદાચારી, તપસ્વી, જ્ઞાનવાન, ક્રિયાવાન અને આત્મદર્શનના જ શોધક હોય તેજ ભિક્ષુ કહેવાય.

[૬] જેનાથી સંયમી જીવન હણાતું હોય તેવું કાર્ય ન કરે, સકળ મોહને દબાવે અને નરનારીનો (મોહવર્ધક) સંગ છોડીને તપસ્વી થઇ વિચરે, તેમજ તમાશા જેવી વસ્તુઓમાં રસ ન લે તે જ ભિક્ષુ કહેવાય.

નોંધઃ—આ શ્લોકનો અર્થ આ રીતે પણ થાય છે કે જે નરનારી (સ્વજનસમૂહ) થી (પૂર્વ પરિચિત હોવાથી) મોહ ઉત્પન્ન થાય અને સંયમરૂપ જીવિત હણાય તેવાનો સંગ છોડી દઈ તપસ્વી થઈ વિચરે અને ખેલ તમાશામાં રસ ન લે તેજ ભિક્ષુ કહેવાય.

[૭] નખ, વસ્ત્ર અને દાંત વગેરે છેદવાની વિદ્યા, રાગ

સંયમમાના દોષ સાથે આ લોક સંબંધી ફળની ઈચ્છા માટે પરિચય ન કરે તેજ સાધુ કહેવાય.

નોંધઃ–ગૃહસ્થોના આઠ પરિચયથી તેના નિમિત્તે કરી આરંભમાં લાગી જવાય તેવાં કાર્યો કરી નાખવાં પડે માટે ગૃહસ્થોનો આ લોકના કોઈ પણ સ્વાર્થ માટે પરિચય ન વધારવો. સૌ સાથે મુનિરાજને કેવળ પારમાર્થિક (ધાર્મિક) જ સંબંધ હોવો જોઈએ

[૧૧] આવશ્યક શય્યા (પાછી શય્યા વપરાતી તે) પાટ, પાટલા આહાર પાણી કે બીજી કોઈ ખાવાલાયક વસ્તુ કિંવા મુખવાસાદિની ગૃહસ્થ પાસે ભિક્ષુ યાચના કરે અને કદાચ કોઈ ન આપે તો તેના પર જરાએ મન કે વચનથી દ્વેષ ન કરે કે ખોટું ન લગાડે તેજ સાધુ કહેવાય.

નોંધઃ–ત્યાગીને માન અને અપમાન બન્ને સરખાં છે.

[૧૨] અનેક પ્રકારના અન્ન પાણી (અચિત્ત) મેવા કે મુખવાસ વગેરે ગૃહસ્થ પાસેથી મેળવીને સંગાથી સાધુને ભાગ આપીને પછી ભોજન કરે તેમજ મન, વાણી અને કાયાનું સંવરણ કરે તેજ ભિક્ષુ કહેવાય.

નોંધઃ–અથવા "तिविहेण नाणुकंपे" એટલે મન, વચન કે કાયાથી ભિક્ષુ ધર્મદ્વારા મેળવેલા આહાર પૈકી અન્ય કોઇને આપી ન દે તેમ કરવાથી ભવિષ્યમાં ભિક્ષુધર્મના ભંગનો વિશેષ સંદેહ રહે છે.

[૧૩] ઓસામણ, જવનું ભોજન, ગૃહસ્થનો ઠંડો આહાર, જવ કે કાંજીનું પાણી ઇત્યાદિ ખોરાક (રસ કે અન્ન) મેળવીને તે ભોજનની નિંદા ન કરે તથા સામાન્ય સ્થિતિનાં ઘરોને વિષે પણ ભિક્ષાને અર્થે વિચરે તેજ સાધુ કહેવાય.

નોંધઃ–ભિક્ષુને સંયમીજીવનના નિર્વાહ માટેજ ભોજન કરવાનું હોય છે. રસાળ અને સ્વાદુ ભોજનોની વાંચ્છના રાખી ધનવાનને ભિક્ષાર્થે જવું એ સાધુતાની ત્રુટી ગણાય.

વિદ્યા, ભૂકંપનો વિચાર, આકાશમાં નાગ વગેરે જ્ઞાન, સ્વપ્નવિદ્યા, સ્ત્રી પુરુષોના લક્ષણ જાણવાની અગરકુરણની વિદ્યા, દંડવિદ્યા, ઘરમાં દાટેલું જાણવાની વિદ્યા, પશુપક્ષીના સ્વર ઓળખી કાર્ય થશે કે કેમ? તે જાણવાનું શાસ્ત્ર—આવી વિદ્યા પોતાનું સંયમી જીવન જે ન ચલાવે તેજ સાધુ કહેવાય.

[૮] મંત્ર, જડીબુટ્ટી, આદિ ઔષધો, અને જુદી જુદી વૈદિક ઉપચારો જાણીને આચરવા કે વમન કરાવવું, આપવા, ધૂપ દેવા, આંખના અંજન બનાવવા, કરાવવું, રોગ આવ્યે આતુરતાપૂર્વક માતાપિતાદિને અને વૈદક શીખવું એ ત્યાગીઓને માટે યોગ્ય નથી. તેને છોડી દે તેજ સાધુ કહેવાય.

નોંધ:-ઉપરની વિદ્યાઓ અને તેને અંગે થતી ક્રિયાઓ પરિ એકાન્ત ત્યાગ ધર્મથી પતિત કરાવનારીજ નીવડે છે. માટે જૈન મુ તેવી ક્રિયા કરતા નથી, કરાવતા નથી અને કરનારને અનુમોદન આપતા નથી.

[૯] ક્ષત્રિયોના સમૂહ, ઉગ્રકુળના રાજપુત્રો, બ્રાહ્મણો, ભો કે ભિન્નભિન્ન પ્રકારના શિલ્પીઓની પૂજા કે પ્રશંસા ન તેઓની પૂજા કે પ્રશંસા સંયમી જીવનને ઉપકારક નથી. જાણીને છોડી દે તેજ ભિક્ષુ કહેવાય.

નોંધ:—રાજાઓ કે તેવા મોટા પુરુષોની કે તેના આશ્રિતનું તે ખૂબ જોર હતુ તેવા પુરુષોની ભિક્ષુઓએ ખોટી પ્રશંસા કરવી ત્યાગી જીવનનું ભયંકર દૂષણ છે. યોગીએ તો સદા આત્મમગ્ન વિચરવું. તેવી ખુશામત કરવાથી આત્મધર્મ દબાય છે.

[૧૦] ગૃહસ્થાશ્રમમાં જે ગૃહસ્થીઓ સાથે અતિપરિચય થયો હો તે અને ત્યાગાશ્રમમાં જે ગૃહસ્થોના સહવાસમાં આવેલ હો

બ્રહ્મચર્ય સમાધિનાં સ્થાનો

૧૬

બ્રહ્મ (પરમાત્માનું સ્વરૂપ) માં ચર્યા કરવી અથવા આત્મસ્વરૂપની પૂર્ણપણે પ્રાપ્તિ કરવી તે સૌ કોઈનું ધ્યેય છે. એટલે બ્રહ્મચર્યની આવશ્યકતા એ જીવનની આવશ્યકતા જેટલી જ અનિવાર્ય છે. અબ્રહ્મચર્ય એ જડસંસર્ગથી જન્મેલો વિકાર છે. આ વિકારની જીવાત્મા પર જેટલી મોહનીય કર્મ (મોહ ઉત્પન્ન કરે એ વાસના) ની અસર હોય છે તે પ્રમાણમાં ભયંકર નીવડે છે. સંસારમાં જેટલા અનર્થો, આપત્તિઓ અને દુઃખો જીવાત્મા અનુભવે છે તે પોતાથી થયેલી ભૂલોનું જ પરિણામ છે. ભૂલોથી બચવા માટે કે આત્મશાંતિ મેળવવા માટે જે ઉત્સુક થઈ પુરુષાર્થ કરે છે તે સાધક કહેવાય છે. આવા સાધકને અબ્રહ્મચર્યથી નિવૃત્ત થઈ બ્રહ્મચર્યમાં સ્થિર થવું એ ક્રિયા માટે જેટલી આંતરિક ચોકીદારી રાખવી પડે છે તેટલી જ અને તેથી પણ વધુ બાહ્ય નિમિત્તોથી પણ ચેતવું પડે છે. ગમે તેવા ઉચ્ચ કોટિના યોગીને પણ નિમિત્ત મળતાં સંસારમાં બીજરૂપે રહી ગયેલી વાસના અવશ્ય ઉત્તેજિત થવાનો ભય રહે છે. આથી જાગરૂક સાધકે આત્મોન્નતિ માટે અને વિશુદ્ધ બ્રહ્મચર્ય આરાધવા માટે ભગવાન મહાવીરે કહેલ અનુભવમાંથી પોતાને ઉપયોગી વાતો ધારી રાખવી અને આચરવી. તે મુમુક્ષુ માત્રનું સર્વોત્તમ કર્તવ્ય છે.

"સુધર્મસ્વામીએ જંબૂસ્વામીને આમ કહ્યું:—" હે આયુષ્મન્! મેં સાંભળ્યું છે." તે ભગવાન મહાવીરે આમ કહ્યું

શાસનમાં સ્થવિર ભગવાનો (પૂર્વ તીર્થંકરો) એ બ્રહ્મચર્યની સમાધિનાં દશ સ્થાનો ફરમાવ્યાં છે. જે (સ્થાનો) ને સાંભળીને તેમજ હૃદયમાં ધારીને ભિક્ષુ સંયમપુષ્ટ, સંવરપુષ્ટ, સમાધિ (ચિત્તસમાધિ) પુષ્ટ અને જીતેન્દ્રિય થઈ ગુપ્ત (આઠે) બ્રહ્મચારી બની; અપ્રમત્તપણે આત્મલક્ષી થઇ વિચરે.

(શિષ્યે પૂછ્યું) કયા તે બ્રહ્મચર્ય સમાધિ સ્થાનો સ્થવિર ભગવાનોએ ફરમાવ્યાં છે ? કે જેને સાંભળીને તેમજ અવધારીને ભિક્ષુ સંયમપુષ્ટ, સંવરપુષ્ટ, સમાધિપુષ્ટ અને જીતેન્દ્રિય થઈ ગુપ્ત બ્રહ્મચારી બની અપ્રમત્તપણે આત્મલક્ષી થઈ વિચરે.

(ગુરુએ કહ્યું:-) ખરેખર સ્થવિર ભગવાનોએ આ પ્રમાણે દશ બ્રહ્મચર્ય સમાધિનાં સ્થાનો ફરમાવ્યાં છે કે જેને સાંભળીને તથા અવધારીને ભિક્ષુ સંયમપુષ્ટ, સંવરપુષ્ટ, સમાધિપુષ્ટ અને જિતેન્દ્રિય થઈ, ગુપ્ત બ્રહ્મચારી બની અપ્રમત્તપણે આત્મલક્ષી થઇ વિચરે.

" તે આ પ્રમાણે છે. "

[૧] સ્ત્રી, પશુ અને નપુંસક રહિત ઉપાશ્રય તથા સ્થાનને સેવે તેજ નિર્ગ્રંથ (આદર્શ મુનિ) કહેવાય છે. જો સ્ત્રી, પશુ અને નપુંસક સહિત ઉપાશ્રય, શય્યા કે સ્થાન ભોગવે તે નિર્ગ્રંથ ન કહેવાય.

શિષ્યે પૂછ્યુ:—" તેમ શા માટે ?"

આચાર્યે કહ્યું:— " ખરેખર સ્ત્રી, પશુ કે નપુંસક સહિત આસન, શય્યા કે સ્થાનને સેવનાર બ્રહ્મચારીને બ્રહ્મચર્ય પાળવામા (૧) શંકા (બ્રહ્મચર્ય પાળું કે ન પાળું ?) ઉત્પન્ન થાય અથવા બીજાને શંકા થાય કે સ્ત્રી ઇત્યાદિ સહિત સ્થાન સેવે છે તો તે બ્રહ્મચારી હશે કે કેમ ? (૨) આકાંક્ષા (ઇચ્છા) —મૈથુન ભોગવવાની કદાચિત નિમિત્ત મળતાં ઇચ્છા જાગે. (૩) વિચિકિત્સા (બ્રહ્મચર્યના ફળનો સંશય) બ્રહ્મચર્ય પાળવાથી શું

લાભ ? એવા દુર્વિચારો ઉત્પન્ન થાય અને વિચારો થવાથી એકાંત હોવાથી પતન થવાનો ભય રહે અને તે મૈથુનની લાલસાથી ઉન્મત્ત થઇ જવાય, તથા તેવા વિચારો કે દુષ્કાર્યથી દીર્ઘ કાળ ટકે તેવો શારીરિક રોગ થાય. અને એમ પતન થવાથી જ્ઞાનીએ બનાવેલા સત્યધર્મથી ચ્યુત થાય. આવી રીતે વિશેષેજ્ઞ અનર્થોની ખાણ હોવાથી તેના નિમિત્તરૂપ સ્ત્રી, પશુ કે નપુંસક જ્યાં રહેતાં હોય તેવા સ્થાનો નિર્ગ્રંથ કદી ન ભોગવે.

[૨] સ્ત્રીઓની કથા (શૃંગારરસજનક વાર્તાલાપ) કરે નહિ તેને સાધુ કહેવા. શિષ્યે પૂછ્યુઃ—" તેમ શા માટે ? " આચાર્યે કહ્યુંઃ—" સ્ત્રીઓની શૃંગારવર્ધક કથાઓ કહેવાથી પણ બ્રહ્મચર્યમાં ઉપર્યુક્ત હાનિ થવાનો સંભવ છે. માટે બ્રહ્મચારી પુરુષે સ્ત્રી સંબંધી તેવી કથાઓ ન કહેવી. "

નોંધઃ—શૃંગારરસની કથાઓ કહેવાથી કે કરવાથી સ્ખલનનો સંભવ છે તે છોડી દેવી , અને એકલી સ્ત્રી સાથે પણ કથાલાપ એકાંતના પ્રસંગે કરવાના યોગો આવવા દેવા જોઇએ નહિ.

[૩] સ્ત્રીઓની સાથે એક આસને ન બેસે તેને આદર્શ બ્રહ્મચારી કહેવો. શિષ્યે પૂછ્યુઃ—" તેમ શા માટે ? " આચાર્યે કહ્યુઃ—" સ્ત્રીઓની સાથે એક આસન પર લગોલગ બેસવાથી એક બીજા પ્રત્યે મોહ થવાનો અને તેવે સ્થળે બન્નેના બ્રહ્મચર્યમાં ઉપર્યુક્ત હાનિ થવાનો સંભવ છે માટે બ્રહ્મચારી પુરુષે સ્ત્રી સાથે એક આસનપર બેસવું નહિ "

નોંધઃ—જે આસનપર સ્ત્રી પૂર્વે બેઠેલ હોય તે આસને અંતર્મુહૂર્ત (૪૮ મિનિટ) સુધી પણ બેસવાનો જૈનશાસન બ્રહ્મચારીને નિષેધ કરે છે. જેવી રીતે બ્રહ્મચારીને જાગૃતિ રાખવાની છે તેજ પ્રકારે બ્રહ્મચારિણીને પણ જાગૃતિ તો રાખવાનીજ છે. ખાસ કરીને આવા પ્રસંગો એકાંતથી બને છે. આકસ્મિક આવી પડેલી આવી સ્થિતિમાં વિવેકપૂર્વક વર્તવું ઘટે.

આ શાસનમાં સ્થવિર ભગવાનો (પૂર્વ તીર્થંકરો) એ બ્રહ્મચર્ય સમાધિનાં દશ સ્થાનો ફરમાવ્યાં છે જે (સ્થાનો) ને સાંભળીને તથા હૃદયમાં ધારીને ભિક્ષુ, સંયમપુષ્ટ, સંવરપુષ્ટ, સમાધિ (ચિત્તસમાધિ) પુષ્ટ અને જીતેન્દ્રિય થઈ ગુપ્ત (આત્મ) બ્રહ્મચારી બની અપ્રમત્તપણે આત્મલક્ષી થઈ વિચરે.

(શિષ્યે પૂછ્યું : કયા તે બ્રહ્મચર્ય સમાધિ સ્થાનો સ્થવિર ભગવાનોએ ફરમાવ્યાં છે ? કે જેને સાંભળીને તેમજ અવધારીને ભિક્ષુ સંયમપુષ્ટ, સંવરપુષ્ટ, સમાધિપુષ્ટ અને જીતેન્દ્રિય થઈ ગુપ્ત બ્રહ્મચારી બની અપ્રમત્તપણે આત્મલક્ષી થઈ વિચરે.

(ગુરુએ કહ્યું :– ખરેખર સ્થવિર ભગવાનોએ આ પ્રમાણે દશ બ્રહ્મચર્ય સમાધિનાં સ્થાનો ફરમાવ્યાં છે કે જેને સાંભળીને તથા અવધારીને ભિક્ષુ સંયમપુષ્ટ, સંવરપુષ્ટ, સમાધિપુષ્ટ અને જિતેન્દ્રિય થઈ, ગુપ્ત બ્રહ્મચારી બની અપ્રમત્તપણે આત્મલક્ષી થઈ વિચરે.

“ તે આ પ્રમાણે છે. ”

[૧] સ્ત્રી, પશુ અને નપુંસક રહિત ઉપાશ્રય તથા સ્થાનને જે સેવે તે નિર્ગ્રંથ (આદર્શ મુનિ) કહેવાય છે. જે સ્ત્રી, પશુ અને નપુંસક સહિત ઉપાશ્રય, શય્યા કે સ્થાન ભોગવે તે નિર્ગ્રંથ ન કહેવાય.

શિષ્યે પૂછ્યું —“ તેમ શા માટે ? ”

આચાર્યે કહ્યું:— “ ખરેખર સ્ત્રી, પશુ કે નપુંસક સહિત આસન, શય્યા કે સ્થાનને સેવનાર બ્રહ્મચારીને બ્રહ્મચર્ય પાળવામાં (૧) શંકા (બ્રહ્મચર્ય પાળું કે ન પાળું ?) ઉત્પન્ન થાય અથવા બીજાને શંકા થાય કે સ્ત્રી ઇત્યાદિ સહિત સ્થાન સેવે છે તો તે બ્રહ્મચારી હશે કે કેમ ? (૨) આકાંક્ષા (ઇચ્છા) —મૈથુન ભોગવવાની કદાચિત નિમિત્ત મળતાં ઇચ્છા જાગે. (૩) વિચિકિત્સા (બ્રહ્મચર્યના ફળનો સંશય) બ્રહ્મચર્ય પાળવાથી

[૬] પૂર્વે (ગૃહસ્થ જીવનમાં) સ્ત્રીસંગાથે જે ભોગોને ભોગવ્યા હોય કે જે રતિક્રીડાઓ કરી હોય તેને સંભારે તે સાધુ ન કહેવાય. શિષ્યે પૂછ્યું—" તે શી રીતે !" આચાર્યે કહ્યું:– "બ્રહ્મચારી જો પૂર્વ રતિ કે પૂર્વની રતિક્રીડા સંભારે તો તેના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા અને વિચિકિત્સા થાય. બ્રહ્મચર્યનો ભંગ થાય કે ઉન્માદ થાય, શરીરમાં (વિષય ચિંતનથી) રોગ થાય અને જ્ઞાનીના માર્ગથી પતિત થઇ જવાય. માટે નિર્ગ્રંથે પૂર્વરતિ કે પૂર્વ રતિક્રીડાને સંભારવી નહિ."

નોંધ:—શંકા, કાંક્ષા અને વિચિકિત્સાના અર્થો પૂર્વે આપેલા છે માટે ફરીફરી લખ્યા નથી.

[૭] અતિ રસવાળાં ભોજન ન કરે તે સાધુ કહેવાય. શિષ્યે પૂછ્યું:–" તે કેમ ?" આચાર્યે કહ્યું:—" સરસ આહાર કરવાથી (ખરેખર રસવાળા આહારથી) બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં ઉપર કહેવાયેલી ક્ષતિ થાય. અને જ્ઞાનીના માર્ગથી પતિત થવાય માટે અતિરસાળ ભોજનો ન ખાવાં."

નોંધ:—રસવાળામાં તીખા, તમતમતાં અને સ્વાદની દ્રષ્ટિએ લેવાતાં ઘણાં ખાનપાનનો સમાવેશ થાય છે. સ્વાદેન્દ્રિયનો અસંયમ બ્રહ્મચર્ય ખંડનનું સૌથી પહેલું અને જોરદાર નિમિત્ત છે. સ્વાદેન્દ્રિયના સંયમથી શીઘ્ર બ્રહ્મચર્યનું રક્ષણ થઇ શકે છે.

[૮] મર્યાદા ઉપરાંત અતિ આહાર પાણી કરે નહિ તે સાધુ કહેવાય. શિષ્યે પૂછ્યું:—"તેમ શા માટે ?" આચાર્યે કહ્યું:—"અતિ ભોજન કરવાથી ઉપર કહેવાયેલી રીતે બ્રહ્મચર્યનું ખંડન થાય છે અને સંયમધર્મથી પતિત થવાય છે."

નોંધ:—અતિ ભોજન કરવાથી અંગમાં આળસ પેસે છે દુષ્ટ વિચારો જાગે છે અને એમ ક્રમથી બ્રહ્મચર્ય માર્ગમાં પણ ઘણીવાર બાધા ઉપજે છે.

૪] સ્ત્રીઓની સુંદર, મનોહર અને આકર્ષક ઇંદ્રિયોને (વિષય બુદ્ધિએ) જુએ (કેવાં સુંદર છે! કેવાં ઓપમાન છે!) કે ચિંતવે નહિ તેજ સાધુ કહેવાય. "તે કેમ?" શિષ્યે પૂછ્યું. આચાર્યે કહ્યુંઃ—" ખરેખર સ્ત્રીઓની મનોહર અને આકર્ષક ઇન્દ્રિયોને જોનાર કે ચિંતવનાર બ્રહ્મચારી (સાધુ)ના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થાય, બ્રહ્મચર્ય ખંડિત થાય, ઉન્માદ પ્રાપ્ત થાય, અને પરિણામે દીર્ઘકાલિક રોગની પીડા થાય. તેમજ (આંતરિક પણ) કેવળીએ ફરમાવેલ ધર્મથી પતિત થઇ જાય. માટે ખરેખર બ્રહ્મચારી સાધકે સ્ત્રીઓનાં મનોહર અને મનોરમ એવાં અંગોપાંગને (વિષય બુદ્ધિથી) જોવાં કે ચિંતવવાં નહિ."

[૫] વસ્ત્રના પડદાને આંતરે કે પાષાણની ભિંતને આંતરે સ્ત્રીઓના કૂજિત (કોયલના જેવા) શબ્દ, રોવાના શબ્દ, ગીતના શબ્દ, હસવાના શબ્દ, સ્નેહવાળા શબ્દ, ક્રંદિત શબ્દ તેમજ (પતિના વિરહથી થયેલા) વિલાપના શબ્દને સાંભળે તે આદર્શ બ્રહ્મચારી કે નિર્ગ્રંથ ન કહેવાય.

"તે શા માટે" શિષ્યે પૂછયુંઃ ગુરુએ કહ્યુંઃ—" ભિંતને આંતરે કે વસ્ત્રના પડદાને આંતરે રહેલી સ્ત્રીના કેદ કૂજિત, રુદિત, ગીત, હસિત, સ્તનિત (રતિપ્રસંગના સ્તુતિ) આક્રંદમય કે વિલાપમય શબ્દોને સાંભળવાથી બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં ક્ષતિ પડે કે ઉન્માદ થાય, શરીરમાં રોગ થાય કે જ્ઞાનીઓએ કહેલા સન્માર્ગથી પતિત થાય માટે ખરેખર બ્રહ્મચારીએ વસ્ત્રના પડદા કે ભિંતને આંતરે સ્ત્રીઓના તેવા શબ્દો સાંભળવા નહિ."

નોંધઃ—બ્રહ્મચારી જે સ્થળે હોય ત્યાં ભિંતને આંતરે રહેલાં સ્ત્રીપુરુષો પરસ્પર શૃંગારક્રીડા કરતાં હોય તે વખતનાં વચને પણ વિકારજનક હોય માટે તેવા શબ્દો સાંભળવા કે ચિંતવવા નહિ.

[૯] શરીર વિભૂષાને અનુસરનારો (શૃંગાર નિમિત્તે અતિ ટાપટીપ કર્યા કરે તે) આવું કહેવાતો નથી. શિષ્યે પૂછ્યું:—"તેમ શા માટે?" આચાર્યે કહ્યું:—"ખરેખર સૌંદર્યમાં ખૂબેખૂ અને શરીરને શણગારનાર બ્રહ્મચારી સ્ત્રીઓને આકર્ષે છે અને તેથી તેના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા અને વિચિકિત્સા ઉત્પન્ન થાય, બ્રહ્મચર્ય ખંડિત થાય માટે બ્રહ્મચારીએ વિભૂષાનુરાગી ન થવું."

નોંધઃ—સૌંદર્યની આસક્તિ કે શરીરની ટાપટીપ કરવાથી વિષયની ... ભાવના જાગવાનો સંભવ રહે છે. સાદાઈ અને સંયમ એજ બ્રહ્મચર્યના ... છે.

[૧૦] શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ઇત્યાદિ ઇંદ્રિયોના વિષયોમાં જે આસક્ત થતો નથી તે નિર્ગ્રંથ કહેવાય છે. શિષ્યે પૂછ્યું:—"તેમ શા માટે?" આચાર્યે કહ્યું:—"શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શને અનુસરનાર બ્રહ્મચારીના બ્રહ્મચર્યને ... ઉપર કહેલી હાનિ થાય અને ક્રમથી સંયમ ધર્મથી પતિત થવાય માટે શબ્દાદિ પાંચ ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થાય નહિ તે નિર્ગ્રંથ કહેવાય છે. એ પ્રમાણે દશે બ્રહ્મચર્ય સમાધિ ... સ્થાનો પૂર્ણ થયાં. હવે તે (સંબંધીના) શ્લોકો કહેવાય છે ... ન આ પ્રમાણે છેઃ—

ભગવાન બોલ્યાઃ—

[૧] (આત્મ) બ્રહ્મચારીએ બ્રહ્મચર્યની રક્ષા માટે સ્ત્રી, પશુ અને નપુંસક રહિત એવા એકાંત (આત્મ ચિંતનને યોગ્ય સ્થાન) નું સેવન કરવું.

[૨] બ્રહ્મચર્યના રક્ત થયેલા ભિક્ષુએ મનને ક્ષોભ પમાડે અને વિષયની આસક્તિને વધારનારી સ્ત્રીકથા છોડી દેવી.

[૩] ... પુન: સ્ત્રીઓની સુંવાળ ... પરિચય ... (...

અને (૧૦) દુર્જય એવા પાંચ ઇન્દ્રિયોના ભોગો. આ દશે વસ્તુઓ આત્મશોધક જિજ્ઞાસુને તાલપુટ (ભયંકર વિષ) ઝેર જેવી છે.

નોંધઃ—આ ત્રણ શ્લોકમાં પૂર્વકથિત વસ્તુઓ વધુ સ્પષ્ટ બતાવી છે.

[૧૪] હમેશા તપસ્વી ભિક્ષુએ દુર્જય એવા કામ ભોગોને જીતીને બ્રહ્મચર્યમાં ક્ષતિ થવાનો સંભવ રહે તેવાં બધાં શંકાનાં સ્થાનો પણ છોડી દેવા.

[૧૫] ધૈર્યવાન અને સદ્ધર્મરૂપ રથ ચલાવવામાં સારથિ સમાન ભિક્ષુએ ધર્મરૂપી બગીચામાં વિચરવું; અને ધર્મરૂપ બગીચામાં રક્ત થઇને ઇન્દ્રિયોનું દમન કરી બ્રહ્મચર્યમાંજ સમાધિ (દત્તચિત્ત) કેળવવી.

[૧૬] દેવો, દાનવો અને ગાંધર્વ જાતિના દેવો યક્ષો, રાક્ષસો અને કિન્નરજાતિના દેવો પણ જે દુષ્કર એવા બ્રહ્મચર્યને પાળે છે તેવા પુરુષને નમસ્કાર કરે છે. (દેવો પણ બ્રહ્મચારીના દાસ બને છે.)

[૧૭] આ બ્રહ્મચર્ય રૂપ ધર્મ નિરંતર સ્થિર અને નિત્ય છે. તે ધર્મનું પાલન કરી અનેક જીવાત્માઓ અંતિમ લક્ષ્યે પહોંચ્યા છે, પહોંચે છે અને પહોંચશે. એમ તીર્થંકર જ્ઞાની પુરુષોએ કહ્યું છે.

નોંધઃ—આદર્શ બ્રહ્મચર્ય સૌ કોઇને માટે સુલભ નથી. છતાં આકાશકુસુમની માફક અશક્ય પણ નથી. બ્રહ્મચર્ય મુમુક્ષુનું તો જીવન ધન છે. સત્યશોધકનો માર્ગદીપક છે અને આત્મવિકાસનું પગથિયું છે. મન, વચન અને કાયાથી યથાશક્ય બ્રહ્મચર્યનું આરાધન કરવું; બ્રહ્મચર્યની પ્રીતિ જાળવવી અને બ્રહ્મચર્યના રક્ષણ માટે ઉપર કહેલા નિયમોપર લક્ષ્ય આપવું.

એમ કહું છું:

એમ બ્રહ્મચર્યનાં સમાધિ (રક્ષણ) સ્થાનો નામનું સોળમું અધ્યયન સમાપ્ત થયું.

નોંધઃ—ભિક્ષુઓનું ભોજન સંયમીજીવન ટકાવવા માટે જ હોવું જોઈએ. અતિભોજન આળસ્યાદિ દોષોને ઉત્પન્ન કરી સંયમી જીવનથી ભ્રષ્ટ કરી મૂકે છે.

[૯] બ્રહ્મચર્યને વિષે રક્ત રહેલા ભિક્ષુએ શરીરની વિભૂષા અને શરીરનો શણગાર છોડી દેવો. વસ્ત્રાદિ કોઈ પણ વસ્તુઓ શૃંગાર માટે ધારણ ન કરવી.

નોંધઃ—નખ કે કેશ સમારવા કે શરીરની અશુચિથી વારંવાર ટાપટીપ કરવી અને તેને માટે જ સતત લક્ષ્ય રાખવું તે અનાવશ્યક છે. એટલું જ નહિ પરંતુ શરીર પરની આસક્તિ કેટલીક વાર પતનના નિમિત્તભૂત પણ થાય છે.

[૧૦] શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ ઇન્દ્રિય સંબંધીના કામ ભોગોને છોડી દેવા.

નોંધઃ—આસક્તિ એ જ દુઃખ છે. આસક્તિ એ જ બંધન છે. તેવું બંધન જેથી થાય છે તે વસ્તુઓને છોડી દેવી. અને પાંચ ઇંદ્રિયોને સંયમમાં રાખી તેનાથી ઉત્તમ કાર્ય લેવું એ જ સાધકને માટે આવશ્યક છે. કાનથી સત્પુરુષોનાં વચનામૃતો પીવાં, જીભથી સત્ય બોલવું, શરીરથી સત્કર્મ કરવું, આંખોથી સદ્વાંચન કરવું અને મનથી શાંત અને ઊંડું ચિંતન કરવું એ જ ઇંદ્રિયોનો સંયમ ગણાય.

[૧૧] સારાંશ કે (૧) સ્ત્રીજનોવાળું સ્થાન, (૨) મન લોભાવે તેવી સ્ત્રી કથા, (૩) સ્ત્રીઓનો પરિચય અને (૪) સ્ત્રીઓનાં અંગોપાંગ જોયા કરવાં.

[૧૨] (૫) સ્ત્રીઓના કોયલ જેવા શબ્દો, ગીત, રુદન, હાસ્ય, (૬) સ્ત્રી સાથે ભોગવેલા ભોગો તથા સ્ત્રી સંગાથે પૂર્વ જીવનમાં ભોગવેલાં સ્થાનો હોય તે બધું સંભારવું (૭) સરસ ભોજનો ખાવાં કે (૮) મર્યાદા ઉપરાંત ભોજનો ખાવાં.

[૧૩] (૯) કૃત્રિમ સૌંદર્ય વધારવા માટે કરેલી શરીરની ટાપ

પાપ શ્રમણીય

પાપી સાધુનું અધ્યયન

૧૭

સંયમ લીધા પછી તેને નીભાવવામાંજ સાધુતા છે. ત્યાગ જીવનમાં પણ આસક્તિ કે અહંકાર જાગે તો ત્યાગની ઇમાર ખળભળે તેવા શ્રમણો ત્યાગી નથી ગણાતા પણ પાપી શ્ર ગણાય છે.

ભગવાન બોલ્યા:—

[૧] ત્યાગ ધર્મને સાંભળીને કર્તવ્યપરાયણ થઈ જે કોઈ દી યાય તેણે દુર્લભ એવા બોધિલાભને મેળવીને પછી સુ પૂર્વક ચારિત્ર પાળવું.

નોંધ:—બોધિલાભ એટલે આત્મભાન પામવું. આત્મભાન પ પછી ચારિત્રમાર્ગમાં વધુ સ્થિર થવાય. ચારિત્રમાર્ગમાં સ્થિર થવું દીક્ષાનો હેતુ છે. ખાવું, પીવું કે શરીર શુશ્રુષા કરવી એ ત હેતુ નથી.

[૨] કોઈ સંયમ લીધા પછી એમ માને છે કે ઉપાશ્રય (રહે સ્થાન) સુંદર મળ્યા છે. પહેરવાનાં વસ્ત્રો મળ્યાં છે. વાને માટે માનપાણી પણ ઉત્તમ મળ્યા કરે છે. જીવાદિક પદાર્થો જે છે તેને પણ જાણી લેવા થયું હવે (પોતાના ગુરુ પ્રત્યે) હે આયુષ્યમન્! હે પૂજ્ય જાણવાનું પ્રયોજન શું છે!

નોંધ:—આવી વિચારણા પ્રમાદની સૂચક છે. સંયમીએ હમેશાં પ્રવચનને અભ્યસ્ત કરવાં અને ખૂબ ખૂબ વારંવાર ચિંતવવાં.

[૩] જે સંયમી ઊંઘવાનો સ્વભાવ ઘણો રાખે કે આહારપાણી કરીને ઘણીવાર લગી સુખે સૂઈ રહે તે પાપીશ્રમણ કહેવાય છે.

નોંધ:—સંયમીને માટે દિનચર્યાનાં અને રાત્રિચર્યાનાં ભિન્નભિન્ન [કર્ત]વ્યો હોય છે. તે બધાંને ક્રમપૂર્વક આચરવાં જોઈએ.

[૪] વિનયમાર્ગ (સંયમમાર્ગ)નો અને જ્ઞાનનો જે આચાર્ય અને ઉપાધ્યાય વડે લાભ થયો છે તેવા ગુરુઓને જ્ઞાન થયા બાદ નિંદે કે તિરસ્કાર કરે તે પાપીશ્રમણ કહેવાય છે.

[૫] અહંકારી થઈને આચાર્ય, ઉપાધ્યાય તથા સંગાથી સાધુઓની સદ્‌ભાવપૂર્વક સેવા ન કરે, ઉપકારને ભૂલી જાય કે પૂજ્ય સન્માન ન કરે તે પાપીશ્રમણ કહેવાય છે.

[૬] ત્રસ (હાલતાચાલતા) જીવોને, સચેત (સજીવ) બીજોને, વનસ્પતિ કે સૂક્ષ્મજીવોને પણ ચાંપે કે હિંસા કરે તો અસંયમી ગણાય છતાં પોતાને સંયમી માને તે પાપાશ્રમણ કહેવાય છે,

[૭] તૃણાદિની શય્યા, પાટ કે બાજોઠ, સ્વાધ્યાયની ભૂમિકા, બેસવાની ભૂમિકા, પગ લુંછવાનું વસ્ત્ર, કામળી વગેરે બધી વસ્તુને સંભાળપૂર્વક તપાસવી, તપાસ્યા વિના તેને વાપરે તે પણ પાપીશ્રમણ કહેવાય છે.

નોંધ:—સંયમી માટે પોતાનાં ઉપયોગી સાધનોને દિવસમાં બે વાર તપાસવાની જૈનશાસ્ત્રમાં આજ્ઞા છે. કારણ એ છે કે તેમ ન કરવામાં સૂક્ષ્મજીવોની હિંસાનો સંભવ છે. અને તે સિવાય બીજા પણ કેટલાક અનર્થોનો સંભવ છે.

[illegible]

નોંધ— [illegible]

[૨૦] પૂર્વોક્ત ક્રમ પ્રમાણે (ગચ્છમાં [illegible] (અનેક [illegible]), અપ્રમાદી (સાવધાન), મનસ્વી (આત્મનિષ્ઠ) અને કુશીલ એવો પાંચ પ્રકારના કુશીલના પ્રકારો પાસસ્થ-કુશાચારી તથા [illegible] સ્વચ્છંદ, વાચિત, [illegible] અને ગીર્વ એ પાંચ ગુણોથી રહિત કુશીલ, [illegible] [illegible] આલોકમાં [illegible] માફક નિંદનીય બને છે. તેમજ આલોકમાં કે પરલોકમાં ક્યાંય પણ થતો નથી.

[૨૧] ઉપરના બધા દોષોને જે સાધુ ત્યાગી દે અને મુનિઓના સમૂહમાં સાચો સદાચારી હોય તેજ આ લોકને વિષે અમૃતની માફક પૂજાય છે. તથા તેજ સાચો સાધુ આલોક અને પરલોક બન્નેને આરાધે છે.

નોંધઃ—આ લોકમાં સર્વનો વંદનીય બને છે અને પરલોકમાં દિવ્યગતિ પામે છે. અથવા કર્મબંધનથી સર્વથા મુક્ત થઈ જાય છે.

સંયમ લીધા પછી સ્થાન પુરતી જવાબદારી વધે છે. દરેક ચાલવામાં, ખાવાપીવામાં, ઉપયોગી સાધનો રાખવામાં, વિદ્યા મેળવવામાં, ગુરુજનોનો વિનય બજાવવામાં કે પોતાનું કર્તવ્ય સમજવામાં જરાપણ ગફલત થાય તો સંયમ દુભાય. અપ્રમત્તતા અને વિચારે

સંયતીય

સંયતિ રાજર્ષિ સંબંધી

૧૮

ચારિત્રશીલનું મૌન જે અસર ઉપજાવે છે તે હજારો પ્રવચનો કે લાખો ગ્રંથો ઉપજાવી શકતા નથી. જ્ઞાનનું ફળ ચારિત્રનું સ્ફુરણ છે. ચારિત્રની એકજ ચિનગારી સેંકડો જન્મોનાં કર્માવરણ (માયાજાળ) ને બાળી શકે છે. ચારિત્રની સુવાસ કરોડો કશ્મલો (પાપો) ને નિર્મળ કરી શકે છે.

એકદા કાંપીલ્ય નગરના સંયતિ મહારાજા મૃગયા (શિકાર) માટે એક ઉદ્યાનમાં નીકળી પડ્યા છે. આથી એ કાંપીલ્યકેશર ઉદ્યાનમાં નિર્દોષ એવાં મૃગાદિ પશુઓ ત્રાસી ઉઠ્યાં છે. રસમાં આસક્ત થયેલા મહારાજાના હૃદયમાં અનુકંપા રહીને બદલે નિર્દયતાનો વાસ જામ્યો છે.

ઘોડા પર બેસી કેંક મૃગલાઓને બાણો માર્યા બાદ જેવો તે ઘવાયેલા મૃગલા પાસે આવે છે તેવોજ તે તેની પાસે પદ્માસને બેઠેલા એક યોગીશ્વરને જુએ છે, અને જોતાં વારજ ચમકે છે. તુરતજ અશ્વપરથી ઉતરી મુનીશ્વરની પાસે આવી વિનયપૂર્વક તેમનાં ચરણપૂજન કરે છે, નમસ્કાર કરે છે.

ધ્યાનમાં અડોલ રહેલા ગર્દભાલી યોગીશ્વરને કશોએ ખ્યાલ નથી. તે તો મૌન સમાધિમાં બેઠા છે. પરંતુ મહારાજા યોગીરાજ તરફથી પ્રત્યુત્તર ન મળતાં ભયભીત થાય છે. વિના વાંકે કરેલી નિર્દોષ પશુઓની હિંસા તેને વારંવાર ખટકયા કરે છે. અનુકંપાની લહેરો ઉછળી પડે છે

યોગીશ્વર ધ્યાનમાંથી નિવૃત્ત થાય છે કે શીઘ્ર મહારાજા પોતાનું નામ જણાવી યોગિરાજના કૃપા પ્રસાદને મેળવવાની જિજ્ઞાસા રજુ કરે છે. યોગિરાજ તેમને યથાર્થ ભાન કરાવે છે અને ત્યાંજ એ સંસ્કારી આત્માનો તેજ ક્ષણે ઉદ્ધાર થાય છે.

ભગવાન બોલ્યા:—

[૧] (પંચાલ દેશમાં) કાંપીલ્ય નગરમાં ચતુરંગી સેના તથા ગાડીઘોડા, પાલખી વગેરે ઋદ્ધિવાળા એક સંયતિ નામના મહારાજા રાજ્ય કરતા હતા. એકદા તે મૃગયા (શિકાર) કરવા માટે પોતાના નગરની બહાર નીકળ્યા.

[૨] અશ્વદળ, હાથીદળ, રથદળ અને પાયદળ એ ચાર પ્રકારની મોટી સેનાથી ચારેતરફ ઘેરાયેલા–

[૩] રસ (પશુ માંસનો સ્વાદ) માં આસક્ત થઈ અશ્વપર ચડેલા તે મહારાજા કાંપીલ્યકેસર નામના ઉદ્યાનમાં મૃગલાઓને ભગાડીને (પાછળ દોડી) બીવરાવેલા અને દોડીને થાકી ગયેલા એવા મૃગોને વીંધી નાખતા હતા.

[૪] તેજ કેસર ઉદ્યાનમા તપોધની (તપસ્વી) અને સ્વાધ્યાય (ચિંતન) તથા ધ્યાનમાં જોડાયેલા એક અણગાર (સાધુ) ધર્મધ્યાનમાં લીન થયા હતા.

[૫] વૃક્ષોથી વ્યાપ્ત એવા નાગરવેલના મંડપ નીચે તે મુનિ આસ્રવ (પાપમળ) ને દૂર કરીને નિર્મળ ચિત્તે ધ્યાન કરી રહ્યા છે. તેની પાસે આવેલા (એક) મૃગલાને પણ તે રાજા હણી નાખે છે.

નોંધ:—રાજાને ખબર ન હતી કે અહીં કોઈ મુનિરાજ છે. નહિ તો શિકાર ખાતર તે કદી તેવા મહાયોગીની પાસે આવું હિંસક કૃત્ય કરી શકત નહિ.

[૬] (મૃગો હણાયા પછી) પાછળ ઘોડાપર જલદી દોડી આવતો તે

આ સાંભળી સંયતિમુનિએ કહ્યું:–

[૨૮] હું પણ પહેલાં મહાપ્રાણ નામના વિમાનમાં પૂર્ણ આયુષ્યવાળો કાન્તિમાન દેવ તરીકે હતો. ત્યાંની સો વર્ષની ઉપમાવાળી દિવ્યઆયુ સ્થિતિ છે તે મોટા કાળ પ્રમાણની હોય છે.

નોંધઃ—પાંચમા દેવલોકમાં હું દેવરૂપે હતો ત્યારે મારું આયુષ્ય ૧૦ સાગરોપમનું હતું. સાગરોપમ એ સર્વ સંખ્યાતીત મોટું કાળપ્રમાણ કહેવાય છે.

[૨૯] હું તે પાંચમા (બ્રહ્મ) દેવલોકથી નીકળીને મનુષ્યના ભવને વિષે સંયતિરાજ રૂપે અવતર્યો હતો. (ત્યાંથી નિમિત્તવશાત્ દીક્ષિત થઇ) હવે હું મારા અને પરના આયુષ્યને બરાબર જાણી શકું છું.

નોંધઃ—સંયતિ રાજર્ષિને તેવું વિશુદ્ધ જ્ઞાન હતું કે એ વિશુદ્ધ જ્ઞાનદ્વારા તે પોતાનો અને પરનો જીવિત કાળ જાણી શકે.

[૩૦] (હે ક્ષત્રિય રાજર્ષિ !) ભિન્નભિન્ન પ્રકારની રુચિઓ અને સ્વચ્છંદોને સંયમીઓએ ત્યાગી દેવા જોઇએ. અને સર્વ કામભોગો અનર્થનાં મૂળ છે એમ જાણી જ્ઞાનમાર્ગમાં ગમન કરવું જોઇએ.

[૩૧] એમ જાણીને કુશિન (નિમિત્તાદિ આદિદ્વારા કહેવાતા) પ્રશ્નોથી હું નિવૃત્ત થયો છું. તેમજ ગૃહસ્થ સાથેની ગુપ્ત મસલત આદિ વાતોથી પણ નિવૃત્ત થયો છું. અહો ! એવા પ્રકારના ત્યાગી સંયમધર્મને પામેલા પુરુષે દિનરાત જ્ઞાનપૂર્વક તપશ્ચર્યામાં વિચરવું જોઇએ.

નોંધઃ—આ પ્રમાણે સંયતિ રાજર્ષિએ [illegible]

રાજર્ષિએ આ સાંભળી પોતાનું પણ તેજ મંતવ્ય છે. અને આપણે બન્ને એકજ જિનશાસનના અનુયાયીઓ છીએ તેમ ખાત્રી આપી કહ્યું:-

[૩૨] સાચા અને શુદ્ધ અંતઃકરણથી પૂછો તો હું પણ તેજ કહું છું જે ઘણા તીર્થંકર (જિનેશ્વર) દેવોએ જાણી છે તે અપૂર્વ જ્ઞાન જિનશાસનમાં ઝળકે છે.

[૩૩] તે જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે અક્રિયા (જડક્રિયાને છોડી ધી) સાધકે સાચા જ્ઞાન સહિત ક્રિયાને આચરવી. અને સમ્યગ્દૃષ્ટિથી યુક્ત થઇ કાયર પુરુષોને કઠિન એવા સદ્ધર્મમાં ગમન કરવું

નોંધઃ-સમ્યક્ત્વ દૃષ્ટિનાં ચશ્માં સીધાં હોય છે. તે કોઈના કહેવે દેખતો નથી. માત્ર સત્યનો શોધક બની તેનેજ આચરે છે. કેવળ જેમ જડક્રિયા (જ્ઞાનરહિત ક્રિયા) ને માનતું નથી તેમ શુષ્ક (ક્રિયા રહિત પોપટિયું જ્ઞાન) ને પણ સ્વીકારતું નથી. તે જ્ઞાન અને ચરિત્ર બન્નેની આવશ્યકતા સ્વીકારે છે.

[૩૪] મોક્ષરૂપી અર્થ અને સદ્ધર્મથી શોભતા એવા આ સુંદર પવિત્ર ઉપદેશને સાંભળીને પૂર્વકાળમાં ભરત નામના ચક્રવર્તિ પણ ભરતક્ષેત્રનું રાજ્ય અને દિવ્ય કામભોગોને છોડીને ચારિત્ર ધર્મને અંગીકાર કર્યો હતો.

[૩૫] (પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં સમુદ્ર સુધી અને ઉત્તર દિશામાં ચુલહિમવંત પર્વત સુધી જેની આણ હતી.) તેવા બીજા સગર ચક્રવર્તી પણ સાગરના છેડા સુધી રહેલા ભરતક્ષેત્રના રાજ્યને તથા સંપૂર્ણ હકુમતને છોડીને સંયમ અંગીકાર કરી મુક્તિ પામ્યા છે.

[૩૬] અપૂર્વ ઋદ્ધિમાન અને મહા કીર્તિમાન એવા મઘવ નામના ચક્રવર્તી પણ ભરતક્ષેત્રનું રાજ્ય છોડી પ્રવજ્યા લેવાને સાવધાન થઈ ગયા હતા.

[૩૭] એવા સનત્કુમાર નરેંદ્ર ચક્રવર્તી કે જે મહા ઋદ્ધિવાળા હતા તેમણે પણ પુત્રને રાજ્ય સોંપીને (સંયમ લઈ) તપશ્ચર્યાનો માર્ગ આદરી દીધો હતો.

[૩૮] લોકને વિષે અપાર શાન્તિ કરનારા પાંચમા શાંતિનાથ નામે ઋદ્ધિમાન ચક્રવર્તી પણ ભરતક્ષેત્રનું રાજ્ય છોડી, પ્રવ્રજ્યા લઈને મુક્તિ પામ્યા.

[૩૯] ઇક્ષ્વાકુ વંશના રાજાઓમાં વૃષભ સમાન ઉત્તમ અને વિખ્યાત કીર્તિવાળા નરેશ્વર, છઠ્ઠા ચક્રવર્તી કુંથુનાથ પણ રાજ્યપાટ તથા સંપત્તિ છોડીને ત્યાગી બની અનુત્તરગતિ (મુક્તિ)ને પામ્યા.

[૪૦] સાગરના છેડા સુધી રહેલા ભરતક્ષેત્રના નરેશ્વર સાતમા ચક્રવર્તી અરનામના નરેશ્વર પણ તે બધી વસ્તુને છોડી કર્મથી રહિત થઈ શ્રેષ્ઠ ગતિ (મુક્તિ)ને પામ્યા.

[૪૧] નવમા મહાપદ્મ નામે ચક્રવર્તી પણ મોટી સેના, ભારતવર્ષનું મહાન રાજ્ય તથા ઉત્તમ કામભોગોને છોડી તપશ્ચર્યાના માર્ગમાં વળ્યા હતા.

[૪૨] પૃથ્વીના પ્રત્યેક રાજાઓનાં માનને મર્દન કરનાર અને મનુષ્યોમાં ઇંદ્રસમાન એવા આઠમા ચક્રવર્તી હરિષેણ પણ મહીમંડળમાં પોતાનું એકજ છત્ર પ્રવર્તાવી આખરે તેને છોડીને ત્યાગી બની ઉત્તમ ગતિમાં ગયા.

[૪૩] હજારો રાજાઓથી ઘેરાયેલા અગિયારમા જય નામના ચક્રવર્તીએ પણ સાચા ત્યાગી થઈ આત્મદમન કર્યું અને ઉત્તમ ગતિ (મોક્ષગતિ) માં ગયા.

નોંધઃ-ચક્રવર્તી એટલે છ ખંડના અધિપતિ તેવા મહાન પુ-

[illegible]

જિનશાસનમાં જે મહાન ગચ્છો બન્યા તે બતાવે છે

[illegible]

[illegible]

[૪૬] [illegible] દેશમાં [illegible] (નિયિત નગરીમાં) [illegible] અને [illegible] [illegible] નામના [illegible]

નોંધ— આ બાબતે [illegible] (કોઈ [illegible]) આની પુષ્ટિ થઈ શકી છે.

[૪૭] [illegible] ઘણી નામાન એ બધા [illegible] પોતાના કુટુંબે ગચ્છ સોંપીને જિનશાસનમાં અનુરક્ત બન્યા હતા અને આરિત્રમાર્ગની આરાધના કરી હતી.

[૪૮] નિપુ સારંગ દેશના ધાર્મિક [illegible] નામના મહાગચ્છને ગચ્છ છોડીને લક્ષ્ય આદર્યાં અને આખરે ઉત્તમ એવી મોક્ષગતિને પામ્યા.

[૪૯] તેજ પ્રકારે કાશ્મીરદેશના (આનમા નંદન નામના [illegible]) [illegible] પણ ગચ્છ તથા કામભોગોને તજી દીધા. તથા [illegible] [illegible] આદર્યો. અંતે કલ્યાણ અને સત્યમાર્ગમાં [illegible] સંપૂર્ણ મહાવ્રતને ધારી નાખ્યું.

નોંધ:—વાસુદેવનું બળ તથા ઋદ્ધિ ચક્રવર્તીથી અર્ધી હોય છે, મના નાનાભાઈ હોય તે બળદેવ ગણાય. બળદેવ ધર્મપ્રેમીજ હોય છે ભોગોમાં રક્ત થતા નથી.

[૫૦] અપયશને હણી નાખનાર અને મહાકીર્તિવાળા એવા વિજય નામના રાજાએ પણ ગુણસમૃદ્ધ (ગુણે કરીને પૂર્ણ). રાજ્યને છોડીને દીક્ષા લીધી હતી.

નોંધ:—વિજય એ બીજા નંબરના બળદેવ હતા.

[૫૧] તેજ પ્રકારે પ્રસન્નચિત્તપૂર્વક ઉગ્ર તપશ્ચર્યા આચરીને મહાબળ નામના રાજર્ષિ પણ માથા સાટે કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને મેળવી મુક્તિ પામ્યા હતા.

નોંધ:—પૂર્વોક્ત સિવાય બીજા પણ સાત બળદેવ રાજાઓ તથા બીજા અનેક રાજાઓ જૈનશાસનમાં સંયમી થયા છે. અહીં માત્ર થોડાંજ પ્રસિદ્ધ દૃષ્ટાંતો કહ્યાં લાગે છે.

[૫૨] ધીરપુરુષ નિષ્પ્રયોજનવાળી વસ્તુઓ સાથે ઉન્મત્તની માફક થઈ પૃથ્વીમાં સ્વચ્છંદી થઈ કેમ વિચરે ? એમ વિવેક કરીનેજ ઉપર કહેલા (ભરતાદિક) શૂરવીર અને પ્રબળ પુરુષાર્થી પુરુષો જ્ઞાન અને ક્રિયાથી યુક્ત એવા જૈનમાર્ગને આદરતા હતા.

[૫૩] સંસારનાં મૂળ શોધવામાં સમર્થ એવી આ મેં (પૂર્વ આગમની) સત્ય વાણી આપને કહી છે. તે સાંભળીને આચરવાથી કેક મહાપુરુષો તરી ગયા છે. વર્તમાનકાળે તમારા જેવા કેક તરે છે અને ભવિષ્યકાળમાં અનેક તરી જશે.

નોંધ:—આ પ્રમાણે અહીં એ બન્ને આત્માર્થી અણગારોનો સત્સંગસંવાદ પૂર્ણ થાય છે. અને તે બન્ને મુનીશ્વરો પોતાના પંથે પ્રયાણ કરે છે.

મૃગાપુત્રીય

મૃગાપુત્ર સંબંધી

૧૯

કુકર્મનાં પરિણામ કડવાં છે. દુરાત્માની દુષ્ટ વાસનાને અનુસરવામાં ખૂબ જોખમ છે. એકમાત્ર સહજ ભૂલથી આલોક અને પરલોકમાં અનેક સંકટો સહેવાં પડે છે. દુર્ગતિનાં દારૂણ દુઃખો સાંભળતાં પણ ત્રાસ ઉપજાવે તેવાં હોય છે. તો અનુભવની તો વાતજ શી?

મૃગાપુત્ર પૂર્વના સંસ્કારવશાત્ યોગમાર્ગમાં જવા તત્પર થાય છે. માતાપિતા સંયમ માર્ગનાં સંકટો પુત્રને કહી બતાવે છે. પુત્ર કહે છેઃ—માતાપિતા! ક્યાં એ સ્વઈચ્છાએ સહેવાનાં સામાન્ય કષ્ટ? અને ક્યાં એ પરાધીનતાએ ભોગવવાં પડતાં દારૂણ દુઃખ?

આખરે મૃગાપુત્રના સંયમની સાચી તાલાવેલી માતાપિતાને પિગળાવી મૂકે છે. સંસારને ત્યાગી તપશ્ચર્યાના માર્ગને આદરી તે યોગીશ્વર આજ જન્મમાં પરમ પુરુષાર્થદ્વારા કર્મકંચુકને ભેદીને અંતિમ ધ્યેય મળી શુદ્ધ બુદ્ધ અને સિદ્ધ થાય છે.

ભગવાન બોલ્યા :—

[૧] મોટા વૃક્ષોથી ઘટ એવાં કાનન (જંગલ) અને ક્રીડા કરવા લાયક ઉદ્યાનોથી સુશોભિત અને સમૃદ્ધિથી રમણીય એવા

સુગ્રીવ નામના નગરને વિષે બળભદ્ર નામના રાજા રહેતા હતા અને તે રાજાને મૃગાવતી નામનાં પટરાણી હતાં.

[૨] માતાપિતાનો વલ્લભ અને યુવરાજ એવો બલશ્રી નામનો તે એક કુમાર હતા કે જે દમિતેન્દ્રિયોમાં શ્રેષ્ઠ અને મૃગાપુત્ર નામે પ્રસિદ્ધ થયો હતો.

[૩] તે દોગુન્દક (ત્રાયસ્ત્રિંશક) દેવની માફક મનોહર રમણીઓ સાથે રમતા નંદન નામના મહેલમાં આનંદપૂર્વક ક્રીડતો હતો.

નોંધ—દેવલોકમાં ત્રાયસ્ત્રિંશક નામના ભોગી દેવો હોય છે.

[૪] મણિ અને રત્નોથી જેનું ભોંયતળિયું જડેલું છે, તેવા મહેલના ગોખમાં બેસીને એકદા તે નગરના ત્રણ રસ્તા, ચાર રસ્તા અને મોટા ચોગાનોને ભિન્નભિન્ન રીતે જોયા કરે છે.

નોંધ—મણિ અને રત્નોનું જડતર એ અહીં ઉપમેય રૂપ કહેલ છે, કારણ કે અપાર સંપત્તિ હોવા છતાં તેનો આવી રીતે ઉપયોગ ન થઈ શકે. પરંતુ તે એવા પ્રકારનું જડતર હોય કે જ્યારે તે અમૂલ્ય એવા મણિ કે રત્નો પાથરેલા લાગે.

[૫] તેવામાં તે મૃગાપુત્રે તપસ્વી, સંયમ અને નિયમોને ધારણ કરનાર, અપૂર્વ બ્રહ્મચારી અને ગુણની ખાણરૂપ એવા શ્રમણને ત્યાંથી પસાર થતા જોયા.

[૬] મૃગાપુત્ર મટકું માર્યા વગર એક દૃષ્ટિથી તે યોગીશ્વરને જોયા કરે છે. જોતાં જોતાં તેને વિચાર આવ્યો કે આવું સ્વરૂપ (ચિત્ર) પહેલાં મેં અવશ્ય ક્યાંક જોયું છે.

[૭] સાધુના દર્શન થયા પછી આ પ્રમાણે ચિંતવતાં સુંદર અધ્યવસાય (મનોભાવના) જાગૃત થયા. અને ક્રમથી મોહનો ઉપશમ થવાથી ત્યાંને ત્યાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

નોંધ:—જૈનદર્શન કહે છે કે આ જીવે કર્મોથી દેહધારી બનીને આ કર્મવશાત્ જન્મમરણાદિ દુઃખો વેઠવાં પડે છે

જાતિ જ્ઞાન કર્મોમાં જેમ મોહનીયકર્મનું પ્રધાન છે. તેની સ્થિતિ પણ ૭૦ કોડા કોડી સાગરોપમ જેટલી છે. એટલે તે જ્યાં સુધી કર્મો રહેતાં જાય અને [illegible] માની છે. આ કર્મોના ઉદયથી [illegible] તેમ જેટલે અંશે આત્માભિમુખ થવાય. મૃગાપુત્રના મોહનીય કર્મનું ઉપશમન થયું હતું અને તેથી તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. આ જ્ઞાન વડે સંજ્ઞી પંચેન્દ્રિય (મનવાળા પંચેન્દ્રિય) વાળાને પોતાના ૯૦૦ ભવોની સંખ્યા સુધીના પૂર્વભવો સાંભરે છે. જાતિસ્મરણજ્ઞાન મતિજ્ઞાનનો જ એક ભેદ છે.

[૮] એ સંજ્ઞી (મનવાળા) જીવનેજ ઉત્પન્ન થાય તેવું જ્ઞાન ઉત્પન્ન થવાથી પ્રથમ તેણે મન જન્મ જોયો અને જાણ્યું કે દેવલોકમાંથી ઉતરીને હું મનુષ્યભવ પામ્યો છું.

[૮] મહાન ઋદ્ધિમાન મૃગાપુત્ર પૂર્વજન્મને સંભારે છે. પૂર્વજન્મને સંભારતાં સંભારતાં પૂર્વભવે આદરેલું સાધુપણું પણ યાદ આવ્યું.

નોંધઃ—આ ગાથા કોઈ કોઈ પ્રતિમાં વધુ આવેલી હોવાથી અનુવાદન કર્યું છે.

[૯] સાધુપણું યાદ આવ્યા પછી ચારિત્રને વિષે ખૂબ પ્રીતિ ઉદ્ભવી અને વિષયને વિષે તેટલીજ વિરક્તિ (વૈરાગ્ય) ઉત્પન્ન થઇ. આથી માતાપિતાની સમીપમા આવી આ વચન કહ્યું:—

[૧૦] હે માતાપિતા ! પૂર્વકાળમાં મેં પાંચ મહાવ્રતરૂપ સંયમ ધર્મ પાળેલો તેનું સ્મરણ થયુ છે. અને તેથી નરક, પશુ ઇત્યાદિ અનેક ગતિના દુઃખથી ભરેલા સંસાર સમુદ્રથી નિવૃત્ત થવાને ઇચ્છું છું. માટે મને આજ્ઞા આપો. હું પવિત્ર પ્રવજ્યા (ગૃહત્યાગ) અંગીકાર કરીશ.

નોંધઃ—પૂર્વકાળમાં પંચમહાવ્રતનું કહે છે તેથી જણાય છે કે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના વખતમાં મૃગાપુત્ર સંયમી થયા હશે.

[૧૧] હે માતાપિતા ! પરિણામે વિષ (કિંપાક) ફળની પેઠે નિરંતર

[illegible] (પૂર્વભવમાં આવી રહ્યો) [illegible]

[૧૨] [illegible] છે.

[૧૩] [illegible] જેવા ક્ષણિક શરીરમાં [illegible] તો તેના પર હું કેમ રાચું ?

[૧૪] પીડા અને કુષ્ઠાદિ રોગનું ઘર અને જરા તથા મરણથી ઘેરાયેલા આ અસાર અને ક્ષણભંગુર મનુષ્ય દેહમાં હવે ક્ષણ માત્ર હું રતિ (આનંદ) પામી શકતો નથી.

[૧૫] અહો ! આ આખો સંસાર ખરેખર દુઃખમય છે. તેમાં રહેલા પ્રાણીઓ બિચારા જન્મ, જરા, રોગ અને મરણનાં દુઃખોથી પીડાઈ રહ્યા છે.

[૧૬] (હે માતા પિતા !) આ બધાં ક્ષેત્ર (ઉઘાડી જમીન), ઘર, સુવર્ણ, પુત્ર, સ્ત્રી, બંધુઓ અને આ શરીરને છોડીને પણ પરાધીનપણે મારે વહેલું કે મોડું અવશ્ય જવાનું છે.

નોંધઃ—જે આત્મા કામભોગોને સ્વયં નથી તજતો તેને કામભોગો તજી દે છે; માટે પોતાની મેળે તજેલા કામભોગો દુઃખકર નહિ પણ સુખકર નીવડે છે.

[૧૭] જેમ કિંપાક ફળનું પરિણામ સુંદર નથી તેમ ભોગવેલા ભોગોનું પણ પરિણામ સુંદર નથી.

નોંધઃ—કિંપાક વૃક્ષનાં ફળ, દેખાવમાં સુંદર અને ખાવામાં અતિ મધુર હોય છે પરંતુ ખાધા પછી તે તરત જ મૃત્યુ નિપજાવે છે.

[૧૮] (વળી હે માતપિતા!) જે મુસાફર અટવી જેવા લાંબા માર્ગમાં ભાતું લીધા વિના પ્રયાણ કરે છે તે રસ્તે જતાં ક્ષુધા અને તૃષાથી ખૂબ પીડાય છે. અને દુઃખી થાય છે.

[૧૯] તેજ પ્રમાણે જે ધર્મને આદર્યા વિના પરભવ (પરલોક)માં જાય છે; તે ત્યાં જતાં અનેક પ્રકારના રોગો અને ઉપાધિઓથી પીડાય છે.

નોંધઃ—આ સંસાર અટવી છે, જીવ મુસાફર છે અને ધર્મ ભાતું છે. એ ધર્મરૂપી ભાતું હોય તોજ એ અટવિ પાસે ત્યાં તે શાંતિ મેળવી શકે છે. અને એમ સંસારરૂપી આખી અટવી સુખેથી પસાર કરી શકે છે.

[૨૦] જે મુસાફર અટવી જેવા લાંબા માર્ગમાં ભાતું લઇને પ્રયાણ કરે છે તે ક્ષુધા અને તૃષાથી રહિત થઇ સુખી થાય છે.

[૨૧] તે પ્રમાણે જે સાચા ધર્મનું પાલન કરીને પરભવમાં જાય છે તે ત્યાં ઙણુકર્મી (અલ્પકર્મી) અને આરોગી થઇ સુખી થાય છે.

[૨૨] વળી હે માતાપિતા! ઘર બળતું હોય ત્યારે તે ઘરનો ધણી અસાર વસ્તુઓને છોડી પહેલાં બહુ મૂલ્યવાળી વસ્તુઓજ કાઢી લે છે.

[૨૩] તેમ આ આખો લોક જરા અને મરણથી બળી જળી રહ્યો છે. આપ અને આજ્ઞા આપો તો તેમાંથી (તુચ્છ એવા કામભોગોને તજીને) કેવળ મારા આત્માનેજ ઉગારી લઇશ.

[૨૪] (તરુણપુત્રની તાલાવેલી જોઇ તેને) માતાપિતાએ કહ્યુંઃ—હે

પુત્ર ! સાધુપણું (ચારિત્ર લેવું) એ કઠણ છે. સાધુઓને હજારો ગુણોને ધારણ કરવા પડે છે.

નોંધઃ—આવા સાધુજીવન લેવા દૂર કરી બધાયે ગુણોએ સિદ્ધ કરવા પડે છે.

[૨૫] જીવનપર્યંત જગતના જીવમાત્ર પર સમભાવ રાખવો પડે છે. શત્રુ અને મિત્ર બન્નેને સમાન દૃષ્ટિથી જોવાના હોય છે. અને હાલતાં, ચાલતાં, ખાતાં એમ પ્રત્યેક ક્રિયામાં થતી સૂક્ષ્મ હિંસાથી પણ વિરમવું પડે છે. તેવી સ્થિતિ પ્રત્યેક સૌ કોઈને માટે દુર્લભ છે.

[૨૬] સાધુજીને આખા જીવન સુધી ભૂલેચૂકે પણ અસત્ય બોલવાનું હોતું નથી. સતત અપ્રમત્ત (સાવધાન) રહીને હિતકારી છતાં સત્ય બોલવું એ બહુ બહુ કઠણ છે.

[૨૭] સાધુજી દાંત ખોતરવાની સળી સુદ્ધાં પણ કોઈએ આપ્યા સિવાય લઈ શકે નહિ. તેવી રીતે દોષ રહિત ભિક્ષા મેળવવી એ પણ અતિ કઠિન છે.

નોંધઃ—દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં બેતાલીસ દોષોનું વર્ણન છે. ભિક્ષુને તેવા સૂક્ષ્મદોષોથી રહિત ભોજન લેવાની આજ્ઞા છે.

[૨૮] કામ ભોગોના રસને જાણનારાએ અબ્રહ્મચર્ય (મૈથુન) થી સાવ વિરક્ત રહેવું એ કંઈ સામાન્ય વાત નથી. આવું ઘોર (અખંડ) બ્રહ્મચર્યવ્રત પાળવું અતિ અતિ કઠિન છે.

નોંધ—બાલ્યપણથી જેણે ભોગો ન ભોગવ્યા હોય તે કરતાં જેણે ભોગો લીધા હોય તેને વારંવાર તેનું સ્મરણ આવવું એ સાવ સંભવિત છે અને સ્મરણથી દુર્સંકલ્પ થતા જાય તો માનસિક, વાચિક અને કાયિક બ્રહ્મચર્ય પાળી શકાય નહિ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] છે. [illegible]

[illegible] પડે છે.

નોંધઃ—[illegible]

[૨૫] [illegible] સમભાવ રાખવો પડે છે. શત્રુ અને મિત્ર બન્નેને સમાન દૃષ્ટિથી જોવાના હોય છે. [illegible] આવા એક અનેક ક્રિયાઓમાં થતી સૂક્ષ્મ હિંસાથી પણ વિરમવું પડે છે. તેવી સ્થિતિ ખરેખર [illegible] દુષ્કર છે

[૨૬] સાધુપુરુષને આખા જીવન સુધી ભૂલેચૂકે પણ અસત્ય બોલવાનું હોતું નથી. સતત અપ્રમત્ત (સાવધાન) રહીને હિતકારી છતાં સત્ય બોલવું એ બહુ બહુ કઠણ છે.

[૨૭] આપ્યું દાન લેનારાની સળી સરખી પણ વસ્તુ ખુશીથી દીધા વગર લઈ શકે નહિ. તેવી રીતે દોષ રહિત ભિક્ષા મેળવવી એ પણ અતિ કઠિન છે.

નોંધઃ—દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં બેતાલીસ દોષોનું વર્ણન છે. ભિક્ષુને તેવા સૂક્ષ્મદોષોથી રહિત ભોજન લેવાની આજ્ઞા છે.

[૨૮] કામ ભોગોના રસને જાણનારાએ અબ્રહ્મચર્ય (મૈથુન) થી સાવ વિરક્ત રહેવું એ કંઈ સામાન્ય વાત નથી. આવું ઘોર (અખંડ) બ્રહ્મચર્યવ્રત પાળવું અતિ અતિ કઠિન છે.

નોંધઃ—બાળપણથી ભલે ભોગો ન ભોગવ્યા હોય કે કરતાં ભોગવી લીધા હોય તેને વારંવાર તેનું સ્મરણ આવવું એ સાવ સંભવિત છે. અને સ્મરણથી કુસંકલ્પ થતા જાય તો માનસિક, વાચિક અને કાયિક બ્રહ્મચર્ય પાળી શકાય નહિ.

[૨૯] મન, વાણી કે કાયાથી કોઈ પણ વસ્તુનો સંગ્રહ ન કરવો તેમજ આરંભની હિંસાદિ સર્વ ક્રિયાઓનો ત્યાગ કરવો તે દુષ્કર છે. ત્યાગ કરીને 'મારું' એવું પણ મમતા પણ ન રાખવી તે અતિ દુષ્કર છે.

[૩૦] અન્ન, પાણી, મેવા કે મુખવાસ એમ ચારે પ્રકારમાંના કોઈ પણ આહારનો રાત્રે ઉપયોગ કરી શકે નહિ તેમજ કોઈ પણ જાતનો બીજા દિવસ માટે સંગ્રહ પણ રાખી શકે નહિ. આવું છઠ્ઠું વ્રત છે તે પણ કઠણ છે.

નોંધઃ—જૈનસાધુને અહિંસા, સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો મન વચન અને કાયાથી વિશુદ્ધ રીતે જીવનપર્યંત પાળવાનાં હોય છે. અને રાત્રિભોજનનો પણ સર્વથા ત્યાગ કરવાનો હોય છે.

સાધુ જીવનમાં જે આકસ્મિક સંકટો આવે છે તે બતાવે છે.

[૩૧] ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ, (ધ્યાનમાં) ડાંસ અને મચ્છરનું દુઃખ, કઠોર વચનો, દુઃખદ સ્થળ, તૃણસ્પર્શ અને મેલનું આવી પડતું દુઃખ,

[૩૨] તેમજ તાડન (માર) તર્જન (ઠપકો) વધ અને બંધનનાં કષ્ટો પણ સહેવાં સહેલાં નથી. સદા ભિક્ષાચર્યા કરવી, યાચીને પણ આપેલુંજ લેવું અને યાચના કરતા પણ અપ્રાપ્તિ થાય એ બધું દુષ્કર છે.

[૩૩] આ કાપોતી (પારેવાની જેમ કાંટાને તજી પરિમિત કણજ ખાવા). વૃત્તિ—સંયમી જીવન, દારૂણ (ભયંકર) કેશલુંચન અને દુષ્કર બ્રહ્મચર્ય પાલન આ બધું પાળવું શક્તિવાળાને પણ કઠિન થાય છે.

નોંધઃ—જૈન મુનિઓને જીવનપર્યંત કેશોને હાથવડે કાઢી નાખવાની તપશ્ચર્યા પણ કરવાની હોય છે

[૩૪] માતાપિતાએ કહ્યું:—હે પુત્ર' તું સુકોમળ, સુમજ્જિત (ભોગમાં ડુબેલા) અને ભોગ સુખને યોગ્ય છે. હે પુત્ર! સાધુપણું પાળવા માટે ખરેખર તું સમર્થ નથી.

[૩૫] હે પુત્ર! ભારે લોખંડના ભારની જેમ જીવનપર્યંત અવિશ્રાંતપણે સંયમીના ઉચિત ગુણોનો ભાર વહન કરવો દુષ્કર છે.

[૩૬] આકાશમાં ઊંચા એવા શુભ હિમવંત પર્વતથી પડતી ગંગા નદીના સામેપૂરે જવું અને બે હાથથી સાગર તરવો જેટલો કઠણ છે તેટલુંજ સંયમીના ગુણોને તરી જવું (પ્રાપ્ત કરવા) દુર્લભ છે.

નોંધ:—સંસારની આસક્તિ જેટલી ઘટે તેટલીજ સંયમગુણની પ્રાપ્તિ થાય.


[૩૭] વેળુનો કોળિયો જેટલો નીરસ છે. તેટલોજ (વિષય સુખથી રહિત) સંયમ પણ નીરસ છે. તરવારની ધાર પર જવું જેટલું કઠણ છે તેટલુંજ તપશ્ચર્યાના માર્ગમાં પ્રયાણ કરવું કઠણ છે.

[૩૮] વળી હે પુત્ર' સર્પની માફક એકાંત આત્મદૃષ્ટિથી ચારિત્ર માર્ગમાં ચાલવું દુષ્કર છે. લોખંડના જવ ચાવવા જેટલા દુષ્કર છે તેટલુંજ સંયમ પાલન પણ દુષ્કર છે.

[૩૯] જેમ બળતી અગ્નિની ઝાળ પીવી દોહ્યલી છે તેમ તરુણ વયમાં સાધુપણું પાળવું દુષ્કર છે.

[૪૦] વાયુનો કોથળો ભરવો જેટલો મુશ્કેલ કે અશક્ય છે તેટલું કાયરને સાધુપણું પાળવું મુશ્કેલ છે.

[૪૧] જેમ ત્રાજવાથી લાખ યોજનનો મેરુ પર્વત તોળવો દુષ્કર છે તેમ શંકા રહિત અને નિશ્ચળ સંયમ પાળવો દુષ્કર છે.



[૩૪] [illegible] મૂર્તિમાન, ગુણનિધિ [illegible] હે પુત્ર! [illegible] માત્ર ગુણોને યોગ્ય છે. [illegible] નથી.

[illegible] માટે [illegible]

[૩૫] [illegible] જેમ [illegible] છે. [illegible] ગુણોનો [illegible] કરવો દુષ્કર છે.

[૩૬] [illegible] પર્વતથી પડતી ગંગા [illegible] નદીના [illegible] બે હાથથી સાગર તરવો કઠિન [illegible] ગુણોને તરી જવું (પ્રાપ્ત કરવું) [illegible] તેટલુંજ [illegible] કઠણ છે.

નોંધ—સંસારની આસક્તિ જેટલી વધે તેટલીજ સંયમરૂ[illegible] પ્રાપ્ય થાય.

[૩૭] રેતીનો કોળિયો જેટલો નીરસ છે. તેટલોજ (વિષય સુખ [illegible] રહિત) સંયમ પણ નીરસ છે. તરવારની ધાર પર [illegible] જેટલું કઠણ છે તેટલુંજ તપશ્ચર્યાના માર્ગમાં પ્રયાણ કઠણ છે

[૩૮] વળી હે પુત્ર ' સર્પની માફક એકાંત આત્મદૃષ્ટિથી [illegible] માર્ગમાં ચાલવું દુષ્કર છે. લોખંડના જવ ચાવવા દુષ્કર છે તેટલુંજ સંયમ પાલન પણ દુષ્કર છે.

[૩૯] જેમ બળતી અગ્નિની ઝાળ પીવી દોહ્યલી છે તેમ [illegible] વયમાં સાધુપણું પાળવું દુષ્કર છે.

[૪૦] વાયુનો કોથળો ભરવો જેટલો મુશ્કેલ કે અશક્ય છે [illegible] કાયરને સાધુપણું પાળવું મુશ્કેલ છે.

[૪૧] જેમ ત્રાજવેથી લક્ષ યોજનનો મેરુ પર્વત તોળવો [illegible] તેમ શંકા રહિત અને નિશ્ચળ સંયમ પાળવો દુષ્[illegible]

[૪૨] જેમ બે હાથથી આખો સમુદ્ર તરી જવો અશક્ય છે તેમ અનુપશાંત (અશક્ત) જીવ વડે દમનો સાગર તરવો દુષ્કર છે.

નોંધ:—દમ એટલે ઇંદ્રિય તથા મનને દમવું તે કહ્યું છે.

[૪૩] માટે હે પુત્ર! તું શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ એ પાંચે વિષયોના મનુષ્ય સંબંધી ભોગોને ભોગવ, અને ભુક્ત ભોગી થઇને પછી ચારિત્ર ધર્મને ખુશીથી સ્વીકારજે.

[૪૪] આ પ્રમાણે માતાપિતાનાં વચન સાંભળીને મૃગાપુત્રે કહ્યું:— હે માતાપિતા! આપે કહ્યું તે સત્ય છે પરંતુ નિઃસ્પૃહી (પિપાસારહિત) ને આલોકમાં કશુંએ અશક્ય હોતુંજ નથી.

[૪૫] વળી આ સંસાર ચક્રમાં દુઃખ અને ભય ઉપજાવનારી શારીરિક અને માનસિક વેદનાઓ હું અનંતવાર સહન કરી ચૂક્યો છું.

[૪૬] જરા અને મરણથી ઘેરાયેલા અને ચાર ગતિરૂપ ભયથી ભરેલા આ સંસારમાં મેં જન્મ મરણ અને ભયંકર વેદનાઓ ઘણીવાર સહન કરી છે.

નરક યોનિમાં પૂર્વે અનંત વેદના વેઠેલી તે કહી બતાવે છે.

[૪૭] અહીંનો અગ્નિ જેટલો ઉષ્ણ હોય છે તેના કરતાં અનંતગણી નરક યોનિમાં ઉષ્ણ અગ્નિ હોય છે નરક યોનિઓમાં આવી ઉષ્ણ વેદનાઓ મેં (કર્મના પ્રભાવે) સહન કરી છે.

[૪૮] અહીંની ઠંડી કરતાં નરક યોનિમા અનંતગણી ટાઢ હોય

જે મેં નરક યોનિઓમાં તેથી અનન્ત ગણી વેદનાઓ વેઠી છે.

[૪૯] કંદુ નામની કુંભીઓ (લોઢાદિના બનેલ) માં આક્રંદ કરતા ઉંચા પગે અને નીચા મસ્તકે રહેલો હું (વિરૂપ) બળતા અગ્નિમાં ઘણીવાર પકાવાયો છું.

નોંધ:—નરકયોનિમાં કંદુ વગેરે નામનાં ભિન્નભિન્ન કુંભી રહેલી હોય છે. ત્યાં નારકી જીવો ઉત્પન્ન થાય છે અને તેવા જીવોને પરમાધામિક નામના ત્યાંના અધિષ્ઠાતાઓ અનેક યાતનાઓ આપે છે.

[૫૦] પૂર્વ કાળે મહા દાવાગ્નિ જેવી મરૂ (રેગાન મેદાન) ભૂમિની વજ્ર જેવી વેળુવાળી કદંબ વાલુકા નદીમાં હું અનન્તવાર બળ્યો હતો.

[૫૧] કંદુ કુંભીઓમાં ઊંચે બંધાયેલો અનાથ (સહાય વિના) હું કરવત અને ક્રકચ વગેરે શસ્ત્રોથી પૂર્વે ઘણીવાર અગાધ પાડેલો છેદાયો છું.

[૫૨] અતિ તીક્ષ્ણ કાંટે કરીને વ્યાપ્ત એવા મોટા સિંબલિ વૃક્ષની સાથે બંધાયેલા મને આઘો પાછો ઉંધો સુલટો ખેંચીને પરમાધામિકોએ આપેલી વેદના મેં સહન કરી છે.

નોંધ:— સિંબલિવૃક્ષ તાડથી પણ મોટું હોય છે

[૫૩] પાપકર્મના પરિણામે હું પૂર્વકાળે (પોતાનાજ કર્મથી) મોટા યંત્રોમાં શેરડીની માફક અતિ ભયંકર અવાજ કરતો ખૂબ પીડાયો છું.

[૫૪] સૂકર અને શ્વાન જેવા શ્યામ અને સબળ જાતના પરમાધાર્મિક દેવોએ અનેકવાર ભૂમિપર તરફડતો મને પાડ્યો, (શસ્ત્રાદિએ કરી) છેદી નાખ્યો અને બચાવવાની બૂમ પાડવા છતાં ભેદી નાખ્યો હતો.

[૫૫] (પરમાધાર્મિકો) [illegible]

[૫૬] [illegible] અગ્નિ અને ધૂળની [illegible] [illegible] જેમ [illegible] પ્રકારે [illegible] તેમ મને પણ [illegible] પાડીને ખૂબ બાળ્યો હતો.

[૫૭] ચિતાઓમાં પાડાઓને જેમ બાળે છે તેમ પાપકર્મોથી ઘેરાયેલા અને પરમાધામીએ ધગધગતા અગ્નિમાં [illegible] હતો અને બાળીને ભસ્મ કર્યો હતો.

[૫૮] ઢંક અને ગીધ પક્ષીરૂપ બની લોઢાના [illegible] સરખી મજબૂત ચાંચે કરી વલવલાટ કરતા એવા મને પરમાધામિકોએ અનંતવાર ફાડી નાંખી દુઃખ દીધું હતું.

[૫૯] એ નરકગતિમાં તૃષાથી ખૂબ પીડાતા દોડતાં દોડતાં વૈતરણી નદીને જોઇ પાણી પીવાની આશાએ તેમાં પડ્યો પરંતુ ત્યાં રહેલા અસ્ત્રાની ધારાઓથી ખૂબ હણાયો હતો.

[૬૦] તાપથી પીડાતાં અસિ (તલવાર) પત્ર નામના વનમા ગયો ત્યાં ઉપરથી તલવારની ધાર જેવાં તીક્ષ્ણ પત્રો પડવાથી અનંતવાર છેદાયો હતો.

[૬૧] મુદગરો, મુસંઢી નામનાં શસ્ત્રો, શૂળો તથા સાંબેલાં વડે ગાત્રો ભાંગી ગયાં હતાં અને તેવું દુઃખ મેં અનંતવાર ભોગવ્યું હતું.

[૬૨] છુરીની તીક્ષ્ણ ધાર વડે ખાલ ઉતારીને હણાયો હતો અને કાતરણીઓ કરી અનેક વખત કપાયો અને છેદાયો હતો.

[૬૩] ત્યાં પાસલાની કપટજાળોમાં જકડાઈ મૃગની પેઠે પરવશપણે ઘણી વખત હું વહન કરાયો, બંધાયો અને રૂંધાયો હતો.

[૬૪] મોટી જાળ જેવા નાનાં માછલાંને ગળી જનાર મોટા મોટા મગરમચ્છો આગળ નાના મચ્છની માફક પરવશપણે હું ઘણીવાર તેવા પરમાધામિકોથી પકડાયો, ખેંચાયો, ફાડાયો અને મરાયો હતો.

[૬૫] વિશેષ કરીને દંશવાળા અને લેપવાળી જાતો વડે પક્ષી જેમ પકડાઈ જાય તેમ પરમાધામિકોથી હું ઘણીવાર પકડાયો, લેપાયો, બંધાયો અને મરાયો હતો.

[૬૬] સુતારો જેમ ઝાડને છેદે તેમ કુહાડા કે ફરસીઓ કરી પરમાધામિકોએ મને છેદ્યો (ને મુંજની પેઠે) ફાડ્યો, કૂટ્યો અને છોલ્યો હતો.

[૬૭] જેમ લુહારો ચપેટા અને ઘણ વડે લોઢાને કૂટે તેમ હું અનંતવાર કુટાયો, ભેદાયો અને મરાયો હતો.

[૬૮] ખૂબ ભયંકર રુદન કરવા છતાં ત્રાંબુ, લોઢું, સીસું વગેરે ધાતુઓને ખૂબ કળકળતાં તપાવી મને પરાણે પીવડાવ્યાં.

[૬૯] (અને પાછાંપાછાં એ પરમાધામિકોએ કહ્યું:—) "રે અનાર્ય કર્મના કરનાર! તને પૂર્વજન્મમાં માંસ બહુ પ્રિય હતું" એમ કહીને મારા શરીરમાંથી માંસ તોડી તોડી તેના કકડા કરી અગ્નિ જેવાં લાલ ભડથાં બનાવી બનાવીને મને ઘણી વાર ખવડાવ્યાં.

[૭૦] "વળી તને ગોળ તથા મહુડાં વગેરેનો અનેક સુરા (દારૂ) બહુજ પ્રિય હતો" એમ સંભારીને મારાજ શરીરનું રુધિર અને ચરબી બળતસ્યમાન કરી મને પીવડાવી હતી.

[૭૧] ભય સહિત, ઉદ્વેગ સહિત અને દુઃખ સહિત પીડાયેલા એવા મેં ઘણા દુઃખથી ભરેલી એવી વેદનાઓ સતત અનુભવી હતી.

[૭૨] નરકયોનિમાં મેં તીવ્ર, ભયંકર, અસહ્ય, મહાભયકારક, ઘોર અને પ્રચંડ વેદનાઓ ઘણીવાર સહન કરી છે.

[૭૩] હે તાત ! મનુષ્યલોકમા જેવી ભિન્નભિન્ન પ્રકારની વેદનાઓ અનુભવાય છે તે કરતા નરકગતિઓમા અનંતગણી વેદનાઓ હોય છે.

[૭૪] (હે માતાપિતા !) જ્યાં મટકું મારીએ તેટલો વખત પણ શાંતિ નથી એવી સર્વ ભવોમાં મેં અસાતા (અસુખ) વેદના અનુભવી છે.

[૭૫] આ બધું સાંભળ્યા પછી માતાપિતાએ કહ્યું :—હે પુત્ર ! ભલે તારી ઇચ્છા હોય તો દીક્ષિત થા પરંતુ ચારિત્ર ધર્મમાં દુઃખ પડયે પ્રતિક્રિયા (દુઃખને હઠાડવાનો ઉપાય) નહિ થાય.

[૭૬] માતાપિતાને મૃગાપુત્રે કહ્યું:—આપ કહો છો તે સત્ય છે. પરંતુ હું આપને પૂછુ છું કે જંગલમાં પશુ પક્ષીઓ વિચરતાં હોય છે તેની પ્રતિક્રિયા કોણ કરે છે ?

નોંધઃ—પશુ અને પક્ષીઓનાં દુઃખો જેમ ઉપાય કર્યા વિના શાંત થાય છે તેમ મારે પણ દુઃખ શાંત થઈ જવાનું.

[૭૭] જેમ જંગલમાં [illegible] એકલો [illegible] વિહાર કરે છે તેમ સંયમ અને તપ વડે હું એકાકી [illegible] સુખપૂર્વક વિચરીશ

[૭૮] મોટા જંગલમાં [illegible] વૃક્ષના મૂળમાં બેઠેલા મૃગને (પશુને [illegible]) જ્યારે રોગ ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યાં [illegible] ની આગાર કોણ કરે છે?

[૭૯] ત્યાં જઈ કોણ તેને ઔષધ આપે છે? તેના સુખદુઃખની ચિંતા કોણ કરે છે? કોણ તેને ભોજનપાણી લાવીને ખવડાવે છે?

નોંધ—જેને આપનો [illegible] છે તેવીજ સામાન્ય દુઃખ અતિ દુઃખ રૂપ નીવડે છે.

[૮૦] જ્યારે તે નીરોગી થાય છે ત્યારે પોતાની મેળે ભોજન માટે વનમાં જઈ સુંદર ઘાસ અને સરોવરને શોધી લે છે.

[૮૧] ઘાસ ખાઈને, સરોવરમાં પાણી પીને તથા મૃગચર્યા કરી પછી પોતાના નિવાસસ્થાને પહોંચે છે.

[૮૨] એજ પ્રમાણે ઉદ્યમવંત સાધુ એકાકી મૃગચર્યા ચરીને પછી ઊંચી દિશામાં ગમન કરે છે.

[૮૩] જેમ એકલો મૃગ અનેક ભિન્નભિન્ન સ્થળે વસે છે, એકજ સ્થાને નહિ તેમ મુનિ ગોચરી (ભિક્ષાચરી)માં મૃગચર્યાની માફક જુદે જુદે સ્થળે વિચરે અને ભિક્ષા સુંદર મળો કે ન મળો તો પણ જરા માત્ર દેનારનો તિરસ્કાર કે નિંદા ન કરે.

[૮૪] માટે હે માતાપિતા! હું પણ મૃગની માફક તેવી (નિરવદ્ય) ચર્યા કરીશ. આ પ્રમાણે પુત્રના દૃઢ વૈરાગ્યને જાણી માતાપિતાનાં કઠોર હૃદય પીગળી ગયાં. તેમણે કહ્યું :—હે પુત્ર!

જેમ આપને સુખ પડે તેમ ખુશીથી કરો. આ પ્રમાણે માતાપિતાની આજ્ઞા મળ્યા પછી તે આભરણાદિક સર્વ પ્રકારની ઉપાધિને છોડવા તૈયાર થયા.

[૮૫] પાછી આજ્ઞા લેવા માટે ફરીથી મૃગાપુત્રે કહ્યું:—(પ્રસન્નચિત્તે) આપની આજ્ઞા હોય તો હમણાંજ સર્વદુઃખોથી છોડાવનાર મૃગચર્યા રૂપ સંયમને આદરૂ ? આ સાભળી માતાપિતાએ પ્રસન્નચિત્તે કહ્યું :—પ્યારા પુત્ર ! યથેચ્છ વિચરો.

[૮૬] એ પ્રમાણે બહુ પ્રકારે માતાપિતાને સમજાવીને અને આજ્ઞા લઇને જેમ મહાન હાથી બખ્તરને ભેદી નાખે છે તેમ મમત્વને છેદી નાખ્યું.

[૮૭] સમૃદ્ધિ, ધન, મિત્રો, સ્ત્રી, પુત્રો અને સ્વજનોને વસ્ત્ર પર લાગેલી ધૂળને ખંખેરી નાખે તેમ બધાને તજીને તે નીકળી ગયો.

[૮૮] પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત બની અભ્યંતર (આંતરિક) અને બાહ્ય તપશ્ચર્યામાં ઉદ્યમવંત થયા.

નોંધઃ—મહાવ્રત, સમિતિ અને ગુપ્તિનું વર્ણન આવી ગયું છે. તપશ્ચર્યાનું સવિસ્તર વર્ણન ત્રીસમા અધ્યયનમાં આવશે.

[૮૯] મમતા, અહંકાર, આસક્તિ અને ગર્વને છોડી ત્રસ તેમજ સ્થાવર જીવો પર પોતાના આત્મા સમાન વર્તવા લાગ્યા.

[૯૦] વળી લાભમાં કે અલાભમાં, સુખમાં કે દુઃખમાં જીવિતમાં કે મરણમાં, નિંદામાં કે પ્રશંસામાં અને માનમાં કે અપમાનમાં સમવર્તી બન્યા.

[૯૧] [illegible] અને [illegible]
નિરત [illegible]

નોંધ—[illegible]
છે. [illegible] અને [illegible]
[illegible] માયા અને લોભ.

[૯૨] આ[illegible] [illegible] સમાધિ [illegible]
થવા ભોજન મળો કે ન મળો, કોઈ [illegible]
કે દંડો—એ બન્ને દશામાં સમવર્તી થવા.

[૯૩] અને અપ્રશસ્ત એવા પાપોના આસ્રવથી (આગમનથી) [illegible]
સર્વ પ્રકારે રહિત થવા તેમજ આધ્યાત્મિક ધ્યાનના યોગો
વડે કષાયોનો નાશ કરીને પ્રશસ્ત શાસનમાં સ્થિર થવા—

[૯૪] એ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિશુદ્ધ ભાવના-
ઓથી પોતાના આત્માને યથાર્થ ભાવીને—

[૯૫] ઘણાં વર્ષો સુધી ચારિત્ર (સાધુપણું) પાળીને એક માસ[illegible]
અણશણ કરી એઓ સિદ્ધગતિને પામ્યા.

નોંધ:—અણશણ બે પ્રકારનાં હોય છે. (૧) મરણપર્યંત. [illegible]
અણશણ આયુષ્યનો અંતકાળ નજીક આવ્યે મરણપર્યંતના કાળ સુધી કર[illegible]
હોય છે. (૨) કાળમર્યાદિત.

[૯૬] જેમ મૃગાપુત્ર મહર્ષિ ભોગોથી તદ્દન વેગમાં નિ[illegible]
શક્યા તેમ તત્ત્વને જાણનારા પંડિત પુરુષો ભોગોથી અ[illegible]
નિવૃત્ત થાય છે.

[૯૭] મહાન પ્રભાવશાળી અને મહાન યશસ્વી મૃગાપુત્રનું

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મહા નિર્ગ્રંથીય

મહાનિર્ગ્રંથમુનિ સંબંધી

૨૦

કદાચ શરીરની વેદના હરવાનું ઔષધ હશે. બાહ્ય બંધ-
નોની વેદના તોડવાનાં શસ્ત્રો પણ મળી આવશે. પરંતુ ફૂટી
ઊઠી થતી આત્મવેદનાને દૂર કરવાનાં ઔષધ બહાર ક્યાંય
નથી. આત્માની અનાથતાને દૂર કરવા માટે બહારનાં કોઈ
સામર્થ્ય કામ આવી શકતાં નથી. પોતાના સનાથ માટે પોતેજ
સાવધાન થવું ઘટે. બીજાં અવલંબનો એ જાદુગરના તમાશા
છે. આત્માનાં અવલંબન એજ સાચાં સાથી છે.

અનાથી નામના યોગીશ્વર સંસારની અનિત્યતાને અનુસરી
ચૂક્યા હતા. રાજ્યઋદ્ધિ જેવી સમૃદ્ધિ, અપાર વિલાસો અને
તરુણિનાં પ્રલોભન તથા માતાપિતાનો અપાર સ્નેહ એ
તેમણે સબળતાથી છોડી દીધું હતું.

એકદા તરુણવયના તે તેજસ્વી ત્યાગી ઉદ્યાનમાં એકાં
ધ્યાન ધરી રહ્યા હતા. તેજ ઉદ્યાનમાં અકસ્માતથી જઈ ચડે
શ્રેણિક નામનો રાજગૃહ.નો રાજવી યોગીશ્વરની પ્રસન્ન મુખમુ
ઝળહળતી આત્મજ્યોત અને તરુણવયની ત્યાગદશા જોઈ મુ
બન્યો. શું આવા યુવાનો પણ ત્યાગી હોય ? એ વિચારે
બહુ બહુ ચકિત બનાવ્યો. એ યોગીના વિશુદ્ધ આંદ
શ્રેણિકના અંતઃકરણમાં જે ક્રાંતિ પ્રચાવી તેનું નિરીક્ષણ
મુમુક્ષુને અતિઅતિ આવશ્યક છે.

ભગવાન બોલ્યા:—

[૧] અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સંયમી પુરુષોને ભાવથી નમસ્કાર કરીને પરમાર્થ (મોક્ષ) દાતા ધર્મની યથાર્થ શિક્ષાને કહીશ. ધ્યાનપૂર્વક મને સાંભળો.

નોંધ:—સંયતપદ: અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને સંયમી પુરુષોનું બોધક છે.

[૨] અપાર સંપત્તિના સ્વામી અને મગધ દેશના અધિપતિ શ્રેણિક મહારાજા મંડિત કુક્ષિ નામના ચૈત્ય તરફ વિહારયાત્રા માટે નીકળ્યા.

[૩] ભિન્નભિન્ન પ્રકારના વૃક્ષો અને લતાઓથી વ્યાપ્ત વિવિધ ફળ અને પુષ્પોથી છવાયેલું અને વિવિધ પક્ષીઓથી સેવાયેલું તે ઉદ્યાન નંદનવન સરખું હતું.

[૪] ત્યાં એક વૃક્ષના મૂળ પાસે બેઠેલા, સુખને યોગ્ય, સુકોમળ, સમાધિસ્થ અને સંયમી સાધુને જોયા.

[૫] તે નૃપતિ યોગીશ્વરનું રૂપ જોઇને તે સંયમીને વિષે અત્યંત આશ્ચર્ય પામ્યો.

[૬] અહો ! કેવી કાંતિ ! અહો ! કેવું રૂપ ! અહો ! એ આર્યની કેવી સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા અને ભોગ પ્રત્યે અનાસક્તિ છે !

[૭] તે મુનિનાં બન્ને ચરણોને નમીને, પ્રદક્ષિણા કરીને, અતિ દૂર નહિ કે અતિ પાસે નહિ તેમ ઉભા રહી હાથ જોડીને પૂછવા લાગ્યા.

[૮] હે આર્ય ! આવી તરુણાવસ્થામાં ભોગ ભોગવવાને વ
પ્રવ્રજિત કેમ થયા ? આવા ઉગ્ર ચારિત્રમાં આપે શી પ્રેર
અભિનિષ્ક્રમણ કર્યું ! આ વસ્તુને સાંભળવા ઇચ્છું છું

[૯] (મુનિ બોલ્યા:-) હે મહારાજ ! હું અનાથ છું. મારો
(રક્ષક) કોઈ નથી તેમ હજુ સુધી તેવો કોઈ કૃપાળુ મિત્રને
હું પામી શક્યો નથી.

[૧૦] આ સાંભળીને મગધદેશના અધિપતિ શ્રેણિક રાજા હસી
પડ્યા: શું આવા પ્રભાવશાળી અને સમૃદ્ધિશાળી આપને
હજુ સુધી કોઈ સ્વામી ન મળ્યો ?

નોંધ:—યોગીશ્વરનું ઓજસ્ જોઈ તેનો સહાયક કોઈ ન હોય તે
અસંગત લાગ્યું અને તેથી જ મહારાજાએ તેમ કહ્યું.

[૧૧] હે સંયમિન્ ! આપનો કોઈ નાથ (સહાયક) ન હોય તો
હું થવા તૈયાર છું. મનુષ્યભવ ખરેખર દુર્લભ છે. મિત્ર અને
સ્વજનોથી ઘેરાયેલા આપ સુખપૂર્વક મારી પાસે રહો અને
ભોગોને ભોગવો.

[૧૨] હે મગધેશ્વર શ્રેણિક ! તું પોતેજ અનાથ છે. જે પોતેજ
અનાથ હોય તે બીજાનો નાથ શી રીતે થઈ શકે ?

[૧૩] મુનિનાં વચન સાંભળી તે નરેંદ્ર વિસ્મિત થયો. આવું વચન
તેણે કદી કોઈની પાસેથી સાંભળ્યું નહતું. તેથી તે વ્યાકુ
અને સંશયી બન્યો.

નોંધ:—તેને એમ લાગ્યું કે આ યોગી મારાં શક્તિ, સમ
અને સંપત્તિને જાણતા નહિ હોય, તેથી તેમ કહે છે

[૧૪] ઘોડાઓ, હાથીઓ અને કરોડો મનુષ્યો, શહેરો અને નગ
(રાજા અંગદેશ તથા મગધદેશ) નો હું ધણી છું. મું

અંતઃપુરમાં હું મનુષ્ય સંબંધીના ઉત્તમ કામભોગોને ભોગવું છું. મારી આજ્ઞા અને ઐશ્વર્ય અખંડ છે.

[૧૪] આવી મનવાંછિત વિપુલ સંપત્તિ હોવા છતાં હું અનાથ કેમ? હે ભગવન્ ! આપનું કહેવું કદાચ મિથ્યા તો નહિ હોય?

[૧૫] (મુનિએ કહ્યું) હે પાર્થિવ ! તું અનાથ કે અનાથના અર્થને જાણી શક્યો નથી. હે નરાધિપ ! અનાથ અને સનાથના ભાવને જરાપણ સમજી શક્યો નથી. (તેથી જ તને શંકા થાય છે.)

[૧૭] હે મહારાજ ! અનાથ મને કહેવાય છે ! મને અનાથતાનું ભાન ક્યાં અને કેવી રીતે થયું અને કેમ પ્રવ્રજ્યા લીધી તે બધું સ્વસ્થ ચિત્ત રાખી સાંભળ.

[૧૮] પ્રાચીન શહેરોમાં સર્વોત્તમ એવી કૌશાંબી નામની નગરી હતી અને ત્યાં પ્રભૂત ધનસંચય નામના મારા પિતા રહેતા હતા.

[૧૯] એકદા હે મહારાજ ! તરુણ વયમાં મને એકાએક આંખની અતુલ પીડા ઉત્પન્ન થઇ. અને તે પીડાથી આખા શરીરને દાઘજ્વર શરૂ થયો.

[૨૦] જેમ કોપેલો શત્રુ શરીરના કોમળ ભાગમાં અતિ તીક્ષ્ણ શસ્ત્રથી ઘોર પીડા ઉપજાવે તેવી તે આંખની વેદના હતી.

[૨૧] અને ઇંદ્રના વજ્રની પેઠે દાઘજ્વરની દારૂણ વેદના કેડના મધ્યભાગ, મસ્તક અને હૃદયને પીડવા લાગી.

[૨૨] તે વખતે વૈદ્યકશાસ્ત્રમાં નિપુણ અને જડીબુટ્ટી, મુળિયા તથા મંત્રવિદ્યામાં પારંગત, શાસ્ત્રમાં કુશળ અને ઔષધ કરવામાં ચતુર એવા ઘણા વૈદ્યાચાર્યો મારે માટે આવ્યા.

[૨૩] [illegible]

[૨૪] [illegible]

[૨૫] [illegible] મારા પોતાના [illegible] [illegible] હતી પરંતુ તેથી મારું દુઃખ છૂટ્યું નહિ. એજ મારી અનાથતા.

[૨૬] માતાના એકજ ઉદરમાંથી જન્મેલા નાના અને મોટા ભાઈઓ પણ મને દુઃખથી છોડાવી ન શક્યા એ પણ મારી અનાથતા.

[૨૭] હે મહારાજ! નાની અને મોટી મારી સગી બેનો પણ આ દુઃખથી મને બચાવી ન શકી એ મારી અનાથતા નહિ તો બીજું શું?

[૨૮] હે મહારાજ! તે વખતે મારા પર અત્યંત સ્નેહવાળી અને પતિવ્રતા પત્ની આંસુભર્યાં નયને મારું હૃદય ભીંજવી રહી હતી.

[૨૯] મારું દુઃખ જોઈ તે નવયૌવના મારાથી છાને કે અછાને અન્ન, પાન, સ્નાન કે સુગંધિત પુષ્પમાળા કે વિલેપન સુદ્ધાં ભોગવતી ન હતી.

[૩૦] અને હે મહારાજ! એક ક્ષણ પણ તે સહચારિણી અળગી થતી ન હતી. આખરે (એટલી અગાધ સેવા વડે પણ) તે મારી આ વેદનાને હટાવી ન શકી તેજ મારી અનાથતા.

[૩૧] આવી ચારેકોરથી અસહાયતા અનુભવવાથી મેં વિચાર્યું કે

અનંત એવા આ સંસારમાં આવી વેદનાઓ ભોગવવી પડે તે અતિ અતિ અસહ્ય છે.

[૩૨] માટે આ વિપુલ વેદનાથી જો એકજવાર હું મુકાઉં તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી બની તુરતજ શુદ્ધ સંયમને ગ્રહણ કરીશ.

[૩૩] હે નરપતિ! રાત્રિએ એમ ચિંતવીને હું સુઇ ગયો. અને રાત્રિ જેમ જેમ જતી ગઈ તેમ તેમ મારી તે વિપુલ વેદના ક્ષીણ થતી ગઈ.

[૩૪] ત્યારબાદ પ્રભાતે તો સાવ નીરોગી થઈ ગયો અને એ બધા સંબંધીઓની આજ્ઞા લઇને ક્ષાન્ત (સહિષ્ણુ), દાન્ત (દમિતેન્દ્રિય) અને નિરારંભી (પાપક્રિયાથી રહિત) થઇ સંયમી બન્યો.

[૩૫] ત્યાગ લીધા પછી હું મારો પોતાનો અને સર્વ ત્રસ (હાલતા ચાલતા જીવો તથા સ્થાવર સ્થિર) જીવો; એ બધાનો પણ નાથ (રક્ષક) થઇ શક્યો.

નોંધઃ—આસક્તિનાં બંધન છૂટવાથી પોતાનો આત્મા છૂટે છે. આવું આત્મિક સ્વાવલંબન એજ સનાથતા. આવી સનાથતા સાંપડે એટલે બહારની સહાયોની ઈચ્છાજ ન રહે. આવી સનાથતા પામે તે જીવાત્મા બીજા જીવોનો પણ નાથ બની શકે. બહારનાં બંધનોથી કોઈને છોડાવવાં તે કંઈ સાચી રક્ષા ન કહેવાય. પીડાતા પ્રાણીને આંતરિક બંધનોથી છોડાવવાં તેજ સાચું સ્વામિત્વ ગણાય. આવી સનાથતા એજ સાચી સનાથતા. આ સિવાયની બીજી બધી અનાથતાજ સમજવી.

[૩૬] (હે રાજન્!) કારણ કે આ આત્મા પોતેજ વૈતરણી નદી અને કૂટશાલ્મલીવૃક્ષ જેવો દુઃખદાયી તથા કામદુધા ગાય અને નંદનવન સમાન સુખદાયી છે.

નોંધઃ—આ જગતમાં પોતાનાં પાપોથી વડે નરકગતિ જેવાં અનેક દુઃખોને ભોગવે છે અને તેજ સત્કર્મો વડે સ્વર્ગાદિ ગતિનાં સુખો ભોગવે છે.

[૩૭] આ આત્મા પોતેજ સુખ અને દુઃખોનો કર્તા અને ભોક્તા છે. અને આ આત્મા પોતેજ સુમાર્ગે રહે તો પોતાનો મિત્ર અને કુમાર્ગે રહે તો પોતેજ પોતાનો શત્રુ છે.

આવી રીતે પોતાની પૂર્વાવસ્થાની પ્રથમ અનાથતા કહીને હવે બીજા પ્રકારની અનાથતા કહે છેઃ—

[૩૮] હે રાજન્! કેટલાક કાયર મનુષ્યો નિર્ગ્રંથ ધર્મને અંગીકાર તો કરી લે છે પણ પાળી શકતા નથી. તે બીજા પ્રકારની અનાથતા છે. હે નૃપ! તું તે વસ્તુને બરાબર શાંત ચિત્તથી સાંભળ.

[૩૯] જે પાંચ મહાવ્રતોને ગ્રહણ કરી પછી અસાવધાનતાથી બરાબર પાળી શકતો નથી અને પોતાના આત્માને અનિગ્રહ (અસંયમ) કરી રસાદિ સ્વાદોમાં લુબ્ધ થાય છે તેવો ભિક્ષુ રાગ અને દ્વેષરૂપ સંસારના બંધનને મૂળથી છેદી શકતો નથી.

નોંધઃ—પ્રવ્રજ્યાનો હેતુ આસક્તિનાં બીજો ઉખેડવાનો છે. વસ્તુ છોડવી સહેલી છે. પણ વસ્તુની આસક્તિ છોડવી કઠણ છે. માટે મુનિએ સતત તેજ પ્રયત્ન કરવો જોઈએ.

[૪૦] (૧) ઉપયોગપૂર્વક ગમનાગમન (૨) ભાષા (૩) એષણા (ભોજન વસ્ત્ર વગેરે ગ્રહણ કરવાની વૃત્તિ) (૪) ભોજન, પાત્ર, કંબલ, વસ્ત્રાદિનું મૂકવું તથા લેવું. અને (૫) વધેલી આવશ્યક વસ્તુનો યોગ્ય સ્થળે ત્યાગ કરવો. આ પાંચ સમિતિઓમાં જે ઉપયોગ રાખતો નથી તે વીરપુરુષે આચરેલા (જિન) માર્ગમાં જઈ શકતો નથી.

[૪૧] જે લાંબા કાળસુધી મુંડ (મહાવ્રતની ક્રિયા) રુચિ થઈને પણ પોતાનાં વ્રતનિયમોમાં અસ્થિર થઈ જાય છે. અને તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી ભ્રષ્ટ થાય છે. તેવો સાધુ ઘણાં વર્ષો સુધી (ત્યાગ, સંયમ, કેશલુંચન અને બીજાં કષ્ટોથી) પોતાના દેહને દુઃખ આપવા છતાં સંસારની પાર જઈ શકતો નથી.

[૪૨] તે પોલી મુઠી અને છાપ વિનાના ખોટા સિક્કાની માફક સાર (મૂલ્ય) રહિત બને છે અને કાચનો કટકો જેમ વૈડૂર્યમણિ પાસે નિરર્થક હોય છે તેમ જ્ઞાનીજનો પાસે તે નિર્મૂલ્ય થઈ જાય છે.

[૪૩] આ મનુષ્ય જન્મમાં રજોહરણાદિ મુનિનાં માત્ર ચિહ્નો રાખે અને માત્ર આજીવિકા ખાતર વેશધારી સાધુ બને તે ત્યાગી ન હોવાં છતાં પોતાને ત્યાગી કહેવડાવતો ફરે છે. આવો કુસાધુ પાછળથી બહુ કાળ સુધી (નરકાદિ જન્મોની) પીડા પામે છે.

[૪૪] જેમ તાળપુટ (હાથમાં લેવાથી તાળવું ફાટી જાય તેવું) વિષ ખાવાથી, અવ્યવસ્થિત (અવળું) શસ્ત્ર ગ્રહણ કરવાથી અને અવિધિથી મંત્રજાપ કરવાથી જેમ તે મારી નાખે છે તેજ રીતે વિષયભોગની આસક્તિથી યુક્ત હોય તો તે ચારિત્રધર્મ પણ તે ગ્રહણ કરનારને મારી નાખે છે. (હલકી ગતિમાં લઈ જાય છે.)

નોંધઃ—જે વસ્તુ વિકાસને પંથે લઇ જાય છે તેજ વસ્તુ હલકી થાય તો નીચે પણ લઇ જાય છે.

[૪૫] લક્ષણવિદ્યા, સ્વપ્નવિદ્યા, જ્યોતિષ અને વિવિધ કુતૂહલ (બાજીગર) વિદ્યાઓમાં રક્ત થયેલા અને મેળવેલી હલકી વિદ્યાનાં પાપોથી પેટ ભરનારા તેવા કુસાધુને તે કુવિદ્યાઓ શરણભૂત થતી નથી.

ભોગનો પ્રેમ (ત્યાગીને ન છાજતું) આમંત્રણ કર્યું જે તે બધા અપરાધોને આપ માફ કરજો.

[૫૮] રાજમંડળમાં સિંહસમા શ્રેણિક મહારાજાએ એ પ્રમાણે પરમભક્તિથી તે શ્રમણસિંહની સ્તુતિ કરી. અને ત્યારથી તે વિશુદ્ધ ચિત્તપૂર્વક અંતઃપુર, સ્વજન, અને સકળ કુટુંબ સહિત જૈનધર્મના અનુયાયી બન્યા.

નોંધઃ—શ્રેણિક મહારાજા પ્રથમ બૌદ્ધ ધર્મમાં હતા પરંતુ અનાથી મુનીશ્વરના પ્રબળ પ્રભાવથી આકર્ષાઈ તે જૈન ધર્મના અનુયાયી બન્યા હતા તેવી પરંપરા ચાલે છે.

[૫૯] મુનીશ્વરના અમૃત સમાગમથી તેનાં રોમેરોમ ઉલ્લસિત બન્યા. આખરે તે પ્રદક્ષિણા પૂર્વક શિરસા વંદન કરી પોતાને સ્થાને પધાર્યા.

[૬૦] ત્રણ ગુપ્તિથી ગુપ્ત તથા ત્રણ દંડ (મનદંડ, વચનદંડ અને કાયદંડ)થી વિરક્ત અને ગુણની ખાણસમા અનાથીમુનિ પણ અનાસક્તરૂપે પક્ષીની પેઠે અપ્રતિબંધ વિહારપૂર્વક આ વસુંધરામાં સુખસમાધિથી વિચરતા હતા.

નોંધઃ—સાચી સાધુતામાં સનાથતા છે. આદર્શ ત્યાગમાં સનાથતા છે. ભોગોના પ્રસંગમાં અનાથતા છે, આસક્તિમાં અનાથતા છે અને વૃત્તિ કે વાસનાની પરતંત્રતામાં પણ અનાથતા છે. અનાથતાને છોડી સનાથ થવું-પોતેજ પોતાના મિત્ર થવું એ પ્રત્યેક મુમુક્ષુનું અનિવાર્ય કર્તવ્ય છે.

એમ હું કહું છું :—

• એ પ્રમાણે મહાનિર્ગ્રંથ નામનું વીસમું અધ્યયન સમાપ્ત થયું.

સમુદ્રપાલીય

સમુદ્રપાલનું જીવન

૨૧

વાવેલું અફળ જતુંજ નથી. આજે નહિ તો કાળે કરીને પણ તે બીજ ફળવાનુંજ છે. શુભ વાવી શુભ પામી શુદ્ધ થવું એ આપણા જીવનનો હેતુ છે.

સમુદ્રપાલે પૂર્વે વાવ્યું હતું. અને શુભ વાવી શુભસ્થાનમાં યોજાઇ, મનગમતાં સાધનો પામ્યા. અને તેને ભોગવ્યાં પણ ખરાં ને તજ્યાં પણ ખરાં. પરંતુ તેનો હેતુ તો કંઈક જુદોજ હતો અને તે હેતુ પાર પાડવા માટેજ જાણે ફાંસીને લાકડે જતા ચોરને નિમિત્તરૂપ જોયો ન હોય તેમ તેને જોતાંજ તેની દૃષ્ટિનાં પડળો ખુલ્યાં. માત્ર વસ્તુપરજ નહિ પરંતુ વસ્તુના પરિણામ તરફ તેની દૃષ્ટિ ગઇ. વાવેલું ઉદય આવ્યું, સંસ્કાર સ્ફુર્યા. પવિત્ર થવાની પ્રેરણા જાગી અને એ સમર્થ આત્માએ પોતાની સાધના પૂરી કરી.

ભગવાન બોલ્યા :—

[૧] ચંપા (નામની) નગરીમાં પાલિત નામે એક સાર્થવાહ રહેતો હતો. તે જ્ઞાતિનો વણિક અને મહાપ્રભુ ભગવાન મહાવીરનો શ્રાવક શિષ્ય હતો.

[૨] તે શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનો (શાસ્ત્રો) માં બહુ કુશળ પંડિત હતો. એકદા વહાણ રસ્તે પિહુણ્ડ નામના નગરમાં તે વ્યાપાર માટે આવી રહ્યો હતો.

નોંધ:—આ પિહુણ્ડ નગરમાં ઘણાં વર્ષો સુધી તે રહ્યો હતો, ત્યાં

નોંધઃ ભિક્ષા આત્મવિકાસ માટેજ હોય છે. એ યથાર્થ રીતે
સમજે તો તે સુભિક્ષા કહેવાય

[૪૬] જે સંયમમાં દુઃખી થયું પોતાના અજ્ઞાનરૂપ અંધકારથી
આ દુનિયા છે અને શાન્તિ ધર્મનો ઘાત કરી અહીં
પણ વિપર્યાસ પામે છે અને પછી પણ નરક કે પશુ તિર્યંચ
ગમન કરે છે

[૪૭] જે સાધુ અગ્નિની માફક સર્વભક્ષી બનીને પોતાને માટે
કરેલી, ખરીદેલી લાવેલી, કે નિત્ય એક ઘેરથીજ મેળવેલી
અદોષ ભિક્ષા પણ લીધા કરે છે, તે કુસાધુ પાપ કરીને મર
મરી બાદ દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

નોંધઃ—જૈનભિક્ષુને બહુજ શુદ્ધ અને નિર્દોષ ભિક્ષાજ લેવાની હોય
છે. ભિક્ષા લેવા માટે બહુ કડક નિયમો તેને પાળવા પડે છે.

૪૮] મસ્તકને છેદનાર શત્રુ જે અનર્થ ન કરી શકે તે અન
પોતાનો દુરાત્મા કુમાર્ગે જાય તો કરી નાખે
પરંતુ જે સમયે તે કુમાર્ગે જતો હોય છે ત્યારે
વિચાર નથી આવતો. જ્યારે મૃત્યુના મુખમાં જવું પડે
ત્યારેજ તે જાણી શકે છે અને પછી ખૂબ પસ્તાય છે.

[૪૯] એવા કુસાધુનો ત્યાગ પણ નિષ્ફળ નીવડે છે અને
પુરુષાર્થ પણ વિપરીત થઈ જાય છે. આલોકને આલો
પરલોકમાં ક્યાંયપણ શાંતિ થતી નથી તે (આંતરિક
બાહ્ય) બન્ને પ્રકારના દુઃખનો ભોગ બની જાય છે.

[૫૦] જેમ ભોગરસની લોલુપી (માંસવાળી) પંખણી બીજા (
પક્ષી વડે સપડાઈને પછી ખૂબ પરિતાપ કરે છે તેજ
દુરાચારી અને સ્વચ્છંદી સાધુ જિનેશ્વર દેવોના આ સન
વિરાધીને પછી મરણાન્તે અત્યંત પરિતાપ પામે છે.

સમુદ્રપાલીય

સમુદ્રપાલનું જીવન

૨૧

વાવેલું અફળ જતુંજ નથી. આજે નહિ તો કાલે કરીને પણ તે બીજ ફળવાનુંજ છે. શુભ વાવી શુભ પામી શુદ્ધ થવું એ આપણા જીવનનો હેતુ છે.

સમુદ્રપાલે પૂર્વે વાવ્યું હતું. અને શુભ વાવી શુભસ્થાનમાં યોજાઇ, મનગમતાં સાધનો પામ્યા. અને તેને ભોગવ્યાં પણ ખરાં ને તજ્યાં પણ ખરાં. પરંતુ તેનો હેતુ તો કંઈક જુદોજ હતો અને તે હેતુ પાર પાડવા માટેજ જાણે ફાંસીને લાકડે જતા ચોરને નિમિત્તરૂપ જોયો ન હોય તેમ તેને જોતાંજ તેના દૃષ્ટિનાં પડળો ખુલ્યાં. માત્ર વસ્તુપરજ નહિ પરંતુ વસ્તુના પરિણામ તરફ તેની દૃષ્ટિ ગઇ. વાવેલું ઉદય આવ્યું, સંસ્કાર સ્ફુર્યા, પવિત્ર થવાની પ્રેરણા લાગી અને એ સમર્થ આત્માએ પોતાની સાધના પૂરી કરી.

ભગવાન બોલ્યા :—

[૧] ચંપા (નામની) નગરીમાં પાલિત નામે એક સાર્થવાહ રહેતો હતો. તે જ્ઞાતિનો વણિક અને મહાપ્રભુ ભગવાન મહાવીરનો શ્રાવક શિષ્ય હતો.

[૨] તે શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનો (શાસ્ત્રો) માં બહુ કુશળ પંડિત હતો. એકદા વહાણ રસ્તે પિહુંડ નામના નગરમા તે વ્યાપાર માટે આવી રહ્યો હતો.

નોંધ:—આ પિહુંડ નગરમાં ઘણાં વર્ષો સુધી તે રહ્યો હતો, ત્યાં

[illegible]

[૩] [illegible]

[૪] તે પછી [illegible] પિતાની સાથે સમુદ્રમાર્ગે [illegible] તે બાળક સમુદ્રમાં જન્મ્યાથી તેનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું.

[૫] તે વણિક શ્રાવક [illegible] કુશળતાથી [illegible] પોતાને ઘેર પહોંચ્યાં. અને તેને ઘેર તે બાળક સુખપૂર્વક ઉછરવા લાગ્યો.

[૬] જોનારને વહાલ લાગે તેવો અને સૌમ્ય કાન્તિવાળો તે બુદ્ધિમાન બાળક ક્રમપૂર્વક બોંતેર કળાઓમાં અને નીતિશાસ્ત્રમાં પંડિત થયો. અને અનુક્રમે હવે યૌવનને પણ પ્રાપ્ત થયો.

[૭] પુત્રની યુવાનવય જોઈને તેના પિતાએ (અપ્સરા જેવી) રૂપવતી રૂપિણી કન્યા સાથે તેને પરણાવ્યો. તે સમુદ્રપાલ રમણીય મહેલમાં દોગુન્દક (વિલાસી) દેવની પેઠે ક્રીડા કરી રહ્યો છે અને ભોગો ભોગવી રહ્યો છે.

[૮] (આવી રીતે ભોગજન્ય સુખો ભોગવતાં ભોગવતાં કેટલોક કાળ પછી) એકદા તે મહેલના ગોખમાં બેસી નગરચર્યા જોવામાં લીન થયો છે. તેવામાં મારવાનાં ચિહ્ન સહિત

વધ્યભૂમિ પર લઈ જવાતા એક ચોરને તેણે જોયો.

નોંધઃ—તે સમયમાં ફાંસી પર ચઢાવતાં પહેલાં ખૂબ વિરૂપ ધામધૂમથી ગુનેગારને લઈ જવામાં આવતો હશે. તેના ચિહ્ન તરીકે ગળામાં કણેરની માળા, ફૂટેલો ઢોલ, ગર્દભસવારી અને બંધન રાખવામાં આવતાં.

[૯] તે ચોરને જોઈને ખૂબ વિચારો આવી ગયા અને વૈરાગ્યભાવે તે સ્વયં કહેવા લાગ્યો કે અહો! કેવાં અશુભ કર્મોનાં કડવાં ફળો આ પ્રત્યક્ષ ભોગવવાં પડે છે!

નોંધઃ—'જેવું કરીએ તેવું પામીએ' આ અટલ સિદ્ધાંત સમુદ્રપાલના અંગેઅંગમાં વ્યાપક થઈ ગયો. કર્મના અટલ કાયદાએ તેને કંપાવી મૂક્યો. ભોગજન્ય આ સુખોનાં પરિણામ શાં? હું શું કરી રહ્યો છું? મારું અહીં આગમનનું પ્રયોજન શું? આવી અનેક વિચારશ્રેણિઓ સતત જાગી ઊઠી.

[૧૦] અને તેજ વખતે ઊંડા ચિંતનના પરિણામે જાતિસ્મરણ જ્ઞાન જન્મ્યું, સાચું તત્ત્વ સમજાયું અને પરમ સંવેગ જાગ્યો. સાચા વૈરાગ્યના પ્રભાવે માતાપિતાનાં અંતઃકરણ સંતુષ્ટ કરી આખરે તેમની આજ્ઞા લઈ પ્રવ્રજ્યા સ્વીકારી અને તે સંયમી બન્યા.

[૧૧] મહા ક્લેશ, મહા ભય, મહા મોહ, અને મહા આસક્તિના મૂળરૂપ લક્ષ્મી તથા સ્વજનોના મોહમય સંબંધને છોડી ત્યાગધર્મને રુચિપૂર્વક સ્વીકાર્યો અને પાંચ મહાવ્રત તથા સદાચારોને આરાધવા લાગ્યા. તેમજ પરિષહને જીતવા લાગ્યા.

નોંધઃ—પાંચ મહાવ્રત એ મુનિઓના મૂળગુણો છે. તેનું સ્થાન જીવનના અણુઅણુમાં હોવું ઘટે અને બાકીના ઉત્તરગુણો છે તેનો સંબંધ મૂળગુણની પુષ્ટિ માટે હોય છે.

[૧૨] અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચે

મહાવ્રતોને અંગીકાર કરીને તે વિદ્વાન મુનીશ્વર જિનેશ્વરે ફરમાવેલા ધર્મમાં ગમન કરે છે.

જિનેશ્વરે ફરમાવેલા ત્યાગમાર્ગમાં ભિક્ષુએ કેમ વર્તવું તે નીચે બતાવે છે.

[૧૩] ભિક્ષુએ આખા વિશ્વના સમસ્ત જીવો પર દયાનુકંપી અને હિતચિંતક થવું. ભિક્ષુ જીવનમાં આવેલું બધું કષ્ટ ક્ષમા રાખી સહેવું. સદા પૂર્ણ બ્રહ્મચારી અને સંયમીજ રહેવું તથા ઇંદ્રિયોને વશ કરી, પાપના યોગ (વ્યાપાર) ને સર્વથા તજી દઈ સમાધિપૂર્વક ભિક્ષુધર્મમાં ગમન કરવું.

[૧૪] જે સમયે જે ક્રિયા કરવાની હોય તેજ કરવી. દેશપ્રદેશમાં વિચરતા રહેવું. કોઈપણ કાર્ય કરતા પહેલાં પોતાની શક્તિ કે શક્તિનું માપ કાઢી લેવું. કોઇ કઠોર કે અસભ્ય શબ્દો કહે તો સિંહની માફક ડરવું નહિ, કે સામે પણ અસભ્ય પણ બોલવું નહિ.

નોંધઃ—જે તે ક્ષેત્રમાં હોવા છતાં સાધુજીવનની દિનચર્યાને યોગ્ય કાર્ય કરતા રહેવું. ભિક્ષા ટાણે સ્વાધ્યાય કરવો અને સ્વાધ્યાયને વખતે સૂઈ જવું એવી અકાળ ક્રિયાઓ ન કરતાં સર્વસ્થળે વ્યવસ્થિત રહેવું.

[૧૫] સંયમીએ પ્રિય કે અપ્રિય જે કંઈ થાય તે તરફ તટસ્થ રહેવું. કષ્ટ આવે તો તેની ઉપેક્ષા કરી બધું સંકટ સહન કરી લેવું. બધું પોતાના કર્મવશાતજ થાય છે. માટે નિરુત્સાહ ન થવું અને નિંદા થાઓ કે પ્રશંસા થાઓ તે સંબંધમાં કશું લક્ષ આપવું નહિ.

નોંધઃ—પૂજાની ઇચ્છા ન રાખવી અને નિન્દાને મનમાં ન લાવવી. કેવળ સત્યશોધક થઈ સત્ય આચરણ કરતા રહેવું.

¹ મનુષ્યોના અનેક પ્રકારના અભિપ્રાયો હોય છે. માટે ભિક્ષુએ

તેનું જ્ઞાનપૂર્વક સમાધાન કરવું. અને મનુષ્ય, પશુ કે દેવોના ભાતિ ભાતિ ભયંકર ઉપસર્ગો પણ સહન કરવા.

નોંધ:—અહીં લોકરુચિ અને લોકમાનસને ઓળખવાનું અને સમભાવથી તેનો સમન્વય કરવાનું બતાવી ત્યાગીની કેટલી જવાબદારી છે તે બતાવ્યું છે.

એ પ્રમાણે પાલિત નામના મુનિ વિચરતા હતા.

[૧૭] જ્યારે દુઃખે કરીને સહી શકાય તેવા પરિષહો (વિવિધ સંકટો) આવે છે ત્યારે કાયર સાધકો શિથિલ થઈ જાય છે. પરંતુ લડાઈને મોખરે રહેલા હાથીની પેઠે તે ભિક્ષુ (પાલિત) જરા પણ ખેદ પામ્યા ન હતા.

[૧૮] તેજ પ્રમાણે આદર્શ સંયમી ટાઢ, તાપ, ડાંસ, મચ્છરના સ્પર્શો કે વિવિધ રોગો જ્યારે શરીરને સ્પર્શે ત્યારે ખેદ કર્યા વિના સહન કરે અને તે બધું પૂર્વે કરેલાં કર્મોનુંજ પરિણામ જાણી કષ્ટો સહી કર્મોને ખપાવે.

[૧૯] વિચક્ષણ ભિક્ષુ સતત રાગ, દ્વેષ અને મોહને છોડીને જેમ વાયુથી મેરુ કંપતો નથી તેમ પરિષહોથી કંપે નહિ પણ પોતાના મનને વશ રાખી તે બધું સમભાવે સહન કરે.

[૨૦] ભિક્ષુએ ન ગર્વિષ્ટ થવું કે ન કાયર થવું. ન પૂજન ઇચ્છવું કે ન નિન્દા કરવી. પરંતુ સમુદ્રપાલની પેઠે સરલ ભાવ સ્વીકારીને રાગથી વિરક્ત રહી (જ્ઞાન, દર્શન અને ચારિત્રદ્વારા) નિર્વાણ માર્ગની ઉપાસના કરવી.

[૨૧] (સાધુએ) સંયમને વિષે અણગમો કે અસંયમમાં રાગ ઉપજે તો નિવારવો, સંગથી દૂર રહેવું, આત્મહિતચિંતક થવું. તેમજ શોક, મમતા અને પરિગ્રહની તૃષ્ણા છેદી, સમાધિવંત થઈ પરમાર્થપદમાં સ્થિર થવું.

[૨૨] આજ પ્રમાણે સમુદ્રપાલ યોગીશ્વર આત્મરક્ષણ અને પ્રાણી-

ત્યારે આવી ઉપમા વિનાના અને પોતાને કોઈ
જનોના સંગ જ એકાન્તસ્થાનોમાં વિચરે છે અને
યશસ્વી મહર્ષિ એ ઉપર કહ્યાં આચરણો આચર્યાં ક
આગળ છે. તેમજ આવી ધીરતા અનેક સંકટોને
ગર્વિષ્ઠતા નહીં જ છે.

[૨૩] યશસ્વી અને જ્ઞાની એવા સમુદ્રપાલ મહર્ષિ નિરંતર જ્ઞાન આગળ વધ્યા અને ઉત્તમ ધર્મ (સંયમધર્મ) ને આચરી આખરે કેવળ (સંપૂર્ણ) જ્ઞાનના ધણી થયા. અને જેમ આકાશમાં સૂર્ય શોભે તેમ મહીમંડળમાં આત્મજ્યોતિથી આપવા લાગ્યા.

[૨૪] પુણ્ય અને પાપ એમ બન્ને પ્રકારના કર્મોને ખપાવીને યોગના અધ્યાનથી સર્વ પ્રકારે છૂટી ગયા. (શૈલેશી અવસ્થા પામ્યા.) અને આ સંસારસમુદ્રની પાર જઈને સમુદ્રપાલ અપુનર્ગતિ (અપુનરાગમન) અર્થાત સિદ્ધગતિને પામ્યા.

નોંધઃ—શૈલેશી અવસ્થા એટલે અંતિમ અવસ્થા. જૈનદર્શનમાં આવી સ્થિતિ નિષ્કર્મ યોગીશ્વરની થાય છે. અને આવી દશા દશા પામ્યા પછી તુરત જ તે આત્મસિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

સરળ ભાવ, તિતિક્ષા, નિરભિમાનિતા, અનાસક્તિ, નિંદા કે પ્રશંસા બન્ને સ્થિતિમાં સમાનતા, પ્રાણી માત્ર પર સમભાવ, એકાંતવૃત્તિ અને સતત અપ્રમત્તતા, આઠ ગુણો એ ત્યાગધર્મની ઇમારતના પાયા છે. તે પાયા જેટલા પરિપક્વ અને પુષ્ટ તેટલું ત્યાગી જીવન ઉચ્ચ અને સુવાસિત. એ સુવાસમાં અનંતભવની વાસનામય દુર્ગંધ નષ્ટ ભ્રષ્ટ થઈ જીવાત્મા ઊંચી ભૂમિકામાં જઈ આખરે અંતિમ લક્ષ્યને પામી જાય છે.

એમ કહું છું.

એ પ્રમાણે સમુદ્રપાલીય નામનું એકવીસમું અધ્યયન સમાપ્ત થયું.

રથનેમીય

—०—

રથનેમિનું

૨૨

શરીર, સંપત્તિ અને સાધનો પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થાય છે, પુણ્યાનુબંધી પુણ્ય હોય તો પ્રાપ્ત થયેલાં સાધનો સન્માર્ગેજ યોજાય છે અને ઉપાદાનમાં સહકારી નીવડે છે.

શુદ્ધ ઉપાદાન એટલે જીવાત્માની ઉન્નત દશા. આવી ઉન્નત દશાવાળો આત્મા ભોગોના પ્રબળ પ્રલોભનોમાં પડવા છતાં સહજનિમિત્ત મળે કે સહેજે છટકી જાય છે.

નેમિનાથ કૃષ્ણવાસુદેવના પિત્રાઈ ભાઈ હતા. પૂર્વભવના પ્રબળ પુરુષાર્થથી તેનું ઉપાદાન શુદ્ધ થયું હતું. તેનો અંતરાત્મા સ્ફટિક જેવો ઉજળો હતો. હજુએ તેને ઉન્નતદશામાં જવું હતું તેથીજ આ ઉત્તમ રાજકુળમાં મનુષ્યભવે તેનું આગમન થયું હતું.

ભરયૌવન, સર્વાંગ સૌમ્ય શરીર, વિપુલ સમૃદ્ધિ પામ્યા છતાં તેનું મન તેમાં રાચતું ન હતું. પરંતુ કૃષ્ણમહારાજના અતિ આગ્રહવશાત્ તેમનું સગપણ ઉગ્રસેન મહારાજની રંભા સમાન રૂપવતી પુત્રી રાજીમતી સાથે થયેલું.

ભરપુર ઠાઠમાઠથી આખા યાદવકુળ સાથે તે કુમાર પરણવા આવ્યા. રસ્તામાં બાંધેલાં પશુઓના પોકાર સાંભળી સારથિને પૂછ્યું કે આ બિચારાં શા સારુ પીડાય છે? સારથિએ કહ્યું.–

પણ કેમ તે આપના જીવનમાં આવેલા બીજ્યાનોન
માટે બાંધી રાખ્યા છે?

મહાન સમાધિમાન આ વીર કેવા! તેમને વીરે
તે જ વખતે સમતાના રંગે રંગાઈ ગયા. એ રાજકુમાર
વિના ફેર પાછા વળ્યા અને આખરે ત્યાગધર્મમાં
અને ભોગવિલાસ એ બંને છોડી મહાયોગી થયા.
સહજ વિચાર જીવનના કેવા પલટા કરી મૂકે છે! સા
થયેલો આત્મા શું નથી કરી શકતો?

ભગવાન બોલ્યા:—

[૧] પૂર્વે શૌર્યપુર (સૌર્યપુર) નામના નગરમાં રાજલક્ષણોથી યુક્ત અને મહાન ઋદ્ધિમાન એક વસુદેવ નામના રાજા થઈ ગયા હતા.

નોંધ—આ કથા સમય વખતે તે રાજગાદી પર આવ્યા ન હતા અર્થાત્ યુવરાજ હતા.

[૨] તેને દેવકી અને રોહિણી નામની બે સ્ત્રીઓ હતી અને તે પૈકી રોહિણીને બલભદ્ર (બળદેવ) અને દેવકીને કૃષ્ણવાસુદેવ એવા બે મનોહર કુમારો હતા.

[૩] તેજ શૌર્યપુર નગરમાં બીજા પણ એક મહાન ઋદ્ધિમાન અને રાજલક્ષણોથી યુક્ત એવા સમુદ્રવિજય નામે રાજા હતા.

[૪] તેમને શિવા નામે પત્ની હતા. અને તેની કૂખેથી જન્મેલો એક મહા વૈરાગી આખા લોકનો નાથ અને ઇંદ્રિયોને દમન કરનારાઓમાં કોઈ એવો અરિષ્ટનેમિ નામનો ભાગ્યવંત પુત્ર હતો.

[૫] તે અરિષ્ટનેમિ શૌર્ય, ગાંભીર્ય આદિ ગુણોથી તેમજ સુસ્વરથી

યુક્ત અને (સાથિઆ, શંખ, ચક્ર, અને ગદા વગેરે) એક હજારને આઠ ઉત્તમ લક્ષણોથી સહિત હતા. તેમનું ગોત્ર ગૌતમ હતું અને શરીરનો વર્ણ શ્યામ હતો.

[૬] તેઓ વજ્રઋષભનારાચસંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાન (ચારે બાજુથી જે શરીરની આકૃતિ સમાન હોય તે) વાળા હતા. તેનું પેટ મચ્છ સમાન રમણીય હતું. તે નમીશ્વર સાથે પરણાવવા માટે કેશવ (શ્રીકૃષ્ણ) મહારાજાએ રાજીમતી નામની કન્યાનું માગુ કર્યું.

નોંધઃ—સંઘયણ એટલે શરીરનો બાંધો. તે બાંધાઓ પાંચ પ્રકારના હોય છે. તે પૈકી વજ્રઋષભનારાચસંઘયણ સર્વ શ્રેષ્ઠ છે. તે શરીર એટલું તો મજબુત હોય છે કે મહાપીડાને પણ તે સહજ રીતે સહી શકે છે. નેમિરાજ બાલપણથીજ સુસંસ્કારી હતા. ગૃહસ્થાશ્રમ ભોગવવાની તેમને લેશમાત્ર ઈચ્છા ન હતી. તે વૈરાગ્યમાં તરબોળ હતા. પરંતુ તેમના બંધુ કૃષ્ણમહારાજની આજ્ઞાને આધીન બની તે મૌન રહ્યા તે મૌનનો લાભ લઈ કૃષ્ણમહારાજે ઉગ્રસેન મહારાજા પાસે રાજીમતીનું માગુ કર્યું હતુ.

[૭] તે રાજીમતી કન્યા પણ ઉત્તમકુળના રાજવી ઉગ્રસેનની પુત્રી હતી. તે સુશીલા, સુનયના અને સ્ત્રીઓનાં સર્વોત્તમ લક્ષણોથી સંપન્ન હતી, તેની કાન્તિ, સૌદામિની જેવી મનોહર અને વિદ્યુત જેવી તેજસ્વી હતી.

[૮] (જ્યારે કૃષ્ણમહારાજાએ તેની માગણી કરી ત્યારે) તેના પિતાજીએ વિપુલ સમૃદ્ધિવાળા વાસુદેવને કહી મોકલાવ્યું કે તે કુમારશ્રી (નેમિનાથ) અહીં પરણવા પધારે તો હું કન્યા (અવશ્ય) આપી શકું.

નોંધઃ—તે વખતે ક્ષત્રિયકુળોમાં કન્યાનાં સ્નેહીજનો કન્યાને સાથે લઈ વરરાજાને સ્થાને આવતાં અને ત્યાં મંડપ રચી મોટી ધામધૂમથી લગ્ન કરતાં અને કેટલાંક કુટુંબોમાં વરરાજાને બદલે તેમનું (તરવાર વગેરે)

[૧૫] માંસભક્ષણ કરવા માટે રોકેલા અને તેથી મૃત્યુની પક્ષીઓમાં એવાં પ્રાણીઓને જોઈને તે બુદ્ધિમાન ને... સારથિને સંબોધીને આ પ્રમાણે બોલ્યાઃ—

[૧૬] સુખના ઈચ્છુક એવાં આ પ્રાણીઓને શા માટે વા... અને આ પાંજરાઓમાં રૂંધી રાખ્યાં હશે!

[૧૭] આ સાંભળીને સારથિએ કહ્યું:—એ બધાં નિર્દોષ જી... આપનાજ આ વિવાહકાર્યમાં આવેલા લોકોને જમાડવા સ... અહીં રોકી રાખ્યાં છે.

[૧૮] "તમારા લગ્ન નિમિત્તે ઘણા જીવોનો વિનાશ! આ વચન સાંભળીને સર્વ જીવો પર અનુકંપા ધરાવનાર બુદ્ધિમાન નેમિરાજ ખૂબજ વિચારમા પડી ગયા.

[૧૯] જો મારાજ કારણથી આવા અસંખ્ય નિર્દોષ જીવો હણાઈ જતા હોય તો તે વસ્તુ મારે માટે આ લોક કે પરલોક ઉભયમાં લેશ માત્ર કલ્યાણકારી નથી.

નોંધઃ—અનુકંપાવૃત્તિના દિવ્યપ્રભાવે તેના હૃદયને હલમલાવી મૂક્યું. પ્રથમ તેણે વિચાર્યું કે લગ્નક્રિયા જેવી સામાન્ય ક્રિયામાં પણ આવી ઘોર હિંસા! લેશ રસાસ્વાદમાં આટલો અનર્થ! સંસારના પામર જીવો શું અન્યનાં દુઃખ પારખવાની લાગણી સાવ ખોઈ બેઠા હશે? આવો સામાન્ય વિચાર પણ તેમને કેમ સ્ફુરતો નહિ હોય? ખરેખર જ્યાં તે દૃષ્ટિજ નથી ત્યાં વિચાર શાના હોય? જ્યાં અંધ અનુકરણ છે ત્યાં વિવેક ક્યાંથી જન્મે? આવા અનર્થ સંયોગોથી શો લાભ? આવા સંબંધોમાં પતન સિવાય ઉન્નતિ ક્યાં હતી? આવા ગંભીર ચિંતનના પરિણામે તેને તીવ્ર નિર્વેદ થયો. સંસારની આસક્તિ ઉડી ગઈ રમણીનાં કોમળ પ્રલોભનનો ચેપ તેને લોભાવી ન શક્યો.

[૨૦] તુરતજ તે યશસ્વી નેમિનાથે પોતાના કાનનાં યુગલ (બન્ને)

[illegible]

નોંધ — [illegible] નેમિનાથ [illegible]

[૨૧] નેમિનાથે [illegible] મન કર્યું કે [illegible] તેમના પૂર્વ પ્રભાવથી પ્રેરાઈ [illegible] અને [illegible] સાથે [illegible] (લોકાંતિક) દેવો ત્યાં [illegible] નિષ્ક્રમણ કરાવવા માટે મનુષ્યલોકમાં ઉતર્યાં.

નોંધઃ—નેમિનાથ એ જૈનશાસનના ૨૪ તીર્થંકરો (અરિહંત ભગવાનો) પૈકીના બાવીસમા તીર્થંકર હતા. ઘણા ભવોના [illegible] પછીજ તીર્થંકર પદ પ્રાપ્ત થાય છે. જે સમયે તીર્થંકર દેવ અભિનિષ્ક્રમણ કરે છે તે વખતે દેવગતિમાંના જે પ્રશસ્ત દેવો ત્યાં આવીને [illegible] તે લોકાંતિક દેવો તરીકે ઓળખાય છે.

[૨૨] આવી રીતે અનેક દેવો અને અનેક મનુષ્યના પરિવારથી વિંટાયેલા તે નેમિશ્વર રત્નની પાલખી પર આરૂઢ થઈ [illegible] અને દ્વારકા (તેમના નિવાસસ્થાન) નગરીથી નીકળી રૈવતક (ગીરનાર) પર્વતમાં આવેલા ઉદ્યાનમાં ગયા.

[૨૩] ઉદ્યાને પહોંચ્યા પછી તુરતજ દેવે બનાવેલી ઉત્તમ પાલખી-માંથી ઉતરી પડ્યા. અને એક હજાર સાધકોની સાથે તેઓ ચિત્રાનક્ષત્રમાં ત્યાં પ્રવ્રજ્યા સ્વીકારી લીધી.

નોંધઃ—શ્રી કૃષ્ણના આઠ પુત્રો, બળદેવના છ પુત્રો, શ્રી કૃષ્ણના ૫૬૩ ભાઈઓ, ઉગ્રસેન રાજાના આઠ પુત્રો, નેમનાથના ૨૮ ભાઈઓ, દેવસેનમુનિ વગેરે ૧૦૦ અને ૨૧ યાદવપુત્રો તથા આઠ મોટા રાજાઓ

એક બ્રાહ્મણ, બીજો તેનો પુત્ર અને ત્રીજા વરદત્ત એમ બધા મળી એની સાથે એક હજાર પુરુષ સાથે ચિત્રાનક્ષત્રમાં ઘરથી નેમિનાથ નીકળ્યા હતા.

[૨૪] (પાલખીથી ઉતર્યા પછી) પ્રવ્રજ્યા લેતી વખતે શીઘ્ર તેણે સુગન્ધમય, સુકોમળ અને વાંકડિયા વળેલા કેશનું તુરતજ પોતાને હાથેજ પાંચ મુષ્ટિઓથી લુંચન કર્યું અને આગમિ-પૂર્વક સાધુતા સ્વયં સ્વીકારી લીધી.

[૨૫] જિતેન્દ્રિય અને મુંડન થયેલા તે મુનીશ્વરને વાસુદેવે કહ્યું:– હે સંયતીશ્વર ! આપના ઇચ્છિત શ્રેય (મુક્તિ) ને શીઘ્ર પામો.

[૨૬] અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રવડે તેમજ ક્ષમા તથા નિર્લોભતાના ગુણો વડે આગળ અને આગળ વધો. (આ કેવું સુંદર આશીર્વચન છે ! સાચો સંબંધ આનેજ કહેવાય.)

નોંધઃ—જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એ ત્રણની પૂર્ણ સાધના થયેથી જૈનદર્શન મુક્તિ માને છે. જ્ઞાન એટલે આત્માની ઓળખાણ. દર્શન એટલે આત્મદર્શન અને ચારિત્ર એટલે આત્મરમણતા. આ ત્રિપુટીની તન્મયતા જેમ જેમ વૃદ્ધિગત થતી જાય તેમ તેમ કર્મનાં બંધનો શિથિલ થાય અને કર્મોથી સાવ મુક્ત થઈ જવાય તે સ્થિતિને મુક્તિ કહેવાય.

[૨૭] એ પ્રમાણે બળભદ્ર, કૃષ્ણ મહારાજ, યાદવો અને ઇતર નગરજનો અરિષ્ટનેમિને વંદન કરીને ત્યાંથી પાછા દ્વારિકા નગરીમા આવ્યા.

[૨૮] આ તરફ તે રાજકન્યા રાજીમતી; અરિષ્ટનેમિએ એકાએક દીક્ષા લીધી તે વાત સાંભળીને હાસ્ય અને આનંદથી રહિત થઇ અને શોકના ભારથી મૂર્છિત થઈ જમીન પર ઢળી પડી.

[૨૯] સ્વસ્થ થયા પછી રાજીમતી ચિંતવવા લાગી કે હું જેનાથી

નાગથી તે યુવાન રાજપાટ અને ભોગસુખને તજી દેઈ ગયા અને હું હજુએ અહીં જ છું. મારા જીવનને ધિક્કાર છે. માટે દીક્ષા લેવી તેજ કલ્યાણકારી છે.

[૩૦] ત્યારબાદ પૂર્ણ વૈરાગ્યથી પ્રેરિત થઈ ધીરજવાળી તે રાજ-ગનીએ કાળા ભમર જેવા અને નરમ દાંતીવાળી કાંસકીથી સુંદર વાળોનું પોતાની મેળે લુંચન કર્યું અને યોગિની બની ગ-

[૩૧] કૃષ્ણ વાસુદેવે મુંડિત અને જિતેન્દ્રિય રાજીમતીને કહ્યું કે હે પુત્રી ! આ ભયંકર એવા સંસાર સાગરને જલદી જલદી તરી જજે.

[૩૨] તે બ્રહ્મચારિણી અને વિદુષી રાજીમતી દીક્ષિત થઈ ત્યારે તેની સાથે ઘણી સાહેલીઓએ અને સેવિકાઓએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી.

[૩૩] એકદા ગીરનાર પર્વતમાં જતાં જતાં માર્ગમાં અત્યંત વૃષ્ટિ થવાથી રાજીમતીનાં ચીવરો ભીંજાયાં. અને અંધકાર થઈ જતાં એક પાસેની ગુફામાં જઈને ઉભાં રહ્યાં.

નોંધઃ—અકસ્માતથી જે ગુફામાં રાજીમતી આવી ઊભા રહ્યા તે ગુફામાં સમુદ્રવિજયના અંગજાત રાજપુત્ર રથનેમિ કે જે દીક્ષિત થયેલા હતા તે ધ્યાન ધરી ઉભા હતા.

[૩૪] ગુફામાં કોઈ નથી તેમ અંધારામાં જણાવાથી રાજીમતી નગ્ન થઈ પોતાનાં ભીંજાયેલાં વસ્ત્રો સૂકવવાં કરવા લાગ્યાં. આ દૃશ્યથી રથનેમિ ભગ્નચિત્ત (વિષયાકુળ) થઈ ગયા. તેવામાંજ એકાએક રાજીમતીએ પણ તેમને દીઠા.

નોંધઃ—એકાંત અતિ ભયંકર વસ્તુ છે. બ્રહ્મચર્ય રહેવું કઠિન એકાંતમાં રહેવામાં ઘી-જેવા અગ્નિની માફક જોખમ રહેલું છે. ગમે તેવા પુરુષનો આત્મિક મનોબળ પણ એકાંત સ્થાનને અંગે ચલિત બને છે.

ઉંચે ચડેલો રથનેમિ આવા લેશ નિમિત્તથી ક્ષણવારમાં નીચે પટકાઈ પડે છે.

[૩૫] (રથનેમિ જોતાં વારજ) એકાંતમાં તે સંયમીને જોઇને રાજીમતી ભયભીત બની ગઈ. (અજાણતાં મુનિ સમક્ષ નગ્ન બની જવાયું એ) ભયથી કંપવા લાગી. અને પોતાના બન્ને હાથથી ગોપન કરી બેસી ગઇ

નોંધઃ—વસ્ત્રો દૂર પહોળાં કર્યાં હતાં. સ્થળ એકાંત હતું. અણધાર્યા વિગત લજ્જા અને ભયની લાગણીઓનું દ્વંદ્વ જામ્યું હતું. આ વખતે તેણે બેસી જઇ પોતાના બન્ને હાથથી મર્કટબદ્ધ આસન બનાવી પોતાનાં બધાં ગુહ્ય અંગો ગોપવી લીધાં-છુપાવ્યાં.

[૩૬] તે વખતે સમુદ્રવિજયના અંગજાત રાજપુત્ર રથનેમિ રાજીમતીને ભયભીત થયેલી જોઇ આ પ્રમાણે બોલ્યાઃ—

[૩૭] હે સરલે ! હું રથનેમિ છુ. હે રૂપવતિ ! હે મંજુલ ભાષિણિ ! મારાથી લેશમાત્ર તમને દુઃખ નહિ થાય. હે કોમલાંગિ ! મને સેવો.

[૩૮] આ મનુષ્યભવ દુર્લભ છે. માટે ચાલો, આપણે ભોગોને ભોગવીએ. તેમાંથી તૃપ્તિ મેળવ્યા પછી ભુક્ત-ભોગી થઈ આપણે બન્ને જિનમાર્ગને આચરીશું. (સંયમ ગ્રહણ કરીશું).

[૩૯] આવી રીતે સંયમમા કાયર અને વિકાર જીતવાના ઉદ્યોગમાં સાવ પરાભવ પામેલા તે રથનેમિને જોઇને રાજીમતી સ્વસ્થ થયાં. સ્ત્રીશક્તિથી પોતાના આત્માને ઉન્નત બનાવી તેજ વખતે પોતાનાં વસ્ત્રોને લઇ શરીર આચ્છાદિત કર્યું.

[૪૦] પોતાની પ્રતિજ્ઞા અને વ્રતમા દૃઢ થતાં અને પોતાની જાતિ, કુળ અને શીયળનું રક્ષણ કરતાં તે રાજકન્યા રથનેમિને ઉદ્દેશી આ પ્રમાણે બોલ્યાં :—

[૪૧] અ કદાચ તું રૂપમાં સાક્ષાત્ કામદેવ હો, લીલામાં નલકૂબેર હો કે પ્રત્યક્ષ શક્રેન્દ્ર હો, તો પણ હું તને ન ઇચ્છું.

[૪૧] અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો સળગતી અગ્નિમાં મરવું પસંદ કરે છે પણ વમેલું વિષ ફરીથી પીવું ઇચ્છતા નથી.

[૪૨] અપયશના અભિલાષિન્! તને ધિક્કાર હો! કે જે તું અસંયમ જીવન માટે વમેલા ભોગોને ભોગવવા ઇચ્છે છે. એ પતિત જીવન કરતાં તારું મૃત્યુ વધારે ઉત્તમ છે.

[૪૩] હું ભોજકવિષ્ણુની પૌત્રી અને ઉગ્રસેન મહારાજાની પુત્રી છું અને તું અંધકવિષ્ણુનો પૌત્ર અને સમુદ્રવિજય મહારાજાનો પુત્ર છે. રખે આપણે ગંધનકુળના સર્પ જેવા થઈએ! હે સંયમીશ્વર! નિશ્ચલ થઈ સંયમમાં સ્થિર થા.

નોંધઃ—શ્રી. હરિભદ્ર સૂરિના કથન પ્રમાણે ડૉ. હર્મન જેકોબી પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે ભોગરાજ એ અશુદ્ધ રૂપ છે. પરંતુ તેને બદલે ભોજરાજ જોઈએ. આ ભોજરાજનું અપર નામજ ઉગ્રસેન છે અને અંધકવિષ્ણુનું અપર નામજ સમુદ્રવિજય છે. આથી તે બન્ને વ્યક્તિઓ ભિન્નભિન્ન નથી પણ એકજ છે.

[૪૪] હે મુનિ! જે જે સ્ત્રીઓને જોઈશ અને તે સ્ત્રીઓને જોયા પછી જો આમ કામભોગોની વાસના રાખ્યા કરીશ તો સમુદ્રકિનારે હડ નામનું વૃક્ષ જેમ પવનથી ઉખડી જાય છે તેમ તારો આત્મા ઉચ્ચ ભૂમિકાથી પતન થશે.

[૪૫] અ. જેમ ગોવાળ ગાયોને હાંકવા છતાં ગાયોનો ધણી નથી પણ લાકડીનો ધણી છે અને ભંડારી દ્રવ્યનો ધણી નહિ પણ ચાવીનો ધણી છે તેમ તું પણ જો વિષયાભિલાષી રહીશ તો સંયમ પાળવા છતાં ચારિત્રનો ધણી નહિ પણ વેશનોજ માત્ર ધણી રહીશ.

[૪૫] ૪. માટે હે રથનેમિ! ક્રોધ, માન, માયા અને લોભને ત્યાગી તારી પાંચે ઇંદ્રિયોને વશ કરીને તારા આત્માને કામભોગોમાંથી પાછો વાળ.

[૪૬] બ્રહ્મચારિણી અને સાધ્વીનાં આ ભાવભર્યાં અને મધુર વચનોને સાંભળી જેમ અંકુશ વડે મદોન્મત્ત હાથી વશ થાય તેમ રથનેમિ શીઘ્ર વશ થયા અને સંયમધર્મમાં બરાબર સ્થિર થયા.

નોંધઃ—ત્યાં હાથીરૂપ રથનેમિ; માવતરૂપ રાજીમતી અને અંકુશરૂપ વચનો હતાં. રથનેમિનો વિકાર ક્ષણવારમાં ઉપશાંત થયો અને પોતાનું ભાન થવાથી તે પશ્ચાત્તાપપૂર્વક પોતાના માર્ગમાં સ્થિર થયા. ચારિત્રનો પ્રભાવ શું ન કરે!

ધન્ય હો એ જગજ્જનની બ્રહ્મચારિણી દેવીને. માતૃશક્તિનાં આ દિવ્ય આંદોલન આજે પણ સ્ત્રીશક્તિની અજેયતાની સાક્ષી પૂરી રહ્યાં છે.

[૪૭] રથનેમિ આજથી મન, વચન અને કાયાથી સુસંયમી અને સર્વોત્કૃષ્ટ જીતેન્દ્રિય બની ગયા, તથા જીવનપર્યંત પોતાના વ્રતમાં અખંડ દૃઢ રહ્યા અને ચારિત્રને મરણાંત સુધી અડગ નિભાવી રાખ્યું.

નોંધઃ—રાજીમતીના વચનના પ્રભાવે તેનાં રોમેરોમમાં વાસ કર્યો. તે યોગી કદી ન પડે તેવા મેરુ સમાન નિષ્કંપાયમાન રહ્યા.

[૪૮] એ પ્રમાણે આખરે ઉગ્ર તપશ્ચર્યા કરીને એ બન્ને (રાજીમતી અને રથનેમિ) કેવળી (કેવળજ્ઞાનધારી) થયા અને સર્વ કર્મોનાં બંધન દૂર કરી ઉત્તમ એવી સિદ્ધગતિને પામ્યા.

[૪૯] જેમ તે પુરુષશ્રેષ્ઠ રથનેમિએ વિષયભોગથી મનને શીઘ્ર હઠાવી લીધું તેમ વિચક્ષણ અને તત્ત્વજ્ઞ પુરુષો પણ વિષય ભોગોથી નિવૃત્ત થઈ પરમ પુરુષાર્થ કરે.

નોંધઃ—સ્ત્રીશક્તિ કોમળ છે. તેની ગતિ મંદ છે. તેનું ઐશ્વર્ય ભયથી વિંટાયેલું છે. સ્ત્રીશક્તિનો સૂર્ય લજ્જાનાં વાદળોથી ઘેરાયેલો છે. પણ તે ક્યાં સુધી? સમય ન આવે ત્યાં સુધી

સમય આવે ત્યારે તણખાનાં વાદળાં વિખરાઇ જાય છે. [illegible] પ્રચંડતામાં પલટાઈ જાય છે અને તે તેજસ્વી સૂર્ય ઝગઝગી ઊઠે છે. ત્યાં જગતનું સર્વબળ પરાસ્ત થાય છે. પુરુષ શક્તિનો આવેગ [illegible] થઈ ઓસરી જાય છે. અને આખરે એ શક્તિનો વિજય થાય છે.

રથનેમિ પૂર્વના યોગીશ્વર હતા. આત્મધ્યાનમાં મસ્ત રહેનાર હતા. પરંતુ વિકારનાં બીજ બાળવા માટે તો તેટલો અને તેવો પ્રબલ [illegible] યોજિત હતો તેથીજ તેમ બનવા પામ્યું હતું.

આ પ્રસંગે રાજીમતીનું વીર તપોબળ અને નિર્વિકારના સદ્‌જતિ થાય છે. આવા કટોકટીના પ્રસંગમાં તેનું આ ધૈર્ય અને આ [illegible] એ તેનાં આત્મઓજસની પ્રતીતિ છે.

રથનેમિ પણ પૂર્વયોગી હતા એટલેજ આત્મભાનમાં આવી શક્યા. અન્યથા પરિણામ શું આવત તે કલ્પના બહારની વસ્તુ છે. અહીં તેને માત્ર ટકોર જોઈતી હતી. તે મળી ગઈ.

ધન્ય હો-ધન્ય હો એ યોગિની અને યોગીશ્વરને !!! પ્રલોભનના પ્રબળ નિમિત્તમાં સપડાવા છતાં એ બન્ને આત્માઓ અડગ રહ્યા, અને સાધનો સાધી આત્મજ્યોતિમાં સ્થિર થયા.

એમ કહું છું :—

એ પ્રમાણે રથનેમિ સંબંધીનું બાવીસમું અધ્યયન સમાપ્ત થયું

卐

કેશિગૌતમીય

કેશીમુનિ તથા ગૌતમનો સંવાદ

૨૩

પાંચ મહાવ્રતો એ મૂળગુણ કહેવાય છે. તેજ આત્મોન્નતિના સાચાં સાધન છે. બાકીની ઇતર ક્રિયાઓ ઉત્તરગુણો કહેવાય છે. અને તે મૂળગુણની પુષ્ટિ માટે યોજાયેલી છે.

મૂળ ધ્યેય કર્મબંધનથી મુક્ત થવું કે મુક્તિ મેળવવી તે છે. અને તે માર્ગે જવાનાં મૂળભૂત તત્ત્વોનો કોઇ પણ કાળે, કોઇ પણ સમયે, કોઇ પણ સ્થિતિમાં પલટો થઇ શકે નહિ. તે સત્ય તો ત્રિકાલાબાધિત હોય છે. તેને કોઇ પણ પલટાવી શકેજ નહિ.

પરંતુ ઉત્તરગુણો અને ક્રિયાનાં વિધિવિધાનોમાં કાળ કે સમય પ્રમાણે પલટા થયા છે, થાય છે અને થવાના. સમયધર્મનો સાદ સાંભળ્યા વિના ગતિ કર્યા કરવામાં ભય અને હાનિ રહેલાં છે. સમયધર્મને ઓળખી સરળમાર્ગથી કેવળ આત્મલક્ષ્ય રાખી ચાલવામાં સત્યની, ધર્મની અને શાસનની રક્ષા સમાયેલી છે.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરના સમયની આ વાત છે. ભગવાન મહાવીરે સમયધર્મને ઓળખી સાધુજીવનની ચર્યામાં મહાન પલટો કર્યો હતો. પૂર્વથી ચાલી આવતી પાર્શ્વનાથની પરંપરા કરતાં નૂતનતા લાવી મૂકી હતી. અને કડક વિધિવિધાનો સ્થાપી જૈન શાસનનો પુનરુદ્ધાર કર્યો હતો. સમયધર્મને ઓળખવાથી જૈનશાસનની ધર્મધ્વજા તે સમયના વેદ અને બૌદ્ધ શાસનના શિરપર ફરકવા લાગી હતી.

ભગવાન પાર્શ્વનાથની પરંપરાને માનતા કેશી મુ[નિ]
સપરિવાર વિહરતા વિહરતા શ્રાવસ્તીમાં પધારેલા તેજ [વ]
ભગવાન મહાવીરના ગણધર ગૌતમ પણ સપરિવાર [ત્યાં]
પધાર્યા. બન્ને મહાપુરુષો મળ્યા. પરસ્પરના શિષ્યોને ધર્મ એ[ક]
અને ક્રિયા ભિન્ન જોઈ આશ્ચર્ય થયું. શિષ્યોની શંકા નિવાર[વા]
બન્ને ઋષિપુંગવો મળ્યા, બેઠા, વિચારોનો સમન્વય કર્યો
અને આખરે ત્યાં પણ કેશી મુનીશ્વરે સમયધર્મને સ્વીકારી
લીધો અને ભગવાન મહાવીરની પરંપરામાં જૈનશાસનનો
જયજયકાર બોલાવ્યો.

ભગવાન બોલ્યા:—

[૧] સર્વજ્ઞ (સર્વ પદાર્થો અને તત્ત્વોના સંપૂર્ણ જ્ઞાતા), સ[ર્વ]
ધર્મરૂપ તીર્થના સ્થાપક અને આખા લોકના પૂજનીય એવા
પાર્શ્વનામે અર્હંત જિનેશ્વર થઈ ગયા હતા.

નોંધ:—આ વાત પ્રસંગ ભગવાન મહાવીરનું શાસન પ્રવર્ત[તું]
હતું. મહાવીર પહેલાં ત્રેવીસ તીર્થંકરો ધર્મના પુનરુદ્ધારક પુરુષો થઈ
ગયા. તે પૈકી ત્રેવીસમા પ્રભુ પાર્શ્વ થયા હતા. પાર્શ્વપ્રભુનો આત્મ
તો સિદ્ધ થયો હતો. આ વખતે માત્ર તેમના શિષ્ય આદિકનો અને
તેમનું અનુયાયીમંડળ અહીં હતી ધરાવતું હતું.

[૨] લોકાલોકની સર્વ વસ્તુપર જ્ઞાનપ્રદીપ (જ્યોતિ)ના પ્રકાશનાર
તે મહાપ્રભુના શિષ્ય મહા યશસ્વી અને જ્ઞાન તેમજ
ચારિત્રના પારગામી એવા કેશીકુમાર નામના શ્રમણ તે
સમયે વિદ્યમાન હતા.

[૩] તે કેશીકુમાર મુનિ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન એ
ત્રણે જ્ઞાનથી ભરપૂર હતા. એકદા અનેક શિષ્યસમુદાય
સાથે ગામોગામ વિચરતા વિચરતા શ્રાવસ્તી નગરીમાં પધાર્યા.

નોંધ.—જૈનદર્શનમાં જ્ઞાનની પાંચ ભૂમિકાઓ છે.–(૧) મતિજ્ઞાન (૨) [શ્રુતજ્ઞ]ાન (૩) અવધિજ્ઞાન (૪) મન:પર્યવ જ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. મતિજ્ઞાન

કે મતિઅજ્ઞાન અને શ્રુતજ્ઞાન કે શ્રુતઅજ્ઞાન આમ [illegible] જીવોમાં તારતમ્ય ભાવે હોય છે. જ્ઞાન શુદ્ધ હોય તેનું સમ્યગ્જ્ઞાન કહેવાય છે. અને જ્ઞાન અશુદ્ધ કે વિપર્યાસવાળું હોય તેને અજ્ઞાન કહે છે. સામાન્ય અવબોધ તે મતિજ્ઞાન અને તેનાથી વિશિષ્ટ જ્ઞાન તે શ્રુતજ્ઞાન. આ જ્ઞાન જેટલું વિશુદ્ધ તેટલો બુદ્ધિવૈભવ વધુ હોવાનો. અવધિજ્ઞાન કોઈક કોઈક મનુષ્યોને અને દેવોને હોય છે અને તે જ્ઞાન દ્વારા દૂર રહેલા પદાર્થોના પૂર્વ, વર્તમાન અને ભાવિ ભાવોને પણ જાણી શકાય છે. આ ત્રણે જ્ઞાનો અશુદ્ધ પણ હોઈ શકે છે અને તે અશુદ્ધ હોય તો અનુક્રમે મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન તરીકે ઓળખાય છે. મનઃપર્યવ એ ચોથું જ્ઞાન છે અને તે જ્ઞાન ઉચ્ચ ભૂમિકાના સંયમી યોગીજનને થાય છે. તે દ્વારા તે બીજાના મનની વાત બરાબર જાણી શકે છે. સર્વથી વિશુદ્ધ અને કેવળ આત્મજ્ઞાન હોય છે તેને કેવળજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન તો કર્મોનાં આવરણો સંપૂર્ણ ટળ્યા પછી જ ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન ઉત્પન્ન થનારને જ સર્વજ્ઞ કહેવાય છે. તેવા સર્વજ્ઞ પુરુષોને સંસારમાં ફરીવાર જન્મ લેવો પડતો નથી. (જ્ઞાનના પ્રકારોનું વિસ્તૃત વર્ણન નંદીજી વગેરે સૂત્રોમાં જોઈ લેવું.)

[૪] તે શ્રાવસ્તી નગરીમાં નગર મંડળની બહાર એક તિન્દુક નામનું એકાંત (ધ્યાનયોગ્ય ભૂમિ) ઉદ્યાન હતું ત્યાં પવિત્ર અને જીવરહિત ઘાસની શય્યા અને આસનો યાચી તે વિશુદ્ધ ભૂમિમાં તેણે વાસ કર્યો.

[૫] તે સમયમાં વર્તમાન ઉદ્ધારક અને ધર્મતીર્થના સંસ્થાપક એવા જીનેશ્વર ભગવાન વર્ધમાન આખા વિશ્વમાં સર્વજ્ઞ રૂપે પ્રસિદ્ધ થઇ ચૂક્યા હતા.

[૬] લોકમાં જ્ઞાનપ્રદ્યોતથી પ્રકાશના પ્રદીપરૂપ તે ભગવાનના શિષ્ય જ્ઞાન તથા ચારિત્રના પારગામી એવા મહા યશસ્વી ગૌતમ હતા.

[૭] બાર અંગોના પ્રખર જ્ઞાતા તે ગૌતમ પ્રભુ પણ બહોળા શિષ્ય

સમુદાય સાથે ગામોગામ વિચરતા વિચરતા શ્રાવસ્તી નગરીમાં આવ્યા.

નોંધ.—આજના ૧૨ અંગોમાંનાં અગિયાર વિદ્યમાન છે અને એક દૃષ્ટિવાદ નામનું અંગ ઉપલબ્ધ થતું નથી. તે અંગોમાં પૂર્વ દર્શકોના અને ભગવાન મહાવીરનાં અદ્ભુત વચનામૃતો છે

[૮] તે નગરના મધ્યની સમીપ એક કોષ્ટક નામનું ઉદ્યાન હતું ત્યાં વિશુદ્ધ સ્થાન અને તૃણાદિની આસન શય્યા લઈ નિવાસ કર્યો.

[૯] એ પ્રમાણે શ્રાવસ્તી નગરીમાં કુમાર શ્રમણ કેશી મુનિ અને મહાયશસ્વી ગૌતમ મુનિ એ બન્ને ત્યાં સુખપૂર્વક અને ધ્યાનમગ્ન સમાધિપૂર્વક રહેતા હતા.

નોંધ:—તે સમયે ગામની બહારના ઉદ્યાનોમાં ત્યાગી પુરુષો નિવાસ કરતા. ગામમાં જઈ ભિક્ષા માગી સંયમી જીવન ગુજારતા.

[૧૦] એકદા (ભિક્ષાચરી કરવા નીકળેલા) તે બન્નેના શિષ્ય સમુદાય કે જે પૂર્ણ સંયમી, તપસ્વી, ગુણી અને જીવરક્ષક (પૂર્ણ અહિંસક) હતા. તેમને પરસ્પરના એકજ માર્ગ હોવા છતાં વેશ અને બાહ્યક્રિયા ભિન્ન જોવાથી પરસ્પર વિચાર ઉદ્ભવ્યો.

[૧૧] આ ધર્મ વળી કેવો ? અને અમે પાળીએ છીએ તે ધર્મ કેવો ? આ આચાર ધર્મની ક્રિયા કેવી અને અમે પાળીએ છીએ તે કેવી ?

નોંધ:—ભગવાન પાર્શ્વનાથનો સમય ઋજુ અને પ્રાજ્ઞ કાળ હતો. તે વખતના મનુષ્યો સરળ અને બુદ્ધિમાન હતાં અને તેથી તે પ્રકારની ધર્મના પ્રવર્તતી હતી તે વખતે માત્ર ચાર વ્રતો હતાં. વસ્ત્રો પણ મનોહર વપરાતા. કારણ કે સુંદર વસ્ત્રપરિધાનમાં કે ઈતર... માં મુક્તિ નથી. મુક્તિ તો નિરાસક્તિમાં છે. તેમ ધારી તે

વખતે તે પ્રણાલિકા ચાલી હતી. અને આજ સુધી વિદ્યમાન હતી. એકજ જિનધર્મને માનવા છતાં બાહ્યક્રિયામાં આટઆટલું અંતર ગાળી ? તે શંકા થવી સ્વાભાવિકજ છે. એ બન્ને ગણધરો તો જ્ઞાનીજ હતા તેને આ વસ્તુમાં નંઈ મહત્ત્વ કે નિઃકૃષ્ટત્વ નહોતું લાગતું પરંતુ આવી શંકા શિષ્યવર્ગને થાય તે સ્વાભાવિક હતુ તેનું સમાધાન કરવા માટે પરસ્પર મિલન કરી સમન્વય કરી લેવો તે પણ મહાપુરુષોની ઉદારતા અને સમયસૂચકતાજ સૂચવે છે.

[૧૨] ચાર મહાવ્રતરૂપ ધર્મ કે જે ભગવાન પાર્શ્વનાથે કહ્યો છે. અને પાંચ મહાવ્રતરૂપ ધર્મ ભગવાન મહાવીરે કહ્યો છે. તો તે ભેદનો હેતુ શો?

[૧૩] વળી અલ્પોપધિ (શ્વેત વસ્ત્ર અને અવસ્ત્ર) વાળો આ સાધુ-આચાર કે જે ભગવાન મહાવીરે ફરમાવ્યો છે, અને આ પચરંગી વસ્ત્રો પહેરવાનો સાધુ આચાર કે જે ભગવાન પાર્શ્વનાથે બતાવ્યો છે તે બન્નેમાં તથ્ય શું ? આવું અંતર શા માટે! જો બન્નેનાં એકજ ધ્યેય છે તો ક્રિયાભેદ પણ શા સારુ ?

નોંધઃ—તે વખતે બન્ને પ્રકારના મુનિવરો હતા. જેમાંના એક જિનકલ્પી અને બીજા સ્થવિર કલ્પી કહેવાતા. જિનકલ્પી સાધુઓ દેહાધ્યાસ છોડી કેવળ આત્મપરાયણ રહેતા. સ્થવિર કલ્પીઓનું કામ તેથી વિશેષ કપરું હતું. તેમને સમાજના રાંગમાં રહેવા છતાં નિરાસક્તપણે કામ કરવાનું હતુ અને આત્મકલ્યાણ અને પરકલ્યાણ બન્ને હેતુ જાળવી આગળ વધવાનું હતુ. તેઓ સ્વલ્પ પરિગ્રહ રાખતા પણ તેમાં મમત્વ ન રાખતા. તે પરિગ્રહ રાખીને પણ જિનકલ્પીનો મહાન આદર પામે તેવી આત્માની ઉજ્જ્વલતા અને જાગૃતિ સતત રાખતા.

[૧૪] કેશીમુનિ અને ગૌતમમુનિ એ બન્ને મહાપુરુષોએ પોતાના શિષ્યોનો આ સંશય જાણીને તેનું નિવારણ કરવા માટે સમુદાય સહિત પરસ્પર સમાગમ કરવાની ઇચ્છા વ્યક્ત કરી.

નોંધઃ–ગૌતમ કેશીમુનિ કરતાં નાના હતા. પરંતુ જ્ઞાનમાં હતા તે સમયે કેશીમુનિને ચાર જ્ઞાન હતા. (૧) મતિજ્ઞાન (૨) જ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન

[૧૫] વિનય, ભક્તિ તથા આચારના જાણ ગૌતમસ્વામી શિ... સાથે કેશીમુનિ (પાર્શ્વનાથના અનુયાયી છે માટે) ... તિન્દુક વનમાં પોતે આવ્યા.

નોંધઃ–ભગવાન પાર્શ્વનાથ, ભગવાન મહાવીર પહેલાં થઈ ગયા માટે તેના અનુયાયી પણ વડીલ ગણાય. તે વિનય જાળવવા પોતે ... હોવા છતાં ત્યાં આવ્યા એ નમ્રતા અને જ્ઞાનપાચનનું ચિહ્ન છે.

[૧૬] શિષ્ય સમુદાય સાથે ગૌતમ સ્વામીને સ્વયં આવતા જોઈને કેશીકુમાર હર્ષિત થઈ ગયા અને તેમનું આતિથ્ય સુંદર રીતે કરવા લાગ્યા.

નોંધઃ—વેશ અને સમાચારી ભિન્ન છતાં સંજોગ-સાપેક્ષ વ્યવહારનાં ભૂત ત્યાં નડયાં નહિ. જ્યાં વિશુદ્ધ પ્રેમ હૃદયનો હોય અને સંપ્રદાયનો કદાગ્રહ ન હોય ત્યાં તેવું વિખવાદરહિત વાતાવરણ હોય જ ને! તે ક્ષણ કેવી અપૂર્વ છે! આવા સંતસમાગમની એક જ ક્ષણ કરોડો જન્મોનાં પાતકને ક્ષય કરી નાખે છે.

[૧૭] કેશીકુમાર શ્રમણ ગૌતમ ભગવાનને આવતા દેખી ઉલ્લાસથી તેમને અનુરૂપ અને પ્રાસુક (જીવરહિત શાલીનું, વ્રીહિનું, કોદરીનું અને રાળ નામે વનસ્પતિનું એમ) ચાર જાતનાં પરાળ (ઘાસ) અને પાંચમું દર્ભ અને તૃણનાં આસનો લઈ લઈને કેશીમુનિ તથા તેમના શિષ્ય સમુદાય ગૌતમમુનિ અને તેમના શિષ્ય સમુદાયને તે પર બેસાડે છે.

[૧૮] તે વખતનું દૃશ્ય અનુપમ લાગતું હતું. કુમાર કેશીશ્રમણ અને મહા યશસ્વી ગૌતમમુનિ બન્ને જણ ત્યાં બેઠા બેઠા

જાણે સૂર્ય અને ચંદ્રજ ન મળ્યા હોય! તેવી રીતે શોભી રહ્યા હતા.

[૧૯] આ પરસ્પરના વિચારવાનું કુતૂહલ જોવા માટે ભ્રમણ કરતા કેટલાક અન્ય સાધુઓ અને કુતૂહલી જનો તથા પાખંડીઓ પણ હાજર થઈ ગયા હતા. તેમજ લાખોની સંખ્યામાં ગૃહસ્થો પણ ત્યાં એકઠા થયા હતા.

[૨૦] (ગગનમાર્ગે અદૃશ્ય રૂપે) દેવો, દાનવો, ગાંધર્વો, યક્ષો, રાક્ષસો, કિન્નરો તથા અદૃશ્ય રહેલાં અનેક જીવો પણ ત્યાં આ દૃશ્ય જોવા માટે એકઠાં થયાં હતાં

[૨૧] તે વખતે પ્રથમજ કેશીમુનિએ ગૌતમને ઉદ્દેશીને કહ્યું:— હે ભાગ્યવંત! હું તમને પ્રશ્નો પૂછવા ઈચ્છું છું. આ પ્રમાણે બોલતા કેશીમહારાજશ્રીને સંબોધીને ભગવાન ગૌતમ આ પ્રમાણે બોલ્યા:—

[૨૨] હે ભગવન્! આપની ઈચ્છા હોય (આપને યોગ્ય લાગે) તો આપ ભલે પૂછો. આ પ્રમાણે જ્યારે ગૌતમમુનિએ કેશીમુનિને ઉદારતા પૂર્વક કહ્યું ત્યારે અનુજ્ઞા પામેલા કેશી ભગવાને ગૌતમમુનિને આ પ્રમાણે કહ્યું:—

[૨૩] હે મુને! ચાર મહાવ્રતરૂપ ધર્મ ભગવાન પાર્શ્વનાથે કહ્યો છે, પરંતુ ભગવાન મહાવીર તો પાંચ મહાવ્રત રૂપે ધર્મને કહે છે.

નોંધઃ—યામનો અર્થ અહીં મહાવ્રત લીધો છે.

[૨૪ તો એક કાર્ય (મોક્ષના હેતુ) માં પહોંચવાને યોજાયેલા એ બન્નેનાં આ ભિન્નભિન્ન વેશ અને જુદા જુદા આચારનું પ્રયોજન શું હશે? હે બુદ્ધિમાન ગૌતમ! આ એકજ માર્ગ-

માં બે પ્રકારના વિવિધ ધર્મ કેમ પ્રવર્તે છે ? (તેમાં [illegible]
આ તને સંશય કે આશ્ચર્ય નથી થતું ?)

[૨૫] આ પ્રમાણે બોલતા કેશી શ્રમણને ઉદ્દેશીને ગૌતમમુનિએ
આ પ્રમાણે કહ્યું :—શુદ્ધ બુદ્ધિ વડેજ ધર્મતત્ત્વનો તથા
પરમાર્થનો નિશ્ચય કરી શકાય છે.

નોંધ:—જ્યાં સુધી તેવી શુદ્ધ અને ઉદાર બુદ્ધિ હોતી નથી ત્યાં
સુધી સાધ્ય કરતાં સાધન તરફજ તે વધુ ઢળે છે. એટલે મહાપુરુષોને
કાજ એટલેજ તેવી સખત ક્રિયાઓ યોજેલી છે.

[૨૬] (ચોવીસ તીર્થંકર પૈકી) પ્રથમ તીર્થંકર (ઋષભ પ્રભુ)
ના સમયના મનુષ્યો બુદ્ધિમાં જડ છતાં પ્રકૃતિના સરળ
હતા. અને છેલ્લા તીર્થંકર (ભગવાન મહાવીર) ના સમયના
મનુષ્યો જડ (બુદ્ધિનો દુરુપયોગ કરનારા) અને વાંક
(કુવિકલ્પ કરનારા) હતા. વચ્ચેના બાવીસ તીર્થંકરોના
સમયના જીવો સરળબુદ્ધિવાળા અને પ્રાજ્ઞ હતા. તેથીજ
[illegible] ભગવાન મહાવીરે કડક વિધિવિધાનો કર્યાં છે.

[૨૭] ઋષભ પ્રભુના અનુયાયીઓને ધર્મ સમજવો કઠિન પડતો.
પરંતુ સમજ્યા પછી આચરવામાં તે સમર્થ હોઈ પાર
ઉતરતા. અને આ છેલ્લા (ભગવાન મહાવીર) તીર્થંકરના
અનુયાયીઓને ધર્મ સમજવામાં સહેલ છે. પણ પાળવામાં
કઠિન છે. તેથીજ તે બન્નેના કાળમાં [illegible]
[illegible] અને વચ્ચેના બાવીસ તીર્થંકરોના
સમયના [illegible] ધર્મ સમજાવ્યો છે.

નોંધ:—[illegible] [illegible] [illegible] બુદ્ધિની [illegible]; અને
[illegible] કઠિન હોવાનું [illegible] છે ? [illegible] પ્રકારનાં મનુષ્યોની
[illegible]

[૨૮] આ સ્પષ્ટ જવાબ સાંભળીને કેશી સ્વામી બોલ્યા :—હે ગૌતમ! આપની બુદ્ધિ સુંદર છે. અમારા સંશયનું સમાધાન થઈ ગયું. હવે બીજો સંશય (પ્રશ્ન) રજૂ કરું છું. હે ગૌતમ! તેનું સમાધાન કરો.

[૨૯] હે મહામુને! સાધુ સમુદાયને પ્રમાણપૂર્વક અને સફેદ વસ્ત્ર વાપરવાનો ધર્મ શ્રી ભગવાન મહાવીરે કહ્યો છે. અને પાર્શ્વનાથે તો વિવિધ રંગવાળાં વસ્ત્રો વાપરવાની પણ છૂટ આપી સાધુધર્મ ફરમાવ્યો છે.

નોંધ:—અચેલકનો અર્થ કેટલાક અવસ્ત્ર કરે છે. જો કે સામાન્ય રીતે આપણે નઞ્ સમાસનો અર્થ નકારવાચી જાણીએ છીએ. એ દૃષ્ટિબિંદુએ તેમ થઈ શકે પરંતુ તે કાળમાં પણ આખો સમુદાય નિર્વસ્ત્ર ન રહેતો. કેટલાક વસ્ત્રરહિત રહેતા અને કેટલાક વસ્ત્રસહિત રહેતા. કારણ કે વસ્ત્ર વાપરવા કરતાં તેની મૂર્છા પર ભગવાન મહાવીરે ખૂબ ભાર આપ્યો છે. એટલે આ સ્થળે નઞ્ સમાસના ૭ અર્થો પૈકી અલ્પનો ઉપયોગ કરવો તે વધુ સંગત લાગે છે.

[૩૦] તો બન્ને એકજ ધ્યેયમાં જોડાયેલા હોવા છતાં આ પ્રમાણે દેખીતું બન્ને પ્રકારનાં વેશચિહ્નો ધારણ કરવાનું અંતર કેમ રાખ્યું હશે? હે બુદ્ધિમન્! આપને અહીં સંશય થતો નથી?

[૩૧] આ પ્રમાણે બોલતા કેશીમુનિને ઉદ્દેશીને ગૌતમ આ પ્રમાણે બોલ્યા :—ખૂબ વિજ્ઞાનપૂર્વક સમય અને સાધુઓનાં માનસ જોઈને તે મહપુરુષોએ આ પ્રમાણે ભિન્નભિન્ન ધર્મસાધનો રાખવાનું વિધાન કરેલું છે.

નોંધ:—ભગવાન પાર્શ્વનાથના શિષ્યો સરલ અને બુદ્ધિમાન હતા તેથી તે વિવિધ વસ્ત્રો પણ શરીરના આચ્છાદન માટે છે, વિભૂષા અર્થે નથી તેમ માની અનાસક્ત ભાવે ઉપયોગ કરી શકતા હતા. પરંતુ

[illegible] ગાથામાં [illegible] નિર્ગ્રંથ [illegible] [illegible] કહેવું [illegible] આદિ ને આધુનિક [illegible]

[illegible] (૧) [illegible] મુદ્રાઓ [illegible] (૨) [illegible] નહિ [illegible] જૈન [illegible] (૩) [illegible] વેશથી [illegible] થાય. [illegible] પ્રયોજન છે.

નોંધ—વેશ એ [illegible] નથી [illegible] સાધન છે. [illegible] સાધનાની પુષ્ટિમાં અને [illegible] તેટલા પૂરતું તેનું પ્રયોજન છે

[૩૩] [illegible] [illegible] વેશ ને [illegible] ન [illegible] તેથી [illegible] તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ [illegible] સાધન છે. [illegible] છે. આ વાસ્તવિક [illegible] તો [illegible] પાર્શ્વનાથ અને [illegible] છે. ([illegible] ભેદ નથી)

નોંધ—વેશ [illegible] ભિન્ન [illegible] [illegible] ભેદ [illegible] નહિ [illegible] વેશ [illegible] પણ [illegible] તેનું પ્રયોજન છે

[૩૪] કેશીમુનિ બોલ્યા કે:—હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઉત્તમ છે (તમો બહુ સમન્વય કરી શકો છો), તમે [illegible] દૂર કર્યો છે. હવે એક બીજો સંશય (પ્રશ્ન) કહું છું તેનું હે ગૌતમ ! તમે સમાધાન કરો.

[૩૫] હે ગૌતમ ! હજારો વૈરીની વચ્ચે તમે ઊભા રહ્યા છો, વળી તે તમારી સામે ઝઝૂમી રહ્યા છે. છતાં તે બધાને તમે શી રીતે જીતી શકો છો ?

[૩૬] (ગૌતમે કહ્યું:–) હું માત્ર એક (આત્મા) ને જીતવા સતત પ્રયત્ન કરું છું. કારણ કે તે એકને જીતવાથી પાંચ અને પાંચને જીતવાથી દશ અને દશને જીતવાથી સર્વ શત્રુઓ સ્વયં જીતાઈ જાય છે.

[૩૭] કેશીમુનિએ ગૌતમને કહ્યું :—તે શત્રુઓ કયા ? આ પ્રમાણે બોલતા કેશીમુનિને ઉદ્દેશીને ગૌતમ મુનિએ આ પ્રમાણે કહ્યું:—

[૩૮] હે મુને ! એક (મનની દુષ્ટ પ્રકૃતિને વશ થયેલો) જીવાત્મા જો ન જીતાય તો તે શત્રુ છે. (આત્માને ન જીતવાથી કષાયો ઉત્પન્ન થાય છે) અને એ શત્રુના પ્રતાપે ચાર કષાયો પણ શત્રુ છે અને પાંચે ઇંદ્રિયો તે પણ શત્રુ છે. એમ આખી શત્રુની પરંપરાને જૈન શાસનના ન્યાય પ્રમાણે જીતીને શાંતિપૂર્વક હું વિહાર કર્યા કરું છું.

નોંધ—ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો કહેવાય છે. તેના તરતમ ભાવે સોળ ભેદો છે. દુષ્ટ મન એ પણ શત્રુ છે. પાંચ ઇંદ્રિયોનો અસદુપયોગ થવાથી એ પણ શત્રુઓ જેવું કાર્ય કરે છે. પરંતુ બધાનું મૂળ એક માત્ર દુરાત્મા જ છે. તેથી તેને જીતવાથી બધું જીતાય છે. જૈનશાસ્ત્રનો ન્યાય એ છે કે બહારનાં યુદ્ધ કરવા કરતાં આત્મયુદ્ધ કરવું તે ઉત્તમ છે. અને ક્ષમા, દયા, તપશ્ચર્યા અને ત્યાગ એ તેમને હણવાનાં શસ્ત્રો છે. તે શસ્ત્રોદ્વારાજ કર્મ હણાઈ જાય છે.

[૩૯ હે ગૌતમ ! તમારી બુદ્ધિ સુંદર છે. તમે મારા સંશયનું સમાધાન સુંદર કર્યું. હવે બીજો પ્રશ્ન પૂછું છું તેનું સમાધાન કરો.

[૬૦] આ સંસારમાં ખોટા રસ્તાઓ ઘણા છે કે જે રસ્તાઓમાં જઈ દૃષ્ટિવિપર્યાસને કારણે જીવો સાચા માર્ગને ઓળખી શકતા નથી. અને તેથી ઉન્માર્ગે જઈ દુઃખી થાય છે. તો હે ગૌતમ! આપ એ ઉન્માર્ગે ન દોરવાઈ જતાં સન્માર્ગમાં શી રીતે રહી શકો છો?

[૬૧] જે કોઈ સન્માર્ગે ચાલ્યા જાય છે તે અને કુમાર્ગે જાય છે તે સૌને મેં બરાબર જાણ્યા છે. અને (સન્માર્ગ કુમાર્ગનું મને બરાબર ધ્યાન છે) તેથી હું મારા માર્ગમાં બરાબર ચાલી શકું છું. નષ્ટ ભ્રષ્ટ થતો નથી.

[૬૨] કેશીમુનિએ ગૌતમને કહ્યું:–તે માર્ગ કયો? એ પ્રમાણે બોલતાં કેશીમુનિને ગૌતમે આ પ્રમાણે કહ્યું:—

[૬૩] સ્વકલ્પિત મતોમાં જે સ્વચ્છંદથી વર્તે છે તે પાખંડીઓ બધા ખોટા માર્ગમાં ભ્રમણ કરી ગોથાં ખાય છે. સંસારના બંધનથી સર્વથા મુક્ત થયેલા જિનેશ્વરોએ સત્યનો જે માર્ગ બતાવ્યો તે ઉત્તમ છે.

[૬૪] હે ગૌતમ! તમારી બુદ્ધિ બહુ ઉત્તમ છે. મારો સંશય તમે છેદી નાખ્યો. હવે એક બીજો પણ સંશય છે. તેનું સમાધાન કરો.

[૬૫] જળના મોટા પ્રવાહમાં તણાતાં પ્રાણીઓને તે દુઃખમાંથી બચાવનાર કયું શરણ, કયું સ્થાન, કઈ ગતિ અને કયો આધારરૂપ દ્વીપ તમે માનો છો?

[૬૬] તે જળના વેગમાં પણ એક વિસ્તીર્ણ મોટો દ્વીપ છે કે જ્યાં એ પાણીના મહાનવેગનું આવવું જવું થતું નથી.

[૬૭] કેશીમુનિએ ગૌતમને કહ્યું–તે દ્વીપ કયો? આ પ્રમાણે બોલતા કેશીમુનિને ગૌતમે કહ્યું:—

કરી જાય છે. મને (મારા આત્માને) લેશમાત્ર
શકતી નથી.

[૫૪] હે ગૌતમ ! તમારી બુદ્ધિ સુંદર છે. તમે મારા સંશયને છે
નાખ્યો છે. હજુપણ હું બીજો સંશય પ્રકટ કરું છું તેનું
સમાધાન કરો.

[૫૫] (કેશીમુનિએ કહ્યું:—) હે ગૌતમ ! આ મહા સાહસિક,
ભયંકર અને દુષ્ટ (માલિકને ખાડામાં ધકેલી દે તેવો) ઘોડો
ખૂબ દોડી રહ્યો છે. તે ઘોડા પર બેઠેલા તમે શી રીતે માર્ગે શી
રીતે જઈ શકો છો ! તેનાથી કેમ ઉન્માર્ગે ચાલ્યા જતા નથી !

નોંધ—દુષ્ટ સ્વભાવવાળો ઘોડો માલિકને કોઈને કોઈ વખતે હેરાન
કર્યા વિના રહેતો નથી પરંતુ તમે તો તેના પર બેસવા છતાં ઠીક
માર્ગે જ ચાલ્યા જાઓ છો તેનું કારણ શું ?

[૫૬] (કેશી મહારાજને ગૌતમે કહ્યું:—) તે વેગભર દોડતા ઘોડાને
શાસ્ત્રરૂપ લગામથી બાંધી રાખું છું. જ્ઞાનલગામથી વશ થઈ
ને ઉન્માર્ગે ન જતાં સન્માર્ગે જ મને દોરી જાય છે.

[૫૭] કેશીમુનિએ ગૌતમને કહ્યું—તે ઘોડો કયો ? તે તમે જાણો
છો ? આ પ્રમાણે બોલતા કેશીમુનિને ગૌતમે આ
પ્રમાણે કહ્યું:—

[૫૮] મન એ જ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો છે તે સંસાર-
ના વિવિધ વિષયો તરફ આમતેમ દોડી રહ્યો છે. ધર્મ-
શિક્ષારૂપી લગામ વડે જાતિમાન ઘોડાની માફક તેનો બરાબર
નિગ્રહ કરું છું.

] હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. તમે મારો આ સંશય
દૂર કર્યો. હવે બીજા સંશયને પણ રજુ કરું છું. તેનો ઉત્તર
મને કહો.

[૭૭] વળી હે ગૌતમ! તે સૂર્ય આપ કોને કહો છો ? આ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે કહ્યું.

[૭૮] સંસારના સમગ્ર અંધકારને વિદારી પોતાની અનંત જ્યોતિથી પ્રકાશેલો સર્વજ્ઞરૂપી તે સૂર્યજ આ આખા લોકના પ્રાણીઓને પ્રકાશ આપશે.

નોંધ:—જે પ્રબળ આત્માનો સર્વ અંધકાર દૂર થયો હોય, જે સંસારના બંધનથી સર્વથા મુક્ત થયા હોય તેજ પોતાના અનુભવનો માર્ગ જગતને બતાવી સર્વ દુઃખથી મુકાવી શકે.

[૭૯] હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. મારો સંશય નષ્ટ થયો. મને એક બીજો પણ સંશય થયો છે તેનો ઉત્તર મને કહો.

[૮૦] હે મુને! સંસારના જીવો શારીરિક અને માનસિક દુઃખથી પીડાઈ રહ્યા છે. તેને માટે કલ્યાણકારી નિર્ભય, ઉપદ્રવ અને પીડા રહિત કયું સ્થાન ? તે આપના જાણવામાં છે ?

[૮૧] હું તો માનું છું કે જ્યાં જવું બહુ દુર્લભ છે એવું લોકના અગ્રભાગ પર એક એવું સુંદર અને નિશ્ચલ સ્થાન છે કે જ્યાં આગળ જરા, મૃત્યુ, વ્યાધિ કે વેદના, તેમાંનું કશુંજ નથી.

[૮૨] પણ તે સ્થાન કયું છે તે તમે જાણો છો ! એ પ્રમાણે બોલતાં કેશીમુનિને ગૌતમે કહ્યુ.

[૮૩] જરા–મરણની પીડાથી રહિત અને પરમ કલ્યાણકારી લોકના અગ્રભાગ પર આવેલું તે સ્થાન સિદ્ધિસ્થાન કે નિર્વાણસ્થાન કહેવાય છે. અને ત્યાં મહર્ષિઓજ જઇ શકે છે.

[૮૪] હે મુને! તે સ્થાન લોકના અગ્રભાગમાં દુઃખથી પહોંચી શકાય તેવું, નિશ્ચલ અને પરમસુખદસ્થાન છે. સંસારરૂપી

[૬૯] [illegible]

[૭૦] [illegible]

[૭૧] [illegible]

[૭૨] હે ગૌતમ ! [illegible] પાર ઉતારે છે. [illegible] કેશીમુનિએ ગૌતમને [illegible] આ પ્રશ્ન કર્યો.

[૭૩] શરીર એક નાવ છે. આ સંસાર એ સમુદ્ર છે. અને જીવ એનો નાવિક છે. [illegible] પુરુષો તરી જાય છે.

નોંધઃ—શરીર એ નાવ છે. તે કોઈ આત્માથી અલગ નહિ. તેથી [illegible] શરીરને [illegible] સંયમપૂર્વક નાવિકને પાર [illegible] પ્રત્યેકનું કર્તવ્ય છે.

[૭૪] હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. આ મારો સંશય છેદાઈ ગયો. હવે મને બીજો સંશય થયો છે તેનો મને ઉત્તર આપો.

[૭૫] આ સમગ્ર લોકમાં પ્રવર્તતા ઘોર અંધકારમાં ઘણાં પ્રાણીઓ રૂંધાઈ રહ્યાં છે. તે બધા પ્રાણીઓને પ્રકાશ કોણ આપશે ?

[૭૬] આ લોકમાં પ્રકાશ કરનાર જે ભાનુ ઉગેલો છે તે સક[illegible] લોકમાં સકળ જીવોને પ્રકાશ આપશે.

[૭૭] વળી હે ગૌતમ! તે સૂર્ય આપ કોને કહો છો? આ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે કહ્યું.

[૭૮] સંસારના સમગ્ર અંધકારને ભેદનારી પોતાની અનંત જ્યોતિથી પ્રકાશતો સર્વજ્ઞરૂપ તે સૂર્ય જ આ આખા લોકના પ્રાણીઓને પ્રકાશ આપશે.

નોંધઃ—જે મહા આત્માનો સર્વ અંધકાર દૂર થયો હોય, જે સંસારના બંધનથી સર્વથા મુક્ત થયા હોય તેજ પોતાના અનુભવનો માર્ગ જગતને બતાવી સર્વ દુઃખથી મુકાવી શકે.

[૭૯] હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. મારો સંશય નષ્ટ થયો. અને એક બીજો પણ સંશય થયો છે તેનો ઉત્તર મને કહો.

[૮૦] હે મુને! સંસારના જીવો શારીરિક અને માનસિક દુઃખથી પીડાઈ રહ્યા છે. તેને માટે કલ્યાણકારી નિર્ભય, ઉપદ્રવ અને પીડા રહિત કયું સ્થાન? તે આપના જાણવામાં છે?

[૮૧] હું તો માનું છું કે જ્યાં જવું બહુ દુર્લભ છે એવું લોકના અગ્રભાગ પર એક એવું સુંદર અને નિશ્ચલ સ્થાન છે કે જ્યાં આગળ જરા, મૃત્યુ, વ્યાધિ કે વેદના, તેમાંનું કશુંજ નથી.

[૮૨] પણ તે સ્થાન કયું છે તે તમે જાણો છો? એ પ્રમાણે બોલતાં કેશીમુનિને ગૌતમે કહ્યું.

[૮૩] જરા-મરણની પીડાથી રહિત અને પરમ કલ્યાણકારી લોકના અગ્રભાગ પર આવેલું તે સ્થાન સિદ્ધિસ્થાન કે નિર્વાણસ્થાન કહેવાય છે. અને ત્યાં મહર્ષિઓજ જઈ શકે છે.

[૮૪] હે મુને! તે સ્થાન લોકના અગ્રભાગમાં દુઃખથી પહોંચી શકાય તેવું, નિશ્ચલ અને પરમસુખદસ્થાન છે. સંસારરૂપી

[illegible]

[illegible] (નિર્ગ્રંથ [illegible]

[illegible]) [illegible] ભાગમાં ગમન કરે છે.

કરી હતી પ્રથમ અને અંતિમ તીર્થંકર પ્રરૂપ્યા

[૨૮] પછી પણ ત્યાંથી શ્રાવસ્તીમાં ત્યાં ત્યાંથી આ પ્રમાણે ક્યાં અને મેળાવો સમાગમ નિત્ય થતો ત્યાં અને શાસ્ત્ર ઇંદ્રિય કરવા વિજ્ઞાનાદિનો નિર્ણય જ્ઞાન અને ચારિત્ર બન્ને આગમમાં વૃદ્ધિ કરનાર નીવડ્યો.

નોંધ—કેશી અને ગૌતમ બન્નેના શિષ્યોને તે શાસ્ત્રાર્થ અને તે સમાગમ બહુ લાભદાયક થયો. કારણ કે શાસ્ત્રાર્થ કરવામાં તે બન્નેની ઉદાર દૃષ્ટિ હતી. એકેને કદાગ્રહ ન હતો. અને તેથી જ શાસ્ત્રાર્થ પણ સત્યસાધક બન્યો. કદાગ્રહ હોત તો શાસ્ત્રને કોઈ અનર્થ પણ થવાનો સંભવ હતો. પરંતુ સાચા જ્ઞાની પુરુષો કદાગ્રહથી પર હોય છે. અને સત્ય વસ્તુને સર્વાંગે સ્વીકાર્યા વિના રહી શકતા નથી.

[૮૯] આખી પરિષદ આથી સંતુષ્ટ બની અને બધાને સત્ય-માર્ગની ઝાંખી થઈ. શ્રોતાઓ પણ સાચા માર્ગને પામ્યા અને તે બન્ને મહેશ્વરોની મંગળસ્તુતિ કરી ભગવાન કેશી

અને ભગવાન ગૌતમ સદા પ્રસન્ન રહો તેમ કહેતા સર્વ દેવો, દાનવો અને મનુષ્યો સ્વસ્થાને ગયા.

નોંધ—શ્રમણધર્મ એટલે આ કાળે આ સમયે આ સ્થિતિમાં શાસનની ઉન્નતિ શી રીતે થાય? તેની વ્યવસ્થાપૂર્વક વિચારણાપૂર્વક ઉન્નતિ કરવી એ અબાધિત સત્ય છે. તે બદલી શકાય નહિ. પણ ક્રિયા તે સાધનો શ્રમણધર્મના હાથમાં છે. તેનાં પરિવર્તન સંભવિત છે.

શ્રમણધર્મનો લાભ સૌ કોઈને માટે છે. સમાજ શ્રમણધર્મથી સંકળાયેલો છે. શ્રમણવર્ગ અને શ્રાવકસમૂહ એ બધાં સમાજનાં અંગો છે, કોઈ પણ અંગ તે તરફ ઉપેક્ષા ન રાખતાં શાસનમાં રહેલાં અબાધિત સત્યને ઓળખી સંગીન પુરુષાર્થ કરે અને શુદ્ધચારિત્ર રહી જૈનશાસનની ઉન્નતિ કરે તેજ અભીષ્ટ છે.

એમ કહું છું:

એ પ્રમાણે કેશિગૌતમીય નામનું ત્રેવીસમું અધ્યયન સમાપ્ત થયું.



સમિતિઓ

૨૪

સંયમ, ત્યાગ અને તપ, આ ત્રણે મુક્તિનાં ક્રિયાત્મ
સાધનો છે. ભવબંધનોથી મુક્ત કરવા માટે તેજ સમર્થ છે
મુક્તિએ પહોંચવાના આપણે સૌ કોઈ ઉમેદવાર છીએ. સૌ
કોઇને મોક્ષમાર્ગમાં જવાનો સમાન હક છે. માત્ર ત્યાં જવાની
તૈયારી હોવી જોઇએ.

આ અધ્યયનમાં મુનિવરોની સંયમજીવનને પોષનારી
માતાઓનું વર્ણન છે. છતાં તેનું અવલંબન તો સૌ કોઈ
મુમુક્ષુઓને એક સરખું જ ઉપકારી છે. પોતાનું સ્થાન, યોગ્યતા
અને સમય જોઈ વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરી શકાય છે.

ભગવાન બોલ્યા :—

[૧] જિનેશ્વર દેવોએ જે પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ વર્ણવેલી છે તે આઠ પ્રવચન માતાઓ કહેવાય છે.

નોંધ:—જેમ માતા પુત્ર પર વાત્સલ્ય વરસાવે છે, તેની કલ્યાણ-કામિની છે તેમ આ આઠ વસ્તુ સાધુજીવનની કલ્યાણકારી હોવાથી જિનેશ્વરોએ તેમને શ્રમણની માતાઓ તરીકે કહેલી છે.

[૨] ઇર્યા, ભાષા, એષણા, આદાનભંડનિક્ષેપણ અને ઉચ્ચારાદિ-નિષ્ઠાપન આ પ્રમાણે પાંચ સમિતિઓ, તેમજ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિઓ કહેવાય.

નોંધ:—(૧) ઇર્યા-માર્ગમાં બરાબર ઉપયોગપૂર્વક જોઈને ચાલ

(૨) ભાષાઃ-વિચારથી ગળીને સત્ય, નિર્દોષ અને ઉપયોગી વચન બોલવું. (૩) એષણા :-નિર્દોષ તથા પરિમિત ભિક્ષા તથા અલ્પ વસ્ત્રાદિ ઉપકરણ લેવાં. (૪) આદાનભંડનિક્ષેપણ :-વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણ (સંયમી જીવનને ઉપયોગી સાધનો) વ્યવસ્થિત લેવાં મૂકવાં. (૫) મળ, મૂત્ર શ્લેષ્મ કે એવી કોઈપણ ત્યાજ્ય વસ્તુ કોઈને દુઃખરૂપ ન થાય તેવું સ્થાન જોઈ ઉપયોગપૂર્વક નાખવી.

(૧) મનોગુપ્તિઃ—દુષ્ટ ચિંતનમાં પ્રવર્તતા મનને રોકી લેવાના પ્રયોગ. (૨) વચનગુપ્તિઃ-વચનનો અશુભ વ્યાપાર ન કરવો. (૩) કાયગુપ્તિઃ-ખોટે રસ્તે જતાં શરીરને રોકી લેવાની ક્રિયા.

[૩] જે આ આઠ પ્રવચન માતાઓ સંક્ષેપથી ફરમાવી તેમાં જિનેશ્વરદેવ કથિત બાર અંગોનો સમાવેશ થઇ જાય છે. (બધાંય પ્રવચનો આ માતાઓમાં અંતર્ભૂતજ થઇ જાય છે).

નોંધઃ—બારે અંગો (અંગભૂત શાસ્ત્રો) નાં પ્રવચનો ઉચ્ચ વર્તનનાં સૂચક છે. અને આ આઠ વસ્તુઓ બરાબર ક્રિયામાં આવે તો તે ઉચ્ચ વર્તન સાધ્ય થયું ગણાય. સાધ્ય હાથ લાગે એટલે સાધન તેમાં સમાઈ ગયું કે સરળ થયું ગણાય. જે જ્ઞાન ક્રિયામાં પરિણમે તે જ્ઞાન સફળ.

ઈર્યા સમિતિ વગેરેની સ્પષ્ટતા

[૪] (૧) આલંબન, (૨) કાળ, (૩) માર્ગ અને (૪) ઉપયોગ. એ ચાર કારણોથી પરિશુદ્ધ થયેલી ઇર્યા સમિતિમાં સંયમીએ ગમન કરવું.

[૫] જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ સાધનો ઇર્યા સમિતિનાં અવલંબન છે. દિવસ એ ઈર્યાનો કાળ છે (રાત્રિએ ઈર્યા શુદ્ધ ન હોવાથી સંયમીને પોતાના સ્થાનથી બહાર નીકળવાની મનાઈ છે) આડા અવળે માર્ગે ન જતાં સીધા માર્ગે જવું

[illegible]

[illegible]

નોંધ: [illegible] ઇન્દ્રિયના વિષયના અર્થમાં મન સ્વ[illegible] ... ચ ક્રમમાં નેત્રા ધ્યાન સૂરી [illegible] માટે તેને ન કરવું. તેમ ... આશ્રતા સ્વભાવ (ચેતન) પણ ન કરો. યદ્યપિ તે ઉત્તમ ક્રિયા ... તથાપિ તેમ કરવામાં મનના વ્યાપાર ક્રિયામાં રોકાય તો આશ્રવનો ... ધ્યાન સૂચવ આ સૂત્રમાં તે પ્રતિપાદન કર્યું છે કે તમે જે વખતે જે ... કરતા હો તે વખતે તેમાંજ લીન રહો. જૈનદર્શન કહે છે કે ઉપ- ... યોગ ધર્મ' અને પ્રમાદ એજ પાપ (ઉપયાન એટલે સાવધાનતા.)

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, નિદ્રા તથા અ[illegible] પયોગી કથા—

[૧૦] એ આઠે દોષોને બુદ્ધિમાન સાધકે છોડી દેવા અને તે સિવાયની નિર્દોષ, પરિમિત અને રૂપયે ગીજ ભાષા બોલવી. (તે ભાષાસમિતિ કહેવાય છે.)

[૧૧] આહાર, અધિકરણ (વસ્ત્ર, પાત્ર વગેરે સાથે રાખવાની વસ્તુઓ) અને શય્યા (સ્થાનક કે પાટ, પાટલા) એ ત્રણે વસ્તુઓને શોધવામાં, સ્વીકારવામાં અને ભોગવવા (વાપરવા)માં સંયમધર્મને સંભાળી ઉપયોગ રાખવો તે એષણા સમિતિ છે.

[૧૨] ઉપરની પ્રથમ ગવેષણા એટલે ઉદ્‌ગમન અને ઉત્પાદન (ભિક્ષા મેળવવા)માં તથા બીજી ગ્રહણૈષણામાં તેમજ ત્રીજી ભોગવવાની એષણામાં લાગતા દોષોથી સંયમીએ ઉપયોગપૂર્વક વિરમી જવું.

નોંધઃ—ઉદ્‌ગમનના સોળ દોષો દાતાર ગૃહસ્થને લગતા છે. તેણે તેવા દોષોથી રહિત દાન કરવું. ઉત્પાદનના સોળ દોષો માત્ર સાધુના છે. ભિક્ષુએ તેવા દોષથી રહિત ભિક્ષા મેળવવી અને દસ દોષો ગ્રહણૈષણાના છે, તે ગૃહસ્થ અને ભિક્ષુ બન્નેને લાગે છે. માટે તે દોષોથી રહિત થઈ ભિક્ષા લેવી. ઉપરાંત ચાર દોષો ભિક્ષા ભોગવવાના છે. તે દોષોને છોડી ભિક્ષુએ ભોજન કરવું.

[૧૩] ઔધિક અને ઔપગ્રહિક બન્ને પ્રકારનાં ઉપકરણો કે પાત્ર વગેરે સંયમી જીવનનાં ઉપયોગી સાધનો લેતાં કે મૂકતા ભિક્ષુએ આ વિધિનો ઉપયોગ કરવો.

નોંધઃ—ઔધિક એટલે જે વસ્તુ ભોગવ્યા પછી કે લીધા પછી પાછી આપવાની હોય તેવી વસ્તુ જેવી કે ઉપાશ્રયનું સ્થાન, પાટ, પાટલા ઈત્યાદિ તથા ઔપગ્રહિક એટલે શાસ્ત્રોક્ત લીધા પછી પાછી આપવાની ન હોય તેવી વસ્તુ જેમ કે વસ્ત્ર, પાત્ર ઈત્યાદિ સંયમીનાં ઉપકરણો.

[૧૪] આંખેથી બરાબર તે વસ્તુઓને જુએ, પછી પુંજે, ત્યારબાદજ તેને લે, મૂકે અને વાપરે.

નોંધઃ—નાનો ગોચ્છો કે જે સંયમીનું પુંજવાનું ઉપકરણ ગણાય છે. એનાથી સૂક્ષ્મ જીવો પણ ન હણાય તેવી રીતે પાત્રો વગેરે સાફ કરવાની ક્રિયાને પરિમાર્જન (પુંજવું) કહેવાય છે.

[૧૫] મળ, મૂત્ર, બળખો, નાકનો મેલ કે શરીરના અવયવોનો
મેલ તથા અપથ્ય આહાર, ન પહેરી શકાય તેવું જીર્ણ થયેલું
વસ્ત્ર અને ... ભિન્નનું મૃત શરીર કે તે સિવાયની છૂટી
... હોવા યોગ્ય નકામી) વસ્તુઓ હોય તેને (ઓ
... , ઉચિત સ્થાનમાં નાખવી.

નોંધ.—પરિષ્ઠાપ' બીજા અર્થમાં ફેંકવાથી ગંદકી, રોગ અને કદર્થ
થાય, જીવજંતુઓની હિંસા થાય અને એવા ઘણા અપરાધો બને તેટલા
જૈનદર્શન વૈજ્ઞાનિક, વૈદિક અને ધાર્મિક દૃષ્ટિનો અપૂર્વ સમન્વય કરી
બતાવે છે

[૧૬] તે સ્થાન દસ પ્રકારનાં વિશેષણોથી યુક્ત હોવું જોઈએ. તે
પ્રથમ વિશેષણના ચાર ભેદ કહે છે:—(૧) તે વખતે કોઈ પ
મનુષ્ય આવતું જતું ન હોય અને કોઈ દેખતું પણ
હોય તેવું સ્થાન. (૨) કોઈ મનુષ્ય પાસે આવતું નથી પણ
દૂરથી જુએ છે. (૩) કોઈ મનુષ્ય આવે છે પણ તે દેખતું
નથી. (૪) કોઈ મનુષ્ય આવે પણ છે અને દેખે પણ છે.

[૧૭] (૧) ઉપરના ચાર ભેદ પૈકી પહેલા ભેદવાળું સ્થાન જોઈ
(અર્થાત્ કોઈ આવતું નથી ને દેખતું પણ નથી) ત્યાગ તે
ક્રિયા કરવી. વળી સ્થાન (૨) પોતાને કે પરને દુઃખ ઉપજાવે નહિ
તેવું હોય. (૩) તે ભૂમિ પણ સમ હોય.

(૪) તે સ્થાન ઘાસ, પાંદડાં ક વનસ્પતિ રહિત હોય (૫) તે
ભૂમિ અચિત્ત (કીડી, કુંથવા વગેરે જીવો રહિત) હોય. (૬)
તે સ્થાન સાવ સાંકડું નહિ પણ પહોળું હોય. (૭) તેની નીચે
પણ અચિત્ત ભૂમિ હોય. (૮) પે.તે જે સ્થાને હોય ત્યાંથી
બહુ નજીક નહિ પણ દૂર હોય (૯) જ્યાં ઉંદર વગેરેનાં દર

ન હોય. (૧૦) ત્રસપ્રાણીઓ કે બીજ ન વેરાયાં હોય તેવા શુદ્ધ સ્થાનમાંજ મળમૂત્રાદિ ક્રિયાઓ કરવી જોઇએ.

[૧૯] એ પાંચે સમિતિઓ બહુ સંક્ષેપમાં કહી હવે ત્રણ ગુપ્તિઓને અનુક્રમે કહીશ (આ પ્રમાણે જંબૂ પ્રત્યે સુધર્મસ્વામી બોલ્યા.)

નોંધઃ—સમિતિઓનો અધિક વિસ્તાર આચારાંગાદિ સૂત્રોમાં જોઈ લેવો.

[૨૦] મનોગુપ્તિના ચાર ભેદ છેઃ—(૧) સત્ય મનોગુપ્તિ. (૨) અસત્ય મનોગુપ્તિ. (૩) સત્યામૃષા (મિશ્ર) મનોગુપ્તિ અને (૪) અસત્યા અને અમૃષા (વ્યવહાર) મનોગુપ્તિ.

નોંધઃ—સત્ય તત્ત્વ તરફજ મનનો વેગ રહે તે સત્યમનોગુપ્તિ, અસત્ય વસ્તુ તરફ ઢળે તે અસત્યમનોગુપ્તિ, ઘડીમાં સત્ય ઘડીમાં અસત્ય એ બન્નેની રુચિ જાગે અથવા સત્યમાં થોડું અસત્ય હોય તે બધાંને સત્ય પ્રકારે માની ચિંતવવું તે મિશ્ર મનોગુપ્તિ કહેવાય. અને સાંસારિક શુભાશુભ વ્યવહારમાં મનનો વેગ ઢળે તે વ્યવહાર મનોગુપ્તિ કહેવાય.

[૨૧] સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણે ક્રિયામા જતા મનને રોકી શુદ્ધ ક્રિયામાં પ્રવર્તાવવું તે મનોગુપ્તિ છે. માટે સંયમીએ તેવી દૂષિત ક્રિયાઓમાં જતાં મનને રોકી રાખી મનોગુપ્તિની સાધના કરવી.

નોંધઃ—સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણે હિંસક ક્રિયા છે. પ્રમાદી જીવાત્માને હિંસાદિ કાર્યના પ્રયત્નનો આવેશ ઉત્પન્ન થાય છે તેને સંરંભ કહેવાય છે. પછી એ કાર્યો માટે સાધનોને એકઠાં કરાય છે તેને સમારંભ કહેવાય છે અને છેવટે તે કાર્ય પ્રયોગમાં મૂકાય છે તેને આરંભ કહેવાય છે. કાર્યના સંકલ્પથી માંડીને તે પૂર્ણ થયા સુધીમાં આ ત્રણ અવસ્થાઓ અનુક્રમે થાય છે.

[૨૨] વચનગુપ્તિ પણ તેજ ચાર પ્રકારની છેઃ—(૧) સત્ય વચનગુપ્તિ.

(૨) [illegible] (વિષ) [illegible]

[illegible] આરંભની ક્રિયા માટે [illegible]

[illegible] (૧) ઉભા [illegible] (૨) [illegible]

[૨૫] [illegible] આરંભની ક્રિયા માટે [illegible] રોકી દેવી, તેને [illegible]

નોંધ:—મન, વચન અને કાયાને કેવળ આત્મશક્તિ પ્રવર્તન [illegible] વ્યવહારમાં પણ તેજ રમણ રહે. તેમજ પાપ [illegible] મન, વચન અને કાયા ભિન્ન બને. આવી સ્થિતિ થઈ જાય તેને મનગુ[illegible] વચનગુપ્તિ અને કાયગુપ્તિ કહેવાય છે.

[૨૬] ઉપર કહેલી પાંચ સમિતિઓ ચારિત્ર (સંયમી જીવન) ને એ જે થતી પ્રવૃત્તિમાં ઉપયોગી છે. અને ત્રણ ગુપ્તિ અશુભ વ્યાપારોથી સર્વથા નિવૃત્ત થવા માટે ઉપયોગી છે.

[૨૭] આ પ્રમાણે આ આઠ પ્રવચનમાતાને સાચા હૃદયથી સમજીને તેની જે કોઈ ઉપાસના કરશે તે બુદ્ધિમાન સાધકમુનિ શીઘ્ર આ સંસારના બંધનથી મુક્ત થશે.

નોંધ:—આવતા પાપોના પ્રવાહથી દૂર રહેવું અને એકઠાં થયેલાં પાપોને પ્રજાળવાનો પ્રયત્ન કરવો એ બન્ને ક્રિયાનું જ નામ સંયમ. આવા સંયમને માટેજ ત્યાગીજીવન સરજાયેલું છે અને તેજ દૃષ્ટિએ ત્યાગની ઉત્તમતા વર્ણવાયેલી છે.

આવી યોગ્યતા પ્રાપ્ત કરવા માટે બુદ્ધિની સ્થિરતા સૌથી પહેલાં

અપેક્ષિત છે. બુદ્ધિને સ્થિર કરવાનો અભ્યાસ અને વૈરાગ્ય એ સર્વોત્તમ સાધન છે. જો કે તે બન્ને શક્તિઓ અંતઃકરણમાં છે. પરંતુ તેને જાગ્રત કરવા માટે શાસ્ત્રો અને મહાપુરૂષોના સંગની પણ આવશ્યકતા છે.

જો પાપોના પ્રવાહથી દૂર રહેવાય અને સંચિત પાપોને બાળવાની તાલાવેલી જાગે તો પછી બીજું શું જોઈએ? એટલુંજ બસ છે, પછી તો આગળનો માર્ગ સહેજે સમજાઇ રહે છે.

એમ કહું છું:—

એ પ્રમાણે સમિતિઓ સંબંધીનું ચોવીસમું અધ્યયન સમાપ્ત થયું.



યજ્ઞીય

યજ્ઞ સંબંધી

૧૮

વેદોમાં ઠેરઠેર યજ્ઞોનાં નિરૂપણ છે. તેમ જૈન શાસ્ત્રોમાં પણ છે.

પરંતુ સંસારમાં સાચા યજ્ઞને સમજનારા કોઈ વિરલ જ હોય છે.

બહારનો યજ્ઞ એ દ્રવ્ય યજ્ઞ છે. અંતરનો યજ્ઞ એ સાચો (ભાવ) યજ્ઞ છે. બહારનો યજ્ઞ કદાચ હિંસક પણ હોય. પરંતુ આંતરિક યજ્ઞમાં હિંસાનાં વિષ નથી કેવળ અહિંસાનાં અમૃત છે

બહારના યજ્ઞથી થતી વિશુદ્ધિ ક્ષણિક અને ખંડિત છે. પણ આંતરિક યજ્ઞની પવિત્રતા અખંડ અને નિત્ય છે પરંતુ સાચો યજ્ઞ કરવામાં યાજકને યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે.

વિજયઘોષ અને જયઘોષ બન્ને બ્રાહ્મણકુળમાં જન્મ્યા હતા. (કેટલાક ઇતિહાસકારો બન્નેને સગાભાઈ માને છે.) બન્ને પર બ્રાહ્મણ સંસ્કૃતિની અસર હતી. પરંતુ સંસ્કૃતિ બે પ્રકારની હોય છે. એક કુળમત અને બીજી આત્મમત. કુળમત સંસ્કૃતિની છાપ ઘણીવાર ભૂતાચો ખપાવે છે. વાસ્તવિક રહસ્ય સમજવા દેતી નથી. ઉપાસકને સત્યથી વેગળો ધકેલવામાં સહાયક નીવડે છે. પરંતુ જે ઉપાસકોની આત્મમત સંસ્કૃતિનું બળ અધિક હોય છે તેજ આગળ વધે છે, તેજ સત્ય

પામે છે. ત્યાં સંપ્રદાય, મત, વાદો અને દર્શનના ઝઘડા રહી શકતા નથી.

જયઘોષ વેદોના પારગામી હતા. વેદમાન્ય યજ્ઞોનો તેમને નાદ લાગ્યો હતો. પરંતુ તે યજ્ઞોથી મેળવેલી પવિત્રતા તેમને ક્ષણિક લાગી.જે ફળ વેદ વર્ણવે છે તે સ્વર્ગ કે મુક્તિની તેમને આવા યજ્ઞમાં અસ્વાભાવિકતા દેખાવા માંડી. આત્મગત સંસ્કૃતિના બળે કુળગત સંસ્કૃતિનાં પડળ ઉખેડી નાંખ્યાં. તરતજ તે વીર બ્રાહ્મણે સાચું બ્રાહ્મણત્વ અંગીકાર કર્યું અને સાચા યજ્ઞમાં સાચી સાચી પવિત્રતા પ્રાપ્ત કરી.

વિજયઘોષ યજ્ઞવાડામાં કુળપરંપરાગત યજ્ઞ કરી રહ્યા હતા. એકદા જયઘોષ યાજક ત્યાં આગળ આવી લાગ્યા. પૂર્વના પ્રબળ ઋણાનુબંધોજ જાણે તેને ખેંચી ન ગયાં હોય!

જયઘોષનો ત્યાગ, જયઘોષની તપશ્ચર્યા, જયઘોષની સાધુતા, જયઘોષનો પ્રભાવ અને જયઘોષની પવિત્રતા ઇત્યાદિ સદ્‌ગુણોએ અનેક બ્રાહ્મણોને આકર્ષ્યા અને યજ્ઞનો શુદ્ધ માર્ગ સમજાવ્યો.

ભગવાન બોલ્યાઃ–

[૧] પૂર્વે વણારસી નગરીમા બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા છતાં પાંચ મહાવ્રતરૂપ ભાવયજ્ઞના કરનાર એક મહાયશસ્વી જયઘોષ નામના મુનિ થઈ ગયા હતા.

[૨] પાંચે ઇંદ્રિયોના સર્વ વિષયોમાં નિગ્રહ કરનાર અને મોક્ષમાર્ગમાંજ ચાલનાર (મુમુક્ષુ) તે મહામુનિ ગામોગામ વિચરતા વિચરતા ફરી એકદા તેજ વણારસી (પોતાની જન્મભૂમિ) નગરીમાં આવી પહોંચ્યા.

[૩] અને તે વણારસીની બહાર મનોરમ નામના ઉદ્યાનમાં નિર્દોષ સ્થાન, શય્યાદિ યાચી નિવાસ કર્યો.

[૪] તે કાળમાં તેજ વણારસી નગરીમાં ચાર વેદનો જાણકાર વિજયઘોષ નામનો બ્રાહ્મણ યજ્ઞ કરી રહ્યો હતો.

[૫] ઉપર્યુક્ત રીતે (મુનિ માસખમણી મહાતપસ્વીને
(જ્યારે) આ બ્રાહ્મણના યજ્ઞવાડામાં (તેમ કરતે)
આવીને ઉભા રહ્યા.

[૬] મુનિશ્રીને ત્યાં આવતા જોઈ ને યાજક [illegible]
ને. અને કહે છે કે હે ભિક્ષુ ! તને હું ભિક્ષા નહિ [illegible]
શકું. કોઈ બીજે સ્થળેથી યાચના કરી લે.

[૭] હે મુનિ ! જે બ્રાહ્મણો ધર્મશાસ્ત્રના તથા વેદના [illegible]
ગામી, યજ્ઞાર્થી તથા જ્યોતિષશાસ્ત્ર સહિત છ અંગને જાણ[illegible]
અને જે જિતેંદ્રિય હોય તેને

[૮] તથા પોતાના આત્માનો તથા પરના આત્માનો (આ સંસા[illegible]
સમુદ્રમાંથી) ઉદ્ધાર કરવા સમર્થ હોય તેનેજ પડ્રસ સંયુક્ત
મનોવાંછિત આ ભોજન આપવાનું છે.

[૯] ઉત્તમ અર્થની ગવેષણા કરનાર તે મહામુનિ આ પ્રમાણે ત્યાં
નિષેધ કરાયા છતાં ન રાજી થયા, કે ન નારાજ થયા.

[૧૦] અન્ન, પાણી, વસ્ત્ર કે તેવા કોઈપણ સ્વાર્થને માટે નહિ પણ માત્ર
નિર્ગ્રંથોની અજ્ઞાન મુક્તિને માટે તે મુનિએ આ વચન કહ્યાં:

[૧૧] હે વિપ્ર ! વેદના મુખને, યજ્ઞોના મુખને અને નક્ષત્રો તથા
ધર્મોના મુખને તું જાણતો જ નથી.
નોંધ—અહીં મુખનો અર્થ રહસ્ય સમજવો.

[૧૨] જે પોતાના અને પરના આત્માનો (આ સંસારથી) ઉદ્ધાર
કરવાને સમર્થ છે તેને પણ તું જાણી શક્યો નથી. જો
જાણતો હો તો કહે.

મહાતપસ્વી અને ઓજસ્વી મુનિના પ્રભાવશાળી પ્રશ્નોથી બ્રાહ્મણોની આખી સભા નિરુત્તર થઈ ગઈ.

[૧૩] મુનિના પ્રશ્નનો શંકાપોહ કે ઉત્તર આપવાને માટે અસમર્થ

થયેલો બ્રાહ્મણ તથા ત્યાં રહેલી આખી સભા બે હાથ જોડીને તે મહામુનિને પૂછવા લાગ્યાં.

[૧૪] આપજ વેદોનું, યજ્ઞોનું, નક્ષત્રોનું અને ધર્મોનું મુખ કહો.

[૧૫] પોતાનો તથા પરના આત્માનો ઉદ્ધાર કરવા જે સમર્થ છે તે કોણ ? આ બધા અમને સંશયો છે. માટે (અમારાથી) પૂછાયેલા આપજ તેનો સુંદર રીતે જવાબ આપો.

[૧૬] મુનિએ કહ્યું–વેદોનું મુખ અગ્નિહોત્ર છે (અર્થાત્ અગ્નિહોત્ર યજ્ઞ જે વેદમાં મુખ્ય છે તેજ વેદ–મુખ છે.) યજ્ઞોનું મુખ યજ્ઞાર્થી (સંયમરૂપી યજ્ઞના કરનાર સાધુ), નક્ષત્રોનું મુખ ચંદ્રમા છે. અને ધર્મના પ્રરૂપકોમાં ભગવાન ઋષભદેવ વીતરાગ હોવાથી તેમણે બતાવેલો સત્ય ધર્મ એજ સર્વ ધર્મમાં શ્રેષ્ઠ છે.

નોંધઃ—અગ્નિહોત્ર યજ્ઞમાં જીવરૂપ કુંડ, તપરૂપ વેદિકા, કર્મરૂપ ઇંધન, ધ્યાનરૂપ અગ્નિ, શુભ યોગરૂપી ચાટવા, શરીર રૂપી ગોર (યાજક) અને શુદ્ધ ભાવનારૂપ આહુતિ જાણવી. જે શાસ્ત્રોમા આવા યજ્ઞોનુ વિધાન હોય છે તે વેદ કહેવાય છે અને આવા યજ્ઞો કરે છે તેજ યાજકોમાં શ્રેષ્ઠ ગણાય છે.

[૧૭] જેમ ચંદ્ર આગળ ગ્રહ, નક્ષત્ર, તારાઓ વગેરે હાથ જોડી ઉભા રહે છે અને મનોહર રીતે સ્તુતિપૂર્વક વંદન કરે છે તેમ તે ઉત્તમ કાસ્યપને (ભગવાન ઋષભને) ઇંદ્રાદિ નમસ્કાર કરે છે.

[૧૮] સાચું જ્ઞાન અને બ્રાહ્મણની સાચી પ્રતિજ્ઞાને નહિ જાણનાર મૂઢ પુરુષો કેવળ યજ્ઞ યજ્ઞ કર્યા કરે છે, પણ યજ્ઞનું રહસ્ય જાણી શકતા નથી. અને જે કેવળ વેદનું અધ્યયન અને શુષ્ક તપશ્ચર્યા કરતા હોય છે તે બધા બ્રાહ્મણ નથી પરંતુ રાખથી ઢંકાયેલા અગ્નિ જેવા છે.

સાચો બ્રાહ્મણ કોણ?

[૧૯] આ લોકમાં જે શુદ્ધ અગ્નિની માફક પાપથી રહિત થઈ પૂજાયેલો છે તેને જ કુશળ પુરુષો બ્રાહ્મણ માને છે. અને તેથી જ અમે પણ તેને બ્રાહ્મણ કહીએ છીએ.

[૨૦] જે સ્વજનાદિમાં આસક્ત થતો નથી અને સંયમી થઈ (કષ્ટથી) શોક કરતો નથી અને મહાપુરુષોનાં વચનામૃતોમાં આનંદ પામે છે તેને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ.

[૨૧] જેમ શુદ્ધ થયેલું સોનું મેલરહિત હોય છે તેમ જે મળ અને પાપથી રહિત અને રાગ, દ્વેષ અને ભયથી પર હોય છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

[૨૨] જે સદાચારી, તપસ્વી, દમિતેન્દ્રિય અને તપશ્ચર્યાદ્વારા જેણે લોહી શોષી નાંખ્યા હોય, કૃશ શરીરવાળો (દુર્બળ) અને કષાય જવાથી શાંતિને પામેલો હોય છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૩] જે હાલતા ચાલતા જીવોને અને સ્થાવર (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ) જીવોને પણ મનથી, વચનથી કે કાયાથી હણતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે ક્રોધથી, હાસ્યથી, લોભથી કે ભયથી જૂઠું બોલતો નથી. તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે સચિત્ત (ચેતનવાળા જીવો, પશુ ઇત્યાદિ) કે અચિત્ત (સુવર્ણ ઇત્યાદિ) થોડું કે બહુ અણદીધેલું કે અશુદ્ધકનું લેતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

દેવતા, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મન, વચન, અને કાયાએ મૈથુન સેવતો નથી—

[૨૭] જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી લેપાતું નથી, તેમ કામ ભોગોથી જે અલિપ્ત થાય તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

[૨૮] જે રસલોલુપી ન હોય, માત્ર ધર્મ નિમિત્તેજ ભિક્ષાજીવી હોય અને ગૃહસ્થોમાં આસક્ત ન હોય તેવા અકિંચન ત્યાગીનેજ અમે બ્રાહ્મણ કહીએ છીએ.

[૨૯] જે પૂર્વસંયોગ (માતા, પિતા, ભાઈ વગેરેના સંયોગ જ્ઞાતિજનોના સંગ અને બંધુવર્ગને છોડીને પછીથી તેના રાગમાં કે ભોગોમાં જે આસક્ત થતો નથી તેનેજ અમે બ્રાહ્મણ કહીએ છીએ.

[૩૦] હે વિજયઘોષ ! જે વેદો પશુવધને નિરૂપનારા છે તે અને પાપ કર્મો કરી હોમાયેલી આહુતિઓ તે યજ્ઞ કરનાર દુરાચારીનેજ શરણભૂત થતાં નથી. કારણ કે કર્મો ફળ આપવામાં બળવાન હોય છે.

[૩૧] હે વિજયઘોષ ! મસ્તક મુંડન કરવાથી સાધુ થવાતું નથી. ૐકારના ઉચ્ચારણથી બ્રાહ્મણ થવાતું નથી, તેમ અરણ્યવાસથી મુનિ કે ભગવાં વસ્ત્ર પહેરવાથી તાપસ થવાતું નથી.

[૩૨] સમભાવથી સાધુ થવાય છે. બ્રહ્મચર્યપાલનથી બ્રાહ્મણ થવાય છે અને જ્ઞાન હોય તે મુનિ તથા તપસ્વી હોય તેજ તાપસ કહેવાય છે.

[૩૩] વાસ્તવિક રીતે વર્ણવ્યવસ્થા જન્મગત નથી, પણ કર્મગત છે. કર્મથીજ બ્રાહ્મણ થવાય છે. કર્મથીજ ક્ષત્રિય થવાય છે, કર્મથીજ વૈશ્ય અને કર્મથીજ શૂદ્ર થવાય છે.

[૩૪] આ વસ્તુઓને ભગવાને ખુલ્લી રીતે કહી બતાવી છે. સ્નાતક (ઉચ્ચ બ્રાહ્મણ) પણ તેવાજ ગુણોથી થઇ શકાય છે.

સારેજ બધાં કર્મોથી મુક્ત હોય, અથવા મુક્ત થ[વા] પ્રયત્ન કરે તેનેજ અમે બ્રાહ્મણ કહીએ છીએ.

[૩૫] ઉપરના ગુણોથી યુક્ત જે ઉત્તમ બ્રાહ્મણો હોય છે તેઓ[જ] પોતાના અને પરના આત્માનો ઉદ્ધાર કરવાને સમર્થ છે.

[૩૬] આ પ્રકારે સંશયનું સમાધાન થયા પછી તે વિજયઘો[ષ] બ્રાહ્મણ તે પવિત્ર વચનોને હૃદયમાં ઉતારીને પછી જયઘો[ષ] મુનિને સંબોધીને—

[૩૭] સંતુષ્ટ થયેલા તે વિજયઘોષ હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યો :—હે ભગવન્ ! આપે યથાર્થ બ્રાહ્મણપણું મને સમજાવ્યું.

[૩૮] ખરેખર આપજ યજ્ઞોના યાજક (કરનાર) છો. આપજ વેદોના જાણ છો. આપજ જ્યોતિષશાસ્ત્રાદિ અંગોના જાણકાર વિદ્વાન છો અને આપજ ધર્મોના પારગામી છો.

[૩૯] આપ આપના અને પરના આત્માનો ઉદ્ધાર કરવાને સમર્થ છો. માટે હે ભિક્ષુત્તમ ! ભિક્ષા ગ્રહણ કરવાની અમારા પર કૃપા કરો.

[૪૦] હે દ્વિજ ! મને તારી ભિક્ષાથી કશું પ્રયોજન નથી. જલદી સંયમમાર્ગની આરાધના કર જન્મ, જરા, મૃત્યુ, રોગ એવા ભયોથી ભરેલા આ સંસાર સાગરમાં પરિભ્રમણ ન કર.

[૪૧] કામભોગોથી કર્મબંધન થઈ આત્મા મલિન થાય છે. કામરહિત આત્મા શુદ્ધ થઈ કર્મથી બંધાતો નથી. ભોગી સંસારમાં ભમે છે અને અભોગી સંસારથી મુક્ત થાય છે.

[૪૨] સૂકા અને લીલા એવા બે માટીના ગોળાઓ ભીંતમાં અથડા[ય] તેમાં જે લીલો હોય છે તેજ ચોંટે છે, સૂકો ચોંટતો નથી.

[૪૩] એજ પ્રમાણે કામભોગમાં આસક્ત, દુષ્ટ બુદ્ધિવાળા જીવાત્માઓ કરી સંસારમાં ચોંટે છે. જે વિરક્ત પુરુષો હોય છે તે સૂકા ગોળાની માફક સંસારમાં ચોંટતા નથી.

[૪૪] આ પ્રમાણે જયઘોષ મુનિવર પાસે એ ધર્મ સાંભળીને સંસારની આસક્તિથી રહિત થઈ પ્રવ્રજિત થયા.

[૪૫] એ પ્રમાણે સંયમ તથા તપશ્ચર્યા દ્વારા પોતાના સકળ પૂર્વ કર્મોનો ક્ષય કરી જયઘોષ અને વિજયઘોષ એ બન્ને ત્યાગીઓ સર્વશ્રેષ્ઠ સિદ્ધિને પામ્યા.

નોંધઃ—જન્મથી સૌએ છતો સમાન છે. સમાન હક્કી, સમાન લક્ષી અને સમાન પ્રયત્નશીલ છે. જન્મથી સૌએ શૂદ્ર છે, સંસ્કારથીજ દ્વિજ બને છે. સારાંશ: પતન કે વિકાસ એજ નીચ અને ઉચ્ચનાં સૂચક છે. જન્મગત ઉચ્ચ નીચના ભેદો માની લેવા એ તો કેવળ ભ્રમ છે.

જાતિથી કોઈ ચાંડાલ, કોઈ બ્રાહ્મણ, કોઈ વૈશ્ય કે કોઈ ક્ષત્રિય નથી. ઘણા જાતિના ચાંડાલ બ્રાહ્મણો જેવા હોય છે. ઘણા જાતિના બ્રાહ્મણો ચાંડાલ જેવા હોય છે. ઘણા જાતિના ક્ષત્રિય વૈશ્ય સમાન હોય છે. ઘણા જાતિના વૈશ્ય ક્ષત્રિય સમાન હોય છે. માટે કર્મથીજ બ્રાહ્મણ, કર્મથીજ ક્ષત્રિય, કર્મથીજ વૈશ્ય અને કર્મથીજ શૂદ્ર કહેવાય છે. ગુણોથીજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે ચાંડાલ થવાય છે.

બ્રહ્મચર્ય, અહિંસા, ત્યાગ અને તપશ્ચર્યાદિ ગુણોના વિકાસમાં બ્રાહ્મણત્વનો વિકાસ છે. સાચું બ્રાહ્મણત્વ સાધી બ્રહ્મ (આત્મસ્વરૂપ) ને કે આત્મજ્યોતિને પામવી એજ સૌનું લક્ષ્ય છે. જાતિપાંતિના કચેરો છોડી બ્રાહ્મણત્વની આરાધના કરવી એ સૌને માટે આવશ્યક છે.

એમ કહું છું.

એ પ્રમાણે યજ્ઞ સંબંધીનું પચીસમું અધ્યયન સમાપ્ત થયું.



સમાચારી



૨૬

સમાચારી એટલે સમ્યક્ દિનચર્યા. દેહ, ઈન્દ્રિય અને મન; આ બધાં સાધનો જે ઉદ્દેશથી મળ્યાં છે, તે ઉદ્દેશને લક્ષ્યમાં રાખી તે સાધનોનો સદુપયોગ કરી લેવો એ જ ચર્યા.

અહોરાત્ર મનને ઉચિત પ્રસંગમાં જોડી દેવું અને સતત એકને એક કાર્યમાં પરાયણ રહેવું તે સાધકની દિનચર્યા ગણાય.

આમ કરવાથી પૂર્વ જીવનગત દુષ્ટ પ્રકૃતિઓને વેગ મળતો નથી. અને નવીન પવિત્રતા પ્રાપ્ત થતી જવાથી પૂર્વની દુષ્ટ વાસનાઓ નિર્બળ થઈ આખરે ખરી પડે છે અને તેમ તેમ મોક્ષાર્થી સાધક પોતાના આત્મરસના ઘૂંટડા વધુ ને વધુ પીતો પીતો અમર બની જાય છે.

અહીં ત્યાગજીવનની સમાચારી વર્ણવેલી છે. ત્યાગી જીવન સામાન્ય ગૃહસ્થ સાધક જીવન કરતાં વધારે ઉચ્ચ, સુંદર અને ...ત્ર હોય છે. તેથી તેની દિનચર્યા પણ તેટલી જ શુદ્ધ અને ...ક હોય તે સ્વાભાવિક છે

પોતાના આવશ્યક કાર્ય સિવાય પોતાનું સ્થાન ન છોડવાની ...ત (સ્થાનસ્થિરતા), બ્રહ્મચર્ય અને ચિંતનમાં લીનતા, ...નું નિવારણ, સેવા, નમ્રતા અને જ્ઞાનપ્રાપ્તિ. આ બધા ...નો સમાવેશ સમાચારીમાં થાય છે.

સમાચારી તો સંયમી જીવનની વ્યાપક ક્રિયા છે. પ્રાણ અને જીવનનો જેટલો સહભાવ છે તેટલોજ સહભાવ સમાચારી અને સંયમી જીવનનો છે.

ભગવાન બોલ્યા:—

[૧] હે શિષ્ય! સંસારના સર્વ દુઃખથી છોડાવનારી સમાચારી (દસ પ્રકારની સાધુ સમાચારી) ને કહીશ. કે જે સમાચારીને આચરીને નિર્ગ્રંથ સાધુઓ આ સંસાર સમુદ્રને તરી ગયા છે.

[૨] પહેલી આવશ્યકી, બીજી નૈષેધિકી, ત્રીજી આપૃચ્છના અને ચોથી પ્રતિપૃચ્છના છે.

[૩] અને પાંચમી છંદના, છઠ્ઠી ઈચ્છાકાર, સાતમી મિથ્યાકાર અને આઠમી તથ્યેતિકાર છે.

[૪] વળી નવમી અભ્યુત્થાન અને દશમી ઉપસંપદા. આ પ્રમાણે દશ પ્રકારની સાધુ સમાચારી મહાપુરુષોએ કહી છે.

[૫] (તે દશ પ્રકારની સમાચારીને વિસ્તારપૂર્વક કહે છેઃ—) (૧) ગમન (ઉપાશ્રય, ગુરુકુળસ્થાનની બહાર જવાને) વખતે આવશ્યકી સમાચારી આચરવી, અર્થાત્ આવશ્યક કાર્ય માટે બહાર જવું. (૨) નૈષેધિકીક્રિયા ઉપાશ્રયમાં આવ્યા પછી કરવી. અર્થાત્ હવે હું બહારનાં કાર્યથી નિવર્તી ઉપાશ્રયમાં દાખલ થયો છું. હવે બહાર જવાનો આવશ્યક કાર્ય સિવાય નિષેધ છે એમ માની વર્તવું. (૩) આપૃચ્છના ક્રિયા એટલે કોઈપણ પોતાનાં કાર્ય કરવામાં ગુરુને કે વડીલ સાધક મુનિવરને પૂછીનેજ કરવું. (૪) પ્રતિપૃચ્છના એટલે બીજાના કાર્ય માટે ફરીથી ગુરુને પૂછવું.

નોંધઃ—પહેલી અને બીજી ક્રિયામાં કોઈપણ આવશ્યક ક્રિયા સિવાય ગુરુકુળવાસ છોડવો નહિ તેમ બતાવી સાધકની જવાબદારી સમજાવી છે.

[illegible]

[illegible] એ જ.

[illegible] પોતાની [illegible] પ્રતિલેખના [illegible] કરી [illegible] આજ્ઞા [illegible] આપ્યાની [illegible] પોતાની ભૂલ [illegible] કરી તેનું પ્રાયશ્ચિત કરી તેને મિથ્યા (નિષ્ફળ) બનાવવાની ક્રિયા (૮) પ્રતિશ્રુતાભ્યુપગમ એટલે કે ગુરુ [illegible] શિષ્યોની આજ્ઞાનો સ્વીકાર કરી તેમનું યથાર્થ છે. તેમ [illegible] આદર કરવો તે જાતની ક્રિ.

નોંધ—પાંચમીમાં આત્મદેશપણું ભારી હૃદયની ઉદારતા, છઠ્ઠીમાં સાથે વસતા ભિક્ષુઓનો પારસ્પરિક પ્રેમ, સાતમીમાં સ્વાશ્રયવૃત્તિનું પદ નિવારણ અને આઠમી સમાચારીમાં આજ્ઞાની આધીનતા બતાવ્યાં છે.

[૭] (૯) ગુરુ પૂજનમાં અભ્યુત્થાન–એટલે ઉઠવા બેસવામાં કે બીજી બધી ક્રિયાઓમાં ગુરુ, વડીલાદિની અનન્યભાવે ભક્તિ બજાવવાની અને તેમના ગુણોની પૂજા કરવાની ક્રિયા. (૧૦) અવસરે ને ઉપસંપદા એટલે પોતાની સાથે રહેલા આચાર્ય ઉપાધ્યાય કે અન્ય વિદ્યાગુરુઓ પાસે વિદ્યા મેળવવા માટે વિવેકપૂર્વક રહેવું અને વિનમ્ર ભાવથી વર્તવું તે ક્રિયા. આ પ્રમાણે દશ સમાચારીઓ કહેવાય છે.

[૮] (દશમી સમાચારીમાં જે સ્થળે ભિક્ષુ રહ્યા હોય છે તે ગુરુકુળવાસમાં તેણે રાત્રિ અને દિવસની શી ચર્યા કરવી તે વિસ્તારપૂર્વક બતાવે છે.) દિવસના ચાર પ્રહર પૈકી સૂર્ય ઉગ્યા બાદ

પહેલા પ્રહરને એક ચોથો ભાગ ([illegible]) બાકી રહે [illegible] ([illegible] ઉપકરણો) નું પ્રતિલેખન કરવું અને તે [illegible] કર્યા બાદ ગુરુને વંદન કરીને—

નોંધ:—દિવસના ચાર પ્રહર હોય છે. [illegible] હોય તે ચાર ઘડીને પ્રહર ગણાય. [illegible] જેને પોરિસી [illegible] આગમ [illegible] પ્રતિલેખન [illegible] ઉપયોગી [illegible] હોય તેનું દિવસમાં [illegible] પ્રતિલેખન (બારીકાઈથી જોવું-નિરીક્ષણ) કરવું જોઈએ.

[૯] એ હાથ જોડીને પૂછવું જોઈએ કે હે પૂજ્ય ! હવે હું શું કરું ? વૈયાવૃત્ય (સેવા) કે સ્વાધ્યાય (અભ્યાસ) એ બે પૈકી આપ કઈ વસ્તુમાં મારી યોજના કરવા ઇચ્છો છો ! હે પૂજ્ય ! મને આજ્ઞા કરો.

[૧૦] જે ગુરુજી વૈયાવૃત્ય (કોઈ પણ જાતની સેવા) માં જોડવાનું કહે તો અગ્લાન (ખેદ રહિત) પણે સેવા કરવી અને જો શાસ્ત્રોના સ્વાધ્યાયમાં યોજે તો સર્વ દુઃખથી છોડાવનાર અભ્યાસમાં શાંતિપૂર્વક લીન થવું.

નોંધઃ—(૧) વાચના (શિક્ષણ લેવું), (૨) પૃચ્છના (મતો પૂછી સમાધાન કરવું), (૩) પરિવર્તના (શીખેલાનું પુનરાવર્તન કરવું, (૪) અનુપ્રેક્ષા (ચિંતન) અને (૫) ધર્મકથા. આ પાંચ સ્વાધ્યાયના ભેદો છે.

[૧૧] વિચક્ષણ મુનિવરે આખા દિવસના ચાર ભાગો પાડવા અને એ ચારે વિભાગોમાં ઉત્તર ગુણ (કર્તવ્ય કર્મ)ની ખીલવટ (વૃદ્ધિ) કરવી.

[૧૨] (ચારે પ્રહરનાં સામાન્ય કર્તવ્યો કહે છે:—) પહેલે પ્રહરે સ્વાધ્યાય (અભ્યાસ), બીજે પ્રહરે ધ્યાન, ત્રીજે પ્રહરે ભિક્ષાચરી અને વળી ચોથે પ્રહરે સ્વાધ્યાયાદિ કરે.

[illegible]

બાર માસમાં તિથિ ઘટે છે તે કહે છે:—

...ર્ય' અસાડ, ભાદરવો, [illegible], પોષ, ફાગણ અને વૈશાખ એ
...પક્ષના [illegible] એક તિથિ ઘટે છે.

નોંધ:—ઉપરના [illegible] માસ ૨૯ દિવસના હોય છે તે સિવાય
... માસ ૩૦ દિવસના હોય [illegible] દિવસે ઘટે વર્ષ ૩૫૪ દિવસ
...ય.

...ી (પાછલી પોરસીનું, પગની છાયાનું માપ કહે છે:—) ...
અસાડ અને શ્રાવણ આ ત્રણ મહિનામાં બે પોરસી માટે
પગનું છાયાનું માપ કહ્યું છે ત પગલા ઉપર છ આંગ
...ધારી દેવાથી તે મહિનાની પાછલી પોરસી થાય; અને ભાદરવે,
...ગામો અને કાર્તિક એ ત્રણ મહિનામાં ...
...ેલ છે તેમાં આઠ આંગળ વધારવાથી પાછલી પોરસી

થાય. અને માગશર, પોષ અને મહા આ ત્રણ મહિનામાં કહેલ માપથી દશ આંગળ વધારવાથી પોણી પોરસીનું માપ થાય. ફાગણ, ચૈત્ર અને વૈશાખ, આ ત્રણ મહિનામાં જે માપ કહેલ છે તેનાથી ૮ આંગળ છાયા વધારવાથી પોણી પોરસી થાય. આ વખતે વસ્ત્ર, પાત્રાદિકનું પ્રતિલેખન કરવું.

[૧૭] વિચક્ષણ સાધુ રાત્રિના પણ ચાર ભાગ કરે અને રાત્રિના ચાર ભાગને વિષે પ્રત્યેક પોરસીને યોગ્ય કર્તવ્ય પ્રમાણે ગુણોની વૃદ્ધિ કરે.

[૧૮] રાત્રિમાં પહેલે પ્રહરે સ્વાધ્યાય, બીજે પ્રહરે ધ્યાન, ત્રીજા પ્રહરે નિદ્રા અને ચોથા પ્રહરે પાછો સ્વાધ્યાય કરવો.

[૧૯] (રાત્રિની પોરસીનું માપ શી રીતે કાઢવું તે કહે છેઃ—) જે કાળને વિષે જે જે નક્ષત્રો આખી રાત્રિ પૂર્ણ કરતાં હોય તે નક્ષત્ર આકાશના ચોથે ભાગે પહોંચે ત્યારે રાત્રિનો પહેલો પ્રહર પૂરો થયો જાણી સ્વાધ્યાયથી વિરમવું.

[૨૦] અને તેજ નક્ષત્ર, આકાશનો ચોથો ભાગ બાકી રહે તેટલે સુધી આવે અર્થાત કે ચોથી પોરસીમાં આવે ત્યારે સ્વાધ્યાય શરૂ કરવો. અને તે પોરસીના ચોથે ભાગે (બે ઘડી રાત્રિ બાકી રહે ત્યારે) કાળ જોઈ મુનિએ પ્રતિક્રમણ કરવું.

[૨૧] (હવે દિવસનું વિસ્તાર પૂર્વક કર્તવ્ય કહે છેઃ—) પહેલા પ્રહરને ચોથે ભાગે (સૂર્યોદયથી બે ઘડી સુધી) વસ્ત્રપાત્રનું પ્રતિલેખન કરવું અને પછી ગુરુને વંદન કરીને સર્વ દુઃખથી મૂકાવનાર એવો સ્વાધ્યાય કરવો.

[૨૨] પછી દિવસના છેલ્લા પ્રહરના ચોથે ભાગે ગુરુને વંદન કરીને સ્વાધ્યાય કાળનો અતિક્રમ (ઉલ્લંઘન) કર્યા સિવાય વસ્ત્રપાત્રાદિનું પ્રતિલેખન કરવું.

[illegible]

નોંધ – [illegible]

[૭૧] (વળી ૭ પ્રકારની અપ્રમત્ત પ્રતિલેખના કહી છે –) (૧) અન[illegible] (પ્રતિલેખન [illegible] (વસ્ત્રને [illegible]), [illegible] (૨) [illegible] ધરતીએ વસ્ત્રને [illegible]), મોસલી (નીચી, ઊંચી કે [illegible] વારંવાર [illegible]), (૪) પ્રસ્ફોટન (પ્રતિલેખન વિના [illegible] ઝાટકવું), (૫) વિક્ષિપ્તા (પ્રતિલેખન કરી [illegible] દેવા), (૬) વેદિકા (ઘૂંટણ કે [illegible] હાથમાં [illegible] રાખવા [illegible]).

[૭૨] (તે સિવાય બીજી સાત અપ્રશસ્ત પ્રતિલેખનાઓ કહી છે –)

(૧) પ્રશિથિલ (વસ્ત્રને મજબુત ન પકડવું), (૨) પ્રલંબ (વસ્ત્ર લાંબું રાખી પડિલેહણા કરવી), (૩) લોલ (ધરતી સાથે વસ્ત્રને રગદોળવું), (૪) એકામર્શ (એકી વખતે આખું વસ્ત્ર એક દ્રષ્ટિમાં જોઈ લેવું) (૫) અનેક રૂપ ધૂના (પ્રતિલેખન કરતાં શરીર તથા વસ્ત્રને હલાવવું), (૬) પ્રમાદપૂર્વક પ્રતિલેખન કરવું, (૭) પ્રતિલેખન કરતાં શંકા ઉપજે તો આંગળીઓથી ગણનાં ઉપયોગ ચૂકી જવો તે. આમ તેર પ્રકારની અપ્રશસ્ત પ્રતિલેખના કહી છે.

[૨૮] વધારે ઓછી કે વિપરીત પ્રતિલેખના ન કરવી તેજ પદ (પ્રકાર) પ્રશસ્ત છે અને બીજા બધા પ્રકારો અપ્રશસ્ત સમજવા.

નોંધઃ—પ્રતિલેખનના આઠ ભેદો છે તે પૈકી ઉપર કહેલો પહેલોજ ભેદ આચરવો. બાકીના છોડી દેવા.

[૨૯] પ્રતિલેખના કરતા કરતાં જો (૧) પરસ્પર વાર્તાલાપ કરે (૨) કોઈ દેશની કથા કરે, (૩) કોઇને પ્રત્યાખ્યાન આપે, (૪) કોઇને વાચના આપે કે (૫) પ્રશ્ન પૂછે તો—

[૩૦] પ્રતિલેખનામાં પ્રમાદ કરીને તે ભિક્ષુ પૃથ્વી, પાણી, અગ્નિ વાયુ, વનસ્પતિ કે હાલતા ચાલતા જીવોનો વિરોધક બને છે.

[૩૧] અને જો પ્રતિલેખનમાં બરાબર ઉપયોગ રાખે તો તે ભિક્ષુ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ કે હાલતા ચાલતા જીવોનો રક્ષક બની શકે છે.

નોંધઃ—જો કે વસ્ત્રપાત્રાદિના પ્રતિલેખનમાં પ્રમાદ કરવાથી માત્ર હાલતા ચાલતા જીવોનો કે વાયુકાયના જીવોનો ઘાત સંભવે છે પરંતુ પ્રમાદ એ વસ્તુજ એવી છે કે તે જીવનમાં વ્યાપક થઇ ભિક્ષુકના ઉદ્દેશને ભૂલાવી છકાયની રક્ષામાં હાનિ ઉત્પન્ન કરે છે.

[illegible]

[૩૫] [illegible]

[illegible] અને (૬) [illegible] માટે. (આ છ કારણોથી આહાર ન [illegible]

નોંધ:—સંયમીજીવન પાળવા માટેજ આહારનો ઉપયોગ કરે અને સંયમીજીવન ટકાવવું હોય તો તેની રક્ષા માટે આહાર ન કરે તેમ જણાવી સંયમીજીવનનીજ મુખ્યતા બતાવી છે. સંયમીજીવન માટે ખાય, ખાવા માટે સંયમીજીવન નહિ.

[૩૧] આહાર પાણી લેવા જતી વખતે ભિક્ષુએ સર્વ પાત્રો અને ઉપકરણો બરાબર પુંજી લઇ ભિક્ષાર્થે જવું. ભિક્ષા માટે વધુમાં વધુ અર્ધા યોજન સુધી જવું.

[૩૭] આહાર કર્યા પછી ચોથી પોરસીમાં ભાજનોને બાંધી સર્વભાવ (પદાર્થ) નો પ્રકાશ કરનાર (એવો) સ્વાધ્યાય કરે.

[૩૮] ચોથી પોરસીના ચોથા ભાગે સ્વાધ્યાય કાળથી નિવૃત્ત થઈ ગુરુને વંદન કરીને વસ્ત્ર, પાત્ર ઇત્યાદિની ભિક્ષુ પડિલેહણા કરે.

નોંધઃ–ચોથી પોરસીનો ચોથો ભાગ એટલે સૂર્યાસ્ત થવા પહેલાં બે ઘડી.

[૩૯] મળ, મૂત્ર ત્યાગ કરવાની ભૂમિકાને જોઈ આવી (પાછા આવ્યા બાદ ઇરિયા વહિયા ક્રિયા કરીને) સર્વ દુઃખથી મુકાવનાર એવો ક્રમપૂર્વક કાયોત્સર્ગ કરે.

નોંધઃ—જૈન દર્શનમાં ભિક્ષુ માટે અવશ્ય સવાર અને સાંજ એમ બે વાર પ્રતિક્રમણ કરવાનાં હોય છે. તે પ્રતિક્રમણમાં થયેલા દોષોની આલોચના અને ભવિષ્યમાં ન થાય તેવો સંકલ્પ કરવાનો હોય છે.

[૪૦] તે કાયોત્સર્ગમાં દિવસ સંબંધીનાં જ્ઞાન, દર્શન કે ચારિત્રમાં થયેલા દોષોને ક્રમપૂર્વક ભિક્ષુએ ચિંતવવા.

[૪૧] કાયોત્સર્ગ પાળીને પછી ગુરુ પાસે આવી વંદન કરે. વંદન કર્યા પછી ભિક્ષુ દિવસમા થયેલા અતિચાર (દોષ) ને ક્રમપૂર્વક ગુરુ પાસે કહે.

[૪૨] એ પ્રમાણે દોષના શલ્યથી રહિત થઈ (બધા જીવોની ક્ષમાપના લે) ત્યારબાદ ગુરુને નમસ્કાર કરીને સર્વદુઃખથી છોડાવનાર કાયોત્સર્ગને કરે.

[૪૩] કાયોત્સર્ગને પાળીને ફરીવાર ગુરુને વંદન કરી (પ્રત્યાખ્યાન કરી) ત્યારબાદ પંચપરમેષ્ઠીના સ્તુતિમંગલ કરીને સ્વાધ્યાયકાળની અપેક્ષા રાખે.

નોંધ-પ્રતિક્રમણના છ આવશ્યક (વિભાગ) હોય છે ... વિધિ ઉપર કહેલ છે.

[૪૪] (હવે રાત્રિની વિધિ કહે છે) પહેલે સ્વાધ્યાય, બીજે ... ત્રીજે નિદ્રા અને ચોથે પહોરે મુનિ પુનઃ સ્વાધ્યાય કરે.

[૪૫] ચોથી પોરસીનો આવેલો કાળ જાણીને (ચોથી પોર... કાળ સમજીને) પોતાના અવાજથી ગૃહસ્થીઓ ન જાગે તે... રીતે સ્વાધ્યાય કરે.

[૪૬] ચોથી પોરસીનો ચોથો ભાગ બાકી રહે (સૂર્યોદયથી બે ઘ... પહેલાં સ્વાધ્યાય કાળથી નિવૃત્ત થઈને) ત્યારે આવશ્ય... કાળનું પ્રતિલેખન કરી (પ્રતિક્રમણનો કાળ જાણીને) પછી ગુરુને વંદન કરે.

[૪૭] (દેવસી પ્રતિક્રમણની વિધિ કહી છે તે પ્રમાણે બધી વિધિ ... થયા પછી—) સર્વ દુઃખથી મુકાવનાર કાયોત્સર્ગ અવસરે ... ત્યારે પ્રથમ કાયોત્સર્ગ કરે.

[૪૮] તે કાયોત્સર્ગમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ સંબંધી જે અતિચાર લાગ્યા તે અનુક્રમે ચિંતવે.

[૪૯] કાયોત્સર્ગ પાળ્યા પછી ગુરુને વંદન કરીને રાત્રિ સંબંધી થયેલા અતિચારને ક્રમપૂર્વક પ્રકટ કરી આલોચના લે.

[૫૦] દોષ રહિત થઈને અને ક્ષમા યાચીને ગુરુને વંદન કર્યા બાદ ફરીથી સર્વ દુઃખોથી મુકાવનાર કાયોત્સર્ગ કરે.

નોંધ-કાયોત્સર્ગ એટલે દેહભાવથી મુક્ત થઈ ધ્યાનમાં રહેવાની ક્રિયા.

[૫૧] કાયોત્સર્ગમાં ચિંતન કરે કે હવે હું કઈ જાતની તપશ્ચર્યા આદરું? પછી નિશ્ચય કરીને કાયોત્સર્ગથી નિવૃત્ત થઈ ગુરુને વંદન કરે.

[૫૨] ઉપર પ્રમાણે કાયોત્સર્ગથી નિવૃત્ત થઇ ગુરુને વંદન કરી તેમની પાસેથી તપશ્ચર્યાના પચ્ચક્ખાણ (પ્રત્યાખ્યાન) લઇ સિદ્ધાં (પરમેષ્ઠી) નું સંસ્તવન કરે.

નોંધઃ–એ પ્રમાણે રાત્રિપ્રતિક્રમણના છ આવશ્યક (વિભાગો)ની ક્રિયા પૂર્ણ થઇ.

[૫૩] આ પ્રમાણે દસ પ્રકારની સમાચારી સંક્ષેપથી કહી. જેને આચરીને આ સંસારસાગરને ઘણા જીવો તરી ગયા.

અસાવધાનતા વિકાસની શોધક છે. ગમે તેવી સુંદર ક્રિયા હોય, પરંતુ અવ્યવસ્થિત હોય તો તેનાં કશાંએ મૂલ્ય નથી. વ્યવસ્થા અને સાવધાનતા એ બન્ને ગુણોથી માનસિક સંકલ્પનાં બળો વધે છે. સંકલ્પ બળ વધવાથી આવી પડેલાં સંકટો કે વિરોધક બળો પરાસ્ત થાય છે અને ધારેલું ઈષ્ટ પાર પડે છે.

એમ કહું છું.

એમ સમાચારી સંબંધીનું છવીસમુ અધ્યયન સમાપ્ત થયું.



ખલુંકીય

ગળિયા બળદ સંબંધી

૨૭

સાધકને સદ્‌ગુરુ જેમ સહાયક છે, એટલા અવલંબનરૂપ છે. તેટલાજ સદ્‌ગુરુને શિષ્યો પણ સહાયક બને છે.

પૂર્ણતા પામ્યા પહેલાં સૌ કોઈને સહાયક અને સાધનોની આવશ્યકતા છે. પરંતુ તેજ સહાયક કે સાધનો બાધક બને તો પોતાનું અને પરનું (બન્નેનું) હિત હણાય છે.

ગાર્ગ્યાચાર્ય સમર્થ હતા. ગણધર (ગુરુકુળપતિ) હતા. તેમની પાસે સેંકડો શિષ્યોનો પરિવાર હતો. પરંતુ જ્યારે તે સમુદાય સ્વચ્છંદી બન્યો, સંયમમાર્ગમાં હાનિ પહોંચાડવા લાગ્યો ત્યારે તેણે પોતાનો આત્મધર્મ જાળવી–પોતાનું કર્તવ્ય સમજી સુધારવાના ખૂબ પ્રયત્નો કરી જોયા. પણ આખરે તેમાં તે નિષ્ફળ ગયા.

શિષ્યોનો, મોહ શિષ્યોપરની આસક્તિ અને સંપ્રદાયનું મમત્વ તે મહાપુરુષને સહજ પણ ન હતું. તે પોતાનું જાળવી એકાંતમાં જઈ વસ્યા અને સ્વાવલંબનની પ્રબળ શક્તિના સહચારી થઈ આત્મહિત સાધ્યું.

ભગવાન બોલ્યા :—

[૧] સર્વ શાસ્ત્રસંપન્ન એક ગાર્ગ્ય નામના ગણધર અને સ્થવિર-મુનિ હતા. તે ગણિભાવથી યુક્ત રહી હમેશાં સમાધિભાવ સાધી રહ્યા હતા.

નોંધ:—અન્ય જીવોને ધર્મ વિષે સ્થિર કરે અર્થાત્ જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ અને પ્રવ્રજ્યાવૃદ્ધ હોય તે સ્થવિર ભિક્ષુ ગણાય છે. અને ભિક્ષુગણના વ્યવસ્થાપક હોય તે ગણધર કહેવાય છે.

[૨] કોઇ વાહનને યોગ્ય વહન (બળદ) જોડવાથી જેમ ગાડીવાન અટવીને ઓળંગી જાય છે તેમ યોગ (સંયમ માર્ગમાં વહન કરતા શિષ્યસાધકો અને તેને દોરનાર ગુરુ બન્ને સંસાર રૂપ અટવીને ઓળંગી જાય છે.

[૩] પરંતુ જે ગળિયા બળદોને ગાડીમાં જોડી હાંકે છે, (તે ન ચાલવાથી) તે તેને મારી મારીને થાકી જાય છે. અને અંતે કષ્ટ પામે છે; તેમજ અશાંતિ અનુભવે છે. મારતાં મારતાં ગાડીવાનનો પરોણો પણ ભાંગી જાય છે.

[૪] તેવા બળદને કેટલાક ગાડીવાનો પૂંછડે બટકું ભરે છે. કેટલાક વારંવાર પરોણાની આરોથી વીંધી નાખે છે. પરંતુ તે ગળિયા બળદો ચાલતા નથી. મારવા છતાં કેટલાક ધોંસરી ભાંગી નાખે છે, અને કેટલાક કુમાર્ગે લઈ જાય છે

[૫] કેટલાક ચાલતાં ચાલતાં પાસાભેર પડી જાય છે, કેટલાક બેસી જાય છે અને કેટલાક સૂઈ જાય છે ને મારવા છતાં ઉઠતાજ નથી. કોઈ બળદ કૂદે છે, કોઈ દેડકાની માફક ઠેકડા મારવા મંડે છે. તો કોઈ વળી ધૂર્ત બળદ તરુણ ગાયને જોઈ તેની પાછળ દોડે છે.

નોંધઃ—ગળિયો બળદ પાટાને ભાંગી નાંખે છે, [illegible]
છે અને સ્વચ્છંદથી દૂરથી નાસ છે તેમ સ્વચ્છંદી સાધક સંયમથી [illegible]
નાસ છે આ [illegible] મહગુણ ઈત્યાદિ [illegible] નાશ નહિ [illegible]
અને પોતાના આત્માનું પણ [illegible] કરે છે સ્વતંત્રતાના [illegible]
ભાન બહુજનો સ્વચ્છંદતામાં પોષણ હોય છે. સ્વચ્છંદ [illegible]
વાસ્તવિક રીતે તો પરતંત્રતા છે અને મહાપુરુષો પ્રત્યેની અર્પણ
ઉપરથી પરતંત્રતા જણાય છે પરંતુ વાસ્તવિક સ્વતંત્રતા છે. આથી
તંત્રતાનો ઉપાસક આગળ વધી શકે છે.

એમ કહું છું :

એ પ્રમાણે ખલુંકીય નામનું સત્તાવીસમું અધ્યયન સમાપ્ત ॥



[illegible]

[illegible]

...મ
...મૂકવું
...નામાં
...ન અને
...ત્રણેમાં
...આકાર
...ર્યો છે
...ં ચોથી
...ન. આવી
ચિનમાંથી

આત્મચિંતન
પ્રેમ છે. આ
...ગુબધી આમળ

...મા છે તેને નાંખજો.
...ગાનદર્શન (નાટિક

નોંધઃ—ગળિયો બળદ ગાડાને ભાંગી નાખે છે, ગાડીવાનને ફેંકી છે અને સ્વચ્છંદથી દુઃખી થાય છે તેમ સ્વચ્છંદી સાધક સંયમથી પતિત થાય છે. આલંબન (સદ્વાચક સદ્ગુરુ ઇત્યાદિ)નો લાભ લઈ શકતો નથી અને પોતાના આત્માને પણ કલુષિત કરે છે. સ્વતંત્રતાના ઓઠા નીચે ઘણા ભાન બહુજનો સ્વચ્છંદતાને પોષતા હોય છે. સ્વચ્છંદતા પણ વાસ્તવિક રીતે તો પરતંત્રતા જ છે અને મહાપુરુષો પ્રત્યેની અર્પણતા ઉપરથી પરતંત્રતા જણાય છે પરંતુ વાસ્તવિક સ્વતંત્રતા છે. આથી સ્વતંત્રતાનો ઉપાસક આગળ વધી શકે છે.

એમ કહું છું :

એ પ્રમાણે ખલુંકીય નામનું સત્તાવીસમું અધ્યયન સમાપ્ત થયું.



[૭] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ છ દ્રવ્યરૂપ આ લોક કેવળજ્ઞાની જિનેશ્વરોએ બતાવ્યો છે. (અસ્તિકાય એ જૈન દર્શનનો સમૂહવાચી પારિભાષિક શબ્દ છે)

[૮] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે એકેક દ્રવ્ય છે, અને કાળ પુદ્‌ગલ તથા જીવો સંખ્યામાં અનંત છે.

નોંધ:—સમય ગણનાની અપેક્ષાએ અહીં કાળની અનંતતા બતાવી છે.

[૯] ગતિમાં સહાય કરવી તે ધર્માસ્તિકાયનું લક્ષણ છે અને સ્થિરતામાં સહાય કરવી તે અધર્માસ્તિકાયનું લક્ષણ છે આકાશ એ બધાય દ્રવ્યોનું ભાજન છે અને બધાંને અવકાશ આપવો તે તેનું લક્ષણ છે.

[૧૦] પદાર્થની ક્રિયાઓના પરિવર્તન પરથી સમયની જે ગણત્રી થાય છે તેજ કાળનું લક્ષણ છે. ઉપયોગ (જ્ઞાનાદિવ્યાપાર) જીવનું લક્ષણ છે. અને તે જ્ઞાન, દર્શન, સુખ અને દુઃખથી વ્યક્ત થાય છે.

[૧૧] જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ વિશિષ્ટ લક્ષણો છે.

[૧૨] શબ્દ, અંધકાર, પ્રકાશ, કાંતિ, છાયા, તાપ, વર્ણ (ધોળા વગેરે રંગ) ગંધ, રસ અને સ્પર્શ એ બધાં પુદ્‌ગલનાં લક્ષણ છે.

નોંધ:—પુદ્‌ગલ એ જૈનદર્શનમાં જડ પદાર્થમાં વપરાતો પારિભાષિક શબ્દ છે.

[illegible]

[illegible]

[૩૧] [illegible]

[૩૨] [illegible] છે.

નોંધઃ—સામાયિક ચારિત્ર પાંચ મહાવ્રતરૂપ પ્રથમ—ચારિત્રને કહેવામાં આવે છે. બીજું સામાયિક ચારિત્રના [illegible] છેદ કરીને ફરી સ્થાપન કરવું તેનું નામ છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવામાં આવે છે. પરિહાર વિશુદ્ધ ચારિત્ર [illegible] પ્રકારના જ્ઞાન અને તપશ્ચર્યા પૂર્વક નવ સાધુઓ સાથે રહી ૧૮ વર્ષ સુધી પાળે છે તે. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર અને યથા-ખ્યાત ચારિત્ર.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચારિત્રના ગુણો ન હોય અને ચારિત્રના ગુણ વિના (કર્મથી) મુક્તિ ન મળે અને કર્મમુક્તિ વિના નિર્વાણગતિ (સિદ્ધદશા) પ્રાપ્ત નહિ.

[૩૧] નિઃશંકિત (જિનેશ્વરના વચન વિષે શંકા રહિત થવું), નિઃકાંક્ષિત (અસત્ય મતોમાં વાંછના રહિત થવું.) નિર્વિચિકિત્સ (ધર્મફળમાં સંશય રહિત થવું), અમૂઢદૃષ્ટિ (ઘણાં મતમતાંતરો જોઈને મુંઝાવું નહિ તે અર્થાત આગમ પર શ્રદ્ધાવાળું થવું), ઉપબૃંહ (સત્યધર્મ પાળીને જે ગુણી પુરુષો હોય તેમની પ્રશંસા કરે અને ગુણવૃદ્ધિ કરે તે) સ્થિરીકરણ (ધર્મથી શિથિલ થતા હોય તેને સ્થિર કરવા), વાત્સલ્ય (સ્વધર્મનું હિત સાધવું અને સ્વધર્મીઓની ભક્તિ કરવી), પ્રભાવના (સત્યધર્મની ઉન્નતિ કરવી અને પ્રચાર કરવો.) આ આઠ સમ્યક્ત્વ દૃષ્ટિના આચારો છે.

[૩૨] પ્રથમ સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપનીય, ત્રીજું પરિહાર વિશુદ્ધ ચારિત્ર, ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર.

[૩૩] અને પાંચમું કષાય રહિત યથાખ્યાત ચારિત્ર (તે અગિયારમા કે બારમા ગુણસ્થાનકે રહેલા) છદ્મસ્થને તથા કેવળીને હોય છે. આ પ્રમાણે કર્મને ખપાવનારાં ચારિત્ર પાંચ પ્રકારનાં કહ્યાં છે.

નોંધઃ—સામાયિક ચારિત્ર પાંચ મહાવ્રતરૂપ પ્રથમ-ચારિત્રને કહેવામાં આવે છે. બીજું સામાયિક ચારિત્રના કાળનો છેદ કરીને ફરી સ્થાપન કરવું તેનું નામ છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવામાં આવે છે. પરિહાર વિશુદ્ધ ચારિત્ર ઉચ્ચ પ્રકારના જ્ઞાન અને તપશ્ચર્યા પૂર્વક નવ સાધુઓ સાથે રહી દોઢ વર્ષ સુધી પાળે છે તે. સૂક્ષ્મ સંપરાય એટલે અલ્પ કષાયવાળું ચારિત્ર.

સમ્યક્ત્વ પરાક્રમ



૨૯

પરાક્રમ, શક્તિ કે સામર્થ્ય તો જીવમાત્રમાં છે, પરંતુ વિશ્વમાં તેનો ઉપયોગ જુદી જુદી રીતે જુદા જુદા રૂપે થતો દેખાય છે. તેજ જીવોની ભિન્ન ભિન્ન ભૂમિકાઓ સૂચવે છે. જે શસ્ત્ર અન્ય પર ન વાપરતાં પોતા પરજ વાપરે છે તે શૂર ન ગણાતાં મૂર્ખામાં ખપે છે. તેજ પ્રકારે પ્રાપ્ત થયેલાં તરવાનાં સાધનોથી પોતેજ ડૂબે છે તે બાલજીવ કહેવાય છે.

જ્યારે બાલભાવ મટે છે ત્યારે સાથે સાથે તેની દ્રષ્ટિ પણ પલટે છે. આ દ્રષ્ટિને જૈનદર્શન સમકિત-દ્રષ્ટિ કહે છે. એ દ્રષ્ટિ પામ્યા પછી જે પુરુષાર્થ થાય છે તે જ સાચો પુરુષાર્થ કે સાચું પરાક્રમ કહેવાય છે.

જીવ માત્ર સાધક છે. સંસાર એ સાધનાની ભૂમિકા છે. તેમાં પણ મનુષ્યભવ એ સાધનાનું ઉચ્ચ ક્ષેત્ર છે. ત્યાં મળેલાં સાધનો સુમાર્ગે પ્રયુક્ત થાય તો સાધકની સાધના સફળ થઇ તે શીઘ્ર પોતાનું કલ્યાણ સાધે છે.

જેમ જીવો ભિન્ન ભિન્ન તેમ તેનાં સાધનોમાં અને પ્રકૃતિમાં પણ ભિન્નતા છે. તેથી સમકિત પરાક્રમનાં ભિન્ન ભિન્ન સાધનો ભિન્ન ભિન્ન રૂપે અહીં ૭૩ બોલોમાં બતાવ્યાં છે. જેમાંનાં કેટલાંક સામાન્ય, કેટલાંક વિશેષ અને કેટલાંક વિશેષતર કઠિન છે તો તે પૈકી પોતપોતાને ઇષ્ટ સાધનોનું શોધન કરી પ્રત્યેક સાધકે પુરુષાર્થમાં પયત્ન કરવો અને વિચારવું અતિ અતિ આવશ્યક છે.

સુધર્મસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું : હે આયુષ્યમન્ ! હે ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું તે મેં સાંભળ્યું છે અહીં ખરેખર શ્રમણ ભગવાન કાશ્યપ મહાવીરે સમ્યક્ત્વ પરાક્રમ નામનું અધ્યયન વર્ણવ્યું છે.

જેને રૂડી રીતે સાંભળીને તેના પર વિશ્વાસ અને શ્રદ્ધા લાવીને, (અથવા વિશ્વાસ લાવીને) તેની રુચિ જમાવીને, તેનો સ્પર્શ કરીને, તેનું પાલન કરીને, તેનું શોધન, કીર્તન અને આરાધન કરીને તેમજ (જિનેશ્વરોની) આજ્ઞાપૂર્વક અનુપાલન કરીને ઘણા જીવો સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

તેનો આ અર્થ આ પ્રમાણે ક્રમથી કહેવાય છે. જેમ કે (૧) સંવેગ (મોક્ષાભિલાષ), (૨) નિર્વેદ (વૈરાગ્ય), (૩) ધર્મશ્રદ્ધા, (૪) ગુરુસાધર્મિક શુશ્રૂષા (સદ્ગુરુઓ અને સાધર્મીઓની સેવા), (૫) આલોચના (દોષોની વિચારણા), (૬) નિંદા (દોષોની નિંદા-આત્મનિંદા), (૭) ગર્હા (દોષ પ્રત્યે તિરસ્કાર) (૮) સામાયિક (આત્મભાવમાં લીન થવાની ક્રિયા), (૯) ચતુર્વિંશતિસ્તવ (ચોવીસ તીર્થંકરોની સ્તુતિ), (૧૦) વંદન, (૧૧) પ્રતિક્રમણ (પાછું પ્રાયશ્ચિત કરવાની ક્રિયા), (૧૨) કાયોત્સર્ગ, (૧૩) પ્રત્યાખ્યાન (પ્રતિજ્ઞા લેવી), (૧૪) સ્તવ સ્તુતિમંગલ (ગુણીજનની સ્તુતિ), (૧૫) કાલ પ્રતિલેખના (સમય નિરીક્ષણ), (૧૬) પ્રાયશ્ચિતકરણ (પ્રાયશ્ચિત્તની ક્રિયા), (૧૭) ક્ષમાપના, (૧૮) સ્વાધ્યાય, (૧૯) વાચન, (૨૦) પ્રતિપ્રશ્નના (પ્રશ્નોત્તરો), (૨૧) પરિવર્તના (અભ્યાસનું પુનરાવર્તન), (૨૨) અનુપ્રેક્ષા (ઊંડું ભિન્ન ભિન્ન ચિંતન), (૨૩) ધર્મકથા, (૨૪) શાસ્ત્ર આરાધના (જ્ઞાનપ્રાપ્તિ), (૨૫) ચિત્તની એકાગ્રતા, (૨૬) સંયમ, (૨૭) તપ, (૨૮) વ્યવદાન (કર્મનું વિખરાવું), (૨૯) સુખશાય (સંતોષ), (૩૦) અપ્રતિબદ્ધતા (અનાસક્તિ), (૩૧) એકાંત આસન, શયન અને સ્થાનનું સેવન, (૩૨) વિનિવર્તના (પાપક્રિયાથી નિવૃત્ત થવું), (૩૩) સંભોગ પ્રત્યાખ્યાન (સ્વાવલંબન), (૩૪) ઉપધિ

પ્રત્યાખ્યાન (અનાવશ્યક વસ્તુઓનો ત્યાગ અથવા વસ્ત્ર, પાત્ર ઇત્યાદિનો ત્યાગ), (૩૫) આહાર પ્રત્યાખ્યાન, (૩૬) કષાય પ્રત્યાખ્યાન, (૩૭) યોગ પ્રત્યાખ્યાન (પાપકર્મનો ત્યાગ), (૩૮) શરીરનો ત્યાગ, (૩૯) સહાયનો ત્યાગ, (૪૦) ભક્ત પ્રત્યાખ્યાન (આજીવન-શરીરનો અંતકાળ જાણી સર્વથા આહારનો ત્યાગ), (૪૧) સદ્ભાવ પ્રત્યાખ્યાન (દુષ્ટ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ), (૪૨) પ્રતિરૂપતા (મન, વચન ને કાયાની એકતા-કર્તવ્યપાલન), (૪૩) વૈયાવૃત્ય (ગુણીજનની સેવા), (૪૪) સર્વગુણસંપન્નતા (આત્માના સર્વ ગુણોની પ્રાપ્તિ). (૪૫) વીતરાગતા (રાગદ્વેષથી વિરક્તિ), (૪૬) ક્ષમા, (૪૭) મુક્તિ (નિર્લોભતા), (૪૮) સરળતા (કપટનો ત્યાગ), (૪૯) મૃદુતા નિરભિમાનતા, (૫૦) ભાવસત્ય (શુદ્ધ અંતઃકરણ), (૫૧) કરણ સત્ય (સાચી પ્રવૃત્તિ, (૫૨) યોગ સત્ય (મન, વચન અને કાયાનો વ્યાપાર સત્યરૂપ હોય તે દશા). (૫૩) મનોગુપ્તિ (મનનો સંયમ), (૫૪) વચનગુપ્તિ (વચનનો સંયમ) (૫૫) કાયગુપ્તિ (કાયાનો સંયમ) (૫૬) મનઃસમાધારણા (સત્યમાં ચિત્તની એકાગ્રતા). (૫૭) વાક્સમાધારણા (વચનનું યોગ્ય માર્ગમાં નિરૂપણ), (૫૮) કાય સમાધારણા સત્યપ્રવૃત્તિમાં શરીરનું સ્થાપન), (૫૯) જ્ઞાન સંપન્નતા (જ્ઞાનની પ્રાપ્તિ), (૬૦) દર્શન સંપન્નતા (સમ્યક્ત્વ પ્રાપ્તિ). (૬૧) ચારિત્ર સંપન્નતા (શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ), (૬૨) શ્રોત્રેન્દ્રિય નિગ્રહ (કાનનો સંયમ), (૬૩) આંખનો સંયમ, (૬૪) ઘ્રાણેન્દ્રિય (નાકનો સંયમ), (૬૫) જીભનો સંયમ, (૬૬) સ્પર્શેન્દ્રિયનો સંયમ, (૬૭) ક્રોધવિજય (૬૮) માનનો વિજય, (૬૯) માયાનો વિજય (૭૦) લોભનો વિજય, (૭૧) રાગદ્વેષ અને મિથ્યાદર્શન (અજ્ઞાન) નો વિજય, (૭૨) શૈલેશી (મન, વચન અને કાયાના યોગનું રૂંધવું–પર્વતની પેઠે આત્મઅડોલતાની સ્થિતિ), અને (૭૩) અકર્મતા (કર્મરહિત અવસ્થા).

ભગવાન બોલ્યાઃ

[૧] (શિષ્ય પૂછે છે) હે ભગવન્ ! સંવેગ (મોક્ષાભિલાષા)થી જીવ શું પામે છે ? (ગુરુ કહે છે) સંવેગથી અનુત્તર ધર્મશ્રદ્ધા જાગે છે અને અનુત્તર ધર્મશ્રદ્ધાથી શીઘ્ર વૈરાગ્ય જાગે છે અને તેથી અનંતાનુબંધી (અત્યંત આકરા) ક્રોધ, માન, માયા, અને લોભનો નાશ કરે છે. (આ ચારે કષાયો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ એ ત્રણમાંથી એકના એક સ્થિતિ હોય છે.) તે જીવાત્મા નવું કર્મ બાંધતો નથી અને કર્મબંધનના નિમિત્તરૂપ મિથ્યાત્વની શુદ્ધિ કરીને દર્શન (સમકિત) નો આરાધક થાય છે. ઉત્કૃષ્ટ પ્રકારની સમકિત વિશુદ્ધિથી (ક્ષાયિક સમકિતની ઉત્કૃષ્ટ સ્થિતિથી) કોઈ કોઈ જીવ તેજ ભવે મોક્ષ પામે છે અને કેટલાક તેજ ભવે જે ન પામે તેઓ પણ આત્મવિશુદ્ધિ વડે ત્રીજે ભવે અવશ્ય મોક્ષ પામે છે.

નોંધ—ત્રણ ભવથી અધિક ભવ તેને કરવા પડતા નથી.

[૨] હે પૂજ્ય ! જીવાત્મા નિર્વેદ (નિરાસક્તિ) થી શું પામે છે ? નિર્વેદથી દેવ, મનુષ્ય અને પશુ સંબંધીના પ્રત્યેક કામભોગોમાં શીઘ્ર વૈરાગ્ય પામે છે અને તેથી બધા વિષયોથી વિરક્ત થાય છે. અને સર્વ વિષયોથી વિરક્ત થયેલો તે આરંભનો (પાપક્રિયાનો) પરિત્યાગ કરે છે. આરંભનો પરિત્યાગ કરીને સંસારના માર્ગને ક્રમપૂર્વક છેદી નાખે છે. અને સિદ્ધિ (મોક્ષ) માર્ગે ગમન કરે છે.

[૩] હે પૂજ્ય ! ધર્મશ્રદ્ધાથી જીવ શું ફળ પામે છે ? ધર્મશ્રદ્ધાથી સાતાવેદનીય (કર્મથી પ્રાપ્ત થયેલાં) સુખો મળવાં છતાં તેમાં

રાચતો નથી. પણ વૈરાગ્ય ધર્મને પામે છે અગર (ગૃહસ્થાશ્રમ) ધર્મને છોડી દે છે. અને અણગારી (ત્યાગી) થઈ શારીરિક અને માનસિક છેદન, ભેદન. સંયોગ અને વિયોગોના દુઃખનો નાશ કરે છે. (નવા કર્મબંધનથી નિવૃત્ત થઈ પૂર્વ કર્મનો ક્ષય કરે છે.) અને અવ્યાબાધ (બાધારહિત) મોક્ષસુખને મેળવે છે.

[૪] હે પૂજ્ય ! ગુરુજન અને સ્વધર્મીઓની સેવાથી જીવ શું પામે છે ? ગુરુજન અને સ્વધર્મીઓની સેવાથી સાચા વિનય (મોક્ષનું મૂળ કારણ) ને પ્રાપ્ત કરે છે. અને વિનય મેળવીને સમ્યક્ત્વનાં રોધક કારણોનો નાશ કરે છે અને તેથી નરક, પશુ, મનુષ્ય અને દેવ સંબંધીની દુર્ગતિને અટકાવે છે, અને જગતમાં બહુમાન કીર્તિ પામતો તે અનેક ગુણને દીપાવી સેવા-ભક્તિના અપૂર્વ સાધન વડે મનુષ્ય અને દેવગતિને પામે છે. મોક્ષ અને સદ્‌ગતિના માર્ગ (જ્ઞાન, દર્શન અને ચારિત્ર) ને વિશુદ્ધ કરે છે અર્થાત્ કે વિનયથી પ્રાપ્ત થતાં સર્વ પ્રશસ્ત કાર્યોને તે સાધે છે અને સાથે સાથે બીજા જીવોને પણ તે માર્ગે દોરે છે.

[૫] હે પૂજ્ય ! આલોચનાથી જીવાત્મા શું પામે છે ? આલોચનાથી માયા (કપટ), નિદાન અને મિથ્યાદર્શન (અસદ્‌દૃષ્ટિ). આ ત્રણ શલ્યો કે જે મોક્ષમાર્ગના વિઘાતરૂપ અને સંસારનાં બંધન કરનાર છે તેને દૂર કરે છે. અને તેથી અપ્રાપ્ય સરળતાને પ્રાપ્ત થાય છે, સરળ જીવ કપટરહિત બને છે તેથી સ્ત્રીવેદ કે નપુંસકવેદને બાંધતો નથી અને પૂર્વે બાંધેલ હોય તો તેનો નાશ કરે છે.

નોંધઃ--સ્ત્રીવેદ એટલે સ્ત્રી જાતિને યોગ્ય પ્રકૃતિ અને શરીરનું પામવું.

[illegible]

નોંધ: [illegible]

[૭] હે પૂજ્ય ! [illegible] (નિષ્કપટ બુદ્ધિ) [illegible] અને [illegible] કરી પ્રશસ્ત [illegible] પામે છે. અને પ્રશસ્ત [illegible] અનુક્રમે અનંત આત્મઘાતક કર્મોના પર્યાયોને નષ્ટ કરી નાખે છે.

[૮] હે પૂજ્ય ! સામાયિકથી જીવાત્મા શું પામે છે? સામાયિક કરવાથી (આત્મચેતના) નિર્મળ બને છે.

[૯] હે પૂજ્ય ! ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી જીવ શું પામે છે? ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી આત્મદર્શનની વિશુદ્ધિ બની જાય છે.

નોંધ:—મનુષ્ય જેવું ધ્યાન ધરે છે તેવું જ તેનું આંતરિક વાતાવરણ બની જાય છે અને આખરે તેવો જ તે થઈ જાય છે.

[૧૦] હે પૂજ્ય ! વંદનથી જીવ શું મેળવે છે? વંદનથી નીચ ગોત્રોનું કર્મ બાંધ્યું હોય તે ખપાવી ઊંચ ગોત્રોનું કર્મ બાંધે છે. (નીચ વાતાવરણમાં ન જન્મતાં ઉચ્ચ વાતાવરણમાં જન્મે છે.) અને સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. તથા આજ્ઞાનું સફળ સામર્થ્ય પામે છે. (ઘણા જીવો–સમાજ–નો નેતા બને છે.) અને દાક્ષિણ્યભાવ (વિશ્વવલ્લભતા)ને પામે છે.

[૧૧] હે પૂજ્ય! જીવ પ્રતિક્રમણથી શું મેળવે છે? પ્રતિક્રમણથી (આદરેલાં) વ્રતનાં છિદ્રો ઢાંકી શકે છે, અને શુદ્ધ વ્રતધારી થઈ હિંસાદિ આશ્રવથી નિવૃત્ત થઈ આઠ પ્રવચનમાતામાં સાવધ થાય છે અને વિશુદ્ધ ચારિત્ર મેળવી સંયમ યોગથી અલગ ન થતાં ઉત્તમ પવિત્ર સંયમમાં સમાધિપૂર્વક વિચરે છે.

[૧૨] હે પૂજ્ય! કાયોત્સર્ગથી જીવ શું પામે છે? કાયોત્સર્ગથી ભૂત તથા વર્તમાન કાળના દોષોનું પ્રાયશ્ચિત્ત કરી વિશુદ્ધ બને છે. અને ભારવાહક જેમ ભારથી રહિત થઈ શાંતિપૂર્વક વિચરે છે તેમ તેવો જીવ ચિંતા રહિત થઈ પ્રશસ્ત ધ્યાનમાં સુખપૂર્વક વિચરે છે.

[૧૩] હે ભગવન્! પ્રત્યાખ્યાનથી જીવ શું મેળવે છે? પ્રત્યાખ્યાનથી નવા પાપો રોકી ઇચ્છાનો નિરોધ કરે છે. અને ઇચ્છાનો નિરોધ કરવાથી સર્વ પદાર્થોમાં તે તૃષ્ણારહિત બની પરમ-શાંતિમાં ઝીલી શકે છે.

[૧૪] હે પૂજ્ય! સ્તવસ્તુતિમંગળથી જીવ શું પામે છે? સ્તવસ્તુતિ-મંગળથી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ બોધિલાભને મેળવે છે અને તે બોધિલાભને મેળવી દેહાંતે મોક્ષ પામે છે અથવા (બાર દેવલોક, નવ ગ્રૈવેયક ને પાંચ અનુત્તર વિમાનવાળી) ઉચ્ચ દેવગતિની આરાધના કરે છે.

[૧૫] હે પૂજ્ય! સ્વાધ્યાયાદિકાળના પ્રતિલેખનથી જીવ શું પામે છે? તેવા પ્રતિલેખનથી જીવાત્મા જ્ઞાનાવરણીય કર્મને દૂર કરે છે.

[૧૬] હે પૂજ્ય! જીવ પ્રાયશ્ચિત કરવાથી શું પામે છે? પ્રાયશ્ચિત કરવાથી પાપની વિશુદ્ધિ કરે છે અને વ્રતના અતિચારો (દોષો) રહિત થાય છે. અને શુદ્ધ મનથી પ્રાયશ્ચિત ગ્રહણ

[illegible] અને [illegible] વિશુદ્ધિ [illegible] [illegible] અને [illegible] (મોક્ષ) ને [illegible] [illegible]

[૧૭] હે પૂજ્ય ! ક્ષમાપનાથી જીવ શું પામે છે ? ક્ષમાપનાથી ચિત્તને આહ્લાદ થાય છે અને તેવો પ્રસન્ન ચિત્તવાળો જીવ સમસ્ત પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વ એ ચારે પ્રકારના જીવો પ્રત્યે મિત્રભાવ ઉત્પન્ન કરી શકે છે. અને તે મૈત્રીભાવ વડે પોતાના ભાવની વિશુદ્ધિ કરી આખરે નિર્ભય બને છે.

નોંધઃ—અન્યના દોષો અને ભૂલો ભૂલી જવાથી ચિત્ત પ્રસન્ન રહે છે અને એ સતત ચિત્ત પ્રસન્નતાથી વિશુદ્ધપ્રેમ વિશ્વ પર પ્રસરે છે જેને ભય આપતો નથી નેથીજ નિર્ભય બને છે.

[૧૮] હે પૂજ્ય ! સ્વાધ્યાયથી જીવ શું પ્રાપ્ત કરે છે ? સ્વાધ્યાય જ્ઞાનાવરણીય કર્મને ખપાવે છે.

[૧૯] હે પૂજ્ય ! વાચનથી જીવ શું પ્રાપ્ત કરી શકે છે ? વાચનથી કર્મની નિર્જરા થાય છે. અને સૂત્ર પ્રેમ થવાથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. અને તેવા સૂત્રપ્રેમથી તીર્થંકરોના ધર્મનું અવલંબન મળે છે અને તે સત્યધર્મના અવલંબન વડે કર્મની મહા નિર્જરા કરી નિષ્કર્મી બને છે.

નોંધઃ—વાચનમાં સ્વવાચન અને અધ્યયન એ બન્નેનો સમાવેશ થાય છે.

[૨૦] હે પૂજ્ય ! શાસ્ત્રચર્યાથી જીવ શું મેળવે છે ? શાસ્ત્રચર્યાથી મહાપુરુષોનાં સૂત્રો અને તેનું રહસ્ય તે બન્નેને શોધી શકે છે. અને તેથી કાંક્ષામોહનીયકર્મ (મતિવિપર્યાસ) ને છેદી નાખે છે.

[૨૧] હે પૂજ્ય ! સૂત્રપરિવર્તનથી જીવ શું મેળવે છે ? વારંવાર

અભ્યાસને ફેરવવાથી વિસરેલા અક્ષરોને સંભારે છે અને તે જીવાત્મા અક્ષરલબ્ધિ પામે છે.

[૨૨] હે પૂજ્ય! અનુપ્રેક્ષાથી જીવ શું પામે છે? આયુષ્ય કર્મને છોડી બાકીના સાત કર્મોના ગાઢ બંધનથી બંધાયેલી પ્રકૃતિઓને શિથિલ બંધનવાળી બનાવે છે. તે કર્મપ્રકૃતિ લાંબા કાળની સ્થિતિવાળી હોય તો ટૂંકાકાળની સ્થિતિવાળી બનાવે છે. તીવ્ર રસવાળી હોય તો તે મંદ રસવાળી બનાવે છે. બહુ પ્રદેશવાળી હોય તો અલ્પપ્રદેશવાળી બનાવે છે. કદાચ આયુષ્યકર્મ બંધાય અગર ન પણ બંધાય (જો પહેલાં આયુષ્ય ન બંધાયું હોય તો બંધાય). અસાતાવેદનીય કર્મ ન બંધાય અને તે જીવાત્મા અનાદિ, અનંત અને દીર્ઘકાલિક એવા આ સંસાર અરણ્યને જલ્દી ઓળંગી જાય છે.

[૨૩] હે પૂજ્ય! ધર્મકથાથી જીવ શું પામે છે? ધર્મકથાથી નિર્જરા થાય છે અને જિનેશ્વરોના પ્રવચનોની પ્રભાવના થાય છે. એવા પ્રવચનોના પ્રભાવથી ભવિષ્યકાળમા તે જીવ શુભકર્મ બાંધે છે.

[૨૪] હે પૂજ્ય! સૂત્રસિદ્ધાંતની આરાધનાથી જીવ શું પામે છે? સૂત્રની આરાધનાથી અજ્ઞાન દૂર થાય છે અને તેથી તે જીવ કોઈ સ્થાને કલેશ પામતો નથી.

[૨૫] હે પૂજ્ય! મનની એકાગ્રતાથી જીવ શું પામે છે? મનની એકાગ્રતાથી તે જીવ ચિત્તનો નિરોધ કરે છે.

[૨૬] હે પૂજ્ય! સંયમથી જીવ શું પામે છે? સંયમથી અનાસ્રવપણું (આવતાં પાપને રોકવાં તે) પામે છે.

[૨૭] હે પૂજ્ય! તપથી જીવ શું પામે છે? શુદ્ધ તપશ્ચર્યાથી પૂર્વ કર્મનો ક્ષય થાય છે.

[૨૮] હે પૂજ્ય ! સર્વ કર્મના વિખરાવાથી (સર્વકર્મની નિવૃત્તિ) જીવ શું પામે છે ? કર્મ વિખરાયાથી જીવાત્મા મન પ્રા[illegible] ક્રિયાથી રહિત થાય છે, અને ત્યારબાદ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ શાંત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે [illegible]

[૨૯] હે પૂજ્ય! ભોગજન્ય સુખથી દૂર રહી સંતોષથી (કાળ ગાળનાર) જીવ શું પામે છે ? સંતોષથી અવ્યાકુળ [illegible] બને છે અને તેવો સ્થિતબુદ્ધિ જીવ, હર્ષ, વિષાદ કે શોકાદિ ચારિત્રમોહનીય કર્મોને ખપાવે છે.

નોંધ:—જે આવરણથી સંયમની સ્ફુરણા ન થાય તે ચારિ[illegible] મોહનીય કર્મ કહેવાય છે.

[૩૦] હે પૂજ્ય ! (વિષયાદિના) અપ્રતિબંધથી જીવ શું પામે છે ? અપ્રતિબંધથી અસંગતાનું ફળ ઉત્પન્ન થાય છે. અને અસંગતથી ચિત્તની એકાગ્રતા પામી તે જીવ રાત્રિ અને દિવસ (કદી) કોઈ[illegible] બંધનમાં ન બંધાતા એકાંતશાંતિ પામે છે અને અપ્રતિબ[illegible] પણે વિચરે છે.

[૩૧] હે પૂજ્ય ! એકાંત (સ્ત્રી પશ્વાદિ સંગ રહિત) સ્થાન, આસન અને શયનને ભોગવતાં જીવ શું પામે છે ? તેવા એકાંત સ્થાનથી ચારિત્રનું રક્ષણ થાય છે અને શુદ્ધ ચારિત્રશાળી જીવ રસાસક્તિ છોડી ચારિત્રમાં નિશ્ચળ થાય છે. આવી રીતે એકાંતમાં રમ[illegible] મહાત્માને પામેલા જીવાત્મા આઠે પ્રકારના કર્મોનાં બંધનથી મુક્ત થાય છે.

[૩૨] હે પૂજ્ય ! વિષયવિરક્તિથી જીવ શું પામે છે ? વિષય વિરક્તિ[illegible] નવાં પાપ કર્મો બંધાતાં નથી અને પૂર્વે બંધાયેલાં [illegible] [illegible] [illegible] ન [illegible] [illegible] જીવ ચાર ગતિરૂપ સંસાર [illegible] [illegible] [illegible]

[33] હે પૂજ્ય ! [illegible]
[illegible]
અને તે [illegible]
છે, તે [illegible] છે, [illegible]
[illegible]
[illegible] પણ [illegible] નથી તે [illegible]
અને [illegible] (શાંતિ) [illegible]

નોંધ—સંયમીઓના પારમાર્થિક [illegible]
[illegible] નિર્દેશ કરવું.

[34] હે પૂજ્ય ! ઉપધિ (સંયમી ઉપકરણો)ના [illegible]
જીવ શું પામે ? ઉપધિના પ્રત્યાખ્યાન [illegible]
પડવા કે ખોવાવાની ચિંતાથી મુક્ત [illegible]
રહિત જીવ નિસ્પૃહી (સ્વાધ્યાય, ધ્યાન આદિ [illegible]
રહેનાર) [illegible] ઉપધિ ન મળે તો ક્લેશ [illegible]

[35] હે પૂજ્ય ! સર્વથા આહારના ત્યાગથી [illegible]
આહાર ત્યાગ કરવાની યોગ્યતાવાળો [illegible]
જીવનની લાલસાથી મુક્ત બને છે [illegible]
તે જીવાત્મા આહાર વિના પણ [illegible]

[36] હે પૂજ્ય ! કષાયના ત્યાગથી જીવ શું [illegible]
વીતરાગભાવ ઉત્પન્ન થાય છે, [illegible]
જીવને દુઃખ અને સુખ સમાન [illegible]

[37] હે પૂજ્ય ! યોગ (વ્યાપાર) [illegible]
યોગના ત્યાગથી જીવ અયોગી [illegible]
વ્યાપાર રહિત) થાય છે, [illegible]
કર્મ બાંધતો નથી. અને [illegible]
દૂર કરે [illegible]

નોંધ—યોગ એટલે મન, વચન અને કાયાનો વ્યાપાર.

[૩૮] હે પૂજ્ય ! શરીરના ત્યાગથી જીવ શું પામે છે ! શરીર ત્યાગથી સિદ્ધના અતિશય (ઉચ્ચ) ગુણભાવને પામે છે. ને સિદ્ધિના અતિશય ગુણથી સંપન્ન થઈ ને જીવાત્મા લોકના અગ્રભાગમાં જઈ પરમ સુખ પામે છે. અર્થાત્ સિદ્ધ (સર્વ કર્મથી મુક્ત) થાય છે.

[૩૯] હે પૂજ્ય ! સહાયકના ત્યાગથી જીવ શું પામે છે ? સહાયક પ્રત્યાખ્યાનથી એકત્વ ભાવને પામે છે અને એકત્વ ભાવ પામેલો જીવ અલ્પકષાયી, અલ્પકલેશી અને અલ્પભાષી સંયમ, સંવર અને સમાધિમાં વધુ દૃઢ થાય છે.

[૪૦] હે પૂજ્ય ! આહારત્યાગની તપશ્ચર્યા કરનાર જીવ શું પામે છે ? તેવા અણસણથી સેંકડો ભવોને કાપી નાખે છે. (અલ્પ સંસારી બને છે.)

[૪૧] હે પૂજ્ય ! (સર્વયોગ રુંધનરૂપ ક્રિયા માત્રના) ત્યાગથી શું પામે છે? વૃત્તિ માત્રના ત્યાગથી અનિવૃત્તિ પામે છે. ને અનિવૃત્તિને પામેલા અણગાર કેવળી થઈ રહેલા ચારે (વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર) કર્મો ખપાવે છે. અને પછી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ શાંત છે. (સર્વ દુઃખોનો અંત લાવે છે.)

[૪૨] હે પૂજ્ય ! પ્રતિરૂપતા (આદર્શતા–સ્થવિરકલ્પી–ની આંતર બાહ્ય ઉપાધિ રહિત દશા) વડે જીવ શું પામે છે ? પ્રતિરૂપતા (મન વચન ને કાયાની એકતા) થી લઘુપણા (નમ્રતા)ને પામે છે. અને તેવો જીવ અપ્રમત્તપણે પ્રશસ્ત અને પ્રકટ ચિહ્નોને ધારણ કરે છે ને તેવો નિર્મળ, સમ્યક્ત્વી અને સમિતિ સહિત બને છે તથા સર્વ જીવોને વિશ્વાસરૂપ, જિતેન્દ્રિય, અને વિપુલ તપશ્ચર્યાથી યુક્ત પણ થાય છે.

[illegible] હે પૂજ્ય ! [illegible]

[illegible]

[૪૩] હે પૂજ્ય ! [illegible]

[illegible]

[૪૪] હે પૂજ્ય ! વીતરાગતાથી જીવ શું પામે છે ? [illegible] બંધનોને [illegible] અને મનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, ઈત્યાદિ વિષયોમાં વૈરાગ્ય પામે છે.

નોંધ—[illegible]

[૪૬] હે પૂજ્ય ! ક્ષમાથી જીવ શું પામે છે ? ક્ષમાથી તે વિકટ પરિષહો પર પણ વિજય મેળવે છે.

[૪૭] હે પૂજ્ય ! નિર્લોભતાથી જીવ શું પામે છે ? નિર્લોભતાથી જીવ અપરિગ્રહી બને છે, અને ધનાદિની લોલુપતા (કંઈક પરાધીનતાઓ) થી બચી જાય છે, અર્થાત્ નિરાકુળ બને છે.

[૪૮] હે પૂજ્ય ! નિષ્કપટતાથી જીવ શું પામે છે ? નિષ્કપટતાથી મન, વચન અને કાયાથી સરળતા અને શુદ્ધતા પાલન કરે છે. અને કોઈની સાથે તે પ્રવંચના (કપટ) કરતો નથી. તેવો જીવાત્મા ધર્મનો આરાધક બને છે.

[૪૯] હે પૂજ્ય ! મૃદુતાથી જીવ શું પામે છે ? મૃદુતાથી જીવ અભિમાન રહિત થાય છે. અને કોમળ મૃદુતાને પ્રાપ્ત કરી આઠ પ્રકારના મદરૂપ શત્રુનો સંહાર કરી શકે છે.

નોંધઃ—જાતિ, કુળ, બળ, રૂપ, તપ, જ્ઞાન, લાભ અને ઐશ્વર્ય, આ આઠ મદનાં સ્થાનો છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

યોને ઉત્પન્ન કરીને સમ્યક્ત્વની શુદ્ધિ કરે છે અને મિથ્યાત્વને દૂર કરે છે.

[૫૭] હે પૂજ્ય! વચનને સત્યમાર્ગમાં સ્થાપવાથી જીવ શું પામે છે? વચનને સત્યમાર્ગમાં સ્થાપવાથી સમ્યક્ત્વના પર્યાયો નિર્મળ કરે છે, અને સુલભ બોધિત્વ પામે છે. તેમજ દુર્લભ બોધિત્વથી નિવૃત્ત થાય છે.

[૫૮] હે પૂજ્ય! કાયાને સંયમમાં સ્થાપવાથી જીવ શું પામે છે? કાયાને સત્યભાવે સંયમમાં સ્થાપવાથી ચારિત્રના પર્યાયો નિર્મળ થાય છે અને ચારિત્રના પર્યાયોને નિર્મળ કરીને અનુક્રમે યથાખ્યાત ચારિત્રની સાધના કરે છે. યથાખ્યાત ચારિત્રની વિશુદ્ધિ કરીને ચાર કેવળી કર્માંશોને ખપાવે છે. અને ત્યારબાદ તે જીવ સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને શાંત થઈ સર્વ દુઃખોનો અંત કરે છે.

[૫૯] હે પૂજ્ય! જ્ઞાનસંપન્નતાથી જીવ શું પામે છે? જ્ઞાન સંપન્ન જીવ સર્વ પદાર્થોના યથાર્થ ભાવને જાણી શકે છે અને તે ચતુર્ગતિરૂપ સંસાર અટવીમા દુઃખી થતો નથી. જેમ દોરાવાળી સોય ખોવાતી નથી તેમ જ્ઞાની જીવ સંસારમાં ભૂલો પડતો નથી અને જ્ઞાન, ચારિત્ર તપ અને વિનયના યોગોને પ્રાપ્ત કરે છે તેમજ પોતાના દર્શન અને પરના દર્શનને બરાબર જાણીને અસત્યમાર્ગમાં ફસાતો નથી.

[૬૦] હે પૂજ્ય! દર્શન સંપન્નતાથી જીવ શું પામે છે? તેવો સમકિતી જીવ સંસારના મૂળરૂપ અજ્ઞાનનું છેદન કરે છે. તેના જ્ઞાનનો પ્રકાશ ઓલવાતો નથી. અને તે પ્રકાશતાં શ્રેષ્ઠ જ્ઞાન તથા દર્શનથી પોતાના આત્માને સંયોજીને સુંદર ભાવનાપૂર્વક વિચરે છે.

[૬૧] હે પૂજ્ય ! ચારિત્ર સંપન્નતાથી જીવ શું પામે છે ? ચારિત્ર સંપન્નતાથી શૈલેશી (મેરુ જેવા નિશ્ચળ) ભાવને ઉત્પન્ન કરે છે. અને તેવા નિશ્ચળ ભાવને પામેલો અણગાર બાકી રહેલા ચાર કર્મોને ખપાવે છે. અને ત્યારબાદ સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને શાન્ત થઈ સર્વ દુઃખોનો અંત કરે છે.

[૬૨] હે પૂજ્ય ! શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી જીવ શું પામે છે ? શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી સુંદર કે અસુંદર શબ્દોમાં રાગદ્વેષ રહિતપણે વર્તે છે. અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મો બાંધતો નથી અને પૂર્વે જે કર્મો બાંધેલાં છે તેનો ક્ષય કરે છે.

[૬૩] હે પૂજ્ય ! આંખના સંયમથી જીવ શું પામે છે ? આંખના સંયમથી સુંદર કે અસુંદર રૂપોમાં (દશ્યોમાં) રાગદ્વેષ રહિત થાય છે અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મો બાંધતો નથી. અને પૂર્વે જે કર્મો બાંધેલાં છે તેનો ક્ષય કરે છે.

[૬૪] હે પૂજ્ય ! ઘ્રાણેન્દ્રિયના નિગ્રહથી જીવ શું મેળવે છે ? નાકના સંયમથી સુવાસિત કે દુર્ગંધિત પદાર્થોમાં રાગદ્વેષ રહિત થાય છે અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મોને બાંધતો નથી અને જે કર્મો બાંધેલા છે તેનો ક્ષય કરે છે.

[૬૫] હે પૂજ્ય ! જિહ્વેન્દ્રિયના નિગ્રહથી જીવ શું મેળવે છે ? જીભના સંયમથી સુંદર કે અસુંદર રસોમાં (સ્વાદવાળાં કે સ્વાદ વગરનામાં) રાગદ્વેષ રહિત થાય છે અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલા કર્મો બાંધતો નથી. અને પૂર્વે જે કર્મો બાંધેલા છે તેનો ક્ષય કરે છે.

[૬૬] હે પૂજ્ય ! સ્પર્શેન્દ્રિયના સંયમથી જીવ શું પામે છે ? સ્પર્શેન્દ્રિયના સંયમથી સુંદર કે અસુંદર સ્પર્શોમાં રાગદ્વેષ રહિત

[illegible]

[૭૨] [illegible] નામના શુક્લધ્યાનને [illegible] વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મોને એકી સાથે ખપાવે છે.

નોંધ:—આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એમ ધ્યાનના ચાર ભેદો છે. શુક્લ ધ્યાનના પણ ચાર ભેદો છે. તેમાંના છેલ્લા બે કેવળી ભગવાનો ધ્યાવે છે.

[૭૩] ત્યારબાદ ઔદારિક, તૈજસ અને કાર્મણ એ સર્વ શરીરોને છોડીને સમશ્રેણિને પ્રાપ્ત કરીને કોઈ સ્થળે રોકાયા વગર અગ્રગતિએ સિદ્ધસ્થાનમાં પામીને પોતાની મૂળ શરીરની અવગાહનાના ⅔ જેટલા આકાશ પ્રદેશ પામે તેથી મુક્ત થઈ સર્વ કર્મોનો અંત કરે છે.

[૭૪] આ પ્રમાણે ખરેખર સમ્યક્ત્વ પરાક્રમ નામના અધ્યયનનો અર્થ શ્રમણ ભગવાન મહાવીરે કહ્યો છે, બતાવ્યો છે, દેખાડયો છે અને ઉપદેશ્યો છે.

નોંધઃ—સમકિત સ્થિતિ એ ચોથા ગુણસ્થાનકની સ્થિતિ છે. જ્યાત્મા કર્મ, માયા કે પ્રકૃતિને આધીન રહે છે ત્યારે પ્રથમથી માંડીને સાવ મુક્ત થતાં સુધીમાં તે ઘણી ઘણી ભૂમિકાઓમાંથી પસાર થતો રહે છે. સંસારના આદબંધનથી માંડીને સાવ મુક્ત થતાં સુધી કે અશુદ્ધ (આઠ રૂચકપ્રદેશોજ માત્ર શુદ્ધ રહે છે નહિતો જડ જેવો બને છે.) ચૈતન્યથી માંડીને સાવ શુદ્ધ ચૈતન્ય થાય ત્યાં સુધીની ભૂમિકાઓને જૈન દર્શન સંક્ષિપ્તથી ચૌદ પ્રકારમાં વિભક્ત કરે છે. તેનેજ ગુણ સ્થાનક તરીકે ઓળખવામાં આવે છે.

આ ભૂમિકાઓ સ્થાન વિશેષ નહિ પણ આત્માની સ્થિતિવિશેષ છે. પહેલું સ્થાનક મિથ્યાદષ્ટિનું છે, તે દૃષ્ટિ એક ઉચ્ચ મનુષ્યથી માંડીને અવિકસિત સૂક્ષ્મ જીવો સુધી રહેલી હોય છે. પરંતુ તેમાં તરતમતા (ઓછાવત્તા) ના અસંખ્ય ભેદો છે, બીજી અને ત્રીજી ભૂમિકા પણ અસ્થિર છે, તેથી ચોથીથીજ મોક્ષમાર્ગ શરૂ થાય છે એમ સમજવું. અન્ય દર્શનોમાં આ સ્થિતિને આત્મ સાક્ષાત્કાર તરીકે વર્ણવી છે. આ ભૂમિકામાં સંસાર પરિભ્રમણ કરાવવાના નિમિત્તરૂપ તીવ્ર કષાયો મંદ પડી જાય છે એ આત્મ પરિણામો જેટલાં વિશુદ્ધ કૃત્રિમ શુદ્ધ કે મિશ્ર હોય તે પ્રમાણમાં તે ક્ષાયિક, ઉપશમ અને ક્ષયોપશમ સ્થિતિ તરીકે કહેવાય છે. આઠમે ગુણસ્થાનક પહોંચ્યા પછી આ ત્રણ પૈકી માત્ર બે શ્રેણિઓ રહે છે જેને ઉપશમ અને ક્ષપક શ્રેણિ કહેવાય છે. ઉપશમ (કર્મોને ઉપશમાવનાર) શ્રેણિવાળા જીવનું આગળ વધ્યા પછી પણ પતનજ થાય છે, કારણ કે તે વિશુદ્ધિ સાચી નહિ પણ કૃત્રિમ હોય છે. જેમ રાખથી ઢંકાયેલો અગ્નિ ન દેખાવા છતાં વાયુના સપાટાથી સ્પષ્ટ દેખાઇ રહે છે, તેજ પ્રકારે ઉપશમ શ્રેણિ વાળો જીવાત્મા અગિયાર ગુણસ્થાન જેવી ઉચ્ચ ભૂમિકા પર પહોંચ્યા છતાં સૂક્ષ્મ લોભનો ઉદય થતાં પતિત થાય છે.

ક્ષપક (કર્મોનો ક્ષય કરનાર) શ્રેણિવાળો જીવાત્મા દશમી ભૂમિકામાંથી અગિયારમીએ ન જતાં સીધો બારમી ભૂમિકા પર પહોંચે છે. આ સ્થિતિમાં તેના કષાયો ક્ષીણ થયા હોય છે અને તેથી તે તેરમા ગુણસ્થાનકે જઈ કેવળી થાય છે. આ વખતે આઠ કર્મો પૈકી ચાર કર્મોના (નિઃસત્વ જેવા) આવરણ રહે છે એ કેવળી જ્યાં સુધી દેહ હોય છે ત્યાં સુધી દેહની હાલનચાલને લઈને કર્મ કરતા રહે છે પરંતુ તે કર્મ આસક્તિ રહિત હોઈને બંધન કરતા ન હોઈ તુરતજ ખરી પડે છે. આ ક્રિયાને ઈર્યાપથિકી ક્રિયા કહે છે.

આયુષ્યકાળ પૂર્ણ થવાના સમયે શુક્લ ધ્યાનનો ત્રીજો ભેદ કે જેને સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી કહે છે તેને ચિંતવીને યોગી પ્રથમ મનોયોગ, વચનયોગ અને કાયયોગ એમ ક્રમપૂર્વક રૂંધનકરી આખરે શ્વાસોચ્છવાસને રૂંધી તે જીવાત્મા શૈલ નિષ્કંપ બને છે આ સ્થિતિને શૈલેશી અવસ્થા કહેવાય છે ત્યાં અ, ઇ, ઉ, ઋ અને ઌ એવા પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ કાળ જેટલો સમય રહી આખરે શુક્લ ધ્યાનના ચોથા ભેદને સ્પર્શી બાકી રહેલા ચારે કર્મોનો ક્ષય કરી પૂર્ણ આત્મસ્વરૂપી શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

શુદ્ધ ચેતનની સ્વાભાવિક ઊર્ધ્વગતિ હોવાથી ધીમે ધીમે તે ઊંચે અને ઊંચે જ્યાં સુધી તેનું પરિભ્રમણ [illegible] હોય છે, ત્યાં સુધી ઊંચે જઈ આખરે સ્થિર થાય છે. એ સ્થાનને આત્મ સ્થિરતા થાય છે તે સ્થાન [illegible] પર આવેલું છે અને તેને સિદ્ધગતિ કહે છે. અંતિમ શરીર [illegible] તેનું પરિમાણ [illegible]) હોય તેમાંનો ૧/૩ ભાગ [illegible] ઓછો હોય છે. [illegible]

વ્યાપ્ત થાય છે. તે તેની અવગાહના કહેવાય છે. ભિન્ન ભિન્ન સિદ્ધાત્માઓના પ્રદેશો પરસ્પર અવ્યાબાધ રહી પરસ્પરનું પૃથક્ત્વ બનાવતા રહે છે. એવા પરમ પુરુષો વીતરાગ, વીતમોહ અને વીતદ્વેષ હોવાથી તેમનું સંસારમાં પુનરાગમન થઈ શકતું નથી.

એમ કહું છું:—
આમ સમ્યક્ત્વ પરાક્રમ સંબંધી
ઓગન્ત્રીસમું અધ્યયન સમાપ્ત થયું.



તપોમાર્ગ

૩૦

આખો સંસાર આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યા-
ત્મિક દુઃખોથી ઘેરાયેલો છે સંસારના સર્વ જીવો આધિ,
વ્યાધિ અને ઉપાધિથી ઘેરાઈ રહ્યા છે. કોઈ વખતે શારીરિક
તો કોઈ વખતે માનસિક એમ દર્દોની તડામાર લાગી રહી છે,
અને એ વ્યાધિથી બેજાર થયેલા જીવો તેનું નિવારણ સતત
ઈચ્છી રહ્યાં છે.

દરેક કાળમાં દરેક ઉદ્ધારક પુરુષો ભિન્નભિન્ન પ્રકારનાં
ઔષધ આપે છે. ભગવાન મહાવીરે સર્વ સંકટોના નિવારણ
માટે એક માત્ર ઉત્તમ કોટિની જડીબુટ્ટી આપી છે કે જે તપ-
શ્ચર્યાને નામે ઓળખાય છે.

તપશ્ચર્યા મુખ્યત્વે બે પ્રકારમાં વિભક્ત કરી છે. કે જે
આંતરિક અને બાહ્યના નામે પ્રસિદ્ધ છે.

બાહ્ય તપશ્ચર્યા ખાસ કરીને અપ્રમત્ત રાખવા અર્થે છે
જો શરીર પ્રમાદી હોય તો તેની પ્રવૃત્તિ પાપ તરફ ઢળતી હો
છે. અને તેવી પરિસ્થિતિમાં શરીર તથા ઈંદ્રિયો સાધક
બદલે બાધક થઈ પડે છે. જ્યારે શરીર અપ્રમત્ત અને સંય
બને છે ત્યારેજ આત્મજિજ્ઞાસા જાગે છે, અને ચિંતન, મન
યોગાભ્યાસ, ધ્યાન વગેરે આત્મસાધનાનાં અંગોમાં પ્ર
થઈ શકે છે.

તથીજ બાહ્યતપશ્ચર્યામાં અણસણ (ઉપવાસ), ઉણો
(અલ્પાહાર), ભિક્ષાચરી (મળેલાં સાધનોને પણ પરિમિ

ઉપયોગ કરવો), રસ પરિત્યાગ (સ્વાદેન્દ્રિય નિગ્રહ), કાયક્લેશ (દેહ દમનની ક્રિયા) અને વૃત્તિસંક્ષેપ (જીવનની જરૂરિયાતો ઘટાડતા જવું). આ છએ તપશ્ચર્યાઓ એકસાં અમૃત છે. તેનો જે જે દૃષ્ટિએ જેટલા પ્રમાણમાં ઉપયોગ થાય તેટલું પાપ ઘટે. અને પાપ ઘટે એટલે ધાર્મિક ભાવ અવશ્ય વધી જાય. પરંતુ તેનો ઉપયોગ પોતાની યોગ્યતા પ્રમાણે કરતા રહેવું જોઇએ.

આંતરિક તપશ્ચર્યાઓમાં પ્રાયશ્ચિત, વિનય, સેવા, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ (દેહાધ્યાસનો ત્યાગ) એ છ વસ્તુઓનો સમાવેશ થાય છે. આ છએ સાધનો આત્મોન્નતિનાં ભિન્નભિન્ન પગથિયાં છે. આત્મોન્નતિના ઈચ્છુકસાધકો તેમાંથી ઘણું પ્રાપ્ત કરી શકે તેમ છે.

ભગવાન બોલ્યાઃ—

[૧] રાગ અને દ્વેષથી એકઠું થયેલું પાપકર્મ ભિક્ષુ જે તપ વડે ખપાવે છે તેને (તે તપને) એકાગ્ર ચિત્તથી સાંભળો.

[૨] પ્રાણીવધ, મૃષાવાદ (અસત્ય) અદત્ત, મૈથુન (અબ્રહ્મચર્ય) અને પરિગ્રહ એ પાંચ મહાવ્રતોથી તથા રાત્રિભોજનથી વિરક્ત થયેલો જીવાત્મા અનાસ્રવ (નવાં પાપ રોકનાર—આસ્રવ રહિત) થાય છે.

[૩] વળી પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિથી સહિત, કષાયથી રહિત, જીતેન્દ્રિય, નિરભિમાની અને શલ્ય રહિત જીવ અનાસ્રવી થાય છે.

[૪] ઉપર કહેલા ગુણોથી વિપરીત એવા દોષો દ્વારા રાગ અને દ્વેષથી એકઠું કરેલુ કર્મ જે પ્રકારે નષ્ટ થાય છે તે (ઉપાય)ને એકાગ્ર મનથી સાંભળો.

[૧૨] જે મરણપર્યંતનું અણશણ હોય છે તે પણ કાયચેષ્ટાને ઉદ્દેશી બે પ્રકારનું કહ્યું છે. (૧) સવિચાર (કાયાની ક્રિયા સહિત) અને (૨) અવિચાર (નિષ્ક્રિય).

[૧૩] અથવા સપરિકર્મ (બીજાની સેવા લેવી તે) અને અપરિકર્મ એમ બે પ્રકારે કહ્યું છે. તેના પણ બે ભેદ છે. (૧) નિહારી અને (૨) અનિહારી. એ બન્ને પ્રકારના મરણોમાં આહારનો ત્યાગ તો હોય છેજ.

નોંધઃ—નિહારી એટલે જે મુનિનું ગામમાં મરણ થતાં મૃત કલેવરને બહાર લઇ જવું તે અને ગુફામાં મરણ થાય તે અનિહારી કહેવાય છે.

[૧૪] ઉણોદરી તપ પણ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અને પર્યાયથી સંક્ષેપમાં પાંચ પ્રકારનું કહ્યું છે.

[૧૫] જેટલો જેનો આહાર હોય તે પૈકી અલ્પમાં અલ્પ એક કવલ પણ ઓછો લેવો એ દ્રવ્યથી ઉણોદરી તપ કહેવાય છે.

[૧૬] (૧) ગામ, (૨) નગર, (૩) રાજ્યધાની, (૪) નિગમ, (૪) આકર (ખાણવાળો પ્રદેશ), (૬) પલ્લી (અટવીની વચ્ચેનો પ્રદેશ), (૭) ખેટ (જ્યાં ધૂળનો કોટ હોય તે પ્રદેશને), (૯) કરબટ (નાના નાના ગામોવાળો પ્રદેશ), (૯) દ્રોણમુખ (જળ અને સ્થળવાળો પ્રદેશ), (૧૦) પાટણ (સર્વ દિશાથી માણસ આવી શકે તેવું સ્થળ), (૧૧) મંડપ (ચારે દિશામાં અઢી અઢી ગાઉ સુધી ગામ હોય તે), (૧૨) સંવાહન (પર્વતના મધ્યમાં ગામ હોય તે).

[૧૭-૧૮] (૧૩) આશ્રમપદ (તાપસનાં સ્થાનકો હોય તે), (૧૪) વિહાર (જ્યાં ભિક્ષુઓ વસતા હોય તેવુ સ્થળ), (૧૫) સન્નિવેશ (નાના નાના નેસડાઓ), (૧૬) સમાજ (ધર્મશાળા), (૧૭) ઘોષ (ગાયોનું ગોકુળ), (૧૮) સ્થળ (રેતીના ઊંચા

ઢગલાવાળું સ્થળ), (૧૯) સેના (સેનાનું સ્થળ), (૨૦) ખંધાર (કટક ઉતરવાનાં સ્થળ), (૨૧) સાર્થવાહોને ઉતરવાનું સ્થળ), (૨૨) સંવર્ત (ભયોથી ત્રાસેલાં કુટુંબ આવીને રહે તે સ્થળ), (૨૩) કોટ (કોટવાળું ગામ), (૨૪) વાડા (વાડાઓમાં વાડાવાળા સ્થળ), (૨૫) શેરીઓ, અને (૨૬) ઘરો. આટલા ક્ષેત્રોમાં અભિગ્રહ કરે કે આટલા પ્રદેશનોજ જે આહાર મળે તો લેવો. એ પ્રકારનું ક્ષેત્રથી ઉણોદરી તપ કહેવાય છે.

નોંધ:—ખાસ કરીને આ ક્ષેત્રો જૈન ભિક્ષુઓને માટે કહ્યાં છે. પરંતુ ગૃહસ્થસાધક પણ પોતાનાં ક્ષેત્રમાં આવા પ્રકારની ક્ષેત્ર મર્યાદા કરી શકે છે.

[૧૯] (૧) પેટીને આકારે, (૨) અર્ધ પેટીને આકારે, (૩) ગોમૂત્રને આકારે, (૪) પતંગને આકારે, (૫) શંખાવર્તને આકારે તેવા એ બેઠ (૧) પાડામાં અને (૨) પાડા બહાર, અને (૬) પહેલાં સળંગ છેડા સુધી જઈને પછી પાછો વળતાં ભિક્ષાચરી કરે. એમજ પ્રકારે ક્ષેત્ર થકી ઉણોદરી તપ કહેવાય છે.

નોંધ—ઉપરના છ એ આકારો પ્રમાણે ભિક્ષાચરી કરવાનો નિયમ માત્ર ભિક્ષુ માટે કહેવાયો છે.

[૨૦] દિવસના ચાર પ્રહરમાંથી અમુક પ્રહરે ભિક્ષા મળે તો લેવી એ પ્રકારે અભિગ્રહ (સંકલ્પ) ધારી વિચરે તે કાળ થકી ઉણોદરી તપ જાણવું.

[૨૧] અથવા થોડી ન્યૂન ત્રીજી પોરસીમાં કે ત્રીજી પોરસીનો ચોથો ભાગ બાકી રહે ત્યારે ભિક્ષાચરી મળે તો ગ્રહણ કરીશ એ પ્રકારનો સંકલ્પ કરે તો તે કાળથી ઉણોદરી તપ કહેવાય.

[૨૨] સ્ત્રી અથવા પુરુષ અલંકાર સહિત કે રહિત અથવા અમુક ઉમ્મરના કે અમુક પ્રકારનાં વસ્ત્રસહિત હોય—

[૨૩] વળી અમુક વર્ણવાન હોય, રોગ રહિત કે દર્શરહિત હોય એવાં એવાં ચિહ્નોથી યુક્ત હોય તેવાને હાથેજ ભિક્ષા લેવી તેવો સંકલ્પ કરે. તે ભાવથી ઉણોદરી તપ કહેવાય.

નોંધ:—આવા કડક સંકલ્પ વારંવાર ફળે નહિ તેથી ભિક્ષા ન મળતાં વારંવાર (ભૂખ્યા રહેવાથી) તપશ્ચર્યા થાય તે સંભવિત છે.

[૨૪] દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જે જે વર્ણન કર્યું એ ચારે નિયમો સહિત થઈ જે ભિક્ષુ વિચરે તે પર્યવચર તપશ્ચર્યા કરનાર કહેવાય છે.

નોંધ—પર્યવ એટલે જેમાં ઉપર કહેલા ચારે અંશ હોય તે તપને પર્યાય ઉણોદરી તપ કહેવાય છે.

[૨૫] આઠ પ્રકારની ગોચરીમાં અને સાત પ્રકારની એષણામાં જે જે બીજા અભિગ્રહો ભિક્ષુ રાખે છે તે ભિક્ષાચરી તપ કહેવાય છે.

નોંધ:—ત્રીજી તપશ્ચર્યાને અન્ય ગ્રંથોમા વૃત્તિ સંક્ષેપ પણ કહેલ છે. વૃત્તિ સંક્ષેપ એટલે જીવનની જરૂરિયાતો ઓછામા ઓછી કરી નાખવી તે ત્રીજું બાહ્ય તપ કહેલ છે.

[૨૬] દૂધ, દહીં, ઘી વગેરે રસો તથા સંસ્કારી રસિક ભોજન તથા બીજા પણ રસોનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ નામની તપશ્ચર્યા કહેવાય છે.

[૨૭] વીરાસન (ખુરસી જેવું આસન) વગેરે વિવિધ આસનો કાયાને અપ્રમત્ત રાખી સુખ કરનાર નીવડે છે. તેવાં કડક આસનો કરી કાયાને કસવી તે કાય કલેશ નામનું તપ કહેવાય છે.

[૨૮] એકાંત કે જ્યાં સ્વાધ્યાય ધ્યાનની અનુકૂળતા મળે, કોઈ ન આવે જાય એવા સ્ત્રી, પશુથી રહિત સ્થાનમાં શયન તથા આસનનું સેવન કરવું તે સંલીનતા નામનું તપ કહેવાય છે.

[૨૯] એ પ્રકારે સંક્ષેપથી બાહ્યતપ કહ્યું. તેમજ સંક્ષેપથી ક્રમપૂર્વક આંતરિક તપ કહીશ.

[૩૦] પ્રાયશ્ચિત, વિનય, સેવા, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ ૭ આભ્યંતર તપ છે.

[૩૧] ભિક્ષુ આલોચનાદિ દસ પ્રકારનાં પ્રાયશ્ચિત વહન કરે છે તે પ્રાયશ્ચિત તપ કહેવાય છે.

નોંધ:—પ્રાયશ્ચિત એટલે પાપનું છેદન કરવું. તેના દસ પ્રકાર છે: (૧) આલોચના, (૨) પ્રતિક્રમણ, (૩) તદુભય, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) મૂલ, (૯) ઉપસ્થાન અને (૧૦) પારંચિક. વિશેષ વિવરણ છેદ સૂત્રોમાં જુઓ.

[૩૨] (૧) ગુર્વાદિકની સામે જવું, (૨) તેમને બે હાથ જોડવા, (૩) આસન આપવું, (૪) ગુરુની અનન્ય ભક્તિ કરવી અને (૫) હૃદયપૂર્વક સેવા કરવી તે વિનય કહેવાય છે.

નોંધ:—અભિમાન ઓગળ્યા વિના સાચી સેવા-શુશ્રૂષા-થતી નથી.

[૩૩] આચાર્યાદિની દસ સ્થાનોમાં શક્તિ અનુસાર સેવા બજાવી તે વૈયાવૃત્ય તપ કહેવાય છે.

નોંધ—આચાર્યાદિમાં આ દસનો સમાવેશ થાય છે. (૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) સ્થવિર, (૪) તપસ્વી, (૫) રોગીષ્ટ, (૬) સહાધ્યાયી, (૭) સ્વધર્મી, (૮) કુળ, (૯) ગણ અને (૧૦) સંઘ.

[૩૪] વાચના લેવી, પ્રશ્ન પૂછવા, વારવાર શાસ્ત્ર ફેરવવું, સૂત્રાદિના અર્થ તથા રહસ્ય ચિંતવવું અને ધર્મકથા કરવી એ પાંચ પ્રકારના સ્વાધ્યાય તપ કહેવાય છે.

[૩૫] સમાધિવંત સાધક આર્ત અને રૌદ્ર એ બન્ને ધ્યાનને છોડી ધર્મધ્યાન તથા શુક્લ ધ્યાનને ચિંતવે છે તેને મહાપુરુષે ધ્યાન કહ્યું છે

[૩૬] સૂતી વખતે, બેસતી વખતે કે ઉભા રહેતી વખતે જે ભિક્ષુ કાયાનો સર્વ વ્યાપાર છોડી દે (હલાવે ચલાવે નહિ) તેને છઠ્ઠું કાયોત્સર્ગ તપ કહ્યું છે.

[૩૭] એ પ્રમાણે બે પ્રકારના તપ જે મુનિ યથાર્થ સમજીને આચરે છે તે પંડિત સાધક સર્વ સંસારના બંધનથી જલદી છૂટી જાય છે.

નોંધઃ—આ એક અનુભવીએ અનુભવેલી ઉત્તમ રસાયણ છે. આત્મ-દર્દોને નિવારવાનું આજ એક અમોઘ ઔષધ છે. દુઃખી અને દર્દીઓએ આજ ઉપાયો જીવનમાં અજમાવવા અને જીવનનો સમુદ્ધાર કરી લેવો તે બીજા બધાં સાધનો કરતાં ઉત્તમ છે.

વિદ્યામાં અહંકારનો સંભવ છે. ક્રિયામાં અજ્ઞાનતા, અક્કડતા કે જડતાનો સંભવ છે. તપશ્ચર્યામાં જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમાવેશ છે. તેથી અહંકાર, અજ્ઞાન, અક્કડતા અને જડતા બધાં વિલય થઈ આત્મસંતોષ, આત્મશાંતિ ને આત્મતેજ પ્રગટે છે. અને તેવા જીવાત્માઓ પોતે પ્રકાશી લોકને પ્રકાશ અર્પી પોતાનાં આયુષ્ય, શરીર, ઈંદ્રિયાદિ સાધનોને છોડી સાધ્યસિદ્ધ થાય છે.

એમ કહું છું:—

એ પ્રમાણે તપોમાર્ગ સંબંધી ત્રીસમું અધ્યયન સમાપ્ત થયું.



ચરણવિધિ

ચારિત્રના પ્રકારો

૩૧

પાપનો પ્રવાહ ચાલ્યો આવે છે તેને રોકવાની ક્રિયાને સંવર કહેવાય છે. પાપમાંથી નિવૃત્ત થવું કે ધર્મમાં લીન થવું તે બન્ને સમાન છે. પાપનો આધાર માત્ર ક્રિયાપર નથી પરંતુ ક્રિયાની પાછળના અધ્યવસાયો પર છે. કલુષિત વાસનાથી થયેલું કાર્ય બાહ્યદ્રષ્ટિએ ઉત્તમ પણ દેખાતું હોય છતાં મલિન અને નકામું છે. શુભ ભાવનાથી થયેલું સામાન્ય કાર્ય દ્રષ્ટિએ કનિષ્ઠ દેખાતું હોવા છતાં ઉત્તમ અને આત્મતૃપ્તિ માટે પર્યાપ્ત છે

દેહને અંગે, ખાવું પીવું, બોલવું, બેસવું, ઊઠવું ઇત્યાદિ બધું કર્યા વિના આપણે રહી શકીએ નહિ. માટે તેનાથી નિવૃત્ત થવું. કદાચ થોડા સમય માટે શક્ય હોય છતાં જીવન-ભર તેમ રહેવું અશક્ય છે. અને માનો કે બહારની ક્રિયા થોડો વખત બંધ પણ કરવાને સમર્થ હોઈએ તોપણ આપણું આંતરિક ક્રિયાત્મક કાર્ય તો થયાજ કરવાનું છે. તેને આપણે જબરાઈથી રોકી શકવાના નથી. માટેજ ભગવાન મહાવીરે ક્રિયાને બંધ કરવાનું ન કહેતાં ક્રિયા કરવા છતાં તમારો ઉપ-યોગ શુદ્ધ અને સ્થિર રાખો તેમ કહ્યું છે. શુદ્ધ ઉપયોગ એટલે આત્મલક્ષ્ય. જો આત્મલક્ષ્ય હોય તો ક્રિયા પાછળની બધી કલુષિતતા સહેજે વિરમી જાય.

भगवान બોલ્યા:—

[૧] જીવાત્માને એકાંત સુખ આપનાર અને જેને આચરીને અનેક જીવો આ સંસાર સાગરને તરી ગયા તે ચારિત્રની વિધિ હું કહું છું:—

[૨] એક તરફથી નિવૃત્ત થવું અને બીજા માર્ગમાં પ્રવૃત્તિ કરવી અર્થાત્ કે અસંયમથી નિવૃત્ત થવું અને સંયમમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

[૩] પાપકર્મમાં પ્રવૃત્તિ કરાવનાર એવા બે પાપ રાગ અને દ્વેષ છે. જે ભિક્ષુ તે બન્નેને રોકે છે તે આ સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

[૪] ત્રણ દંડ, ત્રણ ગર્વ અને ત્રણ શલ્યોને જે ભિક્ષુ તજે છે તે સંસારમાં નિત્ય પરિભ્રમણ કરતો નથી.

નોંધ:—(૧) મનદંડ (૨) વચન દંડ અને (૩) કાયદંડ. (૧) ઋદ્ધિગર્વ, (૨) રસગર્વ અને (૩) શાતાગર્વ. (૧) માયાશલ્ય (૨) નિદાન શલ્ય અને (૩) મિથ્યાત્વ દર્શન શલ્ય.

[૫] જે ભિક્ષુ દેવ, મનુષ્ય અને પશુઓના આકસ્મિક ઉપસર્ગ (સંકટો)ને સમભાવથી સહન કરે છે તે સંસારમાં ભમતો નથી.

[૬] ચાર વિકથા, ચાર કષાય, ચાર, સંજ્ઞા અને બે પ્રકારના ધ્યાનોને હંમેશને માટે જે ભિક્ષુ છોડી દે છે તે સંસારમાં ભમતો નથી.

નોંધ—બે ધ્યાન:—આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન.

[૭] પાંચ મહાવ્રતો, પાંચ ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ, પાંચ સમિતિ અને પાંચ પાપ ક્રિયાઓનો ત્યાગ. તે ચારે વસ્તુઓમાં હમેશાં, ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

નોંધ:—ઉપયોગ શબ્દ આચરવામાં, ગ્રહણ કરવામાં અને તજવામાં એમ ત્રણે સ્થળે લાગુ પડે

[૮] ૬ લેશ્યાઓ, ૬ કાયો અને આહારના ૬ કારણોમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

[૯] માનપિંડ ગ્રહણની પ્રતિમાઓ અને સાત પ્રકારના ભયના સ્થાનોમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસાર ભમતો નથી

[૧૦] આઠ પ્રકારના મદો, નવ પ્રકારનું બ્રહ્મચર્ય રક્ષણ અને દશ પ્રકારના ભિક્ષુધર્મમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

[૧૧] અગિયાર પ્રકારની શ્રાવક પ્રતિમાઓમાં અને બાર પ્રકારની ભિક્ષુ પ્રતિમાઓમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

નોંધઃ—પ્રતિમાઓ એટલે ચોક્કસવ્રત નિયમવાળી ક્રિયા.

[૧૨] તેર પ્રકારનાં ક્રિયા સ્થાનોમાં, ચૌદ પ્રકારના પ્રાણીસમૂહોમાં અને પંદર પ્રકારના પરમાધાર્મિક દેવોમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

[૧૩] જે ભિક્ષુ (સૂયગડાંગ સૂત્રના પ્રથમ સ્કંધનાં) સોળ અધ્યયનોમાં તથા સત્તર પ્રકારના અસંયમોમાં સતત ઉપયોગ રાખે છે. તે સંસારમાં ભમતો નથી.

[૧૪] અઢાર પ્રકારનાં અબ્રહ્મચર્ય સ્થાનોમાં, ઓગણીસ પ્રકારના જ્ઞાતા અધ્યયનોમાં અને વીસ પ્રકારનાં સમાધિસ્થ સ્થાનોમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી

[૧૫] એકવીસ પ્રકારના સબળ દોષોનો અને બાવીસ પ્રકારના પરિષહોમા જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

[૧૬] સૂયગડાંગસૂત્રના કુલ ત્રેવીસ અધ્યયનોમાં અને ચોવીસપ્રકારના અધિકરૂપવાળા દેવોમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

[૧૭] જે ભિક્ષુ પચીસ પ્રકારની ભાવનાઓમાં અને દશાશ્રુત સ્કંધ-બૃહત્કલ્પ અને વ્યવહાર સૂત્રના મળી છવ્વીસ ઉદ્દેશાઓમાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

[૧૮] સત્તાવીસ પ્રકારના અણગારગુણોમાં તેમજ અઠાવીસ પ્રકારના આચારપ્રકલ્પો (પ્રાયશ્ચિતો) માં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે. તે સંસારમાં ભમતો નથી.

[૧૯] ઓગણત્રીસ પ્રકારના પાપસૂત્રોના પ્રસંગમાં અને ત્રીસ પ્રકારનાં મહામોહનીનાં સ્થાનોમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

[૨૦] એકત્રીસ પ્રકારના સિદ્ધભગવાનના ગુણોમાં, બત્રીસ પ્રકારના યોગ સંગ્રહોમાં અને તેત્રીસ પ્રકારની અસાતનાઓમાં જે ભિક્ષુ હમેશાં ઉપયોગ રાખે છે તે સંસારમાં ભમતો નથી.

[૨૧] ઉપરના બધા સ્થાનોમાં જે ભિક્ષુ સતત ઉપયોગ રાખે છે તે પંડિત સાધુ આ સર્વ સંસારથી શીઘ્ર મુક્ત થાય છે.

નોંધ:—સંસાર એ સદ્‌બોધની શાળા છે. તેમાં રહેલા પ્રત્યેક પદાર્થો સતત કંઇ ને કંઇ નવીન બોધ આપતાજ હોય છે માત્ર તેની સન્મુખ દૃષ્ટિ રાખવી જોઇએ. દૃષ્ટિમાં અમૃત ભળ્યું એટલે જગતમાંથી અમૃતજ મળ્યા કરશે. અહીં એકથી માંડીને તેત્રીસ સંખ્યા સુધીની ભિન્ન ભિન્ન વસ્તુઓ બતાવી છે. તેમાં કેટલીક ગ્રાહ્ય અને કેટલીક ત્યાજ્ય કરવાની પણ છે. પરંતુ જાણ્યા પછીજ તે બન્ને ક્રિયા બની શકે માટે યથાર્થ દૃષ્ટિએ એ સૌને જાણવાનો પ્રયત્ન કરવો એ અતિ અતિ આવશ્યક છે.

એમ કહું છું:—

એ પ્રમાણે ચરણવિધિ નામનું એકત્રીસમું અધ્યયન પૂર્ણ થયું.

પ્રમાદસ્થાન

૩૨

આ સંસાર અનાદિ છે તો દુઃખ પણ અનાદિ કાળથી સમસ્ત જીવોનું પોતાનું અનાદિ હોવા છતાં એ દુઃખનું મૂળ શોધી ને મૂળને જ દૂર કરી શકાય તો સંસારમાં રહેવા છતાં દુઃખથી છૂટી શકાય છે અને દુઃખથી છૂટાય તેનું જ નામ મોક્ષ. તેમજ જ્ઞાનના અવલંબનથી આવો મોક્ષ ઘણા પુરુષોએ સાધ્યો છે, સાધી શકે છે અને સાધી શકશે. સર્વજ્ઞનું આ અનુભવ વાક્ય છે.

જન્મમૃત્યુના દુઃખનું મૂળ કર્મબંધન છે. તે કર્મબંધનનું મૂળ મોહ છે અને મોહ, તૃષ્ણા, રાગ કે દ્વેષ ઇત્યાદિમાં પ્રમાદ મુખ્ય પાઠ ભજવનાર પાત્ર છે. કામભોગોની આસક્તિ એ પ્રમાદનાં સ્થાન છે. પ્રમાદથી અજ્ઞાનની વૃદ્ધિ થાય છે. અજ્ઞાન કે મિથ્યાત્વથી શુદ્ધ દૃષ્ટિનો વિપર્યાસ થાય છે, અને ચિત્તમાં મલિનતાનો કચરો જામે છે. આથી તેવું મલિન ચિત્ત મુક્તિમાર્ગની અભિમુખ થઈ શકતું નથી.

ગુરુજન અને મહાપુરુષોની સેવા, સત્સંગ અને સદ્વાંચનથી જિજ્ઞાસા જાગે છે. સાચી જિજ્ઞાસા જાગ્યા પછી સત્ય, બ્રહ્મચર્ય, ત્યાગ, સંયમ, એવાં ઉત્તમ અંગો પરત્વે રુચિ પ્રગટે છે અને તેવાં આચરણથી પૂર્વની મલિનતા ધોવાઈ જઈ શુદ્ધ ભાવનાઓ જામે છે. આવી ભાવનાઓ ચિંતન, મનન અને નિદિધ્યાસનમાં ઉપયોગી અને આત્મવિકાસમાં ખૂબ સહાયક નીવડી શકે છે.

ભગવાન બોલ્યા:—

[૧] અનાદિ કાળથી મૂળ સહિત સર્વ દુઃખની મુક્તિનો એકાંત હિતકારી, કલ્યાણકર ઉપાયને કહીશ. કહેતા તેવા મને પ્રતિપૂર્ણ (એકાગ્ર) ચિત્તથી તમે સાંભળો.

[૨] સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી, અજ્ઞાન અને મોહના સંપૂર્ણ ત્યાગથી તેમજ રાગ અને દ્વેષના ક્ષયથી એકાંત સુખકારી મોક્ષપદ પામી શકાય છે.

તે મોક્ષપદ પામવાના ઉપાય કયા ? તે બતાવે છે.

[૩] બાલજીવોના સંગથી દૂર રહેવું, ગુરુજન અને વૃદ્ધ-અનુભવી મહાપુરુષોની સેવા કરવી તથા એકાંતમાં રહી ધૈર્યપૂર્વક સ્વાધ્યાય-સૂત્ર તથા તેનાં ગંભીર અર્થનું ચિંતન કરવું એજ મોક્ષનો માર્ગ (ઉપાય) છે.

[૪] વળી સમાધિની ઇચ્છાવાળા તપસ્વી સાધુએ પરિમિત અને શુદ્ધ આહાર ગ્રહણ કરવો, નિપુણાર્થ બુદ્ધિવાળા (મુમુક્ષુ) સાથીદારને શોધવો અને સ્થાન પણ એકાંત (ધ્યાન ધરવા લાયક) ઈચ્છવું જોઇએ.

[૫] જો ગુણથી અધિક કે ગુણથી સમાન નિપુણ સાથીદાર ન મળે તો કામભોગોમાં નિરાસક્ત થઇને અને પાપોને દૂર કરીને એકલા (રાગદ્વેષ રહિત) પણ શાંતિપૂર્વક વિચરવું.

નોંધ:—સાધકને સહાયકની અપેક્ષા રહે છે. પરંતુ તેવો સહચારી જો ન મળે તો એકલું રહેવું પણ દુર્ગુણીનો સંગ ન કરવો. અહીં એક ચર્યાનું વિધાન નથી પણ ગુણીનાજ સહવાસમાં રહેવું તે ભાર આપવા માટે એક શબ્દનું વિધાન છે.

[૬] જેમ ઈંડામાંથી પક્ષી અને પક્ષીમાંથી ઈંડું એમ પરસ્પર

[illegible]

[૭] [illegible]

નોંધ—[illegible] જન્મમરણનું [illegible] મોહ અને [illegible] [illegible] મૂળ છે.

[૮] દુઃખ તેનું હણાયું હોય છે કે જેને મોહ હોતો નથી. તેમ મોહ પણ તેનો હણાયો હોય છે કે જેના હૃદયમાંથી તૃષ્ણા ચાલી ગઈ છે અને તૃષ્ણા પણ તેની હણાઈ છે કે જેને પ્રલોભનો પજવતા નથી. અને જેનો લોભ હણાયો છે તેને કશું (આસક્તિ જેવું) હોતું નથી.

[૯] માટે રાગ, દ્વેષ અને મોહ, એ સર્વેને મૂળ સહિત ઉખેડવાની ઇચ્છાવાળા સાધકે જે જે ઉપાયો સ્વીકારવા જોઈએ તેનું ક્રમપૂર્વક હું વર્ણન કરું છું.

[૧૦] વિવિધ જાતના રસો (રસવાળા પદાર્થ)ને કલ્યાણાર્થીઓએ ભોગવવા નહિ. કારણ કે રસો ઇંદ્રિયોને ઉત્તેજિત કરનારા નીવડે છે અને સ્વાદુ ફળવાળા વૃક્ષની ઉપર પક્ષીઓ જેમ (ધસી આવી) પીડા ઉપજાવે છે તેમ ઇંદ્રિયોના વિષયમાં ઉન્મત્ત બનેલા મનુષ્યની ઉપર કામભોગો (પણ ધસી આવી) પીડા કરે છે.

ઘણાં કાષ્ઠોથી ભરેલા વનમાં પવનના ઝપાટા સાથે

ઉત્પન્ન થયેલો દાવાગ્નિ બુઝાતો નથી તેમ વિવિધ જાતના રસવાળા આહાર ભોગવનાર બ્રહ્મચારીનો ઇંદ્રિયરૂપ અગ્નિ શાંત થતો નથી. અર્થાત્ કે રસ સેવન કોઈ પણ મનુષ્યને હિતકારી નથી.

[૧૨] જેમ ઉત્તમ ઔષધિથી રોગ પરાજય પામે છે તેમ દમિતેન્દ્રિય, એકાંત, શયન, આસન, ઇત્યાદિને ભોગવનાર તેમજ અલ્પાહારી મુનિના ચિત્તને રાગરૂપ શત્રુઓ પરાભવ કરી શકતા નથી (અર્થાત્ કે આસક્તિ તેના ચિત્તને ખળભળાવી શકતી નથી.)

[૧૩] જેમ બિલાડાના સ્થાનની પાસે ઉંદરોનું રહેવું પ્રશસ્ત (ઉચિત) નથી તેમ સ્ત્રીઓના સ્થાન પાસે બ્રહ્મચારી પુરુષનો નિવાસ પણ યોગ્ય નથી. અર્થાત્ જોખમભરેલો છે

નોંધ:—બ્રહ્મચારીને જેમ સ્વાદેન્દ્રિયનો સંયમ અને સ્ત્રીસંગ ત્યાગ આવશ્યક છે તેજ પ્રકારે બ્રહ્મચારિણીનું પણ સમજવું.

[૧૪] શ્રમણ અને તપસ્વી સાધકે સ્ત્રીઓનાં રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, મંજુલ વચન, અંગોપાંગનો મરોડ, કટાક્ષ વગેરે જોઈને પોતાના ચિત્તને વિષે તેનું સ્થાપન કરવું નહિ કે ઈરાદાપૂર્વક તે બધું જોવાનો વ્યવસાય કરવો નહિ

[૧૫] ઉત્તમ પ્રકારના બ્રહ્મચર્ય વ્રતમાં રક્ત રહેલા અને ધ્યાનના અનુરાગી સાધકોને માટે સ્ત્રીઓનાં દર્શન, તેની વાંચ્છા, તેનું ચિંતન, કે તેનાં ગુણકીર્તન કરવાં નહિ તેમાંજ તેનુ હિત રહેલ છે.

[૧૬] મન, વચન અને કાયા એ ત્રણેમાં સંયમ રાખનાર સમર્થ યોગીશ્વરો કે જેને ડગાવવા દિવ્ય કાંતિવાળી દેવાંગનાઓ પણ સમર્થ થઈ શકતી નથી તેવા મુનિઓનો પણ સ્ત્રી વગેરેથી

રહિત એકાંતવાસ, એકાંત હિતકારી છે એમ જાણીને મુમુક્ષુ એકાંતવાસ સેવવો.

[૧૭] મોક્ષની આકાંક્ષાવાળા સંસારના ભીરુ અને ધર્મમાં સ્થિર થયેલા સમર્થ પુરુષને પણ અજ્ઞાની પુરુષોનું મનહરણ કરનાર સ્ત્રીઓનો ત્યાગ જેટલો કઠણ છે તેવું આખા લોકને વિષે કાંઇ પણ કઠણ નથી.

[૧૮] જેમ મોટા સાગરને તર્યા પછી ગંગા જેવી મોટી નદી પણ તરવામાં સુલભ છે તેમ સ્ત્રીઓની આસક્તિ છોડયા પછી બીજી બધી (ધનાદિ) આસક્તિઓ છોડવી સુલભ થાય છે.

[૧૯] દેવલોક સુધીના સમગ્ર લોકમાં જે કાંઈ શારીરિક અને માનસિક દુઃખ છે તે બધુ ખરેખર કામભોગોની આસક્તિથીજ ઉત્પન્ન થયેલું છે. તેથી નિરાસકત પુરુષજ તે દુઃખનો અંત પામી શકે છે.

[૨૦] જેમ સ્વાદથી અને વર્ણથી કિંપાક વૃક્ષનાં ફળો ભોગવતાં બહુ સુંદર લાગે છે. પરંતુ (ખાધા પછી થોડાજ વખતમાં) જીંદગીનો અંત આણે છે. તેજ ઉપમા કામભોગોના પરિણામની સમજવી.

[૨૧] સમાધિનો ઇચ્છુક અને તપસ્વી સાધુ ઇંદ્રિયોના મનોજ્ઞ વિષયોમાં મનને પ્રવર્તાવે નહિ કે તેના પર રાગ ન કરે અને અમનોજ્ઞ વિષયો પર દ્વેષ પણ ન કરે.

[૨૨] ચક્ષુઇંદ્રિયથી ગ્રાહ્ય રૂપ છે. જે મનોજ્ઞ રૂપ છે તે રાગનું નિમિત્ત અને અમનોજ્ઞરૂપ દ્વેષનુ નિમિત્ત બને છે. તે બન્નેમાં જે સમભાવી રહે છે તેને મહાપુરુષો વીતરાગ (રાગદ્વેષ રહિત) કહે છે.

[૨૩] ચક્ષુ એ રૂપનું ગ્રહણ કરનાર છે. અને રૂપ એ ચક્ષુનો ગ્રાહ્ય વિષય છે. તેથી મનગમતું રૂપ એ રાગનો હેતુ છે. તેમજ અમનોજ્ઞ રૂપ તે દ્વેષનો હેતુ છે તેમ મહાપુરુષો કહે છે.

[૨૪] જેમ દૃષ્ટિનો લોલુપી પતંગિયો રૂપના રાગમાં આતુર થઈને આકસ્મિક મૃત્યુ પામે છે તેજ પ્રકારે રૂપોમાં જે તીવ્ર આસક્તિ રાખે છે તે અકાલિક મૃત્યુને પામે છે.

[૨૫] જે જીવ અમનોજ્ઞ રૂપ જોઈને તીવ્ર દ્વેષ કરે છે તે જીવ તેજ વખતે દુઃખને અનુભવે છે. અર્થાત્ કે જીવ પોતે પોતાના જ દુર્દાન્ત દોષથી દુઃખ પામે છે. તેમાં રૂપનો કશોય દોષ નથી.

[૨૬] જે મનોહર રૂપમાં એકાંત રક્ત છે તે જીવ અમનોહર રૂપ ઉપર દ્વેષ કરે છે અને તેથી તે અજ્ઞાની પછી ખૂબ દુઃખથી પીડાય છે. આવું જાણીને વિરાગી મુનિ તેવા દોષથી ન લેપાય.

[૨૭] રૂપની આસક્તિને પામેલો જીવ ત્રસ અને સ્થાવર એવા અનેક જીવોની હિંસા કરે છે, તે અજ્ઞાની ભિન્ન ભિન્ન ઉપાયોથી પરિતાપ આપે છે અને પોતાનાજ સ્વાર્થમાં રક્ત રહી તે કુટિલ અનેક જીવોને પીડા પણ ઉપજાવે છે.

[૨૮] રૂપની આસક્તિથી કે તેને ગ્રહણ કરવાની મૂર્છાથી, તે રૂપવાળા પદાર્થને ઉત્પન્ન કરવાના પ્રયત્નમાં, તેની પ્રાપ્તિમાં તેના રક્ષણમાં, વ્યયમાં કે વિયોગમાં જીવ સુખી ક્યાંથી થાય ? ભોગ ભોગવતી વખતે પણ તેને તૃપ્તિ હોતી નથી.

[૨૯] મનોજ્ઞ રૂપના પરિગ્રહમાં આસક્ત થયેલો જીવ જ્યારે તેમાં અતૃપ્ત થાય છે ત્યારે આસક્તિ વધે છે ને સંતોષ મેળવી શકતો નથી. ત્યારે અસંતોષના દોષ વડે દુઃખી થયેલો તે

અત્યંત લોભવડે મલિન થઈને અન્યનું નહિ દીધેલું પણ ગ્રહણ કરવા માંડે છે.

[૩૦] તૃષ્ણાથી પરાભવ પામેલો પ્રાણી અદત્તને લેતાં છતાં રૂપ પરિગ્રહમાં તથા રૂપમાં અનુરક્ત રહે છે. અદત્તને ગ્રહણ કરનારો તે લોભમાં આકર્ષાઈ માયા અને અસત્ય ઈત્યાદિ દોષો વધારી મૂકે છે છતાં તે દુઃખથી છૂટી શકતો નથી.

[૩૧] જૂઠું બોલવા પહેલાં પછી અને પ્રયોગકાળમાં પણ દુષ્ટ હૃદયવાળો તે જીવ દુઃખી થાય છે. તેમજ રૂપમાં અતૃપ્ત રહેલો અને અણદીધેલું ગ્રહણ કરનાર હમેશાં અસહાયી અને દુઃખપીડિત રહે છે.

[૩૨] એવી રીતે રૂપમાં અનુરક્ત રહેલા જીવને કિંચિત્ પણ સુખ ક્યાંથી સંભવે ! જે વસ્તુ મેળવવા માટે તેણે અપાર દુઃખ વેઠેલું તે રૂપના ઉપભોગમાં પણ અત્યંત ક્લેશ અને દુઃખ પામે છે.

[૩૩] એજ પ્રકારે અમનોજ્ઞ રૂપમાં દ્વેષ કરનારા જીવ દુઃખોની પરંપરાઓ ઉત્પન્ન કરે છે. અને દુષ્ટ ચિત્તથી જે કર્મ બાંધે છે તેનું પરિણામ આલોક અને પરલોકમાં દુઃખનાજ કારણરૂપ થાય છે.

[૩૪] પરંતુ રૂપમાં વિરક્ત થયેલો મનુષ્ય શોકરહિત બને છે, અને જેમ જળમાં ઉગેલું કમળપત્ર જળથી લેપાતું નથી તેમ આ સંસારની વચ્ચે રહેવા છતાં ઉપરના દુઃખસમૂહની પરંપરાથી તે લેપાતો નથી.

[૩૫] શબ્દ એ શ્રોત્રેંદ્રિયનો વિષય છે. મનોજ્ઞ શબ્દ રાગનો હેતુ અને અમનોજ્ઞ શબ્દ દ્વેષનો હેતુ છે. જે જીવાત્મા તે બન્નેમાં સમભાવ રાખી શકે છે તેજ વીતરાગી છે એમ મહાપુરુષો કહે છે.

] કાન શબ્દનો ગ્રાહક અને કાનનો વિષય શબ્દ એમ મહાપુરુષો કહે છે. અમનોજ્ઞ શબ્દ દ્વેષનો હેતુ અને મનોજ્ઞ રાગનો હેતુ છે.

૭] જે શબ્દોમાં તીવ્ર આસક્તિ રાખે છે તે સંગીતના રાગમાં આસક્ત થએલા મૃગલાની માફક મુગ્ધ થઇને શબ્દમાં અતૃપ્ત રહી અકાળ મૃત્યુ પામે છે.

૮] વળી જે અમનોજ્ઞ શબ્દમાં તીવ્ર દ્વેષ રાખે છે તેજ ક્ષણે તે દુઃખ પામે છે. આવી રીતે જીવ પોતાનાજ દુર્દમ્ય દોષથી દુઃખી થાય છે તેમાં શબ્દનો જરા પણ દોષ નથી.

૯] સુંદર શબ્દમાં એકાંત રક્ત રહેલો તે અમનોજ્ઞ શબ્દપર દ્વેષ રાખે છે. અને આખરે તે અજ્ઞાની દુઃખથી ખૂબ પીડાય છે. આવા દોષથી વિરાગી મુનિ લેપાતો નથી.

૪૦] અત્યંત સ્વાર્થી, મલિન અને અજ્ઞાની જીવ શબ્દની આસક્તિને અનુસરીને અનેક પ્રકારના ચરાચર જીવોની હિંસા કરે છે, ભિન્નભિન્ન ઉપાયોથી પરિતાપ અને પીડા ઉપજાવે છે.

[૪૧] મધુર શબ્દની આસક્તિથી મૂર્છિત થયેલો જીવ મનોજ્ઞ શબ્દને મેળવવામાં, તેનું રક્ષણ કરવામાં, તેના વિયોગમાં કે તેના નાશમાં તે જીવને સુખ ક્યાં મળે છે? તેને ભોગવતી વખતે પણ તે તૃપ્ત થતો નથી.

[૪૨] જ્યારે તે શબ્દ ભોગવવામાં અસંતુષ્ટ જીવને મૂર્છાને લીધે તે ઉપર આસક્તિ વધી જાય છે ત્યારે આસક્ત રહેલો તે જીવ કદી સંતોષ પામતો નથી અને અસંતોષના દોષથી લોભાકૃષ્ટ થઇ બીજાનું નહિ દીધેલું પણ ચોરી લે છે. (બીજાના ભોગોમાં ભાગ પડાવે છે.)

[૪૩] તૃષ્ણાથી પરાભવ પામેલો જીવ ત્યાં અદત્તનું ગ્રહણ કરે છે, શબ્દને ભોગવવા તથા મેળવવામાં હમેશાં અસંતુષ્ટ રહે છે અને લોભના દોષથી કપટ અને અસત્યાદિ દોષો વધે છે, અને તેથી તે જીવ દુઃખથી મુકાતો નથી.

[૪૪] જૂઠું બોલવા પહેલાં, બોલવા પછી કે જૂઠું બોલતી વખતે પણ તે અસત્ય વદનાર દુઃખી જીવાત્મા એ પ્રકારે અદત્ત વસ્તુઓને ગ્રહણ કરતો અને શબ્દમાં અતૃપ્ત રહેતો તે અતિ દુઃખી અને અસહાયી બને છે.

[૪૫] એવા શબ્દમાં અનુરક્ત રહેલા જીવને થોડું પણ સુખ ક્યાંથી મળે ? શબ્દના ઉપભોગમાં પણ અત્યંત કલેશ અને દુઃખ પામે છે, તો મેળવવા માટે તો દુઃખની વાતજ શી!

[૪૬] એજ પ્રકારે અમનોજ્ઞ શબ્દમાં દ્વેષ કરનારો તે જીવ દુઃખોની પરંપરાઓને ઉત્પન્ન કરે છે, અને દુષ્ટ ચિત્તથી તે કર્મો એકઠાં કરે છે, અને તે કર્મો પરિણામે દુઃખકર નીવડે છે

[૪૭] પરંતુ શબ્દમાં વિરક્ત મનુષ્ય તે શોકથી રહિત હોય છે, જેમ (જળમા ઉગેલું) કમળપત્ર જળથી લેપાતું નથી તેમ આ સંસારની વચ્ચે રહેવા છતાં તે જીવ ઉપરના દુઃખ-સમૂહની પરંપરાથી લેપાતો નથી

[૪૮] ગંધ એ ઘ્રાણેન્દ્રિયનો ગ્રાહ્ય વિષય છે. મનોજ્ઞ ગંધ રાગના હેતુભૂત છે. અને અમનોજ્ઞ ગંધ દ્વેષના હેતુભૂત છે. જે (જીવ) તે બન્નેમાં સમભાવ રાખી શકે છે તેજ વીતરાગી છે.

[૪૯] નાસિકા ગંધની ગ્રાહક છે અને ગંધ એ નાસિકાનો ગ્રાહ્ય વિષય છે. તેથી મનોજ્ઞ ગંધ રાગના હેતુરૂપ છે અને અમનોજ્ઞ ગંધ એ દ્વેષના હેતુરૂપ છે. એમ મહાપુરુષો કહે છે.

[૫૦] જે મનુષ્ય ગંધોમાં તીવ્ર આસક્તિ રાખે છે તે (ચંદનાદિ)

ઔષધિની સુગંધમાં આસક્ત થઈ પોતાના રાફડામાંથી બહાર નીકળેલા સર્પની માફક અકાલિક મૃત્યુને પામે છે.

[૫૧] વળી જે જીવ અમનોજ્ઞ ગંધ પર તીવ્ર દ્વેષ રાખે છે તે જીવ તેજ ક્ષણે દુઃખ પામે છે. આવી રીતે જીવ પોતાનાજ દુર્દમ્ય દોષથી દુઃખી થાય છે. તેમાં ગંધનો જરાપણ દોષ નથી.

[૫૨] જે કોઇ સુગંધ પર અતિશય રાગ કરે છે; એકાંત રક્ત રહેલા તેને અમનોજ્ઞ ગંધ પર દ્વેષ ઉપજે છે. અને આખરે તો તે અજ્ઞાની દુઃખથી ખૂબ પીડાય છે. પણ આવા દોષથી વીતરાગી મુનિ લેપાતો નથી.

[૫૩] અત્યંત સ્વાર્થમાં ડુબેલો બાલ અને મલિન જીવ સુગંધમાં લુબ્ધ બનીને અનેક પ્રકારનાં ચરાચર જીવોની હિંસા કરે છે અને ભિન્ન ભિન્ન પ્રકારે તેઓને પરિતાપ અને પીડા ઉપજાવે છે.

[૫૪] છતાં ગંધની આસક્તિથી અને મૂર્છાથી મનોજ્ઞ ગંધને મેળવવામાં, તેનું રક્ષણ કરવામાં, તેના વિયોગમાં કે તેના નાશમાં તે જીવને સુખ ક્યાંથી મળે ? તેનો ઉપયોગ કરતી વખતે પણ અતૃપ્તિજ હોય છે.

[૫૫] જ્યારે ગંધને ભોગવવા છતાં અસંતુષ્ટ રહે છે ત્યારે તેના પરિગ્રહમાં આસક્તિ વધે છે અને અતિ આસક્ત રહેલો તે જીવ કદીએ સંતોષ પામતો નથી, અને અસંતોષના દોષથી લોભાકૃષ્ટ તેમજ દુઃખી તે જીવાત્મા બીજાના સુગંધવાળા પદાર્થોને પણ ચોરી લે છે.

[૫૬] એ પ્રમાણે અદત્તનું ગ્રહણ કરનાર, તૃષ્ણાથી પરાભવ પામેલો અને સુગંધ ભોગવવા તથા મેળવવામાં અસંતુષ્ટ પ્રાણી લોભના દોષથી કપટ તથા અસત્યાદિ દોષોને વધારી મૂકે છે

અને તેથી તે જીવ દુઃખથી મુકાતો નથી.

[૫૭] અમનોજ્ઞ ભોગવતાં પહેલાં કે ત્યાર પછી, કે (ભોગ વખતે) પ્રયોગ કરતી વખતે પણ તે અતિશય દુઃખી હોય છે. એ જ દુઃખી જીવાત્મા એ પ્રકારે અદત્ત વસ્તુઓને ગ્રહણ કરે તથા ગંધમાં અતૃપ્ત રહેલો તે અતિદુઃખી અને અસહાય બને છે.

[૫૮] એ પ્રકારે ગંધમાં અનુરક્ત રહેલા જીવને થોડું પણ સુખ ક્યાંથી સાંપડે ? જે વસ્તુને પ્રાપ્ત કરવા કષ્ટ વેઠ્યું તે વસ્તુના ઉપભોગમાં પણ અત્યંત કલેશ અને દુઃખ પામે છે.

[૫૯] એ પ્રમાણે અમનોજ્ઞ ગંધમાં દ્વેષ પામેલો તે જીવ દુઃખોની પરંપરાને ઉત્પન્ન કરે છે અને દ્વેષથી ભરેલ ચિત્ત (દુર્ધ્યાનથી) કર્મોનિજ એકઠાં કરે છે અને તે કર્મો પરિણામે તેને દુઃખરૂપ નીવડે છે.

[૬૦] પરંતુ જે ગંધમાં વિરક્ત રહી શકે છે તે શોકથી રહિત હોય છે અને (જળમાં ઉગેલું) કમળપત્ર જેમ જળથી લેપાતું નથી તેમ આ સંસારની વચ્ચે રહેવા છતાં (તે જીવ) ઉપર જણાવેલા દુઃખોની પરંપરાથી લેપાતો નથી.

[૬૧] રસ એ જીભનો ગ્રાહ્ય વિષય છે મનોહરરસ રાગના હેતુભૂત અને અમનોહરરસ દ્વેષના હેતુભૂત છે. જે તે બન્નેમાં સમભાવ રાખી શકે છે તે વીતરાગી છે.

[૬૨] જીભ એ રસની ગ્રાહક છે અને રસ એ જીભનો ગ્રાહ્ય વિષય છે. મનોહરરસ રાગના હેતુરૂપ અને અમનોહરરસ દ્વેષના હેતુરૂપ છે એમ મહાપુરુષો કહે છે.

[૬૩] જેમ રસનો ભોગી મચ્છ આમિષના લોભમાં લોખંડના કાંટાથી ભેદાઈ જાય છે તેમ રસોમાં તીવ્ર આસક્તિ રાખનાર અકાળ મૃત્યુને પામે છે.

[૬૪] વળી જે અમનોજ્ઞરસમાં તીવ્ર દ્વેષ રાખે છે તે તેજ ક્ષણે દુઃખ પામે છે. આવી રીતે પોતાનાજ દુર્દમ્ય દોષથી જીવ દુઃખી થાય છે. તેમાં રસનો કશો પણ દોષ નથી.

[૬૫] રુચિકારક રસમાં એકાંત રક્ત રહેલો જીવ અમનોજ્ઞરસ પર દ્વેષ રાખે છે અને આખરે તે અજ્ઞાની દુઃખથી ખૂબ પીડાય છે. આવા દોષથી વિરાગી મુનિ લેપાતો નથી.

[૬૬] અત્યંત સ્વાર્થી બનેલો બાલ અને મલિન જીવ રસની આસક્તિને અનુસરીને અનેક પ્રકારના ચરાચર જીવોની હિંસા કરે છે. અને ભિન્નભિન્ન ઉપાયોથી તેને પરિતાપ અને પીડા ઉપજાવે છે.

[૬૭] છતાં રસની આસક્તિથી અને મૂર્છાથી મનોજ્ઞ રસને મેળવવામાં, તેનું રક્ષણ કરવામાં, તેના વિયોગમાં કે તેના નાશમાં તે જીવને સુખ ક્યાં મળે ? તેનો ઉપયોગ કરતી વખતે પણ અતૃપ્તજ હોય છે.

[૬૮] જ્યારે રસ ભોગવવા છતાં અસંતુષ્ટ રહે છે ત્યારે તેના પરિગ્રહમાં આસક્તિ વધે છે અને અતિ આસક્ત રહેલો તે જીવ કદી સંતોષ પામતો નથી. અને અસંતોષના દોષથી તે દુઃખી જીવાત્મા બીજાનું નહિ દીધેલું પણ ચોરી લે છે.

[૬૯] આ પ્રમાણે નહિ દીધેલું ગ્રહણ કરનાર, તૃષ્ણાથી પરાભવ પામેલો અને રસને મેળવવા તથા ભોગવવામાં અસંતુષ્ટ પ્રાણી, લોભના દોષથી કપટ અને અસત્યાદિ દોષોને વધારે છે. અને તેથી તે જીવ દુઃખથી મુકાતો નથી.

[૭૦] અસત્ય વચન બોલવા પહેલાં, ત્યારપછી કે મૃષા વાક્યનો પ્રયોગ કરતી વખતે દુષ્ટ અંતઃકરણવાળો તે દુઃખી જીવાત્મા

એ પ્રકારે અનેક વસ્તુઓને ગ્રહણ કરતો અને ર
અતૃપ્ત રહેતો રહેતો દુઃખી અને અપ્રદાયી બને છે.

[૭૧] એ પ્રકારે રસમાં અનુરક્ત રહેલા જીવને થોડું પણ સુ
ક્યાંથી મળે ! જે રસોને પ્રાપ્ત કરવામાં કષ્ટ વેઠ્યું તે રસ
ઉપભોગમાં પણ અત્યંત ક્લેશ અને દુઃખ પામે છે.

[૭૨] એ પ્રમાણે અમનોજ્ઞ રસમાં દ્વેષ પામેલો તે જીવ દુઃખ
સમૂહની પરંપરા ઉત્પન્ન કરે છે અને દ્વેષ ભરેલા ચિત્તે
કર્મોનેજ એકઠાં કરે છે. તે કર્મ પરિણામે દુઃખકર નીવડે છે

[૭૩] પરંતુ જે મનુષ્ય રસમાં વિરક્ત રહી શકે છે તે શોકથી
રહિત હોય છે અને જેમ કમળપત્ર જળથી લેપાતું નથી તેમ
તે જીવ આ સંસારની વચ્ચે રહેતાં છતાં આ દુઃખ સમૂહની
પરંપરાથી લેપાતો નથી.

[૭૪] સ્પર્શ એ સ્પર્શેન્દ્રિય (કાય)નો ગ્રાહ્ય વિષય છે. મનોજ્ઞ
રાગના હેતુભૂત અને અમનોજ્ઞ સ્પર્શ દ્વેષના હેતુભૂત છે.
તે બન્નેમાં સમભાવ રાખી શકે છે તેજ વીતરાગી છે.

[૭૫] કાયા એ સ્પર્શની ગ્રાહક છે. અને સ્પર્શ એ તેનો ગ્રા
વિષય છે. મનોજ્ઞ સ્પર્શ રાગના હેતુભૂત છે અને અમનોજ્ઞ
સ્પર્શ દ્વેષના હેતુભૂત છે, એમ મહાપુરુષો કહે છે.

[૭૬] જે જીવ સ્પર્શોમાં તીવ્ર આસક્તિ રાખે છે તે જીવો જંગલમાં
આવેલા ઠંડા જળમાં પડેલા અને મગરથી પકડાયેલા રાગાતુર
પાડાની માફક અકાળ મૃત્યુ પામે છે

[૭૭] વળી જે અમનોજ્ઞ સ્પર્શમાં તીવ્ર દ્વેષ રાખે છે તે તેજ
ક્ષણે દુઃખ પામે છે. આવી રીતે પોતાનાજ દુર્દમ્ય દોષથી
જીવ દુઃખી થાય છે. તેમાં સ્પર્શ જરા પણ અપરાધી નથી

[૭૮] સુંદર સ્પર્શમાં એકાંત રક્ત રહેલો જીવ અમનોજ્ઞ સ્પર્શ પર દ્વેષ કરે છે. અને આખરે તે અજ્ઞાની દુઃખથી ખૂબ પીડાય છે. પણ આવા દોષથી વિરાગીમુનિ લેપાતો નથી.

[૭૯] અત્યંત સ્વાર્થી બનેલો બાલ અને મલિન જીવાત્મા સ્પર્શની આસક્તિને અનુસરીને અનેક પ્રકારના ચરાચર જીવોની હિંસા કરે છે અને ભિન્નભિન્ન ઉપાયોથી તેને પરિતાપ અને પીડા ઉપજાવે છે.

[૮૦] આ સ્પર્શની આસક્તિથી તથા મુર્છાથી મનોજ્ઞ સ્પર્શને મેળવવામાં, તેનું રક્ષણ કરવામાં, તેના વિયોગમાં કે તેના નાશમાં તે જીવને સુખ ક્યાં મળે છે ! તેનો ઉપભોગ કરતી વખતે પણ તે અતૃપ્તજ હોય છે.

[૮૧] જ્યારે સ્પર્શને ભોગવવા છતાં અસંતુષ્ટ રહે છે ત્યારે તેના પરિગ્રહમાં આસકિત વધે છે અને અતિ આસકત રહેલો તે જીવ કદી સંતોષ પામતો નથી, અને અસંતોષના દોષથી લોભાકૃષ્ટ તેમજ દુઃખી તે જીવાત્મા બીજાનું નહિ દીધેલું પણ ચોરી લે છે.

[૮૨] આ પ્રમાણે અદત્તનું ગ્રહણ કરનાર (ચોર), તૃષ્ણાથી પરાભવ પામેલો અને સ્પર્શ ભોગવવા તથા મેળવવામાં અસંતુષ્ટ પ્રાણી લોભના દોષથી કપટ તથા અસત્યાદિ દોષોને વધારે છે અને તેથી તે જીવ દુઃખથી મુકાતો નથી.

[૮૩] મૃષા વાકય બોલવા પહેલાં અને ત્યાર પછી કે પ્રયોગ કરતી વખતે દુષ્ટ અંતઃકરણવાળો તે દુઃખી જીવાત્મા એ પ્રમાણે અદત્ત વસ્તુઓને ગ્રહણ કરતો અને સ્પર્શમાં અતૃપ્ત રહેતો તે અતિ દુઃખી અને અસહાયી બને છે.

[૮૪] એ પ્રકારે સ્પર્શમાં અનુરકત રહેલા જીવને થોડું પણ સુખ

ક્યાંથી મળે ? જે સ્પર્શના પદાર્થો પ્રાપ્ત કરતાં કષ્ટ વેઠે છે તે સ્પર્શના ભોગમાં અત્યંત ક્લેશ અને દુઃખ પામે છે.

[૮૫] એ પ્રમાણે અમનોજ્ઞ સ્પર્શમાં દ્વેષ પામેલો તે જીવ દુઃખ સમૂહની પરંપરા ઉત્પન્ન કરે છે અને દ્વેષ ભરેલા ચિત્તથી કર્મોનિ જ એકઠા કરે છે. તે કર્મો પરિણામે તેને દુઃખરૂપ નીવડે છે.

[૮૬] પરંતુ જે મનુષ્ય સ્પર્શમાં વિરક્ત રહી શકે છે તે શોકરહિત થાય છે અને કમળપત્ર જળથી જેમ લેપાતું નથી તેમ આ સંસારની વચ્ચે રહેવા છતાં ઉપરના દુઃખસમૂહની પરંપરાથી લેપાતો નથી.:

[૮૭] ભાવ એ મનનો વિષય છે. મનોજ્ઞ ભાવ રાગના હેતુભૂત અને અમનોજ્ઞ ભાવ દ્વેષના હેતુભૂત છે. જે તે બન્નેમાં સમભાવ રાખી શકે છે તેજ વીતરાગી છે.

[૮૮] મન એ ભાવનું ગ્રાહક છે અને ભાવ એ મનનો ગ્રાહ્ય વિષય છે. મનોજ્ઞભાવ રાગના હેતુભૂત છે અને અમનોજ્ઞભાવ દ્વેષના હેતુભૂત છે. એમ મહાપુરુષો કહે છે.

[૮૯] જે જીવ ભાવોમા તીવ્ર આસક્તિ રાખે છે તે જીવ કામ ગુણોમા આસક્ત હાથી જેમ બનાવટી હાથણીને માટે ખાડામાં પડે છે તેમ રાગાતુર હાથીની માફક અકાળ મૃત્યુને પામે છે.

[૯૦] વળી જે અમનોજ્ઞભાવ પર તીવ્ર દ્વેષ રાખે છે ત્યાં તેજ ક્ષણે તે દુઃખ પામે છે. આવી રીતે પોતાનાજ દુર્દમ્ય દોષથી જીવ દુઃખી થાય છે. તેમા ભાવનો જરાપણ દોષ નથી.

[૯૧] મનોહર ભાવમાં એકાંત રક્ત રહેતો જીવ અમનોજ્ઞભાવ પર દ્વેષ રાખે છે. અને આખરે તે અજ્ઞાની દુઃખથી ખૂબ પીડાય છે. પણ આવા દોષથી વિરાગીમુનિ લેપાતો નથી.

] અત્યંત સ્વાર્થી બનેલો મલિન અને બાલ જીવ ભિન્નભિન્ન ભાવની આસક્તિને અનુસરીને ચરાચર જીવોની હિંસા કરે છે. અને ભિન્નભિન્ન ઉપાયોથી તેઓને પરિતાપ અને પીડા ઉપજાવે છે.

] છતાં ભાવની આસક્તિથી અને મૂર્છાથી મનોજ્ઞ ભાવને મેળવવામાં, તેનું રક્ષણ કરવામાં, તેના વિયોગમાં કે તેના નાશમાં તે જીવને સુખ, ક્યાં મળે છે! તેનો ઉપભોગ કરતી વખતે પણ અતૃપ્તિ જ રહે છે.

૪] જ્યારે ભાવને ભોગવવા છતાં અસંતુષ્ટ રહે છે ત્યારે તેના પરિગ્રહમાં આસક્તિ વધે છે અને અતિ આસક્ત રહેલો તે જીવ કદી સંતોષ પામતો નથી અને અસંતોષના દોષથી લોભ વડે ખેંચાયેલો તેમજ દુઃખી તે જીવાત્મા બીજાનું નહિ દીધેલું પણ ચોરી લે છે.

૫] આ પ્રમાણે અદત્તનું ગ્રહણ કરનાર, તૃષ્ણાથી પરાભવ પામેલો અને ભાવને ભોગવવા તથા મેળવવામાં અસંતુષ્ટ પ્રાણી લોભના દોષથી કપટ અને અસત્યાદિ દોષોને વધારે છે અને તેથી તે જીવ દુઃખથી મુકાતો નથી.

૬] મૃષા વાક્યને બોલવા પહેલાં અને ત્યાર પછી કે મૃષા પ્રયોગ કરતી વખતે દુષ્ટ અંતઃકરણવાળો તે દુઃખી જીવાત્મા એ પ્રમાણે અદત્ત વસ્તુઓને ગ્રહણ કરતો તથા ભાવમાં અતૃપ્ત રહેતો અતિ દુઃખી અને અસહાયી બને છે.

૯૭] એ પ્રકારે ભાવમાં અનુરક્ત રહેલા જીવને થોડું પણ સુખ ક્યાંથી મળે! જે ભાવના પદાર્થો પ્રાપ્ત કરતાં કષ્ટ વેઠેલ તે ભાવના ઉપભોગમાં પણ અત્યંત ક્લેશ અને દુઃખ પામે છે.

૯૮] એ પ્રમાણે અમનોજ્ઞ ભાવમાં દ્વેષ પામેલો તે જીવ દુઃખના

[illegible]

[illegible]

[૧૦૦] [illegible]

[illegible] કામભોગો [illegible]

[૧૦૧] કામભોગના પદાર્થો પોતે [illegible] સમતા કે વિકાર [illegible]

[illegible] નથી પણ [illegible] અને દ્વેષી બનેલો આત્મા તેવાં

[illegible] બની મોહથી [illegible] વિષયોમાં વિકારને પામે છે.

[૧૦૨] (મોહનીય કર્મના જે ભેદ આવા ઉત્પન્ન થાય છે તે કહે છે.) (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા, (૪) લોભ, (૫) જુગુપ્સા, (૬) અરતિ (અસંતોષ), (૭) રતિ, (૮) હાસ્ય, (૯) ભય, (૧૦) શોક, (૧૧) પુરુષવેદનો ઉદય, (૧૨) સ્ત્રીવેદનો ઉદય (૧૩) નપુંસકવેદનો ઉદય અને (૧૪) ભિન્નભિન્ન પ્રકારના ભેદ વગેરે ભાવો. (તેવા આસક્ત જીવોને ઉત્પન્ન થાય છે.)

એ પ્રમાણે કામભોગમાં આસક્ત રહેલો જીવ એવા અનેક પ્રકારના દુર્ગતિદાયક દોષો એકઠા કરી લજ્જિત બનેલો અને સર્વ સ્થાનમાં અપ્રીતિકર એવો કરુણાથી દીન બનેલો તે આત્મા બીજા ઘણા વિશેષ દોષોને પણ પ્રાપ્ત કરે છે.

[illegible] રીતે ઇન્દ્રિયના વિષયરૂપ ચોરોને વશ થયેલો ભિક્ષુ

પણ પોતાની સેવા કરાવવા માટે સાથીદાર (શિષ્યાદિ)ને ઇચ્છે પણ ભિક્ષુના આચારને પાળવા ઇચ્છતો નથી. અને સંયમી થવા છતાં તપના પ્રભાવને ન ઓળખતાં પશ્ચાતાપ (અરે આ શા માટે મેં ત્યાગ કર્યો ! એમ) કરે છે. એ પ્રકારે અસંખ્ય વિકારો (દોષો)ને ઉત્પન્ન કરે છે.

[૧૦૫] ત્યારબાદ આવા વિકારોથી મોહરૂપી મહાસંસારમાં ડૂબવાને માટે ભિન્નભિન્ન પ્રકારનાં તેવાં નિમિત્ત મળે છે. અને અકાર્ય કરે છે તેથી ઉત્પન્ન થતું દુઃખ નિવારવા માટે સુખની ઇચ્છા રાખનાર તે આસક્ત જીવાત્મા હિંસાદિ કાર્યમાં પણ ઉદ્યમી થાય છે.

[૧૦૬] પરંતુ જે વિષયોથી વિરક્ત છે તેને ઇંદ્રિયોના તે પ્રકારના શબ્દાદિ વિષયો મનોજ્ઞતા કે અમનોજ્ઞતા ઉત્પન્ન કરી શકતા નથી (રાગદ્વેષ ઉપજાવી શકતા નથી.)

[૧૦૭] એવી રીતે સંયમના અનુષ્ઠાનો વડે સંકલ્પ વિકલ્પોમાં સમતાને પામેલા તે વિરાગીની શબ્દાદિ વિષયોના અસંકલ્પથી (દુષ્ટ ચિંતન ન કરવાથી) કામભોગ સંબંધી તૃષ્ણા સાવ ક્ષીણ થાય છે.

[૧૦૮] કૃતકૃત્ય તે વીતરાગી જીવ જ્ઞાનાવરણીય કર્મ એક ક્ષણમાં ખપાવે છે. અને તેજ પ્રમાણે દર્શનાવરણીય અને અંતરાય કર્મનો પણ નાશ કરે છે.

[૧૦૯] અમોહી અને નિરંતરાયી (અંતરાય કર્મ રહિત) તે યોગીશ્વર જગતના સર્વ પદાર્થોને સંપૂર્ણ જાણે અને અનુભવે છે અને પાપનો પ્રવાહ રોકી શુકલધ્યાનની સમાધિ યુક્ત થઈ સાવ શુદ્ધ થયેલો તે જીવાત્મા આયુષ્યના ક્ષયે મોક્ષ પામે છે.

[૧૧૦] જે દુઃખ સંસારી જીવ માત્રને સતત પીડી રહ્યું છે તે સર્વ દુઃખથી અને સંસાર રૂપ દીર્ઘ રોગથી સાવ મુક્ત થઈ કે એવી રીતે તે પ્રશસ્ત જીવ પોતાના લક્ષ્યને પામી અનંત સુખ ભોગવે છે.

[૧૧૧] અનાદિ કાળથી જીવાત્માની સાથે જડાયેલા દુઃખનો સર્વથા વિમુક્તિ માર્ગ ભગવાને આ પ્રમાણે કહ્યો છે. ઘણા જીવો ક્રમપૂર્વક આ માર્ગને પામીને અત્યંત સુખી થાય છે.

નોંધ:—શબ્દ, રૂપ, ગંધ રસ અને સ્પર્શ આ પાંચ વિષયો કહેવાય છે. તે બધા પોતપોતાને અનુકૂળ ઇંદ્રિયોને ઉત્તેજિત કરવાનું આમંત્રણ કરે છે. માત્ર નિમિત્ત મળવું જોઈએ. વળી બધા વિષયોનો પારસ્પરિક સંબંધ પણ રહ્યો હોય છે. જેમકે જીભનો કાબુ ગુમાવે તે બીજી ઇંદ્રિયો વશ ન રાખી શકે. માટે એકપણ ઇંદ્રિયને તે માર્ગે છૂટી મૂકવી એ દેખીતી સામાન્ય ભૂલ હોવા છતાં મહાનમાં મહાન અનર્થનું કારણ છે, અને તેનું પરિણામ એક નહિ પણ અનેક ભવો સુધી ભોગવવું પડે છે. માટે [illegible] સાધકે દાન્ત, શાન્ત અને સંયત રહેવું.

એમ કહું છું:—

પ્રમાણે પ્રમાદસ્થાન સંબંધી બત્રીસમું અધ્યયન સમાપ્ત થયું. ॥૩૨॥



કર્મપ્રકૃતિ

૩૩

કર્મ એ આખા જગતનો અચળ કાયદો છે. આ કાયદાને વશ આખું જગત પ્રવર્તી રહ્યું છે. આ કાયદો જુગજુગ જુનો છે. તેનાં પરિવર્તન થતાંજ નથી. ગમે તેવું સમર્થ બળ ભલેને હો! પરંતુ તેના પર તેનું કશું ચાલી શકતું નથી.

અનેક સમર્થ શૂરવીરો, યોગીપુરુષો અને ચક્રવર્તીઓ થઈ ગયા પણ તે કાયદાને વશ તો તેમને રહેવુંજ પડયું. અનેક દેવો, દાનવો, રાક્ષસો વગેરે પાકયા. પણ અહીંતો તેને મસ્તક નમાવવુંજ પડયું.

આ કર્મની રચના ગંભીર છે. કર્મને આધીન થયેલું ચૈતન્ય પોતાનું સ્વરૂપ સાથે હોવા છતાં તેને ભૂલી જાય છે. જડના ઘર્ષણથી વિવિધ સુખદુઃખના અનુભવ કરે છે. અને તન્મય બની જઈ અનેક ગતિઓમાં જડની સાથેને સાથે પરિભ્રમણ કરે છે.

કર્મ એક છતાં ભિન્ન ભિન્ન પરિણામોની અપેક્ષાએ તેના આઠ વર્ગ છે. સૌથી પ્રબળ સત્તા, પ્રબળ સામર્થ્ય, પ્રબળ કાળસ્થિતિ અને પ્રબળ રસસંવેદન કેવળ મોહનીય કર્મનાં મનાય છે. મોહનીય એટલે ચૈતન્યની ભ્રાન્તિથી ઉત્પન્ન થયેલું કર્મ. આઠ કર્મોનો આ સર્વોપરિ નરપતિ છે. આ નૃપતિને છત્યા પછી બીજા સામંતો વશ થઈ શકે છે.

આ આઠે કર્મોનાં પ્રબળ પરિણામ, તેની કાલસ્થિતિ તેને અંગે ચૈતન્યનાં થતાં પરિવર્તન, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે શત્રુઓના પ્રચંડ પ્રકોપ વગેરે અધિકારો આ અધ્યયનમાં સંક્ષેપથી છતાં અદ્ભુતપણે વર્ણવ્યા છે. આવા વિકટ જીવન પર થતી કર્મની અસરથી પણ અંતે છૂટી જવાય … બની શકે છે.

ભગવાન બોલ્યાઃ—

[૧] જેનાથી બંધાયેલો આ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે તે આઠ કર્મોને હું ક્રમપૂર્વક કહું છું.

[૨] (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, તેમજ (૫) આયુષ્ય કર્મ—

[૩] અને (૬) નામકર્મ (૭) ગોત્રકર્મ તથા (૮) અંતરાયકર્મ. એ પ્રમાણે આ આઠ કર્મો સંક્ષેપથી કહ્યાં છે.

[૪] (૧) મતિજ્ઞાનાવરણીય, (૨) શ્રુતજ્ઞાનાવરણીય, (૩) અવધિજ્ઞાનાવરણીય, (૪) મનઃપર્યાય જ્ઞાનાવરણીય અને (૫) કેવળજ્ઞાનાવરણીય, એમ જ્ઞાનાવરણીયના પાંચ પ્રકારો છે.

[૫] (૧) નિદ્રા, (૨) નિદ્રા નિદ્રા, (ગાઢ નિદ્રા), (૩) પ્રચલા (ઊભા બેસતા ઊંઘવું તે), (૪) પ્રચલા પ્રચલા (ચાલતાં નિદ્રા લેવી તે) અને (૫) થિણદ્ધિ નિદ્રા (જે નિદ્રામાં પુરુષ બળ પ્રકટે છે, જાગૃત અવસ્થામાં ચિંતવેલું કે બીજું કાંઈપણ અસાધારણ કામ કરી સૂઈ જવાના આમાં દૃષ્ટાંત મળે છે.)

[૬] (૬) ચક્ષુ દર્શનાવરણીય, (૭) અચક્ષુદર્શનાવરણીય, (૮) અવધિ દર્શનાવરણીય અને (૯) કેવળ દર્શનાવરણીય. એ પ્રમાણે નવ પ્રકારનું દર્શનાવરણીય કર્મ જાણવું.

[૭] (૧) સાતા વેદનીય (જે ભોગવતાં સુખ ઉત્પન્ન થાય) અને (૨) અસાતા વેદનીય, એ પ્રમાણે વેદનીય કર્મના મૂળ બે પ્રકાર છે અને તે બન્નેના પૃથક્ પૃથક્ ઘણા ભેદો છે.

નોંધઃ—કર્મપ્રકૃતિનો વિસ્તાર ખૂબ જ વિશાળ છે. વધારે સમજવા માટે કર્મપ્રકૃતિ, કર્મગ્રંથ ઇત્યાદિ ગ્રંથોમાં જોઈ લેવું.

[૮] દર્શનાવરણીય અને ચારિત્રાવરણીય એમ મોહનીયકર્મ પણ બે પ્રકારનું છે અને દર્શનાવરણીયના ત્રણ અને ચારિત્રાવરણીયના બે ભેદો છે.

[૯] સમ્યક્ મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને સમ્યક્ મિથ્યાત્વ મોહનીય (મિશ્રમોહનીય). આ ત્રણે દર્શનમોહનીયની પ્રકૃતિઓ છે.

[૧૦] ચારિત્ર મોહનીય કર્મ બે પ્રકારનું કહ્યું છે. (૧) કષાય મોહનીય અને (૨) નોકષાય મોહનીય.

નોંધઃ—ક્રોધાદિ કષાયજન્ય કર્મ કષાય મોહનીય કર્મ કહેવાય છે અને નોકષાયજન્ય કર્મ નોકષાય મોહનીય કર્મ કહેવાય છે.

[૧૧] કષાયથી ઉત્પન્ન થયેલાં કર્મોના સોળ ભેદો છે. અને નોકષાયના સાત અથવા નવ ભેદો છે.

નોંધઃ—(૧) ક્રોધ, (૨) માન (૩) માયા અને (૪) લોભ. એ પ્રત્યેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન એવા ચાર ચાર પેટા ભેદો છે. તેથી કુલ મળી સોળ થયા. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ. એમ મળી સાત અથવા તો વેદના, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક વેદ એમ મળી નવ થયા.

[૧૨] નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવનું આયુષ્ય એમ આયુષ્યકર્મના ચાર ભેદો છે.

[૧૩] શુભ નામ, અને અશુભ નામ એમ નામ કર્મ બે પ્રકારનું કહ્યું છે. અને શુભ તથા અશુભના પણ પેટા ભેદો ઘણા છે.

[૧૪] ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર એમ ગોત્ર કર્મ પણ બે પ્રકારનું કહ્યું છે. આઠ પ્રકારના મદ કરવાથી નીચ ગોત્ર અને મદ નહિ કરવાથી ઉચ્ચ ગોત્ર મળે છે માટે તે બન્નેને આઠ આઠ પ્રકારનું વર્ણવ્યું છે.

[૧૫] દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય એમ અન્તરાય કર્મ પણ સંક્ષેપથી પાંચ પ્રકારે કહ્યું છે.

નોંધ:—વસ્તુ મળવા છતાં ઉપયોગ કરી ન શકાય અથવા વસ્તુની પ્રાપ્તિ ન થાય તેને અંતરાય કહે છે.

[૧૬] આ પ્રમાણે તે આઠે કર્મોની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ (પેટા ભેદો) વર્ણવી. હવે તેમના પ્રદેશો, તેમનું ક્ષેત્ર, તેમનો કાળ અને ભાવ કહીશ તે સાંભળો:—

નોંધ:—પ્રદેશાગ્ર એટલે તે તે કર્મના પુદ્ગલો. કારણ કે કર્મ એ જડ પદાર્થ છે.

[૧૭] આઠે કર્મોનાં અનંત પ્રદેશાગ્ર (પુદ્ગલો) છે. તે બધા મળી સંસારના અભવ્ય જીવોથી અનંત ગણા હોય છે અને અનંત સિદ્ધોથી અનંતમા ભાગના હોય છે.

નોંધ:—અભવ્ય એટલે મુક્તિ મેળવવા માટે અયોગ્ય.

[૧૮] બધા જીવોનાં કર્મો સંપૂર્ણ લોકની અપેક્ષાએ છએ દિશામાં સર્વ આત્મ પ્રદેશોથી બધી રીતે બંધાતાં રહે છે.

નોંધ:—આઠે કર્મો જેમ દ્રવ્યની અપેક્ષાએ અનંતસંખ્યામાં છે તેમ છએ દિશામાં વહેંચાયેલા છે.

[૧૯] તે આઠ કર્મો પૈકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મોની ઓછામાં ઓછી સ્થિતિ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અને બંધાયેલા કર્મોના ત્યાગમાં ડાહ્યો સાધક સતત ઉદ્યોગ રાખે.

નોંધ:—કર્મના પરિણામ તીવ્ર ભયંકર છે. કર્મવેદનનું ફોગટ વીફળ થાય એવું અશક્ય છે. કર્મનો કાયદો કંપાવી મૂકે તેવો કડક છે. કર્મના બંધન ચેતનના સામર્થ્ય ઝુંટવી લે છે. ચેતનની આકુળતા એજ એજ સંસાર અને એજ દુઃખ છે. એમ જાણી અશુભ કર્મથી વિરમું અને શુભ કર્મનો સંચય કરવો. ચૈતન્યનું પ્રબળ સામર્થ્ય વિકસિત થયા પછી તે શુભકર્મરૂપ સુવર્ણની બેડીથી પણ છૂટી જવાનો પુરુષાર્થ કરવો તે એક માત્ર જીવનનું સાફલ્ય છે.

એમ કહું છું:—

એ પ્રમાણે કર્મપ્રકૃતિ સંબંધી તેત્રીસમું અધ્યયન સમાપ્ત થયું.



લેશ્યા



૩૪

લેશ્યાના અર્થો અનેક છે. લેશ્યા એટલે કાંતિ, લેશ્યા એટલે સૌંદર્ય, લેશ્યા એટલે મનોવૃત્તિ વગેરે વગેરે. પરંતુ આ સ્થળે લેશ્યાનો રહસ્યાર્થ જીવાત્માનો અધ્યવસાય કે પરિણામ વિશેષ છે.

સંચિત (એકઠું થયેલું), પ્રારબ્ધ (ઉદયમાં આવતું) અને ક્રિયમાણ (કરાતું); આ ત્રણ પ્રકારનાં કર્મ જીવાત્મા (કર્મસંયોગી જીવ)માં વિદ્યમાન હોય છે. કર્મ પોતે જડ વસ્તુ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ઇત્યાદિ તેના અસાધારણ ધર્મો છે. ચેતન તો જ્ઞાન, આનંદ અને સત્યમય છે. તેના આ ધર્મો જડ દ્રવ્યથી સાવ વિભિન્ન છે. આમ હોવા છતાં પણ ચેતન અને જડનો સંસર્ગ હોવાથી જડજન્ય પરિણામોની અસર તે જીવાત્મા પર થયા વિના રહેતી નથી.

સારાં માઠાં કર્મની અસરથી જીવાત્માનું માપ ઘડાઇ ગયું હોય છે તેથી તે કર્મયોગ–શરીર, ઈંદ્રિય, આકૃતિ, વર્ણ ઈત્યાદિ પામે છે. અને તેના પૂર્વ કર્મને નિર્જરવાનું તથા નવીન કર્મને ગ્રહણ કરવાનું કાર્ય સતત ચાલુ રહે છે. જ્યાંસુધી કર્મની મુક્તિનો સાચો માર્ગ ન મળે કે આત્મભાન ન થાય ત્યાંસુધી તેનાં પરિણામો વિભિન્ન ગતિ (સ્થાન)માં વિભિન્ન રીતે જીવાત્મા વેદતોજ રહે છે.

કર્મ બહુ સૂક્ષ્મ હોવાથી તે મૂળ સ્વરૂપમાં દેખી શકાય નહિ. પરંતુ નિમિત્ત મળતાં તેને અંગે જીવાત્મા પર થતી

[illegible]

[illegible] સાથે પહેલી ત્રણ અપ્રશસ્ત અને પાછલી ત્રણ પ્રશસ્ત છે. તે અપ્રશસ્તને [illegible] આરાધના કરવી એ મુમુક્ષુજનને બહુ બહુ આવશ્યક છે.

ભગવાન બોલ્યા:

[1] હવે અનુક્રમથી હું લેશ્યા અધ્યયનને કહીશ. એ છએ કર્મ લેશ્યાના અનુભાવોને કહેતા એવા મને સાંભળો:—

નોંધ—કર્મ લેશ્યા એટલા માટે કહી છે કે તે કર્મની સ્થિતિ [illegible]પન્ન કરે છે. અનુભાવ એટલે તીવ્ર કે મંદ રૂપે રસનું સંવેદન.

[2] (લેશ્યાના અગિયાર બોલો કહે છે:—) લેશ્યાઓના (1) નામ (2) વર્ણ, (3) રસ, (4) ગંધ, (5) સ્પર્શ, (6) પરિણામ,

(૭) લક્ષણ, (૮) સ્થાન, (૯) સ્થિતિ, (૧૦) ગતિ અને (૧૧) ચ્યવન. (જ્યારે અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે આગામી ભવની જે લેશ્યા ઉત્પન્ન થાય તે) વગેરેને ગણવો.

[૩] (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોતી લેશ્યા, (૪) તેજો લેશ્યા (૫) પદ્મ લેશ્યા અને (૬) શુક્લ લેશ્યા. એ તેઓનાં ક્રમપૂર્વક નામો છે.

[૪] કૃષ્ણલેશ્યાનો વર્ણ જળવાળાં વાદળ, પાડાનાં શિંગડાં, અરીઠા, ગાડાની મળી, કાજળ અને આંખની કીકી જેવો શ્યામ હોય છે.

[૫] નીલ લેશ્યાનો વર્ણ લીલાં અશોકવૃક્ષ, નીલ ચાસ પક્ષીની પાંખ અને સ્નિગ્ધ વૈડૂર્ય નીલમણિ જેવો હોય છે.

[૬] કાપોતી લેશ્યાનો વર્ણ અળશીનાં ફૂલ, કોયલની પાંખ અને પારેવાની ડોક જેવો હોય છે.

નોંધઃ—કાપોતી લેશ્યાનો વર્ણ કંઇક કાળો અને કંઈક લાલ હોય છે.

[૭] તેજો લેશ્યાનો વર્ણ હિંગળાના જેવો, ઉગતા સૂર્ય જેવો, સૂડાની ચાંચ જેવો અને દીપકની પ્રભા જેવો હોય છે.

[૮] પદ્મ લેશ્યાનો વર્ણ હળદરના કટકા જેવો અને શણ (ધાન્ય વિશેષ) ના તથા અશણના ફળના રંગ જેવો પીળો જાણવો.

[૯] શુક્લ લેશ્યાનો વર્ણ શંખ, અંકરત્ન, મચકુંદનાં ફૂલ, દૂધની ધાર અને રૂપાના હાર જેવો ઉજ્જવલ હોય છે.

[૧૦] કૃષ્ણ લેશ્યાનો રસ કડવા તુંબડાનો, કડવા લીંબડાનો, તથા કડવી રોહિણીનો રસ જેટલો કડવો હોય તેના કરતાં સ્વાદમાં અનંત ગણો કડવો જાણવો.

[૧૧] નીલ લેશ્યાનો રસ સૂંઠ, મરી અને પીપરના રસનો

[illegible]

[૧૨] [illegible]

[૧૩] [illegible]

[૧૪] પદ્મ લેશ્યાનો રસ જેવો વારુણી તથા ભિન્નભિન્ન પ્રકારનું અને મેરક આસવ, તેવી મધુઓના રસથી પણ અનંતગણો મધુરો જાણવો.

[૧૫] શુક્લ લેશ્યાનો રસ ખજૂર, દ્રાક્ષ, દૂધ, ખાંડ અને સાકરના રસનો સ્વાદ હોય તે કરતાં અનંતગણો મીઠો જાણવો.

[૧૬] કૃષ્ણ, નીલ અને કાપોતી એ ત્રણે અશુભ લેશ્યાઓની ગંધ મરેલી ગાય, મરેલું કૂતરું કે મરેલા સર્પની ગંધ કરતાં અનંતગણી અશુભ હોય છે.

[૧૭] તેજોલેશ્યા પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા એ ત્રણે પ્રશસ્ત લેશ્યાઓની ગંધ, કેવડા વગેરેનાં સુગંધી પુષ્પો તથા પીસાતા વસાણાની જેવી સુમધુર ગંધ હોય તે કરતાં અનંતગણી પ્રશસ્ત હોય છે.

[૧૮] કૃષ્ણ, નીલ અને કાપોતી એ ત્રણે લેશ્યાઓના સ્પર્શ કરવત, ગાય અને બળદની જીભ અને સાગવૃક્ષના પત્ર કરતાં અનંતગણો કર્કશ હોય છે.

[૧૯] તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણે લેશ્યાનો સ્પર્શ માખણ,

સરસવનું ફુલ અને ખૂર નામની વનસ્પતિના સમાન સ્પર્શ કરતાં અનંતગણો કોમળ હોય છે.

[૨૦] તે છએ લેશ્યાઓના પરિણામ અનુક્રમે ત્રણ, નવ, સત્તાવીસ . એકાસી અને બસો તેતાળીશ પ્રકારના જાણવાં.

નોંધ:—ત્રણ એટલે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, પછી જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટના ક્રમથી ત્રણ ત્રણ ભેદો વધારતા જવા.

લેશ્યાનાં લક્ષણોઃ—

[૨૧] પાંચે આસ્રવો (મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગ) ને નિરંતર સેવન કરનાર મન, વચન અને કાયાથી અસંયમી છ કાયની હિંસાથી નહિ વિરમેલો, આરંભમાં આસક્ત, પાપનાં કાર્યોમાં સાહસિક અને ક્ષુદ્ર–

[૨૨] ક્રૂર, અજીતેન્દ્રિય અને સર્વનું અહિત કરનાર કુટિલ ભાવના વાળો. આવા બધા યોગથી જોડાયેલો જીવ કૃષ્ણ લેશ્યાનાં પરિણામવાળો જાણવો.

[૨૩–૨૪] ઇર્ષાળુ, કદાગ્રહી (અસહિષ્ણુ), તપ નહિ આદરનાર, અજ્ઞાની, માયાવી, નિર્લજ, લંપટ, દ્વેષી, રસલોલુપી, શઠ, પ્રમાદી, સ્વાર્થી, આરંભી, ક્ષુદ્ર અને સાહસિક ઇત્યાદિ ક્રિયાઓથી જોડાયેલો જીવાત્મા નીલ લેશ્યાવાળો ગણાય.

[૨૫–૨૬] વાણીમાં અને વર્તનમાં વક્ર (અપ્રમાણિક,) માયાવી, અભિમાની, પોતાના દોષને છુપાવનાર, પરિગ્રહી, અનર્થ મિથ્યાદ્રષ્ટિ, ચોર, અભિમાની અને બીજાના કાળજાને ભેદી નાખે તેવો કઠોરભાષી, આ બધા યોગોથી જોડાયેલો જીવાત્મા કાપોતી લેશ્યાવાન હોય છે.

[૨૭–૨૮] નમ્ર, અચપળ, સરળ, અકુતૂહલી, વિનીત, દાન્ત, તપસ્વી

[illegible]

[૧૩] [illegible]

[૧૪] [illegible]

[૧૫] અનન્ત અવસર્પિણી અને ઉત્સર્પિણીના જેટલા સમય
અને સંખ્યાતીત લોકના જેટલા આકાશ પ્રદેશ હોય તેટલું
શુભ-અશુભ લેશ્યાઓના સ્થાનો જાણવા.
નોંધ — દસ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી (ઉતરતો)
અને દસ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી (ચડતો) કાળ
છે.

[૧૬] કૃષ્ણ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ તેત્રીસ
સાગરોપમની ઉપર એક મુહૂર્ત જાણવી.
ટિપ્પણ—પરભવમાં જે લેશ્યા જવાની હોય તે લેશ્યા મરણ
પહેલાં એક અંતર્મુહૂર્ત પહેલી આવે છે. એટલે એક અંતર્મુહૂર્ત

[૧૭] નીલલેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દસ
સાગરોપમ ઉપર પલ્યોપમના અસંખ્યાતમો ભાગ વધારે જાણવી.

[૩૬] કાપોતી લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વધારે જાણવી.

[૩૭] તેજોલેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બે સાગરોપમની ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વધારે જાણવી.

[૩૮] પદ્મ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશ સાગરોપમની ઉપર એક અંતર્મુહૂર્ત અધિક જાણવી.

[૩૯] શુક્લલેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની ઉપર એક અંતર્મુહૂર્ત અધિક જાણવી.

[૪૦] આ તો અરેખર લેશ્યાઓની સમુચ્ચય (ઓઘ) સ્થિતિ કહી. હવે ચારે ગતિઓમાં લેશ્યાઓની સ્થિતિ ભિન્નભિન્ન પ્રકારે કહીશ.

[૪૧] (નરક ગતિની લેશ્યાસ્થિતિ કહે છેઃ–) કાપોતી લેશ્યાની સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષ અને વધુમાં વધુ ત્રણ સાગરોપમની ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક જાણવી.

[૪૨] નીલ લેશ્યાની સ્થિતિ જઘન્ય ત્રણ સાગરોપમની ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક અને ઉત્કૃષ્ટ દસ સાગરોપમની ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક જાણવી.

[૪૩] કૃષ્ણલેશ્યાની સ્થિતિ જઘન્ય દસ સાગરોપમની ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની જાણવી.

[૪૪] નરકના જીવોની આ લેશ્યાસ્થિતિ વર્ણવી. હવે પશુ, મનુષ્ય અને દેવોની લેશ્યાસ્થિતિ વર્ણવીશ.

[illegible]

[૪૭] [illegible]

[૪૮] કૃષ્ણ લેશ્યાની [illegible] દસ હજાર [illegible] અને ઉત્કૃષ્ટ
પલ્યોપમના અસંખ્યાતમા ભાગની જાણવી.

[૪૯] નીલ લેશ્યાની સ્થિતિ જઘન્ય કૃષ્ણલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ
કરતા એક સમય અધિક અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યા-
તમા ભાગની જાણવી.

[૫૦] કાપોતી લેશ્યાની [illegible] ઓછી સ્થિતિ નીલ લેશ્યાની
ઉત્કૃષ્ટ સ્થિતિ કરતા એક સમય અધિક અને ઉત્કૃષ્ટ પલ્યો-
પમના અસંખ્યાતમા ભાગની જાણવી.

[૫૧] હવે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એ ચાર
જાતિના દેવોમા રહેતી તેજો લેશ્યાની સ્થિતિ કહીએ.

[૫૨] તેજોલેશ્યાની સ્થિતિ જઘન્ય એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટ બે
સાગરોપમની ઉપર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી
અધિક જાણવી.

[૫૩] તેજો લેશ્યાની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની (ભવનપતિ અને વ્યંતર દેવોની અપેક્ષાએ) જાણવી અને ઉત્કૃષ્ટ બે સાગરોપમની ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક (વૈમાનિક દેવોની અપેક્ષાએ) જાણવી.

[૫૪] પદ્મલેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ તેજોલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ કરતાં એક સમય અધિક અને વધુમાં વધુ દસ સાગરોપમની ઉપર એક મુહૂર્ત અધિક જાણવી.

[૫૫] શુક્લ લેશ્યાની ઓછામાં ઓછી સ્થિતિ પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ કરતાં એક સમય અધિક અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની ઉપર એક મુહૂર્ત અધિક જાણવી.

[૫૬] કૃષ્ણ, નીલ, અને કાપોતી એ ત્રણે અધર્મ લેસ્યાઓ છે. અને એ ત્રણ લેસ્યાઓથી જીવાત્મા દુર્ગતિ પામે છે.

[૫૭] તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણે ધર્મ લેસ્યાઓ છે. અને એ ત્રણ લેસ્યાઓથી જીવાત્મા સુગતિ પામે છે.

[૫૮-૫૯] મરણ વખતે આગલા ભવને માટે જીવાત્મામાં જ્યારે લેસ્યાઓ પરિણામ પામતી હોય તે વખતે પહેલે સમયે કે અંતિમ સમયે કોઈ પણ જીવોની ઉત્પત્તિ થતી નથી.

[૬૦] સારાંશ કે મરણાંતે આગામી ભવની લેસ્યાઓ પરિણમ્યા પછી અંતર્મુહૂર્ત બાદ અને અંતર્મુહૂર્ત બાકી રહે તે વખતે જીવો પરલોકને વિષે જાય છે.

નોંધઃ—લેશ્યાઓની રચના એવી હોય છે કે તે જે ગતિમાં જવાનું હોય તેવા આકારમાં મૃત્યુની એક સમય પહેલાંજ પરિણત થાય છે.

[૬૧] માટે આ બધી લેસ્યાઓના પરિણામોને જાણીને ભિક્ષુ અપ્રશસ્ત લેસ્યાઓને છોડી પ્રશસ્ત લેસ્યાઓમાં અધિષ્ઠાન કરે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અણગારાધ્યયન



૩૫

સંસારના બાહ્ય બંધનોથી છૂટવું પણ કંઈ સહેલું નથી. સંસારના ક્ષણભંગુર પદાર્થોમાં કેક બિચારા ભોગવિલાસી જીવો રાચી રહ્યા છે, રખડી રહ્યા છે અને સ્વચ્છંદી જીવન ગુજારીને આલોક અને પરલોકમાં પરમ વેદનાને દેનારાં કર્મોનો સંચય કરી રહ્યા છે.

ત્યાં કોઈ લઘુકર્મી જીવનેજ સદ્ભાવ કે વૈરાગ્ય જાગે છે. અને ત્યાગની તાલાવેલી લાગે છે.

આવું ત્યાગી જીવન દુર્લભ હોવા છતાં કદાચ પામી શકાય. પરંતુ ઘરબાર, સગાંવહાલાં એ બધું છોડ્યા પછી તેટલામાંજ જીવનવિકાસની સમાપ્તિ થઈ જતી નથી.

જેટલું સ્થાન ઊંચું તેટલીજ જવાબદારી અધિક થતી જવાની.

ત્યાગીનું જીવન, ત્યાગીની સાવધાની, ત્યાગીની મનોદશા વગેરે કેટલાં કડક, ઉદાર અને પવિત્ર હોવાં જોઈએ તેનાં અહીં વિધાન છે.

ભગવાન બોલ્યા:—

[૧] જે માર્ગને આચરવાથી ભિક્ષુ દુઃખનો અંત કરી શકે તેવા તીર્થંકરના બતાવેલા માર્ગને હું તમને કહી સંભળાવું છું. તેને એકાગ્ર ચિત્તથી તમે સાંભળો.

[illegible]

[illegible]

નોંધ — [illegible]

[૧૬] [illegible] આહારની [illegible]

નોંધ — [illegible] ભિન્ન ભિન્ન [illegible]

[૧૭] અનાસક્ત અને રસેન્દ્રિય ઉપર કાબુ રાખનાર મધુ રસનો લોલુપી ન બને. પ્રાપ્ત ન મળે તો તેની વાંછા પણ ન કરે. મહામુનિ ભોજનને સ્વાદ માટે નહિ પણ સંયમયાત્રાના નિર્વાહ માટે ભોજનને ભોગવે.

[૧૮] ચંદનાદિનું અર્ચન, બેઠકની રચના, ઋદ્ધિ, સત્કાર, સન્માન, પૂજન કે પરાણે કરાવેલું વંદન, ભિક્ષુ મનથી પણ ન ઇચ્છે.

[૧૯] મરણપર્યંત સાધુ અપરિગ્રહપણે શરીરના મમત્વને તજીને નિયાણા રહિત થઈને શુક્લધ્યાનને ચિંતવે અને અપ્રતિબંધપણે વિચરે.

[૨૦] કાળધર્મ (મૃત્યુ અવસર) પ્રાપ્ત થાય ત્યારે ચારે આહારનો

ત્યાગ કરીને તે સમર્થ ભિક્ષુ આ છેલ્લા મનુષ્ય દેહને છોડીને સર્વ દુઃખથી છૂટી જાય.

[૨૧] મમત્વ અને અહંકાર રહિત, અનાસક્ત અને વીતરાગી થઇ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને પછી કાયમની નિવૃત્તિ પામે. (મુક્તિ પામે.)

નોંધ—સંયમ એ ખાંડાની ધાર છે. સંયમનો માર્ગ દેખાવમાં સરળ છતાં આચરવામાં ખૂબ કઠણ છે. સંયમજીવન સૌ કોઇ માટે સુલભ નથી. છતાં તે એકજ માત્ર કલ્યાણનો માર્ગ છે.

એમ કહું છું:—

એ પ્રમાણે અણગાર સંબંધીનું પાંત્રીસમું અધ્યયન સમાપ્ત થયું.
॥ ૩૫ ॥



[illegible]

[illegible] ગુણ હતી. જે [illegible] નથી. પરંતુ [illegible] છે [illegible] (૫૫) [illegible] છે

આવે ચેતન અને જડ [illegible] આવે, કારણ કે [illegible] છે. ચેતનમય જડ અને જડમય ચેતન [illegible] વિકાર થઈ જવાં લાગ્યાં છે કે [illegible] તેમનો [illegible] પણ ન [illegible] આવી શકાય.

જડના અનાદિ સંબંધથી મલિન થયેલું ચૈતન્ય [illegible]

કે બહિરાત્મા કહેવાય છે. અને જ્યારે તે જીવાત્મા પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે ત્યારે તે સ્થિતિને અંતરાત્મા કહેવાય છે. અને જે ચૈતન્યો કર્મરહિત થયાં છે તે પરમાત્માઓ કહેવાય છે.

જીવાત્માને પ્રથમ જગતના પદાર્થોને યથાર્થ સ્વરૂપે જાણવાની ઇચ્છા થાય તેને જિજ્ઞાસા કહેવાય છે. આવી જિજ્ઞાસા પછી તે જગતનાં બધાં તત્ત્વોમાંથી મૂળભૂત બે તત્ત્વોને તારવી લે છે. એ તારવ્યા પછી જીવની ચૈતન્ય તત્ત્વપર રુચિ ઢળે છે, અને તુરતજ એ શુદ્ધ બનવા માટે શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ કરી આગળ વધે છે. જીવનત્ત્વનાં ભિન્નભિન્ન સ્વરૂપોને જાણ્યા પછી સ્વયં અજીવતત્ત્વ અને એ બન્ને તત્ત્વનાં સંયોગિક બળોનો વિચાર કરી લે છે.

આખા સંસારનું સ્વરૂપ તેના લક્ષ્યમાં આવી ગયા પછી આત્માભિમુખ થઇ એ અનુભવ પોતામાં કરતો રહે છે, અને આત્મલક્ષ્યની દોરી પર ધ્યાન આપી વર્તમાન કર્મોનો રોધ કરે છે. પછી પૂર્વ કર્મોના સંયોગથી છૂટે છે, અને એમ થતાં થતાં શુદ્ધ ચૈતન્ય બને છે.

ભગવાન બોલ્યા:—

[૧] જેને જાણીને ભિક્ષુ સયમમાં ઉપયોગપૂર્વક ઉદ્યમવત થાય છે તે જીવ અને અજીવના જુદા જુદા ભેદોને કહું છું:—તમે એકાગ્ર ચિત્તથી મને સાંભળો.

[૨] જેમાં જીવ અને અજીવ એ બન્ને તત્ત્વો હોય તેને તીર્થંકરોએ લોક કહ્યો છે. અજીવનો એક દેશ એટલે કે જ્યાં માત્ર આકાશજ છે—બીજા કોઈ પદાર્થ નથી—તેને અલોક કહ્યો છે.

[૩] જીવ અને અજીવોનું નિરૂપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર પ્રકારથી થાય છે.

[illegible]

[illegible] અને [illegible] છે. [illegible] [illegible] નિહિત છે.

[illegible] રહીને, [illegible] હોય, જેના [illegible] અને [illegible] આદિ [illegible]

(૯૮૩ / [illegible] [illegible] અને પરમાણુઓ એ [illegible] વર્ણવ્યા.

[૧૧] જ્યારે જ્યારે પરમાણુ પુદ્ગલો એકઠાં મળે ત્યારે સ્કંધ કહેવાય છે અને અલગ અલગ હોય ત્યારે પરમાણુઓ કહેવાય છે. અને ક્ષેત્રથી સ્કંધો લોકના એક દેશ વ્યાપી અને પરમાણુ આખા લોકવ્યાપી જાણવાં. હવે સ્કંધાદિક પુદ્ગલોની કાળસ્થિતિ ચાર પ્રકારે કહું છું.

નોંધ:—લોકના એક દેશમાં એટલે કે એક આકાશપ્રદેશમાં સ્કંધ હોય અને ન પણ હોય. પણ પરમાણુઓ તો અવશ્ય હોય.

[૧૨] સંસાર પ્રવાહની અપેક્ષાએ તે બધા અનાદિ અને અનંત છે. પણ રૂપાંતર અને સ્થિતિની અપેક્ષાએ આદિસહિત અને અંતસહિત છે.

[૧૩] એક ઠેકાણે રહેવાની અપેક્ષાએ તે રૂપી અજીવ પુદ્ગલોની સ્થિતિ ઓછામાં ઓછી એક સમય અને વધુમાં વધુ અસંખ્યાત કાળ સુધીની સ્થિતિ તીર્થંકરોએ વર્ણવી છે.

[૧૪] તે રૂપી અજીવ પુદ્ગલો પરસ્પર વિખુટા પડી ફરીથી મળે તેનું અંતર ઓછામાં ઓછું એક સમયનું અને વધુમાં વધુ અનંત કાળ સુધીનું હોય છે.

[૧૫] (હવે ભાવથી અજીવરૂપી પુદ્ગલના ભેદો કહે છે:–) વર્ણથી, ગંધથી, રસથી, સ્પર્શથી અને સંસ્થાન (આકૃતિ)થી એમ તેઓના પાંચ પ્રકારો જાણવા.

[૧૬] વર્ણથી પરિણામ પામેલા તે પુદ્ગલના પાંચ પ્રકારો હોય છે. (૧) કાળા, (૨) લીલા, (૩) રાતા, (૪) પીળા અને (૫) ધોળા.

[૧૭] ગંધથી તેએ પ્રકારે પરિણામ પામે છે. (૧) સુરભિ (સુગંધી) ગંધવાળા અને (૨) દુરભિ ગંધવાળા.

[illegible]

[illegible]

[૨૩] જે પૂર્ણાંક [illegible] હોય તેમાં વર્ગ, ઘન, [illegible] [illegible] [illegible] [illegible]

[૨૪] જે પૂર્ણાંક [illegible] હોય તેમાં વર્ગ, ઘન, [illegible] [illegible] [illegible] [illegible]

[૨૫] જે પૂર્ણાંક [illegible] હોય તેમાં વર્ગ, ઘન, [illegible] [illegible] [illegible] [illegible]

[૨૬] જે પુદ્ગલ વર્ણથી સફેદ હોય તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના જાણવી.

[૨૭] જે પુદ્ગલ ગંધથી સુરભિ હોય તેમાં વર્ણ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના જાણવી.

[૨૮] જે પુદ્ગલ ગંધથી દુરભિ હોય તેમાં વર્ણ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના જાણવી.

[૨૯] જે પુદ્ગલ રસથી તીખાં હોય તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના જાણવી.

[૩૦] જે પુદ્ગલ રસથી કડવાં હોય તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના જાણવી.

[૩૧] જે પુદ્ગલ રસથી કસાયલાં હોય તેમાં વર્ણ, ગંધ, સ્પર્શઅને સંસ્થાનની ભજના જાણવી.

[૩૨] જે પુદ્ગલ રસથી ખાટાં હોય તેમાં વર્ણ ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના જાણવી.

[૩૩] જે પુદ્ગલ રસથી મીઠાં હોય તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના જાણવી.

[૩૪] જે પુદ્ગલ સ્પર્શથી કર્કશ (ખરબચડા) હોય તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના જાણવી.

[૩૫] જે પુદ્ગલ સ્પર્શથી કોમળ હોય તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના જાણવી.

[૩૬] જે પુદ્ગલ સ્પર્શથી ભારે લાગતાં હોય તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના જાણવી.

[૩૭] જે પુદ્ગલ સ્પર્શથી હળવાં હોય તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના જાણવી.

[illegible]

[૪૮] ગોમતી (સંહિત) અને લિંગ (સંહિત) એમ બે પ્રકારના છતાં વર્ણન પૂછે ત્યાં છે. તે પૈકી લિંગછતો અનેક પ્રકારના કહ્યા છે. તેને હું પ્રથમ કહીશ તેને તમે સાંભળો:—

[૪૯] જે સિદ્ધ જીવોમાં સ્ત્રીલિંગે તથા નપુંસકલિંગે અને જૈન સાધુના વેષે, અન્ય ધર્મના (સંન્યાસી વગેરે) વેષે કે ગૃહસ્થ વેષે થયેલા સિદ્ધ જીવોનો સમાવેશ થાય છે.

નોંધઃ—સ્ત્રી, પુરુષ અને નપુંસકથી નહિ પણ કૃત નપુંસક જેવા જીવો ગૃહસ્થાશ્રમ કે ત્યાગાશ્રમમાં રહી મોક્ષ પામી શકે છે. અહીં તો ૭ પ્રકાર વર્ણવ્યા છે. પરંતુ તેના વિશેષ ભેદો કરી તથા બીજી પંદર પ્રકારના સિદ્ધ પણ વર્ણવ્યા છે.

[૫૦] સિદ્ધ થતી વખતે તે જીવોની શરીર અવગાહના (ઊંચાઈ કેટલી હોય તે બતાવે છે) જઘન્ય બે હાથ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યોની અને તે બન્ને કરતાં મધ્યમ અવગાહના (તેની વચ્ચેની શરીરની ઊંચાઈ) થી ઊંચે (પર્વતપર) નીચે (ખાડ વગેરેમાં) તથા તિરછા લોકમાં, સમુદ્રમાં અને અન્ય જલાશયમાં તે જીવો સિદ્ધ દશા પામી શકે.

[૫૧] એક સમયમાં દસ નપુંસક (કૃત નપુંસક), વીસ સ્ત્રીઓ અને એકસો આઠ પુરુષો વધુમાં વધુ સિદ્ધ થઇ શકે છે.

[૫૨] એક સમયમાં વધુમાં વધુ ચાર જીવો ગૃહલિંગમાં, દસ અન્ય લિંગમાં તથા એકસો આઠ જૈનલિંગમાં સિદ્ધ થઇ શકે છે.

નોંધઃ—પોતાના શાસનમાં હો કે અન્ય શાસનમાં હો, ગૃહસ્થાશ્રમમાં હો કે ત્યાગાશ્રમમાં હો. જે જે સ્થાનમાં જેટજેટલી યોગ્યતા પ્રાપ્ત થાય તે તે જીવો મોક્ષ પામે છે. ત્યાં કોઇ દર્શન, મત, વાદ કે આશ્રમનો ઇજારો નથી.

[૫૩] એક સમયમાં એકીસાથે જઘન્ય (બે હાથની ઊંચાઈવાળા વધુમાં વધુ) ચાર જીવો, અને ઉત્કૃષ્ટ (પાંચસો ધનુષ્યની ઊંચાઇવાળા બે જીવો તેમજ મધ્યમ(તે બન્નેની વચ્ચેની) ઊંચાઈવાળા) એકસો આઠ સિદ્ધ થઈ શકે છે.

[illegible]

(૧૦) [illegible]

[illegible]

[illegible] થયું છે.

(૧૧) તે [illegible] અને [illegible] અને [illegible]

કુંનો ફૂલ ... (૬૫)
સિદ્ધશિલાથી ... ાન,
... ાન-

[૬૨] તે યોજનનો ...
૩૩૩ ધનુષ્ય અને ... ીતેજ
રહ્યા છે.

[૬૩] તે મોક્ષમાં મનુ ... ીના
મુક્ત થઈ ઉર્ધ્વ ... ને તે
અગ્રભાગ પર સિદ્ધ

[૬૪] (સિદ્ધ થતા પહેલાં, ... ોકમાં
ઊંચાઈ હોય તેના ... પમુક
ભાગ જેટલી સિદ્ધ ... રહું-

નોંધ:—સિદ્ધ થતા ... ા તે
વ્યાપી રહેલા આત્મપ્રદેશો દે ... ાની
પ્રદેશ છે તે નીકળી જતાં ...
અને આત્મપ્રદેશો અરૂપી હોવા ...
ઘર્ષણ થતું નથી. ... તે અને

[૬૫] એક જીવની અપેક્ષાએ ...
આખા સમુદાયની અપેક્ષાએ, ... જ થાય તેને

[૬૬] તે સિદ્ધના જીવો અરૂપ ... ાની કાયસ્થિતિ
તેમની ઓળખાણ ... વધુમાં વધુ
આપી શકાય તેવા ...

[૬૭] સંસારની પાર ગયેલા ... રીથી તે કાયા
જ્ઞાન અને કેવળદર્શન ... અને ઉત્કૃષ્ટ
ભાગ પર સિ

[illegible]

[illegible] (૨૩) [illegible] (૨૪) [illegible]

[illegible] (૨૮) [illegible] (૩૧) [illegible]

[૭૬] (૩૨) ચંદનરત્ન, (૩૩) ગૈરકરત્ન, (૩૪) હંસગર્ભરત્ન, (૩૫) પુલકરત્ન અને (૩૬) સાગંધિકરત્ન, (૩૭) ચંદ્રપ્રભારત્ન, (૩૮) વૈડૂર્યરત્ન, (૩૯) જલકાન્તમણિ અને (૪૦) સૂર્યકાન્તમણિ.

નોંધઃ—અહીં મણિના ભેદો અઢાર બતાવ્યા છે પરંતુ ચૌદ ગણીનેજ ઉપરના ૩૬ પ્રકારો જાણવા.

[૭૭] એ પ્રમાણે કર્કશ પૃથ્વીના છત્રીસ ભેદો કહ્યા. સૂક્ષ્મ પૃથ્વીના જીવો તો એકજ પ્રકારના છે, ભિન્ન ભિન્ન નથી. અને તે દૃષ્ટિગોચર પણ થતા નથી.

[૭૮] ક્ષેત્રની અપેક્ષાએ સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો તો આખા લોકમાં વ્યાપ્ત છે. અને સ્થૂળ પૃથ્વીકાયના જીવો આ લોકના અમુક ભાગમાં છે. હવે તેઓના ચાર પ્રકારના કાળવિભાગને કહું છું–

[૭૯] સૂક્ષ્મ અને સ્થૂળ પૃથ્વીકાયના જીવ પ્રવાહની અપેક્ષાએ તો તે જીવો અનાદિ અને અનંત છે, પણ એક એક જીવના આયુષ્યની અપેક્ષાએ તો આદિસહિત અને અંતસહિત છે.

[૮૦] સ્થૂળ પૃથ્વીકાયના જીવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીસહજાર વર્ષની છે.

[૮૧] (પૃથ્વીકાયમાંથી મરીને વળી પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તેને કાયસ્થિતિ કહેવાય છે.) સ્થૂળ પૃથ્વીકાયના જીવોની કાયસ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત કાળની અને વધુમાં વધુ અસંખ્યાત કાળની હોય છે.

[૮૨] પૃથ્વીકાયના જીવો પોતાની પૃથ્વીકાયને છોડીને ફરીથી તે કાયા પામે તેની વચ્ચેનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધીનું હોય છે.

[illegible]

[૬૦] [illegible]

[૬૧] [illegible] રસ, ગંધ, સ્પર્શ અને [illegible]

[૬૨] [illegible] સૂક્ષ્મ અને સ્થૂલ એમ બે પ્રકારે હોય છે અને તે બન્નેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદો છે.

[૯૩] સ્થૂળ પર્યાપ્ત વનસ્પતિકાયના જીવોના બે પ્રકાર છે. (૧) સાધારણ (એક શરીરમાં અનંત જીવો રહે તે) શરીરવાળા, (૨) પ્રત્યેક શરીરવાળા.

[૯૪] જુદા જુદા શરીરમાં જુદા જુદા રહેલા પ્રત્યેક શરીરી જીવો અનેક પ્રકારના કહ્યા છે. (૧) વૃક્ષ (તેના બે ભેદ છે એક-બીજવાળા અને બહુબીજવાળા,) (૨) ગુચ્છાઓ, (૩) વનમાલતી વગેરે, (૪) લતાઓ (ચંપકલતાઓ વ.) (૫) વેલા (તુંબડી વ.) (૬) ઘાસ

[૯૫] (૭) નાળિયેરી, (૮) શેરડી, વાંસ વગેરે, (૯) બિલાડીના ટોપ (૧૦) કમળ, સાલી વગેરે, (૧૧) હરિકાય ઔષધિ, એ બધાને પ્રત્યેક વનસ્પતિકાયના જીવો કહે છે.

[૯૬] સાધારણ શરીરવાળા જીવો પણ અનેક પ્રકારના કહ્યા છે. (૧) બટાટા, (૨) મૂળા, (૩) આદુ,

[૯૭] (૪) હરિલી કંદ, (૫) વિરિલી કંદ, (૬) સિસ્સિરિલી કંદ, (૭) જાવંત્રી કંદ, (૮) કંદલી કંદ, (૯) ડુંગળી, (૧૦)લસણ, (૧૧) પલાંડુ કંદ, (૧૨) કુડ્ડવ કંદ.

[૯૮] (૧૩) લોહિની કંદ, (૧૪) હુતાક્ષી કંદ, (૧૫) હૂતકંદ, (૧૬) કુહક કંદ, (૧૭) કૃષ્ણ કંદ, (૧૮) વજ્રકંદ, (૧૯) સૂરણ કંદ,

[૯૯] (૨૦) અશ્વકર્ણી કંદ, (૨૧) સિંહકર્ણી કંદ, (૨૨) મુસંઢી કંદ (૨૩) લીલી હળદર, એ પ્રકારે અનેક જાતના સાધારણ શરીરવાળા જીવો કહ્યા છે.

[૧૦૦] સૂક્ષ્મ વનસ્પતિકાયનો એકજ ભેદ છે. ભિન્ન ભિન્ન જાતથી સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો સર્વલોકમાં વ્યાપી રહ્યા છે. અને સ્થૂળ તો લોકના અમુક ભાગમાંજ છે.

[illegible]

[૧૦૮] અભિગ્રહના [illegible] સૂક્ષ્મ અને સ્થૂળ એમ બે પ્રકારના છે. અને તેના પણ [illegible] અને [illegible] એમ બે ભેદો છે.

[illegible]

[૧૦૯] સ્થૂળ પર્યાપ્ત અગ્નિકાયના [illegible] (૧) [illegible] (૨) [illegible] (૩) [illegible] (૪) [illegible]

[૧૧૦] (૧) ઉલ્કાપાતની અગ્નિ અને (૨) વિદ્યુત [illegible] એવા [illegible] પ્રકારના હોય છે.

[૧૧૧] સૂક્ષ્મ અગ્નિકાયના જીવો સર્વ લોકમાં [illegible] સ્થૂળ તો લોકના અમુક ભાગમાં [illegible] વિભાગ ચાર પ્રકારે કહીશ.

[૧૧૨] પ્રવાહની અપેક્ષાએ તે બધા અનાદિ [illegible] આયુષ્યસ્થિતિની અપેક્ષાએ આદિ [illegible]

[૧૧૩] અગ્નિકાયના જીવોની આયુષ્ય [illegible] મુહૂર્ત અને વધુમાં વધુ [illegible]

[૧૧૪] અગ્નિકાયના જીવોની કાયસ્થિતિ [illegible] ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત [illegible] કાળથી કહી છે.

[૧૧૫] અગ્નિકાયના જીવો પોતાની [illegible] કાયા પામે તેની વચ્ચેનું [illegible] અને વધુમાં વધુ અસંખ્ય [illegible]

[illegible]

[illegible] છે.

[૧૨૫] એ વાયુકાય જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનથી હજારો ભેદો થાય છે.

[૧૨૬] મોટા ત્રસકાય વાળા (બે ઇંદ્રિયાદિ) જીવો ચાર પ્રકારના કહ્યા છે. (૧) બે ઇંદ્રિયવાળા, (૨) ત્રણ ઇંદ્રિયા વાળા, (૩) ચાર ઇંદ્રિયવાળા, અને (૪) પાંચ ઇંદ્રિય વાળા.

[૧૨૭] બે ઇંદ્રિયવાળા જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારના કહ્યા છે. હવે તેઓના ભેદોને કહું છું:—તે સાભળો.

[૧૨૮] (૧) કરમિયા (વિષ્ટામાં ઉત્પન્ન થાય તે), (૨) અળસિયા, (૩) સૌમંગલ (એક પ્રકારના જીવ), (૪) માતૃવાહક, (૫) વાંસી મુખા, (૬) શંખ, (૭) નાના શંખલા—

[૧૨૯] (૮) કાષ્ઠ ખાનાર પલ્લુક, (૯) કોડાં, (૧૦) જળો, (૧૧) દુષ્ટ રક્તકર્ષણ અને (૧૨) ચાંદણીઆ.

[૧૩૦] એ પ્રમાણે બે ઇંદ્રિય જીવો ઘણો પ્રકારના કહ્યા છે, અને તે બધા લોકના એક ભાગમાં રહ્યા છે.

[૧૩૧] પ્રવાહની અપેક્ષાએ એ બધા અનાદિ અને અંતરહિત છે પણ આયુષ્યસ્થિતિની અપેક્ષાએ આદિ અને અંત સહિત છે.

[૧૩૨] બે ઇંદ્રિયવાળા જીવોની આયુષ્યસ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધુમાં બાર વધુ વર્ષની કહી છે.

[૧૩૩] બે ઇંદ્રિયવાળા જીવોની કાયસ્થિતિ તે કાયા ન મૂકે ત્યાંસુધીની ઓછામા ઓછી અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ અસંખ્યાત કાળ સુધીની કહી છે.

[૧૩૪] બે ઇંદ્રિયવાળા જીવો પોતાની કાયા છોડીને ફરીથી બે ઇંદ્રિય

[illegible]

[૧૪૩] [illegible] પોતાના [illegible] ફરીથી [illegible] કાયા પામે નહીં ત્યાંનું અંતર [illegible] અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ અનંત [illegible]

[૧૪૪] એ ત્રણ ઇંદ્રિયવાળા જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનથી હજારો ભેદો થાય છે.

[૧૪૫] ચાર ઇંદ્રિયવાળા જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારના છે. હવે તેઓના ભેદો કહીને કહું છું—તે સાંભળો.

[૧૪૬] (૧) અંધિયા, (૨) પોતિયા (૩) મક્ષી, (૪) મચ્છર, (૫) ભમરા, (૬) કીટ, (૭) પતંગિયા, (૮) ઢિંકણા, (૯) કુંકણા—

[૧૪૭] (૧૦) કુક્કુડ, (૧૧) સિંગરીટી, (૧૨) નંદાવર્ત, (૧૩) વીંછી, (૧૪) ડોલા (૧૫) ભીંગારી, (૧૬) વીરલી, (૧૭) અક્ષિવેધક,

[૧૪૮] (૧૮) અચ્છીલ, (૧૯) માગધ, (૨૦) રોડ, (૨૧) વિચિત્ર પાંખવાળા (૨૨) જલકારી, (૨૩) ઉપધિ જલકા, (૨૪) નીચકા અને (૨૫) તામ્રકા.

નોંધ:—આ બધાં દેશી ભાષા પરત્વે ભિન્ન ભિન્ન નામો છે.

[૧૪૯] એ પ્રમાણે ચાર ઇંદ્રિયવાળાં જીવો અનેક પ્રકારના કહ્યા છે. તે બધા લોકના અમુક વિભાગમાંજ રહે છે.

[૧૫૦] પ્રવાહની અપેક્ષાએ એ બધા અનાદિ અને અંતરહિત છે. અને આયુષ્યની અપેક્ષાએ આદિ અને અંતસહિત છે.

૫૧] ચાર ઇંદ્રિયવાળાની આયુષ્યસ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ ૭ માસની કહી છે.

૨] ચાર ઇંદ્રિયવાળા જીવોની કાયસ્થિતિ તે કાયા ન મૂકે ત્યાં સુધીની ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ સંખ્યાત કાળ સુધીની કહી છે.

] ચાર ઇંદ્રિયવાળા જીવો પોતાની કાયાને છોડીને ફરીથી તે

[illegible]

[૧૦૯] [illegible]

[૧૧૦] પહેલી નરકમાં આયુષ્યની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની છે.

[૧૧૧] બીજી નરકમાં આયુષ્યની સ્થિતિ જઘન્ય એક સાગરોપમની અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની છે.

[૧૧૨] ત્રીજી નરકમાં આયુષ્યની સ્થિતિ જઘન્ય ત્રણ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમની છે.

પાંચ ઐરવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યકવર્ષ, પાંચ દેવકુરુ (અને પાંચ ઉત્તરકુરુ), અને છપ્પન અંતરદ્વીપના ભેદો મળી તે બધા એકસો એક જાતિના ગર્ભજ મનુષ્યો કહ્યા છે.

[૧૯૬] સંમૂર્છિમ મનુષ્યો પણ ગર્ભજ મનુષ્યના જેટલા જ એટલે કે એકસો એક પ્રકારના કહ્યા છે. આ બધા જીવો લોકના અમુક ભાગમાં જ છે. સર્વત્ર નથી.

નોંધ:—માતાપિતાના સંયોગ વિના મનુષ્યના મળજન્ય જીવો ઉત્પન્ન થાય તેને સંમૂર્છિમ મનુષ્યો કહે છે. ગર્ભજની જેમ તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદો નથી.

[૧૯૭] પ્રવાહની અપેક્ષાએ બધા અનાદિ અને અંત રહિત છે પણ આયુષ્યની અપેક્ષાએ આદિ અને અંતસહિત છે.

[૧૯૮] ગર્ભજ મનુષ્યોની આયુષ્ય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની કહી છે.

નોંધ:—સંમૂર્છિમ મનુષ્યની તો જઘન્ય અને ઉત્કૃષ્ટ માત્ર અંતર્મુહૂર્તની હોય છે અને કર્મભૂમિ મનુષ્યની જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વની હોય છે. અહીં તો સર્વ મનુષ્યની અપેક્ષાએ ઉપરની સ્થિતિ લીધી છે.

[૧૯૯] ગર્ભજ મનુષ્યોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને અધિક પૃથક્ પૂર્વ કોટીની જાણવી.

નોંધ:—કોઇ જીવ સાત ભવ તો એક એક પૂર્વ કોટીના અને આઠમો ત્રણ પલ્યોપમના આયુષ્યનો ભવ કરે, તે અપેક્ષાએ તેટલું વધુ કહ્યું છે, મનુષ્યની કાયા લાગલાગટ સાત કે આઠ ભવ સુધી વધુમા વધુ મળે તો મળી શકે છે.

[૨૦૦] ગર્ભજ મનુષ્યો પોતાની કાયા છોડીને તે કાયા ફરીથી પામે,

પાંચ ઐરણ્યવય, પાંચ હરિવાસ, પાંચ રમ્યકવાસ, પાંચ દેવકુરુ (અને પાંચ ઉત્તરકુરુ), અને છપ્પન અંતરદ્વીપના ભેદો મળી તે બધા એકસો એક જાતિના ગર્ભજ મનુષ્યો કહ્યા છે.

[૧૯૬] સંમૂર્છિમ મનુષ્યો પણ ગર્ભજ મનુષ્યના જેટલાજ એટલે કે એકસો એક પ્રકારના કહ્યા છે. આ બધા જીવો લોકના અમુક ભાગમાંજ છે. સર્વત્ર નથી.

નોંધ:—માતાપિતાના સંયોગ વિના મનુષ્યના મળજન્ય જીવો ઉત્પન્ન થાય તેને સંમૂર્છિમ મનુષ્યો કહે છે. ગર્ભજની જેમ તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદો નથી.

[૧૯૭] પ્રવાહની અપેક્ષાએ બધા અનાદિ અને અંત રહિત છે પણ આયુષ્યની અપેક્ષાએ આદિ અને અંતસહિત છે.

[૧૯૮] ગર્ભજ મનુષ્યોની આયુષ્ય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની કહી છે.

નોંધ:—સંમૂર્છિમ મનુષ્યની તો જઘન્ય અને ઉત્કૃષ્ટ માત્ર અંતર્મુહૂર્તની હોય છે અને કર્મભૂમિ મનુષ્યની જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કરોડ પૂર્વની હોય છે. અહીં તો સર્વ મનુષ્યની અપેક્ષાએ ઉપરની સ્થિતિ લીધી છે.

[૧૯૯] ગર્ભજ મનુષ્યોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને અધિક પૃથક્ પૂર્વ કોટીની જાણવી.

નોંધ:—કોઇ જીવ સાત ભવ તો એક એક પૂર્વ કોટીના અને આઠમો ત્રણ પલ્યોપમના આયુષ્યનો ભવ કરે, તે અપેક્ષાએ તેટલું વધુ કહ્યું છે, મનુષ્યની કાયા લાગલાગટ સાત કે આઠ ભવ સુધી વધુમાં વધુ મળે તો મળી શકે છે.

[૨૦૦] ગર્ભજ મનુષ્યો પોતાની કાયા છોડીને તે કાયા ફરીથી પામે,

[illegible]

... (૪) [illegible] (૫) [illegible]
[illegible] અને (૮) [illegible]

[illegible] (૬) [illegible] (૭) [illegible] અને (૫)
[illegible] કોઈ [illegible] હોય છે
અને અમુક [illegible] સ્થિર હોય છે.

[illegible] પણ બે પ્રકારના [illegible] છે. (૧) [illegible]
ને (૨) [illegible] ([illegible]).

[૨૦૮] કલ્પવાસી દેવો બાર પ્રકારના હોય છે —(૧) સૌધર્મ, (૨ [illegible] ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મ[illegible] (૬) લાંતક,

[૨૦૯] (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આનત (૧૦) પ્રાણત (૧૧) આરણ અને (૧૨) અચ્યુત એ નામે દેવલોકમાં રહેનાર દે[illegible] બાર પ્રકારના કલ્પવાસી દેવો કહેવાય છે

[૨૧૦] (૧) ગ્રૈવેયક અને (૨) અનુત્તર એમ બે પ્રકારના કલ્પાતીત દેવો કહ્યા છે. ત્યાં ગ્રૈવેયક નવ પ્રકારના છે

[૨૧૧] ગ્રૈવેયક દેવોની ત્રણ ત્રિકો છે —(૧) હેઠેની, (૨) મધ્યમ અને (૩) ઉપરની. અને તેના પણ એક એક ત્રિક[illegible] નીચેનું, (૨) મધ્યમ અને (૩) ઉપર. (એમ પેટા ભેદ [illegible] કુલ નવ થાય છે.) (૧) હેઠેની ત્રિકની નીચે[illegible] દેવો, (૨) હેઠેની ત્રિકના મધ્યમ સ્થાનના દે[illegible] ત્રિકની ઉપરના સ્થાનના દેવો.

[૨૧૨] (૪) મધ્યમત્રિકના હેઠેના સ્થાનના દેવો, (૫) [illegible] મધ્યમસ્થાનના દેવો અને (૬) [illegible] સ્થાનના દેવો.

[૨૧૩] (૭) ઉપલીત્રિકના હેઠેના સ્થાનના દે[illegible] મધ્યમસ્થાનના દેવો અને (૯) ઉ[illegible] દેવો. એમ નવ પ્રકારના ગ્રૈવેયક દે[illegible] વિજય, (૨) વૈજયંત, (૩) [illegible]

[૨૧૪] અને (૫) સર્વાર્થસિદ્ધ. [illegible] વૈમાનિક દેવો આવી રીતે [illegible]

[૨૧૫] આ બધા દેવો લોકના અમુક ભાગમાંજ રહ્યા છે તેઓના કાળ વિભાગને ચાર પ્રકારે કહીશ.

[૨૧૬] પ્રવાહની અપેક્ષાએ તે બધા અનાદિ અને અંતરહિત પણ આયુષ્યની અપેક્ષાએ આદિ અને અંતસહિત છે.

[૨૧૭] ભવનપતિ દેવોની આયુષ્યસ્થિતિ જઘન્ય દસહજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમથી થોડી અધિક કહી છે.

[૨૧૮] વ્યંતર દેવોની આયુષ્ય સ્થિતિ જઘન્ય દસહજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમની કહી છે.

[૨૧૯] જ્યોતિષ્ક દેવોની આયુષ્યસ્થિતિ જઘન્ય એક પલ્યોપમના આઠમા ભાગની અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમ અને એક લાખ વર્ષ ઉપરની છે.

[૨૨૦] સૌધર્મ દેવલોકના દેવોની આયુષ્યસ્થિતિ જઘન્ય એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટ બે સાગરોપમની છે.

[૨૨૧] ઈશાન દેવલોકના દેવોની આયુષ્યસ્થિતિ જઘન્ય એક પલ્યોપમથી અધિક અને ઉત્કૃષ્ટ બે સાગરોપમથી અધિક કહેલી છે

[૨૨૨] સનત્કુમાર દેવલોકના દેવોની આયુષ્યસ્થિતિ જઘન્ય બે સાગરોપમની અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમની છે

[illegible] દેવલોકના દેવોની આયુષ્યસ્થિતિ જઘન્ય બે સાગરોપમથી [illegible] અને ઉત્કૃષ્ટ [illegible] સાગરોપમથી અધિક

[illegible]

[૨૪૬] એ પ્રમાણે રૂપી અને અરૂપી એમ બે પ્રકારના અજીવ અને સંસારી તથા સિદ્ધ, એમ બે પ્રકારના જીવોનું વર્ણન કર્યું.

[૨૪૭] આ જીવ અને અજીવોના વિભાગને જ્ઞાની પુરુષ પાસે સાંભળી તેની યથાર્થ પ્રતીતિ લાવીને તથા સર્વપ્રકારના નયો (વિચારોનાં વર્ગીકરણો) દ્વારા બરાબર ઘટાવીને જ્ઞાનદર્શન પામી આદર્શ ચારિત્રમાં મુનિ રમણ કરે.

[૨૪૮] ત્યારબાદ ઘણાં વર્ષો સુધી શુદ્ધ ચારિત્ર પાળીને નીચેના ક્રમથી પોતાના આત્માનું દમન કરે.

[૨૪૯] (જે તપશ્ચર્યા દ્વારા પૂર્વકર્મોનો તથા કષાયોનો ક્ષય થાય તેવી દીર્ઘ તપશ્ચર્યાનું વિધાન કહે છે) તે સંલેખના (આત્મદમન કરનારી) તપશ્ચર્યા ઓછામાં ઓછા છ માસની, મધ્યમ રીતે એક વર્ષની અને વધુમાં વધુ બાર વર્ષની હોય છે.

[૨૫૦] પહેલાં ચાર વર્ષમાં પાંચ વિગય (ઘી, ગોળ, તેલ વગેરે) નો ત્યાગ કરે અને બીજાં ચાર વર્ષ સુધી ભિન્નભિન્ન પ્રકારની તપશ્ચર્યા કરે.

[૨૫૧] નવમું તથા દસમું એમ એ બન્ને વર્ષોપર્યંત ઉપવાસ અને એકાંતર ઉપવાસને પારણે આયંબિલ કરે અને અગિયારમા વર્ષ પહેલાં છ માસ સુધી અધિક તપશ્ચર્યા ન કરે.

[૨૫૨] અગિયારમા વર્ષના પાછલા છ માસમાં તો છઠ અઠમ એવી આકરી તપશ્ચર્યા કરે અને વચ્ચે વચ્ચે તેજ સંવત્સરમાં આયંબિલ તપ પણ કરે.

નોંધઃ—આયંબિલ એટલે રસવિહીન ભોજન માત્ર એકજ વખત કરે.

[૨૫૩] તે મુનિ બારમે વર્ષે પ્રથમ અને છેડે સરખું તપ કરે.

[૨૫૮] જે જિનપુરુષોના વચનમાં અનુરક્ત રહી, ભાવપૂર્વક તે વચન પ્રમાણે આચરણ કરે છે તે પવિત્ર (મિથ્યાત્વના મેલરહિત) અને અસંક્લિષ્ટ (રાગદ્વેષના કલેશ રહિત) થઈ થોડાજ સમયમાં આ દુઃખદ સંસારનો પાર પામે છે.

નોંધઃ—જિન એટલે રાગદ્વેષથી સર્વથા રહિત પરમાત્મા.

[૨૫૯] જે જીવો જિનવચનને યથાર્થ જાણી શકતા નથી તે બિચારા અજ્ઞાનીઓ ઘણીવાર બાળમરણ અને અકામમરણો પામે છે.

[૨૬૦] (પોતાના દોષની આલોચના કેવા જ્ઞાની સત્પુરુષો પાસે કહેવી જોઇએ તેમના ગુણ કહે છેઃ–) જે ઘણા શાસ્ત્રના રહસ્યને જાણનાર હોય, જેમનાં વચન સમાધિ (શાંતિ) ને ઉત્પન્ન કરનારાં હોય, અને જે કેવળ ગુણનાજ ગ્રહણ કરનાર હોય તે પુરુષોજ બીજાના દોષની આલોચના કરવાને માટે યોગ્ય છે.

[૨૬૧] (૧) કંદર્પ (કામકથાનો સંલાપ), (૨) કૌત્કુચ્ય (મુખના વિકારવાળી ચેષ્ટા), (૩) કાયાના સ્વભાવની હાંસી અને કુકથા કે કુચેષ્ટાથી બીજાને વિસ્મય કરનાર જીવ કાંદર્પી-ભાવના કરતો હોય છે

[૨૬૨] રસ, સુખ કે સમૃદ્ધિને માટે જે સાધક વશીકરણ વગેરેના મંત્રો કે દોરાધાગા કરે છે તે આભિયોગી ભાવનાને કરતો હોય છે.

નોંધઃ—કાંદર્પી અને આભિયોગી વગેરે દુષ્ટ ભાવનાને કરનાર કદાપિ દેવ થાય તો પણ હલકી કોટિનો દેવ બને છે.

[૨૬૩] કેવળી પુરુષો, જ્ઞાન, ધર્માચાર્ય તથા સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાઓની જે નિંદા કરે છે તથા કપટી હોય છે તે કિલ્બિષી ભાવનાને કરતો હોય છે.

મહાવીર સાહિત્ય પ્રકાશનમંદિરનું ધ્યેય

ધાર્મિક, રાષ્ટ્રીય અને સામાજિક એ ત્રણે દષ્ટિઓનો સમન્વય કરનારાં સાહિત્ય પ્રકાશનોનો પ્રચાર

જે કાળમાં પ્રજાજીવન સાવ કચરાઈ રહ્યું હતું. બીજી બાજુ સંસ્કૃતિના લોપ થવા માંડયા હતા. પિશાચોને શરમાવે તેવા ભયંકર અત્યાચારો થઇ રહ્યા હતા. જાતિ-વાદનાં જોર વ્યાપ્યાં હતાં. ઉચ્ચનીચના ભેદોની માનવ માનવ વચ્ચે દીવાલો ખડી થઇ ગઇ હતી. અહંકારથી ઉચ્છૃંખલ બનેલી દ્વિજજાતિ પવિત્રતાને પરવારી બેઠી હતી. વેદવિહિત કર્મકાંડોની બાહ્ય ક્રિયાઓમાં પૂણ સંકરતા વ્યાપી ગઇ હતી.

તે વખતે સાધનાપૂર્ણ જે મહાવિભૂતિએ વિશ્વમાં પ્રકાશ ફેંકી વિશ્વવંદ્યનું બિરુદ મેળવ્યું

તે પ્રભુ મહાવીરનાં

મૌલિક વચનામૃતોનો જૈન અને જૈનેતર જનતામાં પ્રચાર કરવાસારુ સસ્તું, સુંદર અને સર્વોત્તમ સાહિત્ય બહાર પાડવું એ એકજ માત્ર

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

નો

ઉદ્દેશ છે.

 **મહાવીર કાર્યાલય: સાબરમતી**

ગ્રાહકોને

૧ અગાઉથી ગ્રાહક થનાર પાસેથી કાગળ, છપાઈ, પુસ્તક-બંધામણી તથા વ્યવસ્થાનુંજ માત્ર ખર્ચ લેવામાં આવશે.

૨ હાલ તેઓની પાસેથી રૂા. ૨) પ્રથમ લેવામાં આવશે. અને જેમ જેમ પુસ્તકો બહાર પડશે તેમ તેમ તેઓને મૂળ કિંમતે ટપાલ તથા રવાનગી ખર્ચ ઉમેરી ઘેર બેઠાં પહોંચાડવામાં આવશે. તે કૂલ ખર્ચ તેમની આવેલી રકમમાંથી બાદ થતું રહેશે.

૩ ગ્રાહક થવાથી વી. પી. નું ખર્ચ બચી જશે તથા પુસ્તકો પહેલી તકે મેળવી શકાશે.

બીજું ઉપયોગી

૧ જે પહેલેથી ગ્રાહકો ન થયાં હોય તેઓને પુસ્તકો સિલકમાં હશે તોજ આપવામાં આવશે.

૨ આ સંસ્થાના પ્રકાશનોમાં સ્વદેશી વસ્તુઓ વાપરવાનો યથાશક્ય પ્રયત્ન થશે.

૩ થયેલા ખર્ચની વિગત હમેશાં પુસ્તકની પાછળ આપવામાં આવશે.

બુકસેલરોને સૂચના

૧ કોઇ પુસ્તકની ૨૫ થી ઓછી નકલનો ઓર્ડર સ્વીકારાશે નહિ.

૨ રેલભાડું અને રવાના ખર્ચ સહિત પૂરાં નાણાં કાર્યાલયને મળ્યા પછીજ મંગાવેલ પુસ્તકો મોકલવામાં આવશે. વી.પી.થી પુસ્તકો મોકલવામાં આવશે નહિ.

૩ બધાં પુસ્તકોમાં ૬) ટકા કમિશન મળશે.

૪ રસ્તામાં દાગીનો ગેરવલ્લે પડે, બગડે, મોડો પહોંચે કે બીજી કોઈ હાનિ પહોંચે તેને સારૂ કાર્યાલય જવાબદાર નથી. રેલ્વેને દાગીનો સાંપતા સુધી કાર્યાલયની જવાબદારી રહેશે.

૫ પુસ્તકની છાપેલી કિંમતથી વધારે કિંમતે અમદાવાદમાં કોઇથી વેચી શકાશે નહિ.

૬ બુકસેલરોએ બધો વહેવાર નીચેને સરનામે કરવો.

મહાવીર કાર્યાલયઃ સાબરમતી

ઉત્તરાધ્યયન સૂત્ર

પ્રત ૩૩૦૦ ના ખર્ચની વિગત

ક્રાઉન સોળપેજી સાઇઝ ફોર્મ ૨૫ : પૃષ્ઠ ૪૦૦

કાગળ રીમ ૮૨॥ સત્તાવીશ રતલી દર રૂ. ૫-૫-૬	૪૪૦-૧૩-૯
છપામણી	૨૭૫—૦—૦
બંધામણી મેળવામણી	૪૧—૪—૦
બંધામણી	૧૬૫—૦—૦
પૂંઠું તથા છપામણી	૨૫—૦—૦
મજૂરી	૨-૧૪-૩
સરંજામ ખર્ચ	૩૬—૦—૦
પ્રચાર તથા વ્યવસ્થા ખર્ચ	૨૦૦—૦—૦
	૧૧૮૬—૦—૦

નોંધ.—પ્રચાર ખર્ચમાં મુસાફરી ખર્ચ, ટપાલ ખર્ચ, અભિપ્રાયાર્થે, અવલોકનાર્થે અને ભેટ અપાતા પુસ્તકો તથા જાહેર ખબર ખર્ચનો સમાવેશ થાય છે.

થોડા વખતમાં

સાધકસહચરી

અને

આચારાંગ સૂત્ર

નું

સરળ ગુજરાતી અનુવાદન
સમૃદ્ધ નોંધ સાથે
બહાર પડે છે.

દશવૈકાલિક સૂત્ર
ચાર આના

વધુ વિગત માટે લખો :-
મહાવીર સાહિત્ય પ્રકાશન
મંદિર
સાબરમતી
ગુજરાત.